વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-

વર્ષ : ૪૦મું
ઓક્ટોબર - ૨૦૧૫
અંક : ૪૪૯

મંગલ મંદિર ● ઓક્ટોબર-૨૦૧૫ ● ૧
(કુલ પાના : ૮૪ )

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર

## મિચ્છામી દુક્કડમ્








: મુખ્ય કાર્યાલય :

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
**માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન** (કોડાય-સુપ્રીમવાલા)
**શ્રી કચ્છી જૈન ભવન**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ–૩૮૦ ૦૦૬
ફોન : (079) 2657 8892, 2658 1501, 2657 9469 ફેક્સ : (079) 2658 2060
Email : kutchijainamd@gmail.com • Website : www.kutchijainahd.org


શબ્દોના ખજાનારુપ 'ગાલા'ની અતિ ઉપયોગી
ડિક્ષનરીઓ
અંગ્રેજી – ગુજરાતી, ગુજરાતી – અંગ્રેજી અને અંગ્રેજી – હિન્દી
GALA'S CONCISE DICTIONARY
GALA'S SUPREME COMBINED DICTIONARY
(In 2 Volumes)
GALA'S DESK DICTIONARY
GALA'S UNIVERSAL COMBINED DICTIONARY
GALA'S POPULAR COMBINED DICTIONARY
GALA'S COMBINED DICTIONARY
GALA POCKET DICTIONARY (English–Gujarati)
ગાલા પોકેટ ડિક્ષનરી (ગુજરાતી-ગુજરાતી-અંગ્રેજી)
GALA LITTLE DICTIONARY (English–Gujarati)
NAVNEET POCKET DICTIONARY ENGLISH - HINDI
NAVNEET GLOBAL DICTIONARY English – English – Hindi
GALA'S MODEL DICTIONARY
ગાલા વિશાલ શબ્દકોશ ગુજરાતી-ગુજરાતી-અંગ્રેજી
NAVNEET GLOBAL DICTIONARY English – English – Gujarati
NAVNEET PRIMARY SCHOOL DICTIONARIES
NAVNEET PRIMARY SCHOOL DICTIONARY ENGLISH-ગુજરાતી (With Pictures)
NAVNEET PRIMARY SCHOOL DICTIONARY ENGLISH-HINDI (With Pictures)
NAVNEET SCHOOL DICTIONARY ENGLISH - ENGLISH (With Devnagari Pronunciation)
દરેક બુકસેલરને ત્યાં મળે છે.

# Available on HIRE

- Gas Engine Driven Generators
  Range : 50 KVA to 10 Mega Watts
- Gas Engine Driven Gas Compressors
  Range : 10 HP to 8000 HP
- Oil & Gas Processing Equipments Readily Available
- Work Over Rig 100 Ton, 50 Ton & 30 Ton Capacity
- 120 kg/cm2 Air Compressors

# We Provide

- Complete equipment Readily Available
- Spare Parts
- Operation & Maintenance
- Engineering Consultancy



**Corporate Office :**

**Deep Industries Limited**

6th Floor, N.G. Tower, Opp. Fun Republic Cinema,
S.G. Highway, Ahmedabad - 380 015.
Tel # 91-79-26862076/78
Fax # 91-79-26862077

**Registered Office :**


**Deep Industries Limited**

Opp. Suryanarayan Bunglows,
State Highway, Motera,
Dist. Gandhinagar.
Phone # 91-79-27571128
Fax # 91-79-27502464
Email info@deepindustries.com

Certified ISO 9001 2000 by BVQi UKAS QUALITY MANAGEMENT

AN ISO 9001 - 2000 COMPANY



COOKWELL HEALTH CARE PRODUCT
COOKWELL®
Masala Grinder
Cum
Mini Flour Mill
Instagrind
PATENTED BY GOVT. OF INDIA
QUALITY CONTROL ORDER 1981,83,93
HOUSE HOLD ELECTRICAL APPLIANCES MAH/10/009/0694
GOVERNMENT OF MAHARASHTRA
100% Pure Copper
25/29 Gaze Wire Motor Universal
Heavy Duty Dynamically Balance
COOKWELL®
COOKING SYSTEM
100% Cooking & Safety
Upto 50%
Less Power Consumption
Microbiologically Tested
PURIFICATION PROCESS
FILTRON™
100% Safe Water
High Performance
Mineral Water System
Big
17 Ltrs. CAPACITY
TESTED By
MADE IN INDIA
APPROVED BY GOVT. OF INDIA
NANO
Ceramic Candle
Silica Sand
Silver
Activated Carbon
Activated
Alumina Balls
Zeolite
Mineral Sand
Mineral Stone
COOKWELL®
Manufactured by :
CookWell Domestic Appliances,
Plot 213, Shelar Compound, Subhash Nagar,
Nahur (W), Mumbai-400078. Customer Care : 022-25666711
Email : info@cookwellindia.com Website : www.cookwellindia.com
ડિલર્સ ડિસ્ટ્રીબ્યુટર્સ
આવકાર્ય










# તાપ-સંતાપ અને પરિતાપથી મુક્તિ અપાવે અને જીવતરને રસસમૃદ્ધ બનાવે તેવાં પ્રેરક પુસ્તકો

## ફાધર વાલેસ

| | |
|---|---|
| વ્યક્તિઘડતર | 100 |
| સમાજમંગલ | 200 |
| વાણી તેવું વર્તન | 400 |

## મોહમ્મદ માંકડ

| | |
|---|---|
| આવકાર (ઇનામી) | 110 |
| પ્રકીર્ણ | 100 |
| સુખ એટલે | 150 |

## સ્વામી સચ્ચિદાનંદ

| | |
|---|---|
| નર-નારીના સંબંધો, લગ્નસંસ્થા તથા આવેગો અને લાગણીઓ | 140 |
| માનવ-સંબંધો | 130 |

## ચંદ્રકાન્ત મહેતા

| | |
|---|---|
| સફળતા કરે છે સાદ | 100 |
| પગલે પગલે પ્રગટે કમળ | 160 |

## ભાણદેવ

| | |
|---|---|
| જીવનનું મનોવિજ્ઞાન | 100 |
| જીવનનિષ્ઠ અધ્યાત્મ | 110 |
| જીવનદર્શન | 125 |
| જીવન અને ધર્મ | 100 |

## રોહિત શાહ

| | |
|---|---|
| આજ ફિર જીને કી તમન્ના હૈ | 100 |
| આ અબ લૌટ ચલેં | 100 |
| મુઝકો યારો માફ કરના | 100 |

## દિનેશ પાંચાલ

| | |
|---|---|
| સંસારની સિતાર | 200 |
| મનના માયાબજારમાં | 200 |

## વિકાસ ઘનશ્યામ નાયક

| | |
|---|---|
| ઇન્ટરનેટ કૉર્નર : સ્પર્શ | 125 |
| ઇન્ટરનેટ કૉર્નર : ઉપહાર | 125 |
| ઇન્ટરનેટ કૉર્નર : કથા-કળશ | 125 |
| બ્લૉગને ઝરૂખેથી : સંવાદ | 125 |

## હસમુખ પટેલ

| | |
|---|---|
| વિકાસની કેડી, પ્રશ્નોની સીડી | 100 |
| પોતાનું એવરેસ્ટ | 90 |
| સિદ્ધાંતોની પ્રયોગશાળા | 90 |
| યૌવનની અનંતયાત્રા | 90 |


## જયવદન પટેલ


| | |
|---|---|
| પ્રિય જિન્દગી | 150 |
| જિંદગીનું બીજું નામ | 150 |














**ગુજરાતી સાહિત્યરસિકો માટે અમદાવાદમાં ગ્રંથતીર્થ સમા અમારા ત્રણ શો-રૂમ**

**ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય**

**ગૂર્જર સાહિત્યભવન**
રતનપોળના સામે, ગાંધી માર્ગ, મદાવાદ – 380 001
ફોન : 079-22144663. e-mail : goorjar@yahoo.com

**સંસ્કાર સાહિત્યમંદિર**
5, N.B.C.C. હાઉસ,
સહજાનંદ કૉલેજ પાસે,
આંબાવાડી, અમદાવાદ-15
ફોન : 079-26304259

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**
102, લૅન્ડમાર્ક બિલ્ડિંગ, ટાઇટેનિયમ સિટીસેન્ટર પાસે,
સીમા હૉલની સામે, 100 ફૂટ રોડ, પ્રહ્લાદનગર,
અમદાવાદ-15 ફોન : 26934340, મો. 9825268759
ઇમેલ : gurjarprakashan@gmail.com



Nano 9 kitchenware
in new avatar
NanoNine™
INNOVATIVE KITCHENWARE
Bana De Life Aasaan!
Fruit & Salad
Insulock Lunch Pack
WORLD 1st
Insulated Leakproof S.S. Tiffin
LEAKPROOF
AIR TIGHT
FEATHER LITE
Chapati Pot
FREEDOM from SOGGINESS
TRANSPARENT See Through Lid
DOUBLE WALL
FEATHER LITE
Mfg By: Shree Balaji Metal Industries, Vasai.
: (+91) 88792 99950 | E: care@nanonine.in | W: www.nanonine.in
AHMEDABAD: Authorised Distributors: Shahil Marketing: (+91) 94261 77138
MUMBAI: Authorised Distributors: Vasant Marketing: (+91) 98206 72501 / KK Associates: (+91) 93234 04736




GILL & CO. PVT. LTD.
IMPORTERS - EXPORTERS & COTTON MERCHANT
"5", Aishwarya-1, 68, B.M.M. Society, Old Sharda Mandir Railway Crossing,
Ellisbridge, Ahmedabad - 380 006.
Phone : 079 - (O) 2658 6088 (R) 2658 1733 Telefax : 079 - 2658 6088
Mobile : 98253 28836 / 93742 08010 / 93742 08011
Registered Office : NTC House, Narottam Morarjee Marg,
Ballard Estate, P.O. Box. No. 86, Mumbai - 400 038.
Phone : (022) 2261 5001 (4 Lines)
Fax : (022) 2262 0598, 2265 5069 Telegram : "GILLCO, MUMBAI"
Email : gillco@gillcot.com
: BRANCHES :
ADONI / AHMEDABAD / AMRAVATI
BHATINDA / NEW DELHI / UJJAIN

છેલ્લા ૩૯ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**

૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchijainamd@gmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રીમંડળ**

પ્રતાપ નારાણજી દંડ
(૯૪૨૬૭ ૨૫૬૧૯)
મુખ્યતંત્રી

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

*– મુખ્યતંત્રી*

**'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઈટ www.kutchijainahd.org ઉપર વાંચી શકાય છે.**

# અનુક્રમણિકા

*લેખક પાના નં.*

- પરિવર્તન ................ **અશોક મહેતા** ...... ૯

**તંત્રી લેખ :**

- પર્યુષણ પર્વ / સાંવત્સરિક ક્ષમાપના ................ **પ્રતાપ નારાણજી દંડ** .... ૧૧

**લેખ વિભાગ**

**પર્વ વિશેષ**

- ક્ષમાનું અમૃત ................ **પૂ.શ્રી ધીરજમુનિ મ.સા. ● રજૂઆત : યશ રાય** .... ૧૨

**મુલાકાત**

- યુવા ઉદ્યોગપતિ શ્રી ગોપાલ સુતરિયા સાથેની મુલાકાત .......... **કિરણ ચાંપાનેરી 'સેતુ'** .... ૧૩

**સાંપ્રત**

- અઢળક ઢળિયાં રે ફોઈબા
જરા વહેલાં જાગ્યાં હોત તો કેવું સારું! ................ **કેશુભાઈ દેસાઈ** .... ૧૫

**ભિન્ન મત**

- વર્તમાન અનામત આંદોલનનાં લેખાંજોખાં ................ **મૂળચંદ રાણા** .... ૧૬

**કચ્છ**

- ગાંધી યુગે ભારત : સ્વાતંત્ર્ય સંગ્રામના સંદર્ભમાં – **આલેખક : કાંતિપ્રસાદ ચંદ્રશંકર અંતાણી**
કચ્છના સ્વાતંત્ર્ય સંગ્રામની તવારીખ : ૧૯૨૧- ૧૯૪૮ (પ્રકરણ-૭)......... **સંપાદક : હરેશ ચ. ધોળકિયા** ..... ૧૮

**વ્યક્તિ વિશેષ**

- આપણા રાષ્ટ્રધ્વજના ચિત્રકાવ્યના સર્જક
કચ્છના રાજકવિ શ્રી શંભુદાનજી ગઢવી ................ **પ્રા. સૂર્યકાંત ભટ્ટ** .... ૨૧
- સુલભ ઈન્ટરનેશનલનાં સંસ્થાપક : બિંદેશ્વર પાઠક (૨) ................ **રશ્મિ બંસલ** .... ૨૨

**વિચાર વિમર્શ**

- પર્યાવરણ સંબંધિત વૈશ્વિક દિવસો અને તેનું મહત્ત્વ ................ **જાહ્નવી દવે** .... ૨૪
- દ્વિભાષા પદ્ધતિથી ગુજરાતી શિક્ષણ વિષય
ગુજરાતી સાહિત્ય પરિષદના અધિવેશનમાં મૂકવો જોઈએ ................ **મહેન્દ્ર સા. દોશી** .... ૨૮

**સમાજની ક્ષિતિજો**

- નર-નારીના સંબંધો અને લગ્ન સંસ્થા : પ્રકરણ-૧૯
પતિઓના ચાર પ્રકાર ................ **સ્વામી શ્રી સચ્ચિદાનંદજી** .... ૨૯

**સંસ્મરણ**

- એક અવસર.... અનેરો ................ **કિરણ રતનશી વીસરિયા** .... ૩૧

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના

**"પદાધિકારીશ્રીઓ"**

**<u>મેનેજિંગ ટ્રસ્ટી</u>**

શ્રી પ્રતાપ નારાણજી દંડ

ઘર : ૦૭૯- ૨૬૪૦૫૦૪૭ મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**<u>ઉપપ્રમુખ-૧</u>**

શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ

ઘર : ૨૬૪૪ ૬૪૧૩, ઓ. ૨૬૪૦ ૧૧૫૦

મો. ૯૮૨૫૦ ૩૧૫૨૮

**<u>ઉપપ્રમુખ-૨</u>**

શ્રી શાંતિલાલ મુળજી સાવલા

ઘર : (૦૨૭૧૭) ૨૩૪૪૫૫ મો. ૯૮૨૫૦ ૪૮૬૪૫

**<u>માનદ્ મંત્રી</u>**

શ્રી કાંતિલાલ રામજી શાહ

ઘર : ૨૬૪૨૩૮૯૫, ઓ. : ૨૫૮૯૪૫૫૬/૨૫૮૩૩૯૮૯

મો. ૯૩૨૮૦ ૦૧૧૪૦

**<u>સહમંત્રી</u>**

શ્રી હસમુખ બાબુભાઈ શાહ (ખાંડવાલા)

ઘર : ૨૬૬૦૩૪૫૮, ઓ. : ૨૬૬૦૫૪૫૩

મો. ૯૮૨૫૦ ૪૦૬૬૬

**<u>ખજાનચી</u>**

શ્રી ચંદ્રકાંત દામજી શાહ

ઘર : ૨૬૬૦૫૨૨૫

**<u>સહ ખજાનચી</u>**

શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર

ઘર : ૨૬૬૫૦૨૯૯, મો. ૯૪૨૮૩ ૫૧૩૭૦


**<u>શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :</u>**

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી ખનિજ વિકાસ નિગમ લિ. પ્રાયોજિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪. ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**<u>સેવા ભવનનું સરનામુ :</u>**

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે, સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા, અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦


***અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.***



## પ્રેરક પ્રસંગ

- બ્રાયન થી બ્રાયસ સુધી! ............ **ડૉ. આઈ.કે. વીજળીવાલા** .... ૩૪

## ચિંતન

- આંખ નથી, હામ તો છે ............ **'પંગુમિત્ર'** .... ૩૬

## વિકાસની હરણફાળ

- વિશ્વની મહાસત્તાઓને ભારતનો જડબાતોડ જવાબ ............ **'નવગુજરાત સમય'** .... ૩૭

## પ્રેરણા

- ગુરુકૃપા ............ **કેશુભાઈ દેસાઈ / ધીરુભાઈ** .... ૩૯

## જૈનોના તીર્થસ્થાનો

- જૈનોનાં શ્રી ૧૦૮ તીર્થ : ઈતિહાસની એક ઝલક (પ્રકરણ-૨) . **શ્રી વિજય ઈન્દ્રસેનસૂરીશ્વરજી** .... ૪૦

## પૌરાણિક સંશોધન

- દ્રૌપદી કુંડ ............ **નારાયણ શનિશ્વરા** .... ૪૨

## ન્યાય મંદિર

- જીવદયાના સમર્થનમાં ઐતિહાસિક ચુકાદો –
  બાદશાહ અકબરથી આજ સુધી ............ **વી. આર. ઘેલાણી** .... ૪૪

## આરોગ્ય ચિંતન

- શરીર તારું સંભાળ રે....! ............ **દિનેશ પાંચાલ** .... ૪૭

## સમાજ ચિંતન

- સિનિયર સિટીઝન માતા-પિતાનો સંતાનોને ઈ-મેઈલ ............ **અનુરાધા દેરાસરી** .... ૪૮

## વાર્તા

- ડામચિયો ............ **પ્રજ્ઞા પટેલ** .... ૪૯

## નવલિકા

- ખંધાડિયો ............ **કેશુભાઈ દેસાઈ** .... ૫૪

## નિયમિત વિભાગો

- આંજો કાગર ............ ૫૮
- અન્ય સંસ્થાઓના સમાચાર ............ ૫૯
- જાણવા જેવું ............ **સંકલન : શાંતિલાલ સંઘવી** .... ૬૦
- *Nano Nine* શબ્દ રમત-૧૧૦ ............ **સંકલન : રજનીકાંત પારેખ** .... ૬૧
- જાણવા જેવું ............ **સંકલન : રજનીકાંત પારેખ** .... ૬૨
- *Nano Nine Sudoko* (ક્રમાંક : ૧૦૬૬) ............ **સંકલન : રજનીકાંત પારેખ** .... ૬૩
- વલોવતન ............ **સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ** .... ૬૫
- સમાજ દર્પણ ............ ૬૯
- સંસ્થા સમાચાર ............ ૭૧
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ ............ ૭૮
- ઊડતી નજરે ............ ૮૦



Printed & Published by : **Mr. Ashok Mehta,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**. Printed at **Vinayak Offset,** Dudheshwar, Ahmedabad. Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. Editor : **Mr. Ashok Mehta ● Yearly Subscription : Rs.150/-**

# પરિવર્તન

પરિવર્તન એ દુનિયાનો નિયમ છે. ઘડિયાળ દિન-રાત ચાલ્યા જ કરે છે. તેથી લોકો સમય બાબતે સાવધ રહે છે. નદીનાં પાણી નિરંતર ખળખળ વહ્યા કરે છે. તેથી તે નિર્મળ રહેવા પામે છે. સૂર્ય સવારમાં પૂર્વમાં ઊગે છે અને સાંજે પશ્ચિમમાં આથમે છે. તેથી તે અનેક લોકોનું જીવન સહ્ય બનાવી શકે છે. પૃથ્વી પોતાની ધરીની આસપાસ તથા સૂર્યની આસપાસ ફર્યા કરે છે. તેથી માનવજીવન સારી રીતે પાંગરી શકે છે. ચંદ્ર પૃથ્વીની આસપાસ ફરે છે. તેથી આપણને મધુર ચાંદની પ્રાપ્ત થાય છે. પરિવર્તન, એ આ જગતનો નિયમ છે અને તે વાતાવરણને હર્યુંભર્યું રાખે છે.

અન્ય તરફ, જે પરિવર્તન નથી પામી શકતા, તે સર્વસ્વીકૃત નથી બની શકતા. દરિયાનું પાણી અતિ ખારાશ પામે છે, જે કોઈ રીતે કામ આવી શકતું નથી. તળાવમાં પાણીમાં લીલ અને શેવાળ જામી જાય છે કે જેનાથી તે ગંદું બની જાય છે. સમાજજીવન, રીત-રિવાજ, વ્યવહાર, માન્યતા વગેરે પરિસ્થિતિ પ્રમાણે પરિવર્તન પામતાં રહે છે. તેનો સ્વીકાર ન કરનાર ખુદ અસ્વીકાર્ય બની જાય છે. પરિવર્તનની પરિસ્થિતિનો સ્વીકાર ન કરનાર આ સ્થિતિએ પહોંચી જાય છે.

**અશોક મહેતા**
પૂર્વ મુખ્યતંત્રી – 'મંગલ મંદિર'
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

*પરિવર્તન એ જીવનનો નિયમ છે. ભૂતકાળમાં રાચનારા અને વર્તમાનને સાચવનારાઓનું ભવિષ્ય ઉજ્જવળ હોતું નથી.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્યો / નિયાણી બહેનો જોગ

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના નીચે મુજબના સભ્યો / નિયાણી બહેનો હજુ સુધી પોતાના મેડિકલના કાર્ડ, સમાજ પરથી લઈ ગયેલ નથી. આથી તેઓએ પોતાના મેડિકલના કાર્ડ, તાત્કાલિક, શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પરથી લઈ જવા વિનંતી કરવામાં આવે છે.*

૧. શ્રીમતી વર્ષાબેન દિનેશભાઈ શાહ
૨. શ્રી વિમલ મનસુખલાલ મહેતા
૩. શ્રીમતી વૈશાલી અજય ગાંધી
૪. શ્રી વિરલ મહેન્દ્રભાઈ મહેતા
૫. શ્રીમતી ઉષા પ્રકાશભાઈ વોરા
૬. શ્રી સંદીપ તારાચંદ મોતા
૭. શ્રી શાંતિલાલ રતનશી શાહ
૮. શ્રી સુનિલ દેવજી ગોગરી
૯. ડૉ. સુશીલ ચુનીલાલ શાહ
૧૦. શ્રી સમીર ખીમજી દેઢિયા
૧૧. શ્રી રસિકલાલ મોરારજી વોરા
૧૨. શ્રીમતી રૂપલબેન સનત શાહ
૧૩. શ્રી રજનીકાંત માણેકલાલ કોઠારી
૧૪. શ્રી રાજેશ હીરાલાલ શાહ
૧૫. શ્રીમતી રમીલાબેન ટોકરશી શાહ
૧૬. શ્રીમતી રશ્મિ કુમારપાળ શાહ
૧૭. શ્રી રાજેન નરેન્દ્રભાઈ શાહ
૧૮. શ્રી પથિક ભોગીલાલ સાવલા
૧૯. શ્રી પંકજ સોમચંદ નાગડા
૨૦. શ્રીમતી પ્રીતિબેન રમેશ અદાણી
૨૧. શ્રી પરેશ શાંતિલાલ મહેતા
૨૨. શ્રી પીયૂષ હરિલાલ મોરબિયા
૨૩. શ્રી પ્રવીણભાઈ કાંતિલાલ શાહ
૨૪. શ્રી પ્રભુલાલ કેશવલાલ શાહ
૨૫. શ્રી પ્રવીણ હરજીવનદાસ સંઘવી
૨૬. શ્રી પ્રફુલ્લ શામજી ધરમશી
૨૭. શ્રી પીયૂષ હરિલાલ મોરબિયા
૨૮. શ્રી પ્રવીણચંદ્ર પાસુભાઈ શાહનંદ
૨૯. શ્રી નિખિલ કનકલાલ મહેતા
૩૦. શ્રી નિરંજન હરખચંદ સંઘવી
૩૧. શ્રી નીલેશ હીરાલાલ કુબડિયા
૩૨. શ્રીમતી નીમુબેન હરેશભાઈ શાહ
૩૩. શ્રી નિરંજન વાડીલાલ શાહ
૩૪. શ્રીમતી મીનલ પ્રતીક સંઘવી
૩૫. શ્રીમતી મીનલ મહેશભાઈ વીરા
૩૬. શ્રીમતી માનુષી સમીર શાહ
૩૭. શ્રી લલિત જયંતીલાલ રાંભિયા
૩૮. શ્રીમતી કીનાબેન કરણભાઈ જૈન
૩૯. શ્રી કાંતિલાલ નથુભાઈ સંઘવી
૪૦. શ્રી કૈલાસ દલીચંદ મહેતા
૪૧. શ્રી કાંતિલાલ દલીચંદ લોદરિયા
૪૨. શ્રી કીર્તિકુમાર મોરારજી વોરા
૪૩. શ્રીમતી જાગૃતિ ચંદ્રશીલ મહેતા
૪૪. શ્રીમતી જૂલી મનીષકુમાર શાહ
૪૫. શ્રી જયંતીલાલ વેલજી ગઢેચા
૪૬. શ્રી જિતેશ વિજય મોતા
૪૭. શ્રી જગદીશ અજિત મહેતા
૪૮. શ્રીમતી જીવીબેન નરપતલાલ મોથારિયા
૪૯. શ્રી જય કીર્તિકુમાર મોમાયા
૫૦. શ્રી હેમેન્દ્ર કાનજી શાહ
૫૧. ડૉ. હિતેન્દ્ર મોહનલાલ શાહ
૫૨. શ્રી હિતેન બાબુલાલ વસા
૫૩. શ્રી હીરેન કુંવરજી શાહ
૫૪. શ્રી હિતેશ મણિલાલ દેઢિયા
૫૫. શ્રી ઈલેશ નગીન શાહ
૫૬. શ્રી હરીશ પ્રેમજી સાવલા
૫૭. શ્રી ગુલાબચંદ ઝવેરચંદ છેડા
૫૮. શ્રી ધર્મેશ રમણિકલાલ મહેતા
૫૯. શ્રીમતી દીપાબેન ધીરજકુમાર શાહ
૬૦. શ્રી ધર્મેન્દ્ર બાબુલાલ બાબરિયા
૬૧. શ્રી દીપક અમૃતલાલ શાહ
૬૨. શ્રી દિલીપ જયંતીલાલ પટવા
૬૩. શ્રી ચિરાગ વીરેન્દ્ર મણિયાર
૬૪. શ્રી ચેતન અજિત મહેતા
૬૫. શ્રીમતી ચેતના પ્રફુલ્લ વોરા
૬૬. શ્રી ચેતન દામજી ધરોડ
૬૭. શ્રી ચંદ્રકાંત મગનલાલ ઢીલા
૬૮. શ્રીમતી ભારતી ધૂળાભાઈ અદાણી
૬૯. શ્રી બુધ્ધિધન હીરાલાલ શાહ
૭૦. શ્રી બિપિન રમણલાલ ગાલા
૭૧. શ્રી ભરત શાંતિલાલ ત્રેવાડિયા
૭૨. શ્રી બ્રિજેશ શશીકાંત મહેતા
૭૩. શ્રી આશિષ કેશવલાલ દોશી
૭૪. શ્રી અજેશ પ્રબોધ મુનવર
૭૫. શ્રી અરવિંદ હેમચંદ સંઘવી
૭૬. શ્રી અજય ચંદુલાલ મહેતા
૭૭. શ્રી અજય જયસુખલાલ મહેતા
૭૮. શ્રી વિપુલ શાંતિલાલ શાહ

**કન્વીનર**
**સભ્યપદ / મેડિકલ કાર્ડ સમિતિ**

## ● વાંચન અભિયાન ●

## પુસ્તક લાઈબ્રેરીનો અચૂક લાભ લેશો

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત શ્રી કચ્છી જૈન ભવન - પાલડી સ્થિત પુસ્તક લાઈબ્રેરીમાં હાલે ૭૦૦થી વધુ નવાં પુસ્તકોનો ઉમેરો કરતાં પુસ્તકોની કુલ્લ સંખ્યા ૨૫૬૦ જેવી થઈ છે અને તે કારણે પુસ્તક વાંચન કરનાર ગ્રાહકોની સંખ્યામાં પણ વધારો થતાં હાલે ૨૬૦ વ્યક્તિઓ તેનો નિયમિત રીતે લાભ લઈ રહ્યા છે. આપશ્રી આ વાંચન - અભિયાનમાં જોડાવ તેવો ખાસ આગ્રહ છે. અન્ય વિગત માટે લાઈબ્રેરિયનનો ફોન નંબર : (૦૭૯) ૨૬૫૭ ૮૮૯૨ અને ૨૬૫૮ ૧૫૦૧ પર સંપર્ક કરશો.

★ કુલ ૨૫૬૦માંથી બાળ વિભાગના પુસ્તકો સાથે અંગ્રેજી ભાષાના પુસ્તકો .......................... ૧૬૦
★ બાળ વિભાગના ગુજરાતી પુસ્તકો .......................................................... ૧૫૦
★ અન્ય ગુજરાતી વિવિધ પ્રકારના પુસ્તકો .................................................. ૨૨૫૦

***આ સિવાય, સંખ્યાબંધ મેગેઝિન અને વર્તમાનપત્રો સાથે ઉપરના જ સ્થળે વાંચનાલયની સગવડ છે જેનો પણ કોઈપણ વ્યક્તિ લાભ લઈ શકે છે.***

# તંત્રી લેખ

## પર્યુષણ પર્વ / સાંવત્સરિક ક્ષમાપના

*– પ્રતાપ નારાણજી દંડ*

ગત માસ એટલે કે સપ્ટેમ્બરના તા. ૧૦-૯-૧૫થી તા. ૧૭-૯-૧૫ દરમિયાન સમગ્ર જૈન સમાજે પર્યુષણ પર્વની ઉજવણી કરી હતી. જૈન ધર્મના અલગ અલગ ફિરકાઓની પર્યુષણ પર્વ ઊજવવાની રીત કદાચ અલગ અલગ હોઈ શકે; સમયમાં પણ અંતર હોઈ શકે પણ દરેકે દરેક જૈન શ્રાવક - શ્રાવિકાનું ધ્યેય એક જ હોય છે કે આપણે આખા વરસ દરમિયાન કદાચ કોઈ ધર્મધ્યાન ન કર્યું હોય તો આ આઠ દિવસોમાં મન, વચન અને કર્મથી ધર્મ કરી લેવો. એ રીતે જૈન ધર્મમાં પર્વાધિરાજ મહાપર્વ પર્યુષણનું મહત્ત્વ ઘણું જ છે. પર્યુષણ પર્વમાં શ્રાવક - શ્રાવિકાઓ માટે મુખ્ય પાંચ કર્તવ્યો બતાવવામાં આવ્યાં છે. પ્રથમ કર્તવ્ય અમારી પાલન એટલે કે અહિંસા. બીજું કર્તવ્ય સાધર્મિક ભક્તિ એટલે કે જૈન પરિવાર કે સભ્યને ભોજન ઉપલબ્ધ કરાવવું. ત્રીજું કર્તવ્ય અઠ્ઠમ તપ એટલે કે સળંગ ત્રણ ઉપવાસ કરવા. ચોથું કર્તવ્ય ચૈત્ય પરિપાટી એટલે કે આપણે જ્યાં પર્યુષણ પર્વ ઊજવેલ હોય અથવા આપણે જ્યાં રહેતા હોઈએ ત્યાં આપણાથી શક્ય હોય એટલાં દેરાસરજીમાં વિધિસર ચૈત્યવંદન કરવું. પાંચમું અને છેલ્લું, પણ ખૂબ જ અગત્યનું કર્તવ્ય ક્ષમાપના. વર્ષ દરમિયાન આપણાથી જે કોઈ પણ વ્યક્તિને મન, વચન અને કાયાના યોગથી કોઈપણ જાતની તકલીફ થઈ હોય કે મનદુઃખ થયું હોય તો તેની ક્ષમા માંગવી. તેથી પર્યુષણ મહાપર્વના આ શુભ પ્રસંગે હું મારા વતી તથા ટ્રસ્ટ મંડળ અને કારોબારી સમિતિના સર્વે સભ્યો વતી સૌની ક્ષમા માંગું છું.

હવેથી 'મંગલ મંદિર'નો કારભાર મને સોંપવામાં આવેલ છે. બહુ જ મોટી જવાબદારી સોંપવામાં આવી છે. લખવાનું તો એક મંત્રી તરીકે ઘણું જ હોય છે, એટલે સારો મહાવરો છે. પણ એક તંત્રી તરીકે લખવાની કે વાંચવાની ટેવ બિલકુલ નથી. તેથી મનમાં થોડો સંશય રહે છે. છતાં એક નવી જવાબદારી સ્વીકારી છે તો એ સારી રીતે નિભાવવાની પૂરેપૂરી કોશિશ કરીશ. ક્યારેક કંઈ ભૂલચૂક થાય તો વાંચક વર્ગ મને ક્ષમા કરે.

'મંગલ મંદિર'નું પ્રકાશન ૧૯૭૬ના વર્ષથી શરૂ થયું. પ્રથમ સંપાદક તરીકે શ્રી પ્રભુલાલભાઈ સંઘવી હતા. ત્યારબાદ શ્રીમતી પ્રમિલાબેન કુરુવાએ, એ પદ ૬ વર્ષ સંભાળ્યું. તેમના અવસાન બાદ શ્રીમતી ચંદ્રિકાબેન દેઢિયાએ ૨૨ વર્ષ સુધી તેનું સફળ સંચાલન કર્યું. વર્ષ ૨૦૦૭થી શ્રી અશોકભાઈ મહેતાએ તંત્રીપદ સંભાળ્યું.

આ બધા જ તંત્રીશ્રીઓએ ઉત્તરોત્તર 'મંગલ મંદિર'ને ઉચ્ચ શિખરો તરફ પહોંચાડ્યું છે. ૪/૬ પાનામાં શરૂ થયેલ 'મંગલ મંદિર' આજે ૧૦૦/૧૨૫ પાનાંના દળદાર અંક તરીકે પ્રસિદ્ધ થાય છે. સૌ તંત્રીઓએ પોતાના કાર્યકાળ દરમિયાન પ્રસંગોપાત વિશેષાંકો પ્રસિદ્ધ કરેલ છે, જેનું મૂલ્યાંકન કરવું અશક્ય છે. સમાજનું મુખપત્ર આજે અમદાવાદ સમાજ સિવાય, બહાર પણ ખૂબ જ વંચાય છે, અને લોકપ્રિયતા પ્રાપ્ત કરેલ છે. આજે બજારમાં વેચાતાં વ્યવસાયિક મૅગેઝિનો જેટલી જ આતુરતાથી લોકો 'મંગલ મંદિર'ની રાહ જોતા હોય છે. આ રીતે ઉચ્ચતમ સ્થાન પામેલ 'મંગલ મંદિર'ની જવાબદારી આ અંકથી મારા શિરે આવેલ છે. મારા પુરોગામીઓએ જે રીતે સફળતાપૂર્વક એનું સંચાલન કરેલ છે અને જે પ્રકારની સામગ્રી પીરસી, આ 'મંગલ મંદિર'ને લોકપ્રિય બનાવેલ છે તે જ રીતે તેને આગળ ધપાવવાની હું કોશિશ કરીશ તેવી બાંહેધરી આપું છું. મારા પુરોગામીઓનો સાથ સહકાર મારી સાથે છે જ અને ભવિષ્યમાં પણ મળતો રહેશે તેવી મને શ્રદ્ધા છે. આશા રાખું છું કે આપ સૌ પણ પહેલાંની જેમ જ આપનો સાથ સહકાર આપતા રહેશો. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટ મંડળનો હું આભાર માનું છું કે તેઓએ મારા ઉપર વિશ્વાસ મૂકી મને આ જવાબદારી સોંપી, સમાજસેવાની એક વધારાની તક આપી.

ગત આખો માસ ધાર્મિક ઉત્સવનો હતો. હિંદુ ધર્મના જુદા જુદા ઘટકોના લગભગ તમામ લોકોએ તહેવારની ઉજવણી કરી હશે અને હવે દિવાળી સુધી સમગ્ર હિંદુસ્તાનમાં ઉત્સવોનું વાતાવરણ રહેશે. આશા છે, આપ સૌએ પણ સારી આરાધના કરી હશે અને આગામી ઉત્સવો પણ આનંદપૂર્વક ઊજવશો. અસ્તુ.

*૬, મુદ્રા એપાર્ટમેન્ટ, ૯/૨૬, ચૈતન્ય સોસાયટી, સ્ટેડિયમ રોડ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૪. મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯*

*મનની બારીઓ સર્વ સદા ખુલ્લી રાખીએ. દસે દિશા તણા શુભ વિચારો આવકારીએ.*

પર્વ વિશેષ

# ક્ષમાનું અમૃત

• પૂ.શ્રી ધીરજમુનિ મ.સા. • રજૂઆત : યશ રાય •

*ક્ષમાની મહેફિલમાં મસ્તી નથી હોતી,*
*ક્ષમાની સાધના કંઈ સસ્તી નથી હોતી.*
*ખમવા-ખમાવવામાં કંઈ જબરદસ્તી નથી હોતી,*
*આપો દિલ શત્રુને તો વેરની હસ્તી નથી હોતી.*

ક્ષમા એટલે પોતાની ભૂલનો સ્વીકાર અને બીજાની ભૂલની માફી. આ અતિદુષ્કર કાર્ય છે. ભૂલના સ્વીકારમાં અહંકારને તોડવો પડે છે. કાયાને તોડવી હજુ સહેલી છે, પણ અહંકારને તોડવો સહેલો નથી.

બીજાની ખામીઓ જોવાના બદલે ખૂબીઓ જોતાં શીખી જવાય તો મૈત્રી-પ્રેમના સંબંધો જળવાઈ રહે. બીજાની ભૂલ ભૂલી જવા યોગ્ય હોવા છતાં એને ભૂલી જવી બહુ જ મુશ્કેલ છે.

સેન્ટ હેલિના ટાપુમાં કેદ કરાયેલો નેપોલિયન જ્યારે અંતિમ દિવસોમાં પ્રભુને પ્રાર્થના કરી રહ્યો હતો, ત્યારે તેના સાથીએ કહ્યું : "જ્યાં સુધી તું તારા શત્રુને માફી આપી શકતો નથી, ત્યાં સુધી તારી પ્રાર્થનામાં કંઈ સાર નથી. તું એને માફ કરી દે. એની ભૂલને ભૂલી જા. પછી જો પ્રાર્થનામાં કેવી મસ્તી આવે છે!"

ત્યારે નેપોલિયને કહ્યું : "I can forgive him, but I can't forget him". જેની ડિક્ષનરીમાં "Impossible" શબ્દ ન હતો, તેવો નેપોલિયન પણ બીજાની ભૂલને ભૂલવા સમર્થ નથી. માટે જ 'ક્ષમા ધર્મ પરમ ધર્મ છે. છતાં અતિ કઠિન છે... તો ચાલો આપણે

ક્ષમા ધર્મને અંતરથી આવકારીએ, દુશ્મનીને દોસ્તીમાં ફેરવીએ, જીવનને શણગારીએ...આલમને પણ અજવાળીએ...

---

*"આપણા દેશમાં ઘણું બધું શાસન છે, પણ ઘણો ઓછો વહીવટ છે. ઘણા બધા જાહેર નોકરો છે, પણ ઘણી ઓછી સેવાઓ છે. ઘણા બધા અંકુશો છે પણ ખૂબ ઓછું સામાજિક કલ્યાણ છે. ઘણા બધા કાયદા છે પણ ખૂબ ઓછો ન્યાય છે."*

**– નાની પાલખીવાલા**

***(નયા માર્ગ, તા. ૧-૭-૧૫માંથી)***

***પ્રેષક : શાંતિલાલ સંઘવી***

મુલાકાત

# ગીર ગૌવંશના જતન અને સંવર્ધન કાર્યમાં પરોવાયેલા યુવા ઉદ્યોગપતિ શ્રી ગોપાલ સુતરિયા સાથેની મુલાકાત....

• કિરણ ચાંપાનેરી 'સેતુ' •

*ગૌમાતાના સ્પર્શથી સહજપણે પ્રેમના અનેરા આનંદની અનુભૂતિ વર્તાય છે.*

*– શ્રી ગોપાલ સુતરિયા*

*ગુજરાતભરની ગૌશાળાના સંચાલકો અને સમગ્ર ભારતના ગૌસેવક-ગૌચિંતકોની ગૌસંવર્ધન સંગોષ્ઠિ બંસી ગીર ગૌશાળાના પ્રાકૃતિક પાવન સાંનિધ્યમાં તા. ૨૯-૩-૨૦૧૫ના રોજ યોજાયેલ. ગુજરાત રાજ્યનાં માન. મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ, શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડના ચેરમેન શ્રી ડૉ. વલ્લભભાઈ કથીરિયાએ ગાયમાતાના મહિમાની અને ગાયનું જતન કરવાની વાતો કરી. સંગોષ્ઠિમાં ગૌસંવર્ધન અંગેની ચર્ચાઓ થઈ, તજજ્ઞો દ્વારા પોતાના અનુભવનું ભાથું પીરસવામાં આવ્યું. તેની સાથોસાથ લુપ્ત થતા જતા આપણાં અમૂલ્ય ગૌવંશને બચાવવાની ચિંતા પણ વ્યક્ત થઈ.*

*ગુજરાતમાં દેશી ગૌવંશની ગાયોને બચાવવા ગૌભક્તો, ગૌસેવક અને ધાર્મિક સંસ્થાઓ દ્વારા ગૌશાળાઓનું સંચાલન થઈ રહ્યું છે. દેશી ગૌવંશને જાળવવાના છૂટાછવાયા પ્રયાસો થઈ રહ્યા છે અને હવે સરકારના ગૌસેવા આયોગ તરફથી પણ પ્રયાસો થઈ રહ્યા છે. શાંતિપુરા ગામે બંસી ગીર ગૌશાળા દ્વારા ગીર-ગૌવંશનું જતન અને સંવર્ધન કરતા યુવાન ગોપાલભાઈ ગગજીભાઈ સુતરિયા (૯૮૭૯૦૦૨૨૨૨) સાથેની મુલાકાતની વાતો, આવો માણીએ...અને ગાય માતાની અવદશા અંગે સહચિંતન કરીએ.*

***કિરણ : ગોપાલભાઈ, આપનું વતન, અભ્યાસ અને વ્યવસાય...?***

***ગોપાલ :*** સૌરાષ્ટ્રના વલ્લભીપુર પાસેનું રંગપર અમારું મૂળ વતન. મારા પિતાશ્રી ગગજીભાઈને ડાયમંડના ધંધાર્થે વીસેક વર્ષ મુંબઈમાં રહેવાનું થયું. મારો ઉછેર અને અભ્યાસ મુંબઈમાં થયો. એફ.વાય.જે.સી. ગુજરાતની ગણતરી પ્રમાણે અગિયારમા સુધી ભણ્યો. પછી અભ્યાસ છોડી દસ વર્ષ ડાયમંડનો વ્યવસાય કર્યો. ૨૦૦૬ માં અમારા પરિવારને અમદાવાદમાં આવવાનું થયું. સુતરિયા ડેવલપર કંપની હેઠળ જમીન લે-વેચ અને કન્સ્ટ્રક્શનનો ધંધો શરૂ કર્યો.

***કિરણ : ગૌમૈયા - ગૌસેવાની પ્રવૃત્તિનો વિચાર કેમ અને ક્યારે આવ્યો?***

***ગોપાલ :*** દેશી ગૌમાતાઓના વિકાસથી જ દેશનો સાચા અર્થમાં વિકાસ થશે એવું મારું સ્પષ્ટ માનવું છે. આપણા પૂર્વજ અને સંસ્કૃતિ શ્રેષ્ઠ હતી, છે અને રહેશે. બચપણથી મનમાં આ વિચાર પ્રત્યે દૃઢ વિશ્વાસ હતો કે ગૌમાતાની દેશી નસલ, ગૌવંશ શ્રેષ્ઠ જ હશે. તો પછી શા માટે વિદેશી ગાયોને અપનાવીએ છીએ? અને ખેતરમાં પણ રાસાયણિક ખાતરો કેમ નાખીએ છીએ? આ મને સમજાતુ નહોતું! એટલા માટે જાતે પ્રયોગ કરવાનું વિચાર્યું. અને આઠેક વર્ષ પૂર્વે આ પ્રયોગ શરૂ કર્યો. જેના આશ્ચર્યજનક પરિણામ મળ્યા છે.

***કિરણ : ગૌસેવા પ્રવૃત્તિના પ્રારંભની વાત કરશો?***

***ગોપાલ :*** દેશી ગૌવંશ અને દેશી સજીવ ખેતીને બચાવવાના વિચારો મનમાં ઘૂમરાતા રહેતા. આ અંગે કંઈક કરવું એવી મનમાં મથામણ ચાલતી. મારા મનની વાત પિતાજી અને નાનાભાઈ ગોપેશને જણાવી. તેઓએ સહર્ષ ગાયને બચાવવાના પુણ્યકાર્ય પ્રારંભવાની-જોડાવાની અનુમતિ આપી, સાનુકૂળતા કરી આપી! એટલે પીરાણા પાસેના મરોલી ગામે સાતેક ગાયોથી બંસી ગીર ગૌશાળાનો પ્રારંભ કરેલો. જૂનાં સારાં રજવાડાના અને અન્ય સારા વેલાની ગાયો લાવ્યા. ગાયોની સંખ્યા વધતા અને તેનું સુવ્યવસ્થિતપણે પાલનપોષણ થાય તે હેતુસર શાંતિપુરા ગામે અદ્યતન સુવિધાવાળી ગૌશાળાનું નિર્માણ કર્યું છે.

***કિરણ : તમારી બંસી ગીર ગૌશાળામાં કેટલા પ્રકારના ગૌવંશ છે?***

***ગોપાલ :*** અહીં બાર ગોત્રના ગીરવંશજ એક જ છત્ર હેઠળ છે! જે દુનિયામાં બંસીગીર ગૌશાળામાં જ છે. વળી બ્રીડિંગ પણ ગોત્ર પ્રમાણે જ કરવામાં આવે છે.

***કિરણ : તમારી ગૌશાળામાં ગાયમાતાને ખોરાક પાણી, કેવા વાતાવરણમાં રખાય છે?***

***ગોપાલ :*** અહીં શાંતિપુરાની ગૌશાળામાં ત્રણેક વીઘા જમીનમાં વિશાળ ડૉમ બાંધ્યા છે. ડૉમની ઊંચાઈને કારણે ગાયોને તાપ ઓછો લાગે. સવાર અને સાંજનો કુમળો સૂર્યપ્રકાશ ડૉમમાં પથરાઈને ગાયમાતાને ઊર્જા આપે તે પ્રકારે ડૉમનું બાંધકામ કરેલ છે. અમે ગાયોને બાંધતા નથી. ડૉમની ફરતે કરેલા વાડામાં છૂટથી હરીફરી શકે છે. ડૉમમાં પાકી બાંધેલી ગમાણમાં જિંજવાનું ઘાસ ભરી રાખવાનું. ગાયમાતાની જરૂરત પ્રમાણે તે ખાય અને પાણી પીવે. અઠવાડિયે એકાદવાર લીમડો ખવડાવવામાં આવે છે જેથી પેટમાં

*મિત્ર અને ઔષધિઓ બંને આપણી સહાયતા કરે છે. પરંતુ ઔષધિઓને એક્સપાયરી ડૅટ હોય છે, મિત્રને નહીં.*

કૃમિ ના થાય. થોડા સમયથી ગાયોનાં ખાણમાં દેશી આયુર્વેદિક ઔષધિઓ પણ નાખવામાં આવે છે. જેથી ગાયમાતાનું અને તેનું દૂધ પીનારનું સ્વાસ્થ્ય ખૂબ જ સારું રહે! એટલે ગાયમાતાને ખોરાક એવો અપાય છે કે ડૉક્ટરને બોલાવવો ન પડે.

***કિરણ : જિંજુવાના ઘાસની વિગતે વધુ વાત કરશો?***

***ગોપાલ :*** જિંજુવાનું ઘાસ પણ ગૌમાતાએ જ શોધી આપ્યું એમ કહું તો ચાલે! આજનું વિજ્ઞાન વર્ષમાં ચાર વખત બિયારણનું ખર્ચ, ચારવાર ખેતર ખેડવા ડીઝલનો ખર્ચ, ચાર વખત યુરિયા અને પેસ્ટિસાઈડસનો ખર્ચ કરાવે છે. તેથી ખેડૂત અને પશુપાલકો પરેશાન છે. મેં આપણા પૂર્વજો તરફ નજર નાખી અને અનેક ગૌચરોમાંથી ૩૦ થી ૪૦ પ્રકારના ઘાસની જાત પર પ્રયોગ કર્યા. તેમાંથી ગૌમાતા કયા ઘાસને પસંદ કરે છે તેને ધ્યાનમાં રાખી તે ઘાસની ખેતીનો પ્રારંભ કર્યો. જેમાંથી જિંજુવાની ત્રણથી ચાર જાતો અસરકારક જણાઈ. આ ઘાસની ખાસિયત એ છે કે વાવ્યા પછી ત્રીસ વર્ષ સુધી ફરી વાવવું પડતું નથી! વાવ્યા બાદ પહેલો વાઢ બે મહિને આવે અને પછી વીસ-વીસ દિવસે વાઢ આવે. આ ઘાસને ચાફ કટરમાં કાપ્યા વગર જ ગાય ખાઈ શકે છે. આ ઘાસ ખવડાવ્યા બાદ ગૌમાતાના દૂધમાં ૧૦ થી ૧૫ ટકા વધારો થયો છે. જિંજુવાનું બિયારણ બંસીગીર ગૌશાળા દ્વારા ગુજરાત જ નહીં પણ દેશની ગૌશાળાને ફ્રી આપવામાં આવે છે.

***કિરણ : ગૌશાળા અને ગાયના તબેલા વચ્ચે શું તફાવત છે?***

***ગોપાલ :*** ભારતમાં ગાયમાતા પૂજનીય રહી છે. ગૌશાળા સાથે ગાયમાતાની સેવાભાવના રહેલી છે. તબેલા દુર્ભાગ્ય છે. તબેલામાં ગાયને દોહી લેવાની ભાવના હોય છે એટલે તબેલા શોષણનું માધ્યમ છે! બંસી ગીર ગૌશાળામાં ગાયના બે આંચળનું દૂધ દોહવામાં આવે છે. બાકીના બે આંચળનું દૂધ તેના વાછરડાં માટે રાખવામાં આવે છે. ગાયમાતા તેની જરૂરત પ્રમાણે ક્યારે શું ખાવા, પીવા માટે મુક્ત છે. અમે ગાયનું કે વાછરડાનું શોષણ કરતા નથી. ભૂમિમાં ગૌમૂત્ર-ગોબરથી સજીવ-સેન્દ્રીય ખેતી જ કરીએ છીએ. એટલે ભૂમિનું શોષણ કરતા નથી. ગાયોની ચોવીસ કલાક દેખભાળ રાખનાર, સેવા કરનાર સેવકનું પણ શોષણ કરતા નથી. ગૌશાળામાં સેવાભાવના હોય, શોષણ નહીં!

***કિરણ : ગૌ સંવર્ધન અંગે આપનું શું મંતવ્ય છે?***

***ગોપાલ :*** વિશ્વમાં સરેરાશ ત્રણ-સાડા ત્રણ બચ્ચાં આપ્યા બાદ ગાયની કતલ કરવામાં આવે છે. ભારતમાં સરેરાશ પાંચ બચ્ચાં આપ્યા બાદ દૂધ ઓછું આપતી થાય એટલે મોટાભાગના લોકો ગાયને ઘરેથી કાઢી મૂકે છે. આઠ વેતર પછી તો સાવ તરછોડી દે છે! અહીં બંસી ગૌશાળામાં અમે ગાયામાતાનું, વાછરડાનું, ભૂમિનું કે સેવકનું શોષણ નથી કરતા. બંસી ગૌશાળામાં ૧૪-૧૫ વેતર પછી પણ વીસથી સત્તાવીસ લીટર દૂધ આપતી ગાયો છે. જે ભારત જ નહીં, પૂરા વિશ્વમાં ક્યાંય નથી! આ પ્રકારની શ્રેષ્ઠ ગાયોનું બીજ ગામડાંઓમાં ફેલાય તેવો અમારો પ્રયાસ રહ્યો છે. આવી ગાયોના વાછરડા-નંદીને અમે જે ગામમાં ૧૦૦ ગાયો હોય ત્યાં નંદી ફ્રી આપશું અને તેનો નિભાવખર્ચ પણ અમે આપશું. આ પ્રમાણે એક વર્ષમાં ૧૦૦ નંદીઘર અને પાંચ વર્ષમાં ૪૦૦ નંદીઘર-કેન્દ્રો બનાવવાની મારી ઈચ્છા-સંકલ્પ છે. જિંજવાના ઘાસનું બિયારણ પણ ગૌશાળાઓને ફ્રી આપશું.

આમ, મરવાની ઉંમરે ગાય ૨૦ થી ૨૭ લીટર દૂધ આપતી હોય તો સ્વાર્થવૃત્તિથી પણ લોકો ગૌમાતાને ઘરેથી તરછોડશે નહીં. તેનું દૂધ પણ ૫ થી ૫.૫ ફેટનું હોય છે. મતલબ આપણી ગૌમાતા ૨૫ લીટર દૂધ અને વિદેશી ગાય ૪૦ લીટર દૂધ આપતી હોય ત્યારે માત્ર ફેટની જ તુલના થશે. દૂધની ગુણવત્તાની તુલના થાય જ નહી!

***કિરણ : દેશીગાયના દૂધની ગુણવત્તા અને તેમાં રહેલા તત્ત્વોની વાત કરશો?***

***ગોપાલ :*** આયુર્વેદમાં માત્ર દૂધને જ સંપૂર્ણ આહાર માનવામાં આવે છે. ગૌમાતાના દૂધમાં વિટામિન એ, બી, ડી અને ઈ હોય છે. સાત પ્રકારનાં ખનિજ તત્ત્વો, ૨૨ પ્રકારનાં મિનરલ્સ, ૨૧ પ્રકારના એમિનો એસિડ્સ અને ઘણાં ઍન્ઝાઈમ્સ સુપાચ્ય સ્વરૂપમાં હોય છે. જે આપણાં જીવનરક્ષક છે. ગાયના ઘીના હવનથી પ્રોપ્લિન વાયુ છૂટે છે જે વરસાદને સમયસર કરે છે, ઈથિલીન ઓક્સાઈડ જીવાણુનાશક છે. ગૌમૂત્રમાં નાઈટ્રોજન, સલ્ફર, મેંગેનીઝ, પોટેશિયમ જેવા ૨૪ જેટલા ખનિજ તત્ત્વો છે જે કોઈ આડઅસર કર્યા વગર લગભગ ૧૦૮ પ્રકારના રોગો પર કામ કરે છે. વિટામીન બી-૧૨ જેવી કમી પણ સારી કરે છે. ગોબરમાં ૧૬ પ્રકારનાં ખનિજ તત્ત્વ હોય છે. ગોબર સળગાવવાથી મૅન્થોલ, ફિનોલ, એમોનિયા અને ફોર્મેલિન જેવા વાયુનું સર્જન થાય છે. આ બધામાં જીવાણુનાશક ક્ષમતા છે.

***કિરણ : દૂધ-ઘીનું વેચાણ કરો છો?***

***ગોપાલ :*** હા. પણ વ્યાપારી ધોરણે નહીં પણ ઘરઘરાઉ વેચાય છે. દૂધ રૂ. ૮૦/- અને ઘી રૂ. ૨૦૦૦/- માં આપીએ છીએ. આ રકમ ગૌ સંવર્ધનમાં વાપરવામાં આવે છે.

***કિરણ : પંચગવ્ય આધારિત દવાઓ બનાવો છો?***

***ગોપાલ :*** પંચગવ્યનું મહત્ત્વ સમજાવતી, તેનું શિક્ષણ આપતી વેબસાઈટ ટૂંક સમયમાં લૉન્ચ થનાર છે. પંચગવ્ય આધારિત દવાઓનું પણ વેચાણ કરીએ છીએ.

***કિરણ : ગૌમાતાની સાથે રહેવાની-ગૌસેવાની અનુભૂતિ કેવી?***

***ગોપાલ :*** મને જે અનુભૂતિ થાય છે તેનું વર્ણન તો કેમ કરું! પણ આધ્યાત્મિક, સામાજિક, આર્થિક શાંતિ ગૌમાતાના સ્પર્શ-સેવાથી મળે છે. દસ મિનિટમાં સહજપણે પ્રેમનો અનેરો અનોખો અનુભવ થાય છે. ગૌમાતાને હું જે રીતે જોઉં છું તે રીતે હું ગૌમાતાની સેવાના સ્તરે પહોંચ્યો નથી!

**(અનુસંધાન : જુઓ પાના નં.-૧૫ ઉપર)**

*કર્મને જોવું તે કર્મયોગ, કર્મના ફળને ઈશ્વરને અર્પણ કરવા તે રાજયોગ.*

સાંપ્રત

# અઢળક ઢળિયાં રે ફોઈબા! જરા વહેલાં જાગ્યાં હોત તો કેવું સારું!

• કેશુભાઈ દેસાઈ •

આનંદીબેન પટેલને પાટીદાર આંદોલનના યુવાન 'ક્રાંતિવીરો' ફોઈબા કહીને સંબોધતા હતા એ ભૂતકાળ હજી તાજો છે. ત્યારે એમણે બધાને યોગ્ય ન્યાય મળી રહેશે અને સમાજના કોઈ પણ વર્ગને અન્યાય નહીં થાય એ પ્રકારનો સમાધાનભર્યો ઉકેલ શોધી શકાશે, એવી હૈયાધારણ આપેલી. પાટીદારો કે અન્ય સવર્ણો તો ભારતીય જનતા પાર્ટી માટે મોંઘેરી મિરાત છે. થોડા દાયકાઓ અગાઉ જનસંઘનો દીવો લઈને ચૂંટણી લડતા શંભુ મહારાજ જેવા લોકપ્રિય અગ્રણીની ડિપોઝિટ ડૂલ થતી હતી, તે જ પાર્ટી એના નવા લેબાસમાં ગુજરાતને એનો ગઢ બનાવી શકી તે રૂડા પ્રતાપ ઉજળિયાત સમાજના. કોંગ્રેસે વધુ ને વધુ દલિત - આદિવાસી - પછાત વર્ગો અને મુસ્લિમો તરફી વલણ દાખવ્યું, એથી ઉજળિયાત વર્ગોનું ધ્રુવીકરણ થયું. એ જ ઉજળિયાત સમાજ જ્યારે ઉજળિયાતોની સરકાર સામે પડે ત્યારે સ્વાભાવિક છે કે સરકાર અને શાસક પાર્ટી અંદરથી હચમચી ઊઠે. આનંદીબેન પટેલ જ નહીં, નરેન્દ્ર મોદી સુધ્ધાં પાટીદાર આંદોલનથી હચમચી ગયા હોય, બહાર દેખાવ ભલેને સ્વસ્થ હોવાનો કરતાં ફરે. એટલે જ્યારે અનામતના વિકલ્પે પૅકેજ આપવાનું વિચારવાની ફરજ પડી ત્યારે સરકારે પાછું વાળીને જોયું નથી. એક હજાર કરોડનું પૅકેજ, વળી અનુસૂચિત જાતિ - જનજાતિ અને અન્ય પછાત વર્ગોને સરકારી નોકરી મેળવવામાં મળતી ઉંમરની છૂટછાટ. ૯૦ ટકાથી વધુ પરસાઈન્ટલવાળા તેજસ્વી સવર્ણ વિદ્યાર્થીઓની અડધી ફી સરકાર ભરે, એમના માટે મેડિકલ કૉલેજોમાં અધધ બેઠકો વધારી આપે. એમને જરૂર પડ્યે વ્યવસાય માટે લોન આપે. કોંગ્રેસી નેતા શક્તિસિંહે આખા પૅકેજને કાગળ ઉપરનું કહી વખોડ્યું છે તો વળી આંદોલનકારોએ એમની અનામતવાળી પિપૂડી વગાડવાની ચાલુ રાખી છે. હકીકત એ છે કે આનંદીબેનની સરકારે સાપ પણ મરે અને લાકડી ન ભાંગી જાય એવી કીમિયાગીરી કરી છે. પાટીદારોને રીઝવવા જતાં ઓબીસી વર્ગ ઊકળી ઊઠે તો ભાજપ ભાંગીને ભુક્કો થઈ જાય. ગુજરાત ભડકે બળે. એવું ન બને એટલા સારુ એમણે ઓબીસીને અડક્યા વગર સવર્ણ સમાજના લાભાર્થે અલગ અને ઍક્સ્ક્લુઝિવ પૅકેજની જાહેરાત કરી છે. એ પૅકેજથી આંદોલનકારોનો ઈગો કદાચ પૂરો ન સંતોષાય, પણ પાટીદાર સમાજ સહિત તમામ સવર્ણ પ્રજામાં તો એને આવકાર મળવાનો જ છે. એથી સરકાર સામેની વિવિધ સ્તરે ચાલતી ઝુંબેશ આપોઆપ નબળી પડશે. સવાલ એટલો જ રહે છે કે વાદળી જરા વહેલી વરસી હોત તો કેવું! આ જ પૅકેજ સમયસર જાહેર કરાયું હોત તો પાટીદારોના નામે આખા ગુજરાતને જે અસહ્ય પીડાજનક સ્થિતિમાં મુકાઈ જવું પડ્યું એમાંથી છુટકારો મળી શક્યો હોત. છતાં 'બેટર લેટ ધૅન નેવર!' ■

## યુવા ઉદ્યોગપતિ શ્રી ગોપાલ સુતરિયા સાથેની મુલાકાત

(અનુસંધાન : પાના નં.-૧૪ ઉપરથી ચાલુ)

બંસી ગૌશાળામાં બાર વીઘાના જિંજુવા ઘાસમાંથી વાછરડા-ગાય, નંદી મળી ૧૮૦ નો નિભાવ થઈ રહ્યો છે. ગાયો સાથેના આત્મીયતાભર્યા વ્યવહારના કારણે દોહવાના સમયે ગૌસેવક ભલાભાઈ ગૌમાતાને જાનકી, ગૌરી...સાદ પાડતાં બહાર આવીને ઊભી રહે છે. સાથોસાથ તેનું વાછરડું પણ આવે!

***કિરણ : ગૌશાળા શરૂ કરવા માટે ઉપયોગી વાત શું?***

***ગોપાલ :*** ગૌશાળા સેવાના ભાવથી જ શરૂ કરવી જોઈએ. સેવાભાવના પ્રથમ અને કમાણીના હેતુને બીજું સ્થાન આપવું જોઈએ. ગીર ગૌવંશની જાળવણી અને સંવર્ધન આજે ખૂબ મહત્ત્વનું છે. પ્રથમ નાના પાયે ચાર-પાંચ ગાયોથી પ્રારંભ કરાય. ગાયમાતાના ઘાસચારાની અને રહેવાની સુવિધાનું પ્રથમ ધ્યાન રાખવું જોઈએ.

આમ થવાથી ગૌમાતા તરફ જોવાની દૃષ્ટિમાં બદલાવ આવશે અને ગૌસેવા થશે...

*ખેડૂતમિત્રો, ભારત વર્ષમાં ગૌવંશ કતલ પ્રતિબંધનાં વમળો વર્ષોથી ઊભાં થાય છે અને શમી જાય છે. કેટકેટલાંય આંદોલનો થયાં પણ પરિણામ શૂન્ય! ફરી તાજેતરમાં ગૌવંશ કતલનો પ્રશ્ન છેડાયો છે...ચર્ચાય છે. પણ ગાયને જો ખરેખર આપણે માતા માનતા હોઈએ તો આ અંગે આપણે શું વિચારીએ છીએ? આપણાથી ગીર ગૌવંશને બચાવવા યુવાન ઉદ્યોગપતિ ગોપાલભાઈ સુતરિયા જેવું કામ ન થઈ શકે? ગાયમાતાને બચાવવાના શુભ પ્રયાસોનો પ્રારંભ કરીએ... જય ગૌમૈયા...* ■

*પ્રભુને પામવા માટે પણ હૈયે ધીરજ રાખવી જરૂરી છે.*

ભિન્ન મત

# વર્તમાન અનામત આંદોલનના લેખાંજોખાં

• મૂળચંદ રાણા •

પાટીદાર સમાજ દ્વારા અનામતની અયોગ્ય માંગણી સાથે છેડાયેલા આંદોલન તથા તેની સામે ઓબીસી સમાજ દ્વારા છેડાયેલા પ્રતિઆંદોલને સામાજિક વૈમનસ્ય વધારવાનું જ કામ કર્યું છે. આ આંદોલનથી આખા ગુજરાતના જુદા જુદા સમાજની વચ્ચે અવિશ્વાસ અને અજંપાભરી સ્થિતિનું નિર્માણ થયું છે. આ આંદોલને ગુજરાતની શાંતિને હણી નાખી છે. અસત્ય અને જુઠ્ઠા પ્રચાર સાથે શરૂ થયેલા આ આંદોલન સાથે કેટલીક હકીકતો જાણવી પણ જરૂરી બને છે.

અનામત આંદોલનના અસંતોષના કેન્દ્રબિન્દુ સમી સરકારી નોકરીઓની ભરતી તથા જગ્યાવૃદ્ધિ બાબતે છેલ્લા દસકાની વિગતે ચકાસણી કરીએ તો ૧૯૯૯માં દેશભરમાં સરકારી ક્ષેત્રની રોજગારીની તકો આશરે ૧.૯૪ કરોડની સંખ્યામાં એટલે કે આશરે બે કરોડ જેટલી હતી. વર્તમાનમાં એ સંખ્યા ઘટીને ૨૦૧૦ માં ૧.૭૯ કરોડની થઈ ગઈ છે. તો તેની સામે ખાનગી ક્ષેત્રની રોજગારીની તકો ૧૯૯૯ માં ૮૭ લાખની હતી તે ૨૦૧૦ માં વધીને ૧.૦૮ કરોડની થઈ. (સંદર્ભ : 'દિવ્ય ભાસ્કર', ૨૦ ઓગસ્ટ. વિદ્યુત જોશી) આમ આર્થિક વિકાસના હરણફાળવાળા આ દસકામાં જ્યાં માત્ર અમુક જ ટકામાં અનામતનો લાભ મળે છે તેની જગ્યાઓમાં ૧૫ લાખનો ઘટાડો થયો છે, જ્યારે હજી આજે પણ એસ.સી.-એસ.ટી. માટે કોઈ જ સ્થાન નથી એવી ખાનગી ક્ષેત્રની રોજગારીની તકોમાં ૨૧ લાખનો વધારો થયો છે. જો નિષ્પક્ષ રીતે વિચારીએ તો આ તારણ ઘણું બધું સૂચવી જાય છે.

આ આખાય આંદોલન પરત્વે શરૂઆતના તબક્કે જ ધ્યાન આપવું જરૂરી હતું. આ બાબતે જવાબદાર અગ્રણીઓ મૌન અને નિષ્ક્રિય રહ્યા. સાચી વાત સમજાવવા બાબતે અસમર્થ રહ્યા. જે લોકો નેતા બનવા માગતા હતા પણ હાંસિયામાં ધકેલાઈ ગયા હતા તેવા અને અપરિપક્વ લોકોને આવા આંદોલનમાં જગ્યા મળે છે. અત્યારનું આ અનામત આંદોલન માત્ર પાટીદાર સમાજ દ્વારા જ શરૂ કરાયેલું આંદોલન છે. 'અમને અનામત આપો' અથવા 'આર્થિક આધાર પર અનામત લાવો' આવી માંગણી, એ પ્રવર્તમાન જાતિ આધારિત અનામત પ્રથાનો છૂપો વિરોધ દર્શાવે છે.

એક તરફ તો આ આંદોલનકારીઓ કહે છે તેઓ ગાંધી, સરદાર અને ભગતસિંહના અનુયાયીઓ છે અને સાથે સાથે જાહેરસભામાં અયોગ્ય અને ઉગ્ર ભાષા વાપરે છે અને જાહેર મિલકતોને નુકસાન પણ કરે છે. શું મહાત્મા ગાંધીજી અને શહીદ વીર ભગતસિંહના રાષ્ટ્ર પરત્વેની આવી વિઘાતક નિષ્ઠા હતી? એ પરદેશીઓ સામે લડતા હતા, પણ આજના આંદોલનકારીઓ દેશની અમૂલ્ય સંપત્તિને નુકસાન કરી રહ્યા છે. જોકે આવું આંદોલન પહેલી વાર નથી થયું.

હિંસક આંદોલનથી અનામત કે કંઈપણ માંગેલું મળી શકે એવી ધારણા બની છે. ગુર્જર આંદોલન એનો દાખલો છે. આ આંદોલનમાં હવે ધીમે ધીમે જોડાઈ રહેલો ગ્રામ્ય સમાજ વિચારણીય બાબત છે. અત્યારે ગામડાં તૂટી રહ્યાં છે. ૨૦૦૧-૧૧ દરમિયાન ગ્રામ્ય વસ્તી ૫.૩ ટકા ઘટી છે. પ્રતિદિન ૧,૦૦૦ લોકો કૃષિ છોડે છે. છેલ્લા ચાર વર્ષમાં ખેતપેદાશોના ભાવમાં ૧.૫ થી ૩ ટકાનો વધારો થયો છે, જ્યારે એના ઉત્પાદન માટેની સામગ્રીના ભાવોમાં ૩૦૦ ટકાનો વધારો થયો છે. આ વેદનાને સમજવી જરૂરી છે.

અલબત્ત આંદોલન એ લોકશાહીએ માન્ય કરેલો માર્ગ છે, પણ આ આંદોલનમાં બે સરદારોનો દુરુપયોગ થઈ રહ્યો છે. એક આપણા ગુજરાતના લોખંડી પુરુષ સરદાર પટેલ અને બીજા સરદાર વીર ભગતસિંહ. એમનાં વ્યક્તિત્વને વામણાં બનાવાઈ રહ્યાં છે. હવે ઓબીસીનાં સંમેલનો પણ શરૂ થઈ ગયાં છે. એટલે આ આંદોલનથી વર્ગ વિગ્રહની સંભાવના વધશે. અહીં પ્રજાકીય નેતાઓની ભૂમિકા વિશે વિચારવું રહ્યું.

હાલના સંજોગો જોતાં આવનાર દિવસોમાં પરિસ્થિતિ પ્રતિકૂળ બને તેવું દેખાઈ રહ્યું છે. સ્વ. ડૉ. કલામે કહેલું કે આવનારા દિવસોમાં ભણેલો ગણેલો યુવાન સમસ્યા બનવાનો છે. આજનો યુવાવર્ગ સામાજિક વાડાઓનો વિચાર કરી વહેંચાશે તો ગંભીર સમસ્યા ઊભી થઈ શકે છે.

આંદોલન જે રીતે પ્રસર્યું તે પણ એક વિચારવા જેવો મુદ્દો છે. સરકારને કુલ ૬૮ આવેદનપત્ર મળ્યાં છે. જેમાં મુખ્યત્વે શિક્ષણમાં ઊંચા ફીના ધોરણનો મુદ્દો છે. ઓછા ટકાવાળા બધે લાભ લઈ જાય છે અને વધુ ટકાવાળા રહી જાય છે તેવી સાવ ખોટી વાતો કરી આંદોલનની તરફેણમાં હવા ઊભી કરવામાં આવે છે. આવી પોકળ પાયાવિહોણી અને ભ્રમિત માન્યતાઓ દ્વારા વૈમનસ્ય વધે છે. ફીના ઊંચા ધોરણમાં શિક્ષણના ખાનગીકરણની વાત આવે છે. સેલ્ફ ફાઈનાન્સ કોલેજો દ્વારા ઊંચી ફી વસૂલવામાં આવે છે. તો હવે જોવા જઈએ તો આ ઊંચી ફી લેનાર સેલ્ફ ફાઈનાન્સ સંસ્થાઓ પૈકી મોટાભાગની શિક્ષણ સંસ્થાઓ પાટીદાર સમાજની જ છે. જેમાં સૌ વિદ્યાર્થીઓ માટે ફીનાં ધોરણો સરખાં જ છે. ઉપરાંત પાટીદાર સમાજ આઝાદીકાળથી જ દુનિયાભરના દેશો સાથે સંકળાયેલો છે અને આ સમાજનો માતબર હિસ્સો એન.આર.આઈ. છે.

છેલ્લા બે દાયકાથી કાર્યાન્વિત થયેલ

*એ લેખક સૌથી સારું લખે છે, જે પોતાના વાચકોનો સૌથી ઓછો સમય લઈ તેમને વધુ જ્ઞાન આપે છે.*

નવી આર્થિક નીતિના ફળસ્વરૂપ તેમની આર્થિક સધ્ધરતામાં ખૂબ વધારો નોંધાયો છે. ઉપરાંત શિક્ષણના ખાનગીકરણના કારણે અસ્તિત્વમાં આવેલી સેલ્ફ ફાઈનાન્સ કોલેજોમાં મેનેજમેન્ટ અને એન.આર.આઈ. ક્વોટાનો હિસ્સો ૩૫ ટકા જેટલો છે, જેમાં ૪૦ ટકા વાળાને પણ એડમિશન મળે છે. ઉપરાંત સમાચારપત્રો દ્વારા જાહેર કરાતા આંકડાઓ મુજબ હાલમાં એન્જિનિયરિંગ કોલેજોમાં ૨૪,૦૦૦ સીટો ખાલી છે તથા ઘણી કોલેજોમાં વિદ્યાર્થીઓની સંખ્યાના અભાવે ઘણી કોલેજ બંધ કરવાની નોબત આવી રહી છે. એટલે હવે ઊંચી જાતિનો વિદ્યાર્થી કોઈપણ ટકાવારીએ એન્જિનિયર બની શકે છે. ઉપરાંત છેલ્લા દસ વર્ષમાં મેડિકલ કોલેજોમાં સીટોની સંખ્યા ૧૨૦૦ થી વધીને ૩૨૦૦ ની થઈ છે. એટલે 'ઓછા ટકા...' વાળી વાત પાયાવિહોણી પુરવાર થાય છે અને આમ આર્થિક નીતિ અને શિક્ષણના ખાનગીકરણનો મહત્તમ લાભ આ સમાજને મળ્યો છે.

ઉપરાંત કોન્સ્ટેબલની ભરતીની વાત કરીએ તો કુલ ૮૫૦૦ જગ્યાઓની ભરતી થઈ. આ ભરતીમાં પાટીદાર સમાજમાંથી માત્ર ૧.૫ ટકા એટલે દોઢ ટકા ઉમેદવારોએ અરજી કરી હતી તથા ક્લાર્ક અને નર્સિંગની ભરતીમાં આ સમાજના ૨.૫ ટકા એટલે કે અઢી ટકા લોકોએ જ અરજી કરી. એટલે કે આવી ભરતીમાં આ સમાજના લોકો રસ જ ધરાવતા નથી તે પુરવાર થાય છે. એની સામે અન્ય સમાજના વધુ લોકો અરજી કરે છે અને નોકરીઓ મેળવે છે. મેડિકલ ક્ષેત્રની સીટોની સંખ્યાની વિગતોનું પ્રમાણ ચકાસીએ તો ૩૦ થી ૪૦ ટકા એડમિશન પાટીદાર સમાજના ભાગે જાય છે. પીટીસી કોલેજો બંધ થઈ રહી છે. વેપાર રોજગારમાં જરૂરી કુશળતા પ્રાપ્ત કરાવવા આઈ.ટી.આઈ. નામની સંસ્થા દ્વારા નામની ફી લઈ, એક લાખ લોકોને રોજગારી આપવાનું આયોજન કરાયું છે. પણ પાટીદાર યુવાનો આને પસંદ કરતા નથી, કારણ કે આની તેમને જરૂર જ નથી. કારણ મોટાભાગના ધંધા-વ્યાપાર તેમના હસ્તક છે. આમ અત્યારે જોવા જઈએ તો આર્થિક અને શૈક્ષણિક બંને રીતે આ સમાજ બધા કરતાં ઘણો આગળ છે.

હાલમાં પરસ્પર અવિશ્વાસ અને ઉદ્વેગનું વાતાવરણ સર્જાયું છે. તેમાં ખાસ કરીને સોશિયલ મીડિયાએ ખૂબ ભાગ ભજવ્યો છે. મોટા પ્રમાણમાં અફવા અને ઉશ્કેરણીજનક માહિતી જોવા મળે છે. આ માહોલમાં અનુસૂચિત સમાજ તરીકે આપણે સંયમ જાળવવાની ખૂબ જરૂર છે. આંદોલનકર્તાની કોઈપણ પ્રકારની માંગણીથી આપણે ઉશ્કેરાવાની જરૂર નથી. આપણી અનામત, બંધારણ દ્વારા સુરક્ષિત કરાયેલી છે, જેમાં કોઈપણ પક્ષની સરકાર કોઈ પણ પ્રકારનો ફેરફાર કરી શકે તેમ નથી.

હાલની પરિસ્થિતિ પરથી અનામતના મૂલ્યને સમજી તેનો સદ્‌ઉપયોગ કરી આગળ વધીએ તથા અત્યારના આ આંદોલન પરથી એ શીખ લઈએ કે પાટીદાર સમાજના માત્ર જૂજ લોકો જ બાકીના પાટીદાર સમાજની સરખામણીમાં થોડાક જ પાછળ છે. છતાં આખો સમાજ તે જૂજ લોકો માટે અનામતની માંગણી લઈને તેમને સધ્ધર બનાવવા સંગઠિત થઈને આંદોલન કરી રહ્યો છે. જ્યારે અહીં તો આઝાદી પછીનાં આટલાં વર્ષો પછી પણ આપણા સમાજના ખૂબ જ ઓછા લોકો થોડા પ્રમાણમાં આગળ આવ્યા છે. તો આવા આગળ આવેલા આપણા સમાજજનો હવે વિકાસથી વંચિત રહી ગયેલા છેવાડે વસતાં આપણા ભાઈ-બહેનો શૈક્ષણિક, આર્થિક અને સામાજિક ધોરણે ઉત્થાન પામે એ માટે કંઈક સવિશેષ પ્રયત્ન કરે તે હાલની પ્રાથમિક જરૂરિયાત છે.

***સૌજન્ય : "સંવેદના સમાજ"***

*(લેખક દલિત સમાજના સન્માનનીય અગ્રણી છે અને જીપીએસસીના સદસ્ય રહી ચૂક્યા છે.)*

## ગુરૂકૃપા

**(અનુસંધાન : પાના નં.-૩૯ ઉપરથી ચાલુ)**

ગયા છે. ભૂસ્તરશાસ્ત્રીઓ પણ એવા તારણ પર આવ્યા છે કે આ વિસ્તારમાં નીચે જતાં પથ્થર આવશે. પેટાળમાં પાણી હોવાની સંભાવના નહિવત્ છે. તમે તો વિજ્ઞાનને પણ ખોટું ઠેરવ્યું, જરા સમજાવો તો ખરા કે તમે આ પાણી લાવ્યા કઈ રીતે?"

બાવજી નાના બાળકની જેમ હસી પડ્યા. નિર્મળ સ્મિત વેરતાં વેરતાં કહેવા લાગ્યા, "આ પાણી હૉસ્પિટલમાં આવનારાં દરદીઓના નસીબે થયું એમ જ સમજોને પ્રેમુભાઈ! વળી આપણી દાનત સાફ હોય, કોઈનું ભલું કરવાની ઈચ્છા રાખતા હોઈએ તો પરમાત્મા પણ આપણી વાત સાંભળે કે નહિ? થશે તો એ પેલાં દુખિયારાં દર્દીઓ કાજે વપરાવાનું છે, પછી એને પથ્થરમાં પણ પાણી પ્રગટ કરવું પડે કે નહિ? એમ ન કરે તો ફરીવાર કોઈ એને કરગરે ખરું? કોઈને એનો ભરોસો રહે ખરો? આ તો મનખાદેવે પરમાત્માની કસોટી કરી, એમાં તો એને પાર ઊતરવું જ રહ્યું."

પ્રેમુભાઈ બાવજીની જીભે બોલી રહેલ પરમાત્માને વંદી રહ્યા. આશ્ચર્ય તો એ વાતનું થઈ રહ્યું હતું કે અગાઉના નિષ્ફળ ગયેલા બોરથી આ નવો બોર ફક્ત પચાસેક ફૂટના અંતરે ભરપૂર પાણી ઢોળી રહ્યો હતો.

દુષ્કાળનાં વર્ષો દરમિયાન બધે પાણી ખૂટ્યાં પણ આ બોરમાં આજદિન સુધી એક દોરાવા પાણી ઓછું નથી થયું. એટલું જ નહિ, બલકે ઉપરાછાપરી નબળાં ચોમાસાં આવતાં ત્યારે પણ ગામમાં પાણીની તંગી ઊભી થતાં આખા ગામને આ બોરનાં પાણી ખપ લાગ્યાં છે.

***['બાવજી' – લે. કેશુભાઈ દેસાઈનું એક રસપ્રદ પ્રકરણ]***

*(શ્રીમદ્ જેશીંગબાપા સ્વાધ્યાય પરિવાર, ગાંઠિયોલ-૩૮૩ ૪૧૦, તા. ઈડર, જિ. સાબરકાંઠા વતી શ્રી જીતુભાઈ ધીરુભાઈ પટેલ દ્વારા સંપાદિત "સાક્ષાત્કાર, શ્રીમદ્ જેશીંગબાપા" માંથી સાભાર.)*

"ROLEX" Brand



**Rushabh**
**STEEL CENTRE**

G-77, Sarvoday Nagar,
Shri Mahendrakumar T. Shah Marg,
(1st Panjrapole Lane), Mumbai-400 004.
**Tel. : 2242 2072, 3393 7310 • Fax : (022) 3008 0072**

MFGR. & DEALERS IN : *Rolex* SQUARE DABBA & TIFFIN

ગાંધી યુગે ભારત : સ્વાતંત્ર્ય સંગ્રામના સંદર્ભમાં

# કચ્છના સ્વાતંત્ર્ય સંગ્રામની તવારીખ : ૧૯૨૧-૧૯૪૮ (પ્રકરણ - ૭)

● આલેખક : કાંતિપ્રસાદ ચંદ્રશંકર અંતાણી ●

તા. ૧૮-૩-૩૩ના હજૂર કોર્ટના દિવાનજી શ્રી સૂર્યશંકર ડી. મહેતા પાસે હાજર થઈ વરિષ્ઠ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ પાર્વતીશંકરભાઈ પાસેથી કેસ ટ્રાન્સફર કરવા અરજ કરી હતી. વચગાળાનો હુકમ (આ કામના વરિષ્ઠ કોર્ટ ન ચલાવે તેવો હુકમ) મેળવ્યો હતો. શ્રી પાર્વતીશંકરભાઈ લાંબી રજામાં ઊતરી ગયા હતા.

**૩૧.** રાજ્યમાં મહારાજ કુમાર શ્રી મદનસિંહજીનાં લગ્ન મહા વદ ૨, તા. ૨-૩-૩૩ ના નિમિત્તે વસ્તી પાસેથી વધાવા ન લેવાની ચળવળ કરી... તા. ૧૬-૧૨-૩૨ ના જાહેર અપીલથી આવી અરજ કરવી એ ગુન્હો નથી એમ શ્રી કાંતિપ્રસાદ ચં. અંતાણીએ કરી હતી. પ્રજામાં ઊહાપોહ ઉપાડ્યો હતો. એ વધાવામાં રાજ્યને ''પોતાં તે પોતાં અને ન લેવાણાં તે ન લેવાણાં'' ની સ્થિતિ સર્જાઈ હતી. કારણકે ગામેગામથી અરજ થઈ હતી. કાંતિપ્રસાદે મહારાજ કુમાર શ્રી મેઘરાજજીને જ્યાં જાન ગઈ હતી ત્યાં કીશનગઢ તાર કરી વધાવા ન લેવાની અરજી ખેંગારજી બાવા પાસે સજોડે કરવાની કરી હતી. તેનો જવાબ ત્યાંથી સહાનુભૂતિવાળો યુવરાજ શ્રી વિજયરાજજીએ આપ્યો હતો.

બીજી તરફ આ જનજાગૃતિ ખાસ કરી રાજ્યતંત્રને માટે શિરોવેદનાનું સ્વરૂપ પકડતી જતી હતી.

**૩૨.** જુલાઈ ૧૯૩૩માં અંજારના પરિષદ કાર્યકરો (૧) કાંતિપ્રસાદ ચં. અંતાણી, (૨) શ્રી જમનાદાસ ગાંધી, (૩) શ્રી બદ્રીનાથ શુકલ, (૪) શ્રી નાનાલાલ ડી. ઉપાધ્યાય, (૫) શ્રી દલપતરામ જોશી પર જબરાઈથી પૈસા કઢાવવાની કોશિશ કરવાનું ફોજદારી તહોમત મૂકી પકડવામાં આવ્યા હતા. તે આશારામ આપઘાત કેસ લાંબો વખત ચાલ્યો હતો. તે પછી તે ઉપરાંત જમનાદાસ ગાંધી ઉપર ટાંગો બેહૂદીથી ચલાવવા બાબત તહોમત મૂકી કેસ થયો હતો તથા અંજારના નગરશેઠ ધરમશી શિવરાજ પર અગાઉથી કોન્સ્પીરસી કરી મારામારી કરવાના બનાવટી તહોમતથી કેસ થયો હતો. આમ જુદા જુદા કેસો આ અરસામાં થયા હતા. તે લાંબી મુદત ચાલી દરેક કોર્ટમાંથી નિર્દોષ ઠર્યા હતા. કાંતિપ્રસાદ ઉપર પાછળથી બીજાં કેટલાંક તહોમતો જેવાં કે હરામી હમેલ રખાવવા જેવાં જાહેરમાં અને ખાનગીમાં બદનામ કરી હેરાન પરેશાન કરવાનાં પણ તહોમતો પોલીસે મૂકી મહિનાઓ સુધી તેને અસહ્ય, અમાનુષી ટોરચરિંગ પરેશાની આપી હતી. તેમાં પણ પોલીસ છેવટ ખોટી ઠરી હતી. તે પોલીસની કલ્પના બહારના તેનાં કાવત્રાંને નિઃશંક ખોટું ઠરાવે તેવા કુદરતી, સ્વયંસિદ્ધ પુરાવાથી તે ખોટી ઠરી હતી અને જનજાગૃતિનાં આગેકદમ તો ચાલુ રહ્યાં હતાં.

આમ સન ૧૯૩૩થી ૧૯૩૫ સુધી જાહેર કાર્યકરોને હેરાન પરેશાન કરવાના ત્રાગડા રચાયા હતા. તેમાં કાંતિપ્રસાદ તથા જમનાદાસને છેવટ નિર્દોષ છૂટવા છતાં દરમ્યાન ચાર પાંચ માસની જેલ ભોગવવી પડી હતી. જેમાં અમાનુષી માર અને અસભ્ય વર્તનના ભોગ બનવું પડ્યું હતું તેનો રિપોર્ટ દીવાનજીને શ્રી ગુલાબશંકર અમૃતલાલ અને શ્રી છગનલાલ મહેતાનો છે (તેની નકલ પરિશિષ્ટ નં. ૨ થી છે.)

આમ કચ્છના રાજકારણમાં રાજ્યની કિન્નાખોરી, અમલદારોની થકી કાર્યકરોને ટોરચરિંગ, પરેશાનીનો - Era of Repression - દમન નીતિ અને તેનો કોરડો દાખલ થયો.

**33.** ભુજ પરિષદ અધિવેશન પાછળ પૂર્વ ભૂમિકા આ હતી.

૧. પરિષદ કારોબારીના તારીખ ૨૩-૧૧-૩૩ ના ઠરાવ મુજબ કચ્છી પ્રજા સંગઠન સમિતિના પ્રમુખ શ્રી સુરજી વલ્લભદાસથી વાટાઘાટ મુંબઈમાં થઈ હતી. તે માટે (૧) શેઠ મથુરાદાસ કાનજી મટાણી, (૨) શેઠ નેણશી તેજપાળ, (૩) શેઠ લવજી મેઘજી, (૪) શ્રીયુત ગુલાબશંકર સોમજી ધોળકિયાને સત્તા આપવામાં આવી, તે અનુસાર તારીખ ૨૬-૧-૩૪ શનિવારે શેઠ સુરજી વલ્લભદાસને ત્યાં મુંબઈ કચ્છ કેસલમાં પરિષદ અને પ્રજા મંડળ વચ્ચે એકતા સાધવાની ચર્ચામાં સ્થાનિક કચ્છીઓ વર્તમાન પરિષદના બંધારણ મુજબ સભ્ય થઈ શકતા નથી, એ પ્રશ્ન પર ચર્ચા થઈ હતી, અને હવે સ્થાનિક કચ્છીઓ પણ પરિષદમાં સ્થાન પ્રાપ્ત કરી શકે તેવા વર્તમાન પરિષદના બંધારણમાં યોગ્ય ફેરફાર કરવા સર્વસંમત થયા હતા. અને તે માટે : (૧) શેઠ મથુરદાસ કાનજી મટાણી, (૨) શ્રી ગુલાબશંકર સોરજી ધોળકિયા, (૩) શેઠ સૂરજી વલભદાસ, (૪) શ્રી કાંતિપ્રસાદ ચં. અંતાણી – આ વચ્ચે સર્વ સામાન્ય નિર્ણય અનુસંધાને પરિષદ અને પ્રજા મંડળના પ્રતિનિધિઓ વચ્ચે બંધારણમાં ફેરફાર સૂચવતો ખરડો તારીખ ૧૭-૩૨-૩૪ ની પરિષદ કારોબારીની સભામાં મંજૂર રાખવામાં આવ્યો હતો અને પરિષદ અધિવેશન તારીખ ૩૧-૩-૩૪ ના તથા તારીખ ૧-૪-૩૪ શુક્ર-શનિના ભરવાનું નક્કી થયું હતું. પણ સમય ઓછો થતાં ભુજમાં એપ્રિલ તારીખ ૨૮-૨૯-૩૦-૧૯૩૪ તારીખોના ભરવાની નક્કી થઈ હતી. ૩. ભુજ સ્વાગત મંડળે શેઠ વીરજી વલ્લભદાસની પરિષદના પ્રમુખ તરીકે ચૂંટણી કરી હતી. તેથી કારોબારી સહમત ન થતાં અને પરિષદ અંગે ઊભા થયેલ બધા સંજોગોનો વિચાર કરી સુરજીભાઈએ મોટું મન બતાવી પ્રમુખપદ સ્વીકારવાની નાખુશી બતાવી હતી. તે અંગે મુંબઈમાં વાટાઘાટ કરવા શ્રી ગુલાબશંકર

*મદદની ભાવના નહીં રાખો તો તમને મદદ નહીં મળે.*

અમૃતલાલ અને શ્રી નૌતમલાલ અમૃતલાલ ગયેલ. પ્રમુખ તરીકે શેઠ વેલજી લખમસી નપુ કે શેઠ હુસેનભાઈ અબ્દુલ્લાભાઈ લાલજીની પસંદગી ત્યાં થઈ હતી અને તેરસી શેઠ તથા મથુરદાસ મટાણી, નેણસી તેજપાળ, વગેરે ભુજ હાજર રહી ટેકો આપે એમ નક્કી થયું હતું. ઉપર પ્રમાણે સમાધાન (પેકર) તારીખ ૧૧-૧-૩૩ ની પરિષદ કારોબારીમાં રજૂ થઈ બહાલ રહી હતી. પણ બન્ને જણાએ પ્રમુખપદ સ્વીકારવા અશક્તિ લખાણથી બતાવી, તેથી શેઠ મુલરાજ કરશનદાસનું નામ સમાધાનમાં દાખલ કરી તે તેમણે સ્વીકારેથી પરિષદ ભરવાની અનુકૂળતા પરિપૂર્ણ થઈ હતી.

**૩૪.** ભુજ પરિષદ સ્વાગત સમિતિ.

સન ૧૯૩૪ પ્રમુખ : નગરશેઠ સાકરચંદ પાનાચંદ.

ઉપપ્રમુખો : (૧) શેઠ નેણશી તેજપાળ, (૨) રા. બ. દેવજી દયાળ, (૩) શેઠ માધવલાલ મકનજી, (૪) રા. બ. જગમાલ રાજા, (૫) બાવા હરિશંકર કલ્યાણજી - રતનાલ, (૯) વકીલ ત્રેમજી રાઘવજી, (૧૦) વકીલ બિહારીલાલ અંતાણી, (૧૧) શેઠ અબ્દુલલતીફ આમદ, (૧૨) નથુભાઈ નારાણજી, (૧૩) શ્રી વિશ્રામજી હરજી, (૧૪) ડૉ. મુળજી ગોવિંદજી, (૧૫) ડૉ. હિંમતરામ નારણજી, (૧૬) પીરબાવા કરમશી, (૧૭) જુસબ ભચુ ખત્રી, (૧૮) શ્રી માધવજી જગમાલ, (૧૯) શેઠ હસનઅલી લધા, (૨૦) સ્વામી શુકરાજદાસજી, (૨૧) શેઠ હીરજી પ્રેમજી, (૨૨) શ્રી મનજી જેરામ, (૨૩) શેઠ વચ્છરાજ વીરચંદ, (૨૪) શ્રી માવજી ગોવિંદજી શેઠ, (૨૫) દાદીબા હોરમસજી બોટવાલા, (૨૬) શ્રી વ્રજલાલ ભ. છાયા, (૨૭) પ્રાણલાલ સાકરચંદ મહેતા, (૨૮) ગુલાબચંદ શીવજી શાહ, (૨૯) રૂપચંદ છબીલદાસ, (૩૦) માધવજી દેવચંદ, (૩૧) શેઠ માનસંગ કચરાભાઈ, (૩૨) શેઠ પરસોત્તમ સોમચંદ.

ખજાનચી : (૧) શેઠ વ્રજલાલ ઓધવજી, (૨) શેઠ છગનલાલ વચ્છરાજ ઝવેરી,

મંત્રીઓ : (૧) શ્રી નૌતમલાલ અમૃતલાલ માંકડ, (૨) શ્રી ગુલાબશંકર અમૃતલાલ ધોળકિયા, (૩) શ્રી મલુકચંદ માધવજી શાહ, (૪) શ્રી કાંતિપ્રસાદ ચં. અંતાણી.

સભ્યો : (૧) શ્રી કુંવરજી હરિરામ વકીલ, (૨) શેઠ કરમચંદ લાલચંદ, (૩) શ્રી મણિલાલ ઝવેરચંદ, (૪) શ્રી ગોપાળજી ઉમરશી વકીલ, (૫) શ્રી તુલસીદાસ મુલજી શેઠ, ૬. શ્રી જયરામ વિશ્રામ, (૭) શ્રી પુરસોત્તમ દયાળ, (૮) શ્રી વેલજી કાળા, (૯) શ્રી વ્રજલાલ હરિલાલ વકીલ, (૧૦) શ્રી જમિયતરાય ગુ. વૈદ્ય વકીલ, (૧૧) શ્રી ઉમાશંકર ભગવાનલાલ વકીલ, (૧૨) શ્રી લાભશંકર અમૃતલાલ, (૧૩) શ્રી પ્રભુલાલ જ. ધોળકિયા, (૧૪) શ્રી ફૂલશંકર પટણી, (૧૫) શ્રી વીરચંદ માણેકચંદ, (૧૬) શ્રી દામજી હેમચંદ, (૧૭) શ્રી લાલજી તુલસીદાસ, (૧૮) શ્રી મુલજી રામદાસ, (૧૯) શ્રી શેઠ ઇંદરજી શામજી, (૨૦) મોણશી ભગવાનજી, (૨૧) શેઠ વેલજી આણંદજી, (૨૨) શ્રી હાથીભાઈ ગોવાળજી, (૨૩) શ્રી દોલતગર ગુલાબગર, (૨૪) શ્રી જગનાથ ભવાનીશંકર, (૨૫) પ્રાગજી કચરા જોશી, (૨૬) શ્રી રવજી દેવશી કંસારા, (૨૭) શ્રી રસીકલાલ જ. જોશી, (૨૮) શ્રી બંસીલાલ મુ. છાયા, (૨૯) શ્રી મોતીલાલ રામજી, (૩૦) શ્રી મગનલાલ મુળજી, (૩૧) શ્રી શંભુલાલ રાઘવજી, (૩૨) શ્રી શિવજી વિશનજી ગોર, (૩૩) શ્રી રામજી જેવત, (૩૪) શ્રી ત્રિકમજી રઘુ, (૩૫) શ્રી દેવશી ધનજી, (૩૬) શ્રી કુંવરજી ભાણજી, (૩૭) શ્રી પ્રેમજી વિશ્રામ, (૩૮) શ્રી બેચર શામજી કણબી, (૩૯) શ્રી નાનાલાલ રતનશી, (૪૦) શ્રી અમૃતલાલ વિશનજી, (૪૧) શ્રી મેઘજી ઘેલા, (૪૨) શ્રી દુર્ગાશંકર ટી. ભટ, (૪૩) શ્રી જમનાદાસ ત્રિ. ગાંધી, (૪૪) શ્રી જટાશંકર લ. મેતા - અંજાર, (૪૫) શ્રી યુસુફ અલારખા પટેલ - માંડવી, (૪૬) શ્રી ખીમજી લીલાધર મટાણી - માંડવી, (૪૭) શ્રી રામજીભાઈ તેજપાળ - માંડવી, (૪૮) શ્રી ગોકળદાસ ખીમજી - માંડવી, (૪૯) શ્રી કલ્યાણજી ધનજી - માંડવી, (૫૦) શ્રી ખટાઉ દેવજી હેમાણી - જખૌ, (૫૧) શ્રી જમનાદાસ જેઠાભાઈ - નલિયા, (૫૨) શ્રી આણંદજી દેવચંદ - ભુજપુર, (૫૬) શ્રી વલભદાસ રતનસી - મુંદ્રા, (૫૭) શ્રી વાગજી કે. સોલંકી - મુંદ્રા, (૫૮) શ્રી છગનલાલ ભવાનીશંકર - અમદાવાદ, (૫૯) શ્રી પોપટલાલ લવજી - અંજાર, (૬૦) શ્રી છોટાલાલ ભવાનજી વકીલ, (૬૧) શ્રી મનહરરાય માવજી વકીલ, (૬૨) શ્રી જીવરામ મોનજી વકીલ, (૬૩) શ્રી રહેમતુલ્લા સુલેમાન, (૬૪) શ્રી હસનઅલી મામદભાઈ, (૬૫) અલીદીના સુલેમાન, (૬૬) શ્રી ખીમજી ડોસાભાઈ, (૬૭) શ્રી પરસોત્તમ ગો. સોની, (૬૮) શ્રી શિવલાલ અમરજી, (૬૯) શ્રી જીવરાજ મોણશી, (૭૦) શ્રી ચુનીલાલ ભટ્ટ, (૭૧) શ્રી મણિલાલ મોતીરામ

સ્વયંસેવકો : કેપ્ટન જનરલ બદ્રીનાથ શુકલ, વાઈસ કેપ્ટન જનરલ શ્રી પ્રાણશંકર શંકરજી આર્ય.

નાયકો : (૧) શ્રી સવાઈલાલ જ. ધોળકિયા, (૨) શ્રી પ્રેમજી જેઠા, (૩) શ્રી કાળા દાના, (૪) શ્રી છોટાલાલ ઇંદરજી, (૫) શ્રી ગોરધનદાસ રણછોડદાસ, (૬) શ્રી શિવલાલ ગૌરીશંકર, (૭) શ્રી ગાંગજી ઘેલાભાઈ, (૮) શ્રી ગોવિંદજી દેવજી, (૯) શ્રી મુલજી ઓભાયા, (૧૦) શ્રી પોપટલાલ નાનજી ટાંક,

સ્વયંસેવકો ૧૯૪ હતા.

**૩૫.** ભુજ પરિષદ તારીખ ૨૮-૨૯-૩૦ એપ્રિલ ૧૯૩૪, પ્રમુખ સ્થાને શેઠ મુળરાજ કરસનદાસ.

મુંબઈથી આવનારા : (૧) શુરજી વલભદાસ, (૨) નેણશી તેજપાળ, (૩) શ્રી ગુલાબશંકર સોમજી ધોળકિયા, ૪. શ્રી કૃપાળ જીવાણી, (૫) શ્રી વ્રજલાલ ભ. છાયા, (૬) શ્રી માવજી ગોવિંદજી, (૭) શ્રી પ્રાણલાલ સાકરચંદ મહેતા.

અમદાવાદથી શ્રી પોપટલાલ લવજીભાઈ મહેતા, કરાંચીથી અંજારવાળા શેઠ ડુંગરશી ધરમશી સંપટ, ગાડીઓથી શ્રી ચત્રભુજ જસાણી હાજર રહ્યા હતા. પ્રેક્ષકમાં લાકડિયા ઠાકોર ગજસિંહજી તથા

*આપણી કોઈપણ ક્રિયાથી કોઈને પણ કિંચિત્ માત્ર દુઃખ થવું ન જોઈએ.*

વિઠ્ઠલજી કે. દવે દેખાતા હતા. આ પ્રસંગે મુંબઈ સમાચાર, ક્રોનીકલ-નવભારત-ફ્રીપ્રેસ-હિન્દુસ્તાન, પ્રજામત્ર-રોશની-સન અને કચ્છ પ્રજા મંડળ પત્રીકાના રીપોર્ટરો હાજર હતા. ૩૮ ઠરાવો થયા હતા. નવા વર્ષો માટે નીચે પ્રમાણે વર્કિંગ કમિટી નિમવામાં આવી હતી.

પ્રમુખ : શેઠ મુળરાજ કરસનદાસ.

સભ્યો : (૨) શેઠ સુરજી વલભદાસ, (૩) શેઠ નેણશી તેજપાળ, (૪) શ્રી યુસફઅલી મહેરઅલી, (૫) શ્રી લખમીદાસ રવજી તેરસી, (૬) ડૉ. પુનસી હીરજી મહેશ્વરી, (૭) શ્રી મથુરદાસ કાનજી મટાણી, (૮) શ્રી પ્રાણલાલ સાકરચંદ મહેતા — એમ મુંબઈના આઠ હતા, (૯) નગરશેઠ સાકરચંદ પાનાચંદ, (૧૦) શ્રી ગુલાબશંકર અમૃતલાલ, (૧૧) શ્રી નૌતમલાલ અમૃતલાલ, (૧૨) અંજારના શ્રી કાંતિપ્રસાદ ચં. અંતાણી, (૧૩) શ્રી ગોકુળદાસ ખીમજી, (૧૪) શ્રી જમનાદાસ ત્રી. ગાંધી, (૧૫) શ્રી યુસુફ અલારખ્યા પટેલ, (૧૬) શ્રી જયંતીલાલ રેવાશંકર - મુંદ્રા, (૧૭) શ્રી જાદવજી રાઘવજી - રાપર, (૧૮) લખપતના શ્રી વાલજી જેઠાભાઈ;

મંત્રીઓ : (૧૯) શ્રી વ્રજલાલ ભ. છાયા, (૨૦) શ્રી માવજી ગો. શેઠ.

આમ, કચ્છ પ્રજાકીય પરિષદ સંસ્થા સ્વરૂપે સ્થાનિક કચ્છમાં સ્થાનિકનાં કાર્યક્ષેત્રને પાધાન્ય આપે તે રીતે કામ કરતી સંસ્થા બની અને કચ્છ પ્રજા મંડળ તેમાં ભળી ગયું.

**૩૬.** કચ્છ વેપારી મહામંડળ સંમેલન - ભુજ

૧. તારીખ ૮-૨-૩૪ ના અંજારમાં શ્રી કચ્છ વેપારી સંમેલન ભરવા બાબત અંજાર વેપારી મંડળની બોલાવેલ મિટિંગમાં માંડવી મર્ચન્ટસ એસોસિએશનન પ્રતિનિધિઓ : (૧) શેઠ કલ્યાણજી ધનજી, (૨) શ્રી શિવલાલ અમરજી, (૩) ભુજથી નગરશેઠ સાકરચંદ પાનાચંદ, (૪) ઝવેરી છગનલાલ વચ્છરાજ, (૫) ઠા. પરસોત્તમ દયાળ, (૬) દોશી પોપટભાઈ ખીમજી, (૭) દોશી અમરચંદ મોતીચંદ, (૮) શેઠ શિવજી મોનજી, (૯) અંજારના શેઠ શાંતિદાસ ડોસાભાઈ, (૧૦) શેઠ મુરારજી જયરામ, (૧૧) શેઠ દેવચંદ ધરમશી શેઠિયા, (૧૨) શેઠ જયરામદાસ જેઠાભાઈ, (૧૩) શેઠ ડુંગરશી ધરમશી સંપટ, (૧૪) શેઠ કાનજી રાજાભાઈ, (૧૫) શેઠ ઓધવજી પાનાચંદ, (૧૬) મેતા વાઘજી જીવરાજ, (૧૭) શેઠ નારણ રતના, (૧૮) શેઠ ચુનીલાલ ગલાલચંદ, (૧૯) શેઠ દામજી લાલજી, (૨૦) હંસરાજ ગોવિંદજી, (૨૧) શ્રી હાથીભાઈ ગોવાળજી, (૨૨) શ્રી કાંતિપ્રસાદ ચં. અંતાણી, (૨૩) શ્રી જમનાદાસ ગાંધી, (૨૪) શેઠ લખમીદાસ રણછોડદાસ, (૨૫) શેઠ ભોગીલાલ નાનાચંદ, (૨૬) દાદા જાનમામદ - માંડવીના હાજર હતા.

તે સભાનું પ્રમુખસ્થાન લેવા માટે દરખાસ્ત તરીકે અંજાર વેપારી મંડળના પ્રમુખ શ્રી ઓધવજી પાનાચંદ, ભુજના નગરશેઠ સાકરચંદ પાનાચંદને અરજ કરી અને જમનાદાસ ગાંધીને ટેકો આપ્યો, તે સુર્વાનુમતે મંજૂર થતાં નગરશેઠ સાકરચંદે પોતે ચાલુ ધંધાદારી વેપારી ન હોતા, પોતાની અશક્તિ બતાવી શ્રી દેવચંદ ધરમશી શેઠિયાનું નામ સૂચવી દરખાસ્ત મુકતાં ભુજના પરસોત્તમ દયાળનો ટેકો મળતાં શ્રી દેવચંદ શેઠિયાએ પ્રમુખસ્થાન લીધું હતું. તેમાં કચ્છ વેપારી સંમેલન ઈસ્ટરમાં ભુજમાં ભરવાનો ઠરાવ રજૂ કરનાર શેઠ ડુંગરશી ધરમશી સંપટ અને ટેકો શેઠ પરસોત્તમ દયાળ, ભુજથી સર્વાનુમતે પસાર થયો હતો.

૨. એ પ્રમાણે શ્રી અખિલ કચ્છ વ્યાપારી સંમેલન ભુજ મુકામે પ્રથમ અધિવેશન ભુજ પરિષદ સાથે એપ્રિલ આખર ૧૯૩૪ માં મળ્યું હતું.

પ્રમુખસ્થાને શેઠ ડુંગરશી ધરમશી સંપટ, અંજારના, કરાંચીવાળા હતા. તેમાં ભાગ લેનારા :

(૧) શ્રી જયરામ વિશ્રામ - ભુજ, (૨) શ્રી શિવલાલ અમરજી - માંડવી, (૩) શ્રી આણંદજી દેવશી - ભુજપુર, (૪) શ્રી ગોકુળદાસ ખીમજી - માંડવી, (૭) શ્રી માવજી કાનજી, (૮) શ્રી હેમચંદ મુરાર, (૯) શેઠ કલ્યાણજી ધનજી - માંડવી, (૧૦) શ્રી રામજી તેજપાળ - માંડવી, (૧૧) શ્રી નથુ મેગજી - અંજાર, (૧૨) શ્રી સ્વરૂપચંદ ન્યાલચંદ - રાપર, (૧૩) શ્રી નેણસી તેજપાળ - મુંબઈ, (૧૪) શેઠ માધવજી ગોવિંદજી, (૧૫) શ્રી બિહારીલાલ અંતાણી, (૧૬) શ્રી જમનાદાસ ગાંધી - મુંબઈ, (૧૭) શ્રી જાદવજી દેવસી, (૧૮) શ્રી ચત્રભુજ વિઠલદાસ જસાણી, (૧૯) શ્રી જયરામદાસ જેઠાભાઈ, (૨૦) શેઠ જીવણજી જાફરાજી આદબઅલી.

શ્રી કચ્છ વેપારી મહામંડળની કારોબારી નીચે પ્રમાણે

પ્રમુખ : શેઠ ડુંગરશી ધરમશી સંપટ - અંજાર

ઉપપ્રમુખ : (૧) શેઠ રામજી તેજપાળ - માંડવી.

સેક્રેટરી : (૧) શ્રી જમનાદાસ ત્રી. ગાંધી - અંજાર, (૨) શ્રી શિવલાલ અમરજી જાની - માંડવી.

ખજાનચી : શેઠ ઓધવજી પાનાચંદ, અંજાર.

સભ્યો : (૧) શ્રી યુસુફ અલ્લારખ્યા પટેલ - માંડવી, (૨) શેઠ કલ્યાણજી ધનજી - માંડવી, (૩) શેઠ આદમઅલી જાફરજી - માંડવી, (૪) શેઠ ગોકુળદાસ ખીમજી - માંડવી, (૫) શ્રી જયરામભાઈ જેઠાભાઈ - અંજાર, (૬) શ્રી કાંતિપ્રસાદ ચં. અંતાણી, (૭) નગરશેઠ સાકરચંદ પાનાચંદ, (૮) શેઠ છગનલાલ વચ્છરાજ, (૯) શ્રી પરસોત્તમ દયાળ, (૧૦) શ્રી જયરામ વિશ્રામ, (૧૧) શ્રી નેણશી હેમચંદ - ભચાઉ, (૧૨) શ્રી હેમરાજ ડુંગરશી - ભચાઉ, (૧૩) શ્રી જાદવજી રાઘવજી - રાપર, (૧૪) શ્રી જયંતિલાલ રેવાશંકર - મુંદ્રા, (૧૫) શેઠ શાંતિદાસ ડોસાભાઈ - અંજાર, (૧૬) શેઠ હરિદાસ લાલજી - અંજાર, (૧૭) શ્રી હાથીભાઈ વેલજી - મુંદ્રા.

કચ્છના રાજકારણમાં વેપારીઓનાં સંગઠનનો જાગૃતિનો ફણગો શરૂ થયો, તે છેવટ લગી સ્વાતંત્ર સંગ્રામમાં સહયોગી કાયમ રહ્યો.

***(ક્રમશઃ)***

***એ ધન કમાવાનો કોઈ અર્થ નથી, જેને ભોગવવા તમારી પાસે સમય જ નથી.***

વ્યક્તિ વિશેષ

### આપણા રાષ્ટ્રધ્વજના ચિત્રકાવ્યના સર્જક

## કચ્છના રાજકવિ શ્રી શંભુદાનજી ગઢવી

● પ્રા. સૂર્યકાંત ભટ્ટ ●

ભુજની વ્રજભાષા કાવ્ય શાળાના સ્થાપક, કચ્છના અત્યંત વિદ્વાન, કાર્યદક્ષ રાજવી રાવશ્રી લખપતજી વિષે એક આખ્યાયિકા જેવી કિંવદંતી છે. તેમનો જન્મ વિ.સં. ૧૭૬૫ના આસો સુદ-૯, ઈ.સ. ૧૭૧૦, ૨૮ ઓક્ટોબર શનિવારે થયેલો. ત્યારથી જ પિતાશ્રી દેશળજીની કચ્છમાં બોલબાલા થવા લાગી. તે એટલે સુધી કે લોકો કહેતા, "દેસરા પરમેસરા." બાલ્યાવસ્થાથી લખપતજી અત્યંત તેજસ્વી હતા. એક જ વખત વાંચે એ તમામ વિગતો તેમને કંઠસ્થ થઈ જતી. તેઓ ચૌદ વિદ્યામાં જોતજોતામાં પારંગત થઈ ગયા. અભ્યાસ દરમ્યાન તેઓને સાહિત્ય, સંગીત, રાજનીતિ, ધર્મશાસ્ત્ર, શૃંગાર શાસ્ત્ર તરફ રુચિ થવા લાગી.

એ સમયે રાવશ્રી દેશળજી પાસેના રાજકવિ તથા દાનાધ્યક્ષ ભૂદેવ કમાશાસ્ત્રી પાસેથી લખપતજી વિદ્યાભ્યાસ કરવા લાગ્યા. હમીરજીએ તેમને હરિજસ પિંગળ, હરિજસ નામ માલા, નવરસ વિધાન અત્યંત સ્નેહ આદરથી શીખવ્યાં. સાહિત્ય પારંગત પાસેથી વિશેષ વિદ્યા શીખવા લખપતજીએ આગ્રહ સેવ્યો. ત્યારે હમીરજીની દૃષ્ટિમાં રાજસ્થાનમાં આવેલ કિશનગઢના યતિ ગોરજી કનક કુશળજી યાદ આવ્યા. તેઓને માનપાનથી ભુજ બોલાવ્યા. તેમને ગુરુપદે સ્થાપી, તેમની પાસેથી લખપતજી રત્ન પરીક્ષા, અશ્વ પરીક્ષા, સંગીત પરીક્ષા, ગજ પરીક્ષા, સંસ્કૃત, ઉર્દુ, ફારસી શીખ્યા. રાજ કારભારમાં પિતાશ્રી સાથે ભાગ લેતા રહ્યા. સંવત ૧૭૯૨માં રાવશ્રી દેશળજીએ પુત્રને રાજ વહીવટ સુપરત કર્યો. લખપતજીને સદ્‌ભાગ્યે શિલ્પ સ્થાપત્યવિદ્‌ રામસંગ માલમનો સહયોગ સાંપડ્યો.

જૈન યતિ કનક કુશળજીને ઈલકાબ તથા ગરાસ આપીને લખપતજીએ રોકી લીધા. પોતાના નામની વ્રજભાષા કાવ્યશાળાનો ભુજમાં તેમણે પ્રારંભ કરાવ્યો.

આ પાઠશાળામાં દેશ વિદેશથી અભ્યાસ અર્થે આવતા તમામનો ખર્ચ રાજ્યમાંથી અપાતો. સમગ્ર ભારતમાં આવી કાવ્યશાળા ક્યાંય નહોતી. સને ૧૯૪૮માં જ્યારે કચ્છ રાજ્યનું વિલીનીકરણ થયું ત્યાં સુધી આ પાઠશાળાનું અસ્તિત્વ હતું. કચ્છમાં ચાલતી "નાનીબા સંસ્કૃત પાઠશાળા" પણ બંધ કરવામાં આવી. સને ૧૯૬૨-૬૩માં વડોદરાની એમ. એસ. યુનિવર્સિટીના હિંદી વિભાગના ડીન કચ્છ પધારેલા. તેમણે "કચ્છ ભુજ કી વ્રજભાષા પાઠશાળા" એ નામે પુસ્તિકા બહાર પાડી છે. તો મહારાવશ્રી લખપતજી વિશે વડોદરા યુનિ.ના હિંદીના પ્રાધ્યાપક શ્રી કાંતિલાલ શાહે લખપતજી પર પીએચ.ડી.ની ડિગ્રી હાંસલ કરી છે.

અંદાજે હજારેક કવિઓએ આ પાઠશાળામાં શિક્ષણ પ્રાપ્ત કર્યું છે. પાઠશાળામાં દીક્ષિત વિદ્યાર્થીઓનાં પુસ્તકોની સંખ્યા લગભગ ચાર હજાર જેટલી છે. બ્રહ્માનંદ સ્વામી, લાંગીદાસ મહેડુ, કવિશ્રી દલપતરામ સુધીના અનેક કવિઓ આ કાવ્ય શાળાની નીપજ હતા.

ભુજની રાવશ્રી લખપતજી વ્રજભાષા પાઠશાળા, એ તો મધ્યકાલીન કાવ્ય શિક્ષણ પરંપરાનું ઉજ્જવળ ઉદાહરણ છે.

કચ્છના અતિ વિદ્વાન રાજકવિ શ્રી શંભુદાનજી ઈશ્વરદાન ગઢવી આ વ્રજભાષા પાઠશાળાના અંતિમ આચાર્યપદે હતા. પ્રથમ અને અંતિમ આચાર્ય એક જ રત્નુ પરિવારના સભ્ય છે. કવિવર હમીરજીનો વારસો દીપાવનાર, રાજકવિ શ્રી શંભુદાનજી ચારણી સાહિત્યના પ્રકાંડ પંડિત, કચ્છના રાજકવિ, શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના બ્રહ્માનંદ સ્વામિની ગુરુ પરંપરામાં આવતા શ્રી બાલમુકુંદદાસ સ્વામીજીના શિષ્ય રહ્યા અને તેમના પુત્ર શ્રી પુષ્પદાનભાઈ ગઢવી જેઓ પૂ. બાલમુકુંદદાસ સ્વામીજીના શિષ્ય પૂ.સ.ગુ. ધ્યાન સ્વામીશ્રી હરિસ્વરૂપદાસજીના શુભાશીર્વાદથી ચાર ટર્મ કચ્છના સાંસદ પદે રહી પદને શોભાવ્યું. આત્મકથન પ્રતીતિકર ક્યારે લાગે કે જ્યારે જાતઅનુભવની આધાર સામગ્રીઓ સમ્મિલિત હોય. આવો કોઈ ગ્રંથ હોય તો તે ગ્રંથ છે શ્રી શંભુદાનભાઈ કૃત "કચ્છ દર્શન."

"કચ્છ દર્શન" ગ્રંથની વિમોચન વિધિ તા. ૪-૯-૧૯૭૮ના શુભ દિને અમદાવાદ મધ્યે ટાઉન હોલમાં ગુજરાત રાજ્યનાં રાજ્યપાલ ડૉ. શારદાબહેન મુખરજીના વરદ્‌ હસ્તે થવા પામી ત્યારે ગૃહપ્રધાન શ્રી પોપટલાલ વ્યાસ ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાતભરની લોકસંસ્કૃતિ તથા ચારણી સાહિત્ય આદિને જીવંત રાખવા સુવિખ્યાત રામકથાકાર પૂ. મોરારી બાપુએ આ ગ્રંથને રૂા. ૨૫,૦૦૦/-નો પુરસ્કાર (મરણોત્તર) પાઠવ્યો.

તા. ૧૬-૧-૨૦૧૦ના કવિવર શ્રી શંભુદાનભાઈ ગઢવીનો શતાબ્દી મહોત્સવ ભુજના ટાઉન હૉલમાં ગુજરાત રાજ્યના લાડીલા મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની નિશ્રામાં ભવ્યાતિભવ્ય રીતે ઉજવાયો. જેમાં પુનર્મુદ્રિત 'કચ્છ દર્શન'નું વિમોચન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ્‌ હસ્તે થવા પામ્યું.

ભારતની આઝાદી બાદ કચ્છ પધારેલા વડાપ્રધાન શ્રી જવાહરલાલ નહેરુ સાથે રાજવીશ્રીએ ભુજમાં રણજીત વિલા પેલેસ મધ્યે રાત્રિ ભોજન સમારંભ યોજેલો. જેમાં રાજકવિશ્રી શંભુદાનભાઈ ગઢવીએ રાષ્ટ્રધ્વજનું ચિત્રકાવ્ય રજૂ કરી તેઓની અત્યંત પ્રશંસા પ્રાપ્ત કરી હતી. ■

*મિત્રનો ધર્મ હાસ્યનો કોલાહલ વધારવામાં નથી, દુઃખનાં આંસુ લૂછવામાં છે.*

# સુલભ ઈન્ટરનેશનલના સંસ્થાપક : બિંદેશ્વર પાઠક (૨)

● રશ્મિ બંસલ ●

**(ગતાંકથી ચાલુ)**

અને જ્યારે તમારા મગજ પર આવી કોઈ સત્કાર્યની ધૂન સવાર થાય, ત્યારે પ્રભુ કોઈ ને કોઈ સ્વરૂપે તમને મદદ પહોંચાડી જ દે છે. હું પટનાથી જ્યારે બેતિયાની હરિજન કોલોનીમાં રહેવા ગયો, ત્યારે મને પેલા પ્રસાદબાબુએ એક પુસ્તક આપ્યું હતું. 'વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન' દ્વારા પ્રકાશિત થયેલ એ પુસ્તકનું નામ હતું 'Excreta Diposal in rural Areas and Small Communities.' નાનકડી કોલોનીઝ અને ગ્રામ્ય વિસ્તારોમાં મળ - વિસર્જનની જે સમસ્યાઓ છે તે સમજવા ઇચ્છતી દરેક વ્યક્તિ માટે આ ખૂબ મહત્ત્વનું પુસ્તક છે. એમણે મને ટકોર કરી હતી, 'મને તારામાં તરવરાટ દેખાય છે. તું ધારીશ તો આ પ્રશ્નનું નિરાકરણ જરૂર લાવી શકીશ. જા, ફત્તેહ કર!' જો કે ફત્તેહ ક્યાં અને કેમ કરાય તેની મને ખાસ સમજ ન હતી.

લગભગ આ જ અરસામાં શ્રી રાજેન્દ્રલાલ દાસે મને તેમનું એક પુસ્તક આપ્યું. તેમણે ખુદ સર્વોદય ચળવળમાં ભાગ લીધો હતો. આ પુસ્તકનું વિષયવસ્તુ તો એ જ હતું પરંતુ પ્રમાણમાં તે ઘણું સરળ અને ઊંડાણપૂર્વક હતું. આ વાંચતાં, વિચારતાં તથા અનુભવોના સાગર મંથનમાંથી જે ઉત્તરો મળ્યા તે જ અમૃત. 'WHO' (વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન)ની હેન્ડબુકના એક વાક્યે મારું ખાસ ધ્યાન ખેંચ્યું. વિશ્વભરના અસંખ્ય સંડાસની રચનાઓના અભ્યાસ બાદ અમે એ નિરાકરણ પર પહોંચ્યા છીએ કે ભારતીય સ્ટાઈલનું સંડાસ (Pit Privy) એ ઉત્કૃષ્ટ ડિઝાઈન છે. – આ વિશ્વભરમાં બધે જ વાપરી શકાય તેવી યુનિવર્સલ ડિઝાઈન છે. જો કે યુનિવર્સલ એટલે 'વાપરવા માટે તૈયાર' એવો મતલબ ન કાઢી શકાય.

આમ, થોડું અહીંથી ને થોડું ત્યાંથી ભેગું કર્યું અને એમાં થોડો અનુભવનો અર્ક મેળવ્યો તો સંશોધન થઈ ગયું! બીજ કોઈએ રોપ્યું, ખાતર-પાણી અમે સીંચ્યાં ને ફળ સમાજ ખાય છે! 'ઇનોવેશન'ની આ જ તો મજા છે! 'સુલભ' શૌચાલયમાં 'ખાસ' શું છે? સૌ પહેલાં તો આ તદ્દન સરળ ટેકનોલોજી છે, સસ્તી છે, આમાં પાણીનો વપરાશ તદ્દન ઓછો થાય છે. (તેથી જ, ભારત ઉપરાંત અહીં આફ્રિકા, મધ્ય-પૂર્વના રણપ્રદેશો બધે જ 'સુલભ' પહોંચ્યાં છે.) ઉપરાંત મળમાંથી અહીં ખાતર બને છે. આ સંડાસ ખૂબ જ ઝડપથી બાંધી શકાય છે તથા તેની સફાઈ માટે કામદારોની જરૂર પડતી નથી. સાદી ભાષામાં કહીએ તો 'સુલભ' એટલે બે ખાડાવાળાં, હાથેથી ફ્લશ કરી શકાય તેવાં (ડબલાંથી), ઊંડા ઢાળવાળાં, ઢ આકારની ચેનલવાળાં જાજરૂ છે. એક ખાડો પુરાઈ જાય પછી મળ બીજા ખાડામાં ભરાય એટલે ત્યાં સુધીમાં પહેલા ખાડામાં ભરાયેલ મળનું ખાતરમાં રૂપાંતર થઈ જાય છે. જોકે એક ખાડાને સંપૂર્ણપણે ભરાતાં મહિનાઓ કે વર્ષ-બે વર્ષ થાય છે. આમાં 'રેસ્ટ પિરિયડ'માં મળનું ખાતરમાં રૂપાંતર થતું હોવાથી વાસ આવવાનો કે જંતુ-જીવાત થવાનો પ્રશ્ન ઉદ્ભવતો નથી.

'સુલભ'ની ડિઝાઈન એટલી 'સિમ્પલ' છે કે એ સાદગી જ એની નબળાઈ પણ છે. જ્યારે મેં ગવર્નમેન્ટ ઓફિસરને સહુ પહેલી વાર પટણામાં આ અંગે વાત કરી ત્યારે રમેશચંદ્ર અરોરા નામના એન્જિનિયર આઈ.એ.એસ. ઓફિસરે તો ફટ દઈને મને મોં પર કહી દીધું, 'આ તો તદ્દન ફાલતુ ડિઝાઈન છે... સાવ હંબગ છે... હું તો એન્જિનિયરિંગ ભણ્યો છું, ભાઈ! આ તે કાંઈ ડિઝાઈન છે? તું એન્જિનિયર છે?' મેં કહ્યું, 'ના, સાહેબ, હું તો બહુ ભણેલો નથી, પરંતુ અનુભવે મેં આ પ્રકારનાં સંડાસ તૈયાર કર્યાં છે. સર, તમે પટણામાં અમુક જાહેર સ્થળોએ આ મુકાવીને ટેસ્ટિંગ તો કરી જુઓ!'

પરંતુ, એ અરોરાસાહેબ ટસના મસ ન થયા! મને મોં પર જ સંભળાવી દીધું, 'જ્યાં સુધી હું પટણા શહેરના ચાર્જમાં છું, ત્યાં સુધી આવી ફાલતુ ડિઝાઈનો પાછળ સરકારનો એકેય રૂપિયો હું નહીં બગાડું.' જોકે એક અન્ય આઈ.એ.એસ. ઓફિસર, જે ખુદ એન્જિનિયર ન હતા – મિ. કોહલી, તે મારી વહારે આવ્યા. વળી તે અરોરાના સિનિયર હતા. તેમણે અરોરાને સમજાવ્યા. અરે ભાઈ, બસ્સો સુલભ બંધાવીએ. નહીં ચાલે તો બંધ કરી દઈશું... પણ નવો આઇડિયા આવે જ નહીં, તે તો બરોબર ન કહેવાય. આમ, ૧૯૭૦માં બિહાર સરકારે 'સુલભ શૌચાલય'ના પ્રથમ પ્રોજેક્ટને માન્યતા આપી. સેક્રેટરી સાહેબની ઓફિસમાં સરક્યુલર નીકળ્યો.

હા, આ જ અરસામાં 'સુલભ' નામે સંસ્થાની પણ મેં શરૂઆત કરી. સુલભ 'એન.જી.ઓ.' – 'નોન ગવર્નમેન્ટ ઓર્ગેનાઈઝેશન' છે. મોટેભાગે અમારા જેવી સેવાકીય સંસ્થાઓને સરકારી બાબુઓ અને સરકાર સાથે બાપે માર્યા વેર હોય છે. કાણિયા જોડે ફાવે નહીં ને કાણિયા વગર ચાલેય નહીં! સરકારી ગ્રાન્ટ વગર અમે નભી ન શકીએ ને ગ્રાન્ટ આપવા માટે ઓફિસરો સંસ્થાઓને અસંખ્ય ફોર્મબાજીના ચકરાવે ચડાવી દે! પરંતુ મેં હંમેશાં સરકાર અને બાબુઓ સાથે સુમેળથી કામ કર્યું છે. મને શત્રુઘ્નશરણસિંહ તથા દરોગાપ્રસાદ રાય જેવા રાજકારણીઓનો પણ ભરપૂર સાથ અને સહકાર મળ્યો છે. દરોગાજી તો બિહારના ચીફ મિનિસ્ટર પણ રહી ચૂકેલા અને પહેલેથી માનતા કે સામાજિક બદલાવ લાવવાનું કામ સરકાર એકલે હાથે નહીં જ કરી શકે. તેથી જ સમાજ તથા સંસ્થાઓના સાથની જરૂર પડશે.

૧૯૭૧માં રૂા. ૭૦,૦૦૦/-ની ગ્રાન્ટ

*જીવનને સજીવન રાખવું હોય તો સંવેદનાને જીવતી રાખો.*

માટે અરજી કરી. એમાંથી રૂા. ૫૦,૦૦૦/- મંજૂર પણ થયા. પરંતુ એ જ વખતે સરકારનું પતન થયું. તંત્ર બદલાયું. નવા આઈ.એ.એસ. શ્રી રામેશ્વર નાથ આવ્યા. શ્રીનાથ મારે માટે તો ખરા અર્થમાં મારા 'નાથ' સ્વરૂપે હાજર થયા! એ ન હોત તો આજે 'સુલભ' આ સ્વરૂપે ચોક્કસ ન હોત! એમણે મને મળવા બોલાવ્યો. હું પહોંચ્યો. મને કહે, 'કોણ છે ભાઈ તું?'

મેં કહ્યું, 'સાહેબ, તમે તો મને મળવા બોલાવ્યો હતો! હું 'સુલભ' શૌચાલય સંસ્થાનો સેક્રેટરી બિંદેશ્વર છું!'

'ઓહ! મને તો એમ કે આવી સંસ્થા કોઈ સિત્તેર વર્ષનો બુઢ્ઢો ચલાવતો હશે અથવા તો હાથમાં લાકડી લઈને ડગુમગુ ચાલતો કોઈ વૃદ્ધ સ્વાતંત્ર્ય સેનાની મને મળવા આવશે. બેસ ભાઈ! તું જે કામ કરી રહ્યો છે તે આ દેશના સ્વાસ્થ્ય અને સમાજજીવન પર મોટી અસર કરશે તેની ખાતરી છે, પરંતુ મને એક ચિંતા છે.'

'બોલો ને સાહેબ.'

'જો ભાઈ, તું ગાંધી જન્મ શતાબ્દી સમિતિમાં કામ કરતો હતો તેના ચેરમેન અને પ્રેસિડેન્ટ તો સરકારી બાબુઓ હતા તોય એમને પાંચ લાખની માંગેલી ગ્રાન્ટમાંથી ફક્ત અઢી લાખ મંજૂર થયા, ખરું ને? આ સિત્તેર હજારની અરજી ક્યારે કરેલી?'

'ગયા વર્ષના એપ્રિલમાં!'

'ને મંજૂર થયા આ વર્ષના ફેબ્રુઆરીમાં! ને એ ય ફક્ત રૂા. ૫૦,૦૦૦/- ખરું ને? એ રૂપિયા વપરાઈ જશે એટલે ફરી પાછો તું સરકારી ઓફિસોનાં ચક્કરો કાપવા લાગીશ. તારે બાબુઓની દાઢીમાં હાથ નાખવા દોડવું પડશે ને કારકુનોને ય કટકીઓ આપવી પડશે. સમજે છે, ભાઈ તું? બે વર્ષ પછી ફરી એ જ પરિસ્થિતિ! એના કરતાં તારે જે કામ કરવું છે તે કર અને પૈસા લઈને કર. મફતની કાંઈ કિંમત નથી.'

એમની એ સોનેરી સલાહને હું આજ સુધી વળગી રહ્યો છું. જાજરૂ બનાવવાનાં હોય, સગવડ ઊભી કરવાની હોય તો નાણાં લઈ લેવાનાં. જાજરૂ વાપરવાં હોય તો પાઈ-પૈસો આપીને જ વાપરવાનાં. એ નાણાંની આવકમાંથી સંડાસ - બાથરૂમની ચોખ્ખાઈ, જાળવણી અને અન્ય રિપેરિંગ થાય. અમે કોઈ જાતની ગ્રાન્ટ લેતા નથી. ડોનેશન, લોન કે સબસિડી માટે મેં આજ સુધી અરજી કરી નથી.

શ્રીનાથે મારા હાથમાં હાથ મૂકીને ૧૯૭૧માં વચન લઈ લીધું હતું, 'ભાઈ, તને જે નાણાં મળે તેનો દુરુપયોગ ન કરતો અને લાલચને વશ ન થતો. તો જ તારી સંસ્થાની પ્રગતિ થશે.' એ વખતે તો મેં એમને ફટ દઈને કહી દીધું હતું, 'અરે સાહેબ, લાલચ-લોભ કે નાણાંનો દુરુપયોગ કરવાનો કોઈ સવાલ જ ઊભો નથી થતો. ચિંતા ન કરશો.'

ત્યારે શ્રીનાથે કહ્યું હતું, 'હાથમાં કાણો પૈસો ન હોય ત્યારે ચોખ્ખા રહેવાની બધા ય વાતો કરે છે અને પછી એકવાર ખણખણાટ સંભળાય પછી લોભને થોભ નથી રહેતો. સંભાળજે. મને ગેરંટી આપ કે તું બગડીશ નહીં!'

'હું શું ગેરંટી આપું? પરંતુ સાચું કહું છું, જીવનમાં જ્યારે અપ્રમાણિકતા આચરી શકવાની તક સામે આવી છે, ત્યારે એ ભગવાન રામના અવતાર સમા મારા નાથ શ્રી રામેશ્વર નાથ મારી આંખ સમક્ષ અચૂક પ્રગટ થયા છે.'

આપણને સહુને ય 'ઉપરથી' આવા ઘણા સંદેશાઓ, આદેશો મળતા જ હોય છે, પણ આપણે સાંભળીએ છીએ ખરા? ના રે, આપણે તો સહુ સગવડિયા બહેરા છીએ.

પરમિશન આવતાં પહેલાં જ શ્રીનાથની બદલી થઈ ગઈ. ફાઈલ ધૂળ ખાવા લાગી. લગભગ બે-ત્રણ વર્ષ વીતી ગયાં. ત્રીજીવાર 'સુલભ'ની ફાઈલ નવા આઈ.એ.એસ. પાસે ગઈ ત્યારે તેમણે ફાઈલ પર નોંધ લખી - 'હવે આ ફાઈલ મારા ટેબલ પર જે પાછી લાવશે તે કારકુનને હું સસ્પેન્ડ કરી દઈશ.'

બાપ રે! સાહેબની તુમાખીનો તો પાર નહીં! હવે? મારે એક કોંગ્રેસી નેતા સાથે સારાસારી હતી. તે દિલ્હી જવાના હતા. મેં પ્રધાનમંત્રી શ્રીમતી ઈન્દિરા ગાંધીને એક પત્ર લખ્યો.

'મેડમ, તમે આ દેશને 'ગરીબી હટાવો'નું સૂત્ર તો આપ્યું, પણ આ મળ-મૂત્ર ઊંચકવાનું કામ કરનારાઓની હાલત તો જુઓ! સ્ટેટ ગવર્નમેન્ટ તો તદ્દન નિષ્ક્રિય છે. સારા પ્રોજેક્ટો માટેની ફાઈલો મહિનાઓથી નહીં, બલકે વર્ષો સુધી બાબુઓના ટેબલો પર ધૂળો ખાય છે. ગરીબી ક્યાંથી હટે?'

તમને નવાઈ લાગશે, પરંતુ ફક્ત દસ જ દિવસમાં બિહારના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી કેદાર પાંડે પર શ્રીમતી ગાંધીનો સંદેશો આવ્યો. એ સંદેશાની આખા તંત્રમાં સુનામી જેવી અસર થઈ. બધા કુંભકર્ણ નીંદરમાંથી અને પોતપોતાની સલામત ખુરશીઓમાંથી હાલ્યા. બિહારના 'શરણ' જિલ્લામાં સુલભનો સૌ પ્રથમ પાઈલોટ પ્રોજેક્ટ હાથ ધરવાની અમને મંજૂરી મળી. ૧૯૭૩માં રૂા. ૨૫,૦૦૦/-ની ગ્રાન્ટ મંજૂર થઈ અને ફરી ઓફિસર બદલાઈ ગયા. નવા સેક્રેટરી આવ્યા. મારા જીવનનો કદાચ એ સૌથી કપરો કાળ હતો! મેં મારી ગામની જમીનનો મને મળેલો ભાગ વેચી કાઢ્યો. મારી પત્નીને પિયરેથી થોડા દાગીના મળ્યા હતા, તે પણ વેચી કાઢ્યા. મારી પત્નીને જોઈ અમારાં ઘણાં સગાં મોં મચકોડતાં, 'આ તો પરણેલી છે તો ય લાગતી જ નથી! વાલની વીંટી ય નથી પહેરી!' અમારી મૈથિલી બ્રાહ્મણની નાતમાં તો દહેજનું ય ભારે દૂષણ અને લગ્નના ખર્ચા ય ખૂબ. જોકે, આમાંનું કાંઈ મેં મારી પત્નીને આપ્યું નથી તેનું મને ક્યારેક દુઃખ થાય છે. મારા પિતાજીના કપરા કાળમાં મારી માના દાગીના ગીરવે મૂકવા પડ્યા હતા, તેનું દુઃખ મેં માની આંખમાં જોયું છે. મારી પત્ની પણ એ જ પરિસ્થિતિમાંથી પસાર થઈ રહી હતી. મારી પર આ ઉપરાંત રૂા. ૫૦,૦૦૦/-નું દેવું હતું. ૧૯૭૦માં આ ઘણી મોટી રકમ ગણાતી. બે-ત્રણ વાર તો મેં આત્મહત્યાનો ય વિચાર કરેલો.

*(ક્રમશઃ)*

***સૌજન્ય : સંવેદના સમાજ***

***સંવેદના એક એવી ભાષા છે જે બહેરા સાંભળી શકે છે અને મૂંગાં વ્યક્ત કરી શકે છે.***

વિચાર વિમર્શ

# પર્યાવરણ સંબંધિત વૈશ્વિક દિવસો અને તેનું મહત્ત્વ

• જાહ્નવી દવે •

આજના સમયમાં આપણે જોવા જઈએ તો પર્યાવરણને લગતા દિવસોની ભરમાળ થઈ રહી છે. જૂની પેઢીને આ વાતમાં કોઈ તથ્ય જણાતું નથી. પરંતુ એ વાત પણ સાચી છે કે તે સમયમાં આવી સમસ્યા પણ ન હતી. આ બધું તો આપણી પેઢીની દેન છે. આટલા બધા પર્યાવરણને લગતા દિવસોની ઉજવણી કરવાની શરૂઆત લગભગ મોટાભાગે ઈ.સ. ૨૦૦૦ ની આસપાસથી થઈ. આજે આપણે આવા જ એક દિનની વાત કરવા જઈ રહ્યા છે. તેનું નામ છે રણ અને દુષ્કાળ સામે લડવા માટેનો વિશ્વ દિવસ.

- **વર્લ્ડ ડે ટુ કોમ્બેટ ડેઝર્ટીફિકેશન (૧૭ જૂન)**

આ વિષે થોડી વિશ્વ વિશેની જાણકારી મેળવીએ. દુનિયાના આશરે ૨.૬ અબજ લોકો સીધી રીતે ખેતી સાથે સંકળાયેલ છે. પણ ખેતી માટે ઉપયોગમાં લેવાતી ૫૨% જમીન તે સાધારણ, મધ્યમ કે ગંભીર રીતે જમીન ઘટાડાથી અસરગ્રસ્ત છે. જમીનનું ધોવાણ વૈશ્વિક ૧.૫ અબજ લોકોને અસર કરે છે. દુષ્કાળ અને રણને કારણે ૧૨ મિલિયન હેક્ટર જમીનનું ધોવાણ થઈ રહ્યું છે જેથી ૨૦ મિલિયન ટન અનાજનું ઉત્પાદન થઈ શકતું નથી. આજે કોઈને પણ પૂછો કે પર્યાવરણને લગતી મહત્ત્વની સમસ્યા કઈ? તો મોટાભાગના લોકોનો જવાબ આબોહવા પરિવર્તન જ હશે. જ્યારે જાણવા જેવી બાબત છે કે આજના સમયમાં આબોહવા પરિવર્તન મહત્ત્વની સમસ્યા છે જ પરંતુ રણીકરણ પણ પર્યાવરણ માટે પડકારરૂપ છે. બિનટકાઉ ખેતી, ખાણકામ, ગૌચર જમીનનું શોષણ અને વૃક્ષોની કાપણી — આ તમામને કારણે રણીકરણ થાય છે. આવું થવાનાં કારણ પૈકીનું એક કારણ છે કે આપણે વિવિધ હેતુથી વૃક્ષનું છેદન કરતા હોઈએ છીએ અને વૃક્ષો એ જમીનને જકડી રાખે છે. વધુ પડતી ખેતી જમીનમાં રહેલાં પોષકદ્રવ્યોનો નાશ કરે છે. આ એક વૈશ્વિક મુદ્દો છે, જે જૈવ વિવિધતા, પર્યાવરણ સુરક્ષા, સામાજિક આર્થિક સ્થિરતા, ગરીબી નાબૂદી તથા ટકાઉ વિકાસ માટે ખૂબ ગંભીર છે.

વર્લ્ડ ડે ટુ કોમ્બેટ ડેઝર્ટીફિકેશન એ સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા ૧૭ મી જૂનના રોજ ઊજવવામાં આવે છે. તેનો મુખ્ય હેતુ રણીકરણ તથા દુષ્કાળને અટકાવવાના માર્ગને પારખી અને તેનો અમલીકરણ કરવાનો છે. દર વર્ષે આ દિવસની ઉજવણી અલગ અલગ વિષયવસ્તુ દ્વારા આપવામાં આવે છે.

- **૨૦૧૫નું વિષયવસ્તુ :**

આ વર્ષનું વિષયવસ્તુ "એક ટકાઉ ખોરાકતંત્ર દ્વારા ખોરાક સુરક્ષાની પ્રાપ્તિ" છે.

૨૦૧૫ ના વિષયવસ્તુ અંગે "ભોજન સૌથી મહત્ત્વનું છે, માટે તંદુરસ્ત જમીનમાં રોકાણ કરો" જેવું સૂત્ર આપેલ છે. આપણે બુદ્ધિપૂર્વક ખેતી તથા આબોહવા સાથે અનુકૂલન સાધવા માટે જમીન ફેરફારની પદ્ધતિનો ઉપયોગ કરવો પડશે. ખાસ કરીને વિશ્વના સૂકા વિસ્તારમાં જ્યાં ખોરાકની અછત વધુ છે ત્યાં પરિસ્થિતિ વધુને વધુ ગંભીર બની રહી છે. પર્યાવરણ તંત્ર અને જમીનના વપરાશ માટે સંતુલન રાખવા સૌથી સારી પદ્ધતિનો ઉપયોગ કરવો જોઈએ. ટકાઉ ખેતીમાં વધારે રોકાણ કરવાની જરૂર છે જેથી સારો ખોરાક મળી શકે. આ દિવસની ખાસ કરીને ઉજવણી ઈટાલી ખાતે મિલાનમાં રાષ્ટ્રીય તથા સ્થાનિક કક્ષાએ થશે. પૂરા વિશ્વમાં ૨૦૧૨ થી ૨૦૧૪ સુધીમાં આશરે ૮૦૫ હજાર લોકો કુપોષણનો શિકાર બનેલા છે. આનો અર્થ એવો થાય કે દર ૮ વ્યક્તિએ ૧ વ્યક્તિમાં પોષણની ખામી હોય છે. આવા લોકો મોટાભાગે વિકાસશીલ દેશોમાં જોવા મળતા હોય છે. મોટાભાગની ૯૦% કેલરી આપણને જમીન દ્વારા મળે છે. વિશ્વની વસ્તી વધી રહી છે તેથી ખોરાક ઉત્પાદન માટે જમીન મેળવવા માટે તંગી ઊભી થશે. ભૂખમરો, એ વિકાસશીલ દેશોમાં ખૂબ પ્રચલિત છે કારણ કે ત્યાં જોઈએ તેવી સિંચાઈની સગવડ નથી. આ ઉપરાંત કુદરતી તથા માનવસર્જિત વિનાશના કારણે જમીન પણ ખૂબ અલ્પ ફળદ્રુપ બની ગઈ છે. જ્યાં સૂકી જમીન છે ત્યાંની વસ્તી પણ સ્થાનિક ખોરાક પર નભે છે. આફ્રિકામાં સહરાના કેટલાક ભાગોમાંથી ભૂખમરો દૂર કરવામાં સફળતા પ્રાપ્ત થઈ છે. પરંતુ હજુ પણ કુપોષણનો વ્યાપ ત્યાં સૌથી વધુ છે. ટકાઉ વિકાસ માટે ભૂખમરાની નાબૂદી, એ ૨૦૧૫ નું ધ્યેય છે અને બીજું લક્ષ્ય અધઃપતન થયેલી જમીનનું પુનઃસ્થાપન કરવું. આ બધા પર્યાવરણીય દિવસો જે ઉજવાઈ રહેલા છે તેનું દર વર્ષે વિષયવસ્તુ નક્કી કરવામાં આવે છે અને તેનો હેતુ ફક્ત સંયુક્ત રાષ્ટ્ર દ્વારા ઊજવવા માટે નહિ પરંતુ એ વિષયમાં વિશ્વનાં તમામ લોકો સાથે મળી તેને ઉકેલવાનો છે.

- **આંતરરાષ્ટ્રીય વાઘ દિન (૨૯ જુલાઈ) :**

આપણી આસપાસ રહેતા લોકો કેટલા વિચિત્ર હોય છે! જ્યારે આવી કોઈ વાત આવે કે વિશ્વમાં વાઘની વસ્તી ઘટી રહી છે, તેમાં તેઓને કશો ફરક પડતો નથી હોતો. પરંતુ વાતાવરણ પર તેની આડ અસર ઊભી થાય છે. જ્યારે પર્યાવરણમાંથી એક તત્ત્વ પણ દૂર થઈ જાય છે, ત્યારે તેની જૈવ વિવિધતા પર બહુ માઠી અસર પડે છે. વાઘ એ આહાર કડીમાં ટોચનું સ્થાન ધરાવે છે. વાઘના કારણે હરણ, સાબર તથા જંગલી સૂવરોની વસ્તી માપમાં છે. વાઘ વિના આ

*કોઈ રડતા બાળકને હસાવો તો એ પ્રભુની પ્રાર્થના છે.*

જાતિઓ વિસ્તૃત થશે અને જો આ જાતિઓ વિસ્તૃત થશે તો તેઓનું જીવન શાકભાજી પર ટકે છે ને જો આવું બને તો માનવજાતિ પર આ જોખમ આવી બને. જો જંગલોમાંથી વનસ્પતિ ઓછી થાય તો નાનાં જીવજંતુઓનું જંગલમાં અસ્તિત્વ જોખમાશે અને જો આવું થશે તો જીવ જંતુઓ ખેતરો તરફ પ્રયાણ કરશે અને જો આવું બન્યું તો તેઓ પાકને નુકસાન કરશે. જો જંગલમાં વનસ્પતિનો નાશ થાય તો જમીન બિનફળદ્રુપ બને. જ્યારે આહારકડીમાંથી એક પણ તત્ત્વ ના રહે તો તેની અવળી અસર પૂરા ચક્ર પર થાય છે.

આપણે ફક્ત વાઘ વિષે જાણીએ છીએ. પણ શું તમને એ ખબર છે કે તેની ઘણી પ્રજાતિઓ છે? જેમ કે : સાઈબીરિયન વાઘ, બેંગાલ વાઘ, ઈન્ડોચાઈનીઝ વાઘ, મલયન વાઘ, સુમાત્રન વાઘ, દક્ષિણ ચીનના વાઘ. આ સાથે કેટલીક એવી જાતિઓ પણ છે કે જે લુપ્ત થઈ ગયેલ છે. જેવી કે બાલીના વાઘ, કાસ્પિયન વાઘ તથા જાવા વાઘ. સાઈબીરિયન વાઘ તે સૌથી લાંબા હોય છે, જે ફક્ત રશિયા, ઉત્તર ચાઈના તથા કોરિયામાં જોવા મળે છે. શું તમે જાણો છો કે વાઘમાં માનવી કરતાં સાંભળવાની શક્તિ પાંચ ગણી હોય છે? આ દુનિયામાં ઘણી પશુઓની જાતિઓ નષ્ટપ્રાય બની છે અને ઘણી થવાના આરે છે તેમાંથી એક વાઘ પણ છે. ૧૯૧૩માં વાઘની સંખ્યા ૧૦૦,૦૦૦ હતી, જ્યારે ૨૦૧૩ માં તે ઘટી ૩૨૭૪ થઈ ગઈ અને એક જ વર્ષમાં ૨૭૪ જેટલા વાઘ મૃત્યુ પામ્યા અને તે સંખ્યા ૩,૦૦૦ થઈ ગઈ. શહેરીકરણના વધતા જતા પ્રમાણને કારણે વાઘની સંખ્યામાં ૯૩% જેટલો ઘટાડો નોંધાયેલ છે. આજે ખાસ જોવા જઈએ તો વાઘના શિકારનું પ્રમાણ ખૂબ વધ્યું છે. ખૂબ ઓછા પ્રમાણમાં વાઘ નાના તથા વેરવિખેર ટાપુ પર જીવી રહ્યા છે. ૨૦૧૦માં મળેલ ટાઈગર સમિટ દરમિયાન ૨૯ જુલાઈના રોજ આંતરરાષ્ટ્રીય વાઘ દિન ઊજવવાનું નક્કી કરવામાં આવ્યું. આ દિવસની ઉજવણી કરવાનું મુખ્ય કારણ વાઘની ઘટતી જતી સંખ્યાને ગંભીર રીતે જોવાનું હતું. ભારતમાં ૪૧ જેટલાં અભયારણ્યો વાઘ માટે આરક્ષિત રાખવામાં આવેલાં છે, જે 'પ્રોજેક્ટ ટાઈગર' અંતર્ગત ચાલી રહ્યાં છે. આપણું ભારત એ ૭૦% વાઘનું ઘર છે. ૨૦૦૬ માં વાઘની સંખ્યા ૧૪૧૧ હતી જે હવે વધીને ૨૨૨૬ થઈ ગઈ છે. આપણા માટે તે ગર્વની વાત છે જ્યારે વિશ્વમાં વાઘની વસ્તી ઘટી રહી છે ત્યારે આપણે તે આંક વધારવામાં સફળ નીવડ્યા છીએ. એક અહેવાલ મુજબ આ ૩ વર્ષમાં જંતુનાશક દવાના કારણે ૫ વાઘનાં મૃત્યુ નીપજ્યાં છે. ૨૦૧૫ ના આંકડા મુજબ વાઈલ્ડલાઈફ ક્રાઈમ અંતર્ગત ૪૯ વાઘનાં મૃત્યુ નીપજ્યાં છે. આજે માનવી એટલો લાલચુ બનેલો છે. જે રીતે તે પશુઓની હત્યા કરે છે તમે જુઓ તો અરેરાટી છૂટી જાય. આમ તો પ્રાણીઓ પર આધારિત ઘણા દિવસો આખા વિશ્વમાં ઉજવાઇ રહેલા છે પરંતુ આપના દેશને લગતા આંતરરાષ્ટ્રીય વાઘ દિનને આપણે અવગણી ના શકીએ.

- **આંતરરાષ્ટ્રીય હાથી દિવસ (૧૨ ઓગસ્ટ) :**

હાથી એક એવું પ્રાણી છે જેને નિહાળવું લગભગ દરેક માનવીને ગમે છે. આજની તારીખમાં પણ જો હાથી ગામમાં આવ્યો હોય અને નાનાં ભૂલકાંઓની ભીડ ના જામે એવું બને નહિ. આપણા દેશમાં વસતા હાથીને આપણે એશિયન હાથી તરીકે ઓળખીએ છીએ. જે બાંગ્લાદેશ, નેપાળ, ભૂતાન, શ્રીલંકા, કોલમ્બિયા, ચીન, લાઓસ, પાકિસ્તાન, મલેશિયા, થાઈલેન્ડ વિયેતનામ તથા ભારતમાં જોવા મળે છે. આપણા ભારતમાં જંગલી હાથીઓની સંખ્યા ૨૦,૦૦૦ છે. ભારતીય હાથીનો વર્ષો સુધી ઉપયોગ જંગલ ખાતામાં તથા યુદ્ધો લડવા માટે થયો. દક્ષિણ એશિયામાં ઘણી જગ્યાએ પર્યટકોની સવારી માટે હાથીનો ઉપયોગ કરવામાં આવે છે, જ્યાં તેમની સાથે ખૂબ ખરાબ વ્યવહાર કરવામાં આવે છે. તમામ એશિયન હાથી તેમની તાકાત અને માનવો સાથેની મિત્રતા માટે જાણીતા છે. આફ્રિકન હાથીની સરખામણીએ એશિયન હાથીને જોવા ગમે. એશિયન હાથીના કાન પણ નાના હોય છે અને તેમની કરોડરજ્જુ વળાંકવાળી હોય છે. ભારતીય હાથીની એક ખાસિયત એ છે કે તેઓ ચોમાસા દરમિયાન ચોક્કસ સ્થળાંતર કરે છે અને ઝુંડમાં જે સૌથી મોટી ઉંમરનો હાથી હોય તે રસ્તો યાદ રાખવાની જવાબદારી લે છે. ભારતીય હાથી એક શાકાહારી પ્રાણી છે, જે ઝાડ-પાન પર જીવે છે ને બધાં જ પોષક તત્ત્વો પણ તેમાંથી જ પ્રાપ્ત કરે છે. ભારતીય હાથી ઘાસ, પાંદડાં, કળીઓ, છાલ, ફળ, સૂકો મેવો અને બીજ સહિત વિવિધ વનસ્પતિ ખાય છે. તે દરરોજના ૧૯ કલાક ખાવામાં કાઢે છે અને ૨૨૦ પાઉન્ડ જેટલા છાણનું ઉત્પાદન કરે છે. હાથીઓનું અસ્તિત્વ પણ જોખમમાં છે એનું એક કારણ એ પણ છે કે જો રાતે તે કોઈ ખેતરમાં ઘૂસી જાય તો સવારે તે ખેતર ખાલીખમ જોવા મળે છે. આને કારણે માનવ તથા હાથી વચ્ચે અથડામણ થવાની શક્યતા વધુ રહેલી છે. તેઓના મોટા કદને કારણે કુદરતી જીવોમાં તેમનો શિકાર કરવાવાળાની સંખ્યા નહિવત્ છે. માનવીઓ સિવાય હાથીઓનો શિકાર કરવાવાળા શિકારીઓમાં વાઘનો સમાવેશ થાય છે. તે પણ મદનિયાનો જ શિકાર કરી શકે છે, મોટા હાથીઓનો નહિ. આજે ભારતમાં જે રીતે હાથીની સંખ્યા ઘટી રહી છે તે જોતાં લાગી રહ્યું છે કે તે ૨૦૨૦ સુધીમાં નષ્ટપ્રાય થઈ જાય તો નવાઈ નહિ. આ તો હતી સામાન્ય હકીકત પણ આટલું જાણીને કશું નવું જાણવાનું મન થાય નહિ તેવું બને નહિ. તો ચાલો, આપણે પણ હાથીની દુનિયામાં સફર કરીએ.

શું તમે જાણો છો કે હાથી બે પ્રકારના હોય છે : એશિયાઈ હાથી અને આફ્રિકન હાથી. બંનેના દેખાવમાં કશો મોટો તફાવત જણાતો નથી. પરંતુ બંનેની જૈવિકતામાં ફરક હોય છે. હવે પૂરા વિશ્વમાં ૪૦,૦૦૦ કરતાં ઓછા એશિયન હાથી રહેલા છે, માટે તેને લુપ્ત થતી જાતિઓમાં સમાવેશ કરવામાં આવેલ છે. જ્યારે ૪૦૦,૦૦૦ જેટલા આફ્રિકન હાથીઓ આ દુનિયામાં આવેલા છે. ૧૯૮૯થી આંતરરાષ્ટ્રીય સ્તરે

*ચંદ્ર અને ચંદન કરતાં પણ સજ્જનોની સંગતિ વિશેષ શીતળ હોય છે.*

હાથીદાંતના વ્યાપાર પર બાન લગાવી દેવામાં આવ્યો છે. સાલ ૨૦૧૩મા હાથીદાંતનો છેલ્લા ૨૫ વર્ષનો સૌથી વધુ જથ્થો જોવા મળેલો હતો. આશરે એક હાથીદાંતની કિંમત ૧૫ ડોલર છે. આફ્રિકન હાથીમાં નર અને માદા બંનેમાં હાથીદાંત જોવા મળે છે, જ્યારે એશિયાઈ હાથીમાં ફક્ત નરમાં જ હાથીદાંત જોવા મળે છે. એશિયાઈ હાથી ૧૪ દેશોમાં જોવા મળે છે. છેલ્લા ૫૦ વર્ષોમાં આ હાથીની સંખ્યામાં ૭૦% જેટલો ઘટાડો નોંધાયેલ છે. તમને જાણીને નવાઈ લાગશે કે દરરોજના ૩ એશિયાઈ હાથીને તેના હાથીદાંત માટે મારી નાખવામાં આવે છે. એક સંશોધન મુજબ આવા બનાવને કારણે હાથીઓમાં ભયની લાગણી ઉત્પન્ન થઈ છે અને આની અસર તેમની ઉંમર પર જોવા મળે છે. આફ્રિકન હાથીનું વજન ૨૨,૦૦૦ પાઉન્ડ છે, જે જમીન પરનું સૌથી મોટું પ્રાણી છે. જ્યારે એશિયન હાથીનું વજન ૧૦,૦૦૦ પાઉન્ડ છે. હાથીની સૂંઢમાં ૪૦,૦૦૦ જેટલા સ્નાયુઓ હોય છે માટે જ તેઓ સૂંઢથી ઝાડને ઉખાડી શકે છે. બધા જ પ્રાણીઓમાં હાથીનો પ્રજનન સમય સૌથી વધુ ૨૨ મહિનાનો હોય છે. તેઓનું મગજ જ ૧૧ પાઉન્ડનું હોય છે. એક હાથી બીજા હાથીનો અવાજ ૫ માઈલ દૂરથી પણ સાંભળી શકે છે. હસવા જેવી વાત છે પણ હકીકત તો જાણવી જ રહી કે હાથીઓમાં પણ સનબર્નની સમસ્યા જોવા મળે છે, જેથી તેઓ રેતી વડે પોતાની જાતને સુરક્ષિત રાખે છે. આશરે ૧૦૦ જેટલા હાથીઓને તેમના હાથીદાંત માટે મારી નાખવામાં આવે છે. પ્રાણી સામ્રાજ્યમાં આફ્રિકન હાથી એવા છે જેમાં ગંધ પારખવાની શક્તિ અપાર હોય છે. જાણીતા લેખક લૉરેન્સ ઍન્થોની, જેમણે ઘણાં વર્ષો આફ્રિકન હાથી સાથે કામ કરેલ હતું – જ્યારે તેઓ મૃત્યુ પામ્યા ત્યારે હાથીઓનું એક ઝુંડ શોક મનાવવા તેમના ઘરે પહોચ્યું હતું. આટલા મોટા મહાકાય હાથીને માખીથી ડર લાગે છે. હાથી માનવો સિવાય એક માત્ર એવું સસ્તન પ્રાણી છે જેને હડપચી હોય છે. હાથીઓ સામાન્ય રીતે દિવસના ૨ થી ૩ કલાકની ઊંઘ લે છે. એક પુખ્ત વયના હાથીને દિવસનો ૩૦૦ કિલોગ્રામ જેટલો ખોરાક અને ૧૬૦ લીટર જેટલું પાણી જોઈએ છે. તમને જાણીને નવાઈ લાગશે કે આફ્રિકન હાથી માનવીની ભાષા અને તેઓની જાતિ પણ પારખી શકે છે. હાથીઓ પાણીની ગંધ ૧૨ માઈલ દૂરથી પણ પારખી શકે છે. મોંઘું એટલું સારું એવું જરૂરી નથી હોતું. એક દુનિયાની સૌથી મોંઘી કોફીની કંપની થાઈલેન્ડ હાથીના છાણમાંથી કોફી બનાવે છે. તેઓ ૧૨૦ માઈલ દૂરથી વરસાદની ગંધ પારખી લે છે. હાથી અને ચિમ્પાન્ઝી પણ ડિપ્રેશનથી પીડાય છે.

હાથીઓની આટલી ગંભીર સ્થિતિને ધ્યાનમાં રાખીને ભારત સરકારના વન વિભાગ દ્વારા ૧૯૯૨માં પ્રોજેક્ટ એલિફન્ટ શરૂ કરવામાં આવ્યો. આ પ્રોજેક્ટનો એક હેતુ છે કે હાથીઓનું સંરક્ષણ કરવું અને બીજું, તેમને લગતા સંશોધનને પ્રોત્સાહન પૂરું પાડવું. આ પ્રોજેક્ટ આંધ્રપ્રદેશ, અરુણાચલ પ્રદેશ, આસામ, ઝારખંડ, કર્ણાટક, કેરલા, મેઘાલય, નાગાલેંડ, ઓરિસ્સા, તમિલનાડુ, ઉત્તરાખંડ, ઉત્તરપ્રદેશ અને પશ્ચિમ બંગાળ એમ ૧૩ રાજ્યોમાં શરૂ કરવામાં આવેલ છે. આને કારણે ઘણો ફાયદો પણ થયેલ છે. પૂરા વિશ્વમાં આંતરરાષ્ટ્રીય હાથી દિવસ મનાવવામાં આવે છે કે જેથી લોકો તેના વિશેની ગંભીરતાને સમજી શકે. આપણા ભારતમાં પણ ૨૦૧૪ માં કેરાલામાં આ દિનની ઉજવણી "ગજા" નામના કાર્યક્રમ દ્વારા કરવામાં આવી હતી. આપણે ઉપર જોયું તે મુજબ હાથી એક પ્રાણી થઈ આપણને સમજી શકે છે તો શું આપણે માનવી થઈ તેઓની વેદના ના સમજી શકીએ????

## • વિશ્વ વસ્તી દિન (૧૧ જુલાઈ) :

આજના સમયમાં જોવા જઈએ તો પર્યાવરણને લગતી સમસ્યાઓ કૂદકે અને ભૂસકે વધી રહી છે અને પૃથ્વી પર રહેતા તમામ જીવો આ વિષમ પરિસ્થિતિથી ત્રસ્ત છે. વિશ્વમાં વધતી જતી વસ્તી, એ પણ એક આ પરિસ્થિતિ માટે અને ખાસ કરીને પર્યાવરણીય સંતુલિતતાને અસર કરતી ખૂબ જ મહત્ત્વની બાબત છે. વધતી જતી વસ્તી, એ આપણા દેશ માટે પણ પડકાર સમાન છે અને વસ્તી વૃદ્ધિ દરથી વિશેષ મોટી સમસ્યા બીજી કઈ હોય શકે? વિશ્વની સૌથી વધુ વસ્તી ધરાવતા દેશમાં બીજું સ્થાન આપણો દેશ ધરાવેછે.

વિશ્વ પર્યાવરણ દિન એ વિશ્વ સ્તરે જાગૃતિ લાવવા માટેનું અભિયાન છે જે અંતર્ગત દુનિયાભરના લોકોને સ્ટેજ પર બોલાવવામાં આવે છે અને આ વિસ્ફોટક વસ્તી-વૃદ્ધિના દરનું કારણ જાણવા લોકો પ્રયાસ કરે છે તેમજ આ સમસ્યાને હલ કરવા માટેનો પ્રયાસ હાથ ધરવામાં આવે છે અને આ રીતે વિશ્વ વસ્તી દિનની ઉજવણી કરવામાં આવે છે. આ અભિયાન એ વિશ્વમાં વસ્તી વિશે ક્રાંતિ લાવવા માટેની એક ઝુંબેશ છે જેના દ્વારા લોકોને ઊંઘમાંથી ઉઠાડી શકાય.

વિશ્વ વસ્તી દિન એ દર વર્ષે ૧૧ જુલાઈનાં રોજ ઊજવવામાં આવે છે. તે વિશ્વભરમાં વસ્તી મુદ્દાઓ તરફ લોકોની જાગૃતિ વધારવા માટે ઊજવવામાં આવે છે. આ પ્રથમ યુનાઈટેડ નેશન્સ ડેવલપમેન્ટ પ્રોગ્રામની વ્યવસ્થાપક પરિષદ દ્વારા ૧૯૮૯ નાં રોજ ઊજવવામાં આવ્યો. જ્યારે ૧૧મી જુલાઈ, ૧૯૮૭ ના રોજ વિશ્વની વસ્તી ૫ અબજ નજીક પહોંચી હતી, ત્યારે આ મુદ્દાને વિશ્વની જનતાના હિત માટે ધ્યાન પર લેવાયો. આ અભિયાન લોકોનું વસ્તીના મહત્ત્વના મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે શરૂ કરવામાં આવી.

એક અહેવાલ મુજબ વિશ્વમાં પ્રતિદિન ૮૦૦ મહિલાઓ બાળકને જન્મ આપતી વખતે મૃત્યુ પામે છે. તેને માટે આ વિશ્વ વસ્તી દિનની ઝુંબેશ દર વર્ષે વિશ્વભરમાં પ્રજનન આરોગ્ય અને કુટુંબ નિયોજન તરફ લોકોનું જ્ઞાન અને કૌશલ્ય વધારે છે. આ મહાન જાગૃતિ ઉજવણી દ્વારા લોકોને વસ્તી વધારાને કારણે સર્જાતા પ્રશ્નો જેવા કે કુટુંબ

*દુ:ખોનું પોટલું ખભા પર લઈને ફરવાના બદલે ભગવાનને સોંપી દેવું જોઈએ.*

નિયોજન લૈંગિક સમાનતા, માતા તથા બાળ આરોગ્ય, માનવ અધિકાર, આરોગ્યનો અધિકાર, જાતીય જ્ઞાન, ગર્ભનિરોધક સાધનનો ઉપયોગ તથા સલામતીના પગલા, પ્રજનન સ્વાસ્થ્ય, કિશોર વ્યવસ્થામાં ગર્ભાવસ્થા, કિશોરીઓને શિક્ષણ, બાળલગ્ન, જાતીય રોગો તથા તેવી અનેક સમસ્યાઓને સમજવાની તક પૂરી પાડે છે. ખાસ કરીને ૧૫ થી ૧૯ વર્ષના યુવકોમાં જાતીય શિક્ષણ અને તેમના પ્રશ્નોનું સમાધાન કરવું ખૂબ જરૂરી છે. એક આંકડાકીય માહિતી મુજબ આ ઉંમરની ૧૫ અબજ બાળકીઓ દર વર્ષે માતા બને છે. તદુપરાંત ૪ અબજ બાળકીઓ દર વર્ષે ગર્ભપાત કરાવે છે. વિશ્વ વસ્તી દિનની ઉજવણી માટે નીચેના કેટલાક હેતુઓ નક્કી કરવામાં આવેલા છે.

★ આ દિનની ઉજવણી લૈંગિક સમાનતા સશક્તિકરણ માટે ઉજવવામાં આવે છે.

★ તેઓ પોતાની જવાબદારી સમજી શકવા તથા નિભાવી શકવા સક્ષમ બને ત્યાં સુધી જાતીયતાથી દૂર રહેવું તથા મોડા લગ્ન કરવાનાં ફાયદા વિષે જ્ઞાન આપવામાં આવે છે.

★ યુવાનોને વાજબી તથા યુવાનો માટે અનુકૂળ પગલાં ઉપયોગ કરીને અનિચ્છનીય ગર્ભાવસ્થા ટાળવા માટે યુવાનોને શિક્ષિત કરવા.

★ સમાજની લિંગ પ્રથાને દૂર કરવા લોકોને શિક્ષિત કરવા.

★ પ્રારંભિક બાળજન્મનાં ભયસ્થાનો તથા ગર્ભાવસ્થા સમયની બીમારીઓ વિષે જાહેર જાગૃતિ વધારવા માટે શિક્ષિત કરવા.

★ જાતીય રોગો વિષે યુવાનોને જાણકારી આપી રોગને કેવી રીતે અટકાવી શકાય તે વિષે શિક્ષિત કરવા.

★ છોકરી બાળક અધિકારોને સુરક્ષિત કરવા માટે કેટલાક અસરકારક કાયદા અને નીતિઓ અમલીકરણ માટે માંગ કરવી.

★ બંને છોકરીઓ અને છોકરાઓ માટે સમાન પ્રાથમિક શિક્ષણ વિશે ખાતરી કરો.

આ તો થઈ આંતરરાષ્ટ્રીય સ્તરની વાત, પણ જો આ જ ઉદ્દેશોને આપના દેશ સાથે સાંકળવામાં આવે તો જણાશે કે આપણા દેશની વાસ્તવિકતા જ કંઈક અલગ છે. આપણા ભારત દેશમાં ગરીબી, નિરક્ષરતા, બેરોજગારી જેવા પરિબળો ભાગ ભજવે છે. તમને જાણીને નવાઈ લાગશે કે આપણા ભારતમાં દર મિનિટે ૩૦ બાળક જન્મે છે. તો આપણા દેશમાં દિવસ દરમિયાન કેટલા બાળકોનો જન્મ થતો હશે. આ તો થઈ આજની પરિસ્થિતિ. પણ વસ્તી નિયંત્રણ ઝુંબેશ તો કેટકેટલાં દાયકાઓથી ચાલી રહી છે પણ પરિણામ શું આવ્યું? શૂન્ય અને માત્ર શૂન્ય. ૨૦૧૧ માં જ વૈશ્વિક વસ્તીએ ૭ અબજનો આંકડો પાર કરી લીધો હતો, આ વસ્તી પણ વિકાસ તરફ ગતિ કરવામાં ઘણી અડચણો ઊભી કરે છે. વધતી જતી વસ્તીને કારણે આપણે સૌ સ્થિરતા, ગરીબી, શહેરીકરણ, અસમાનતા, આરોગ્યને લગતા પ્રશ્નો, વૈશ્વિક ઉચ્ચ તાપમાન જેવી અસરોનો અનુભવ કરી રહ્યા છે અને એક અહેવાલ મુજબ આની અસરો ઉત્તરોત્તર વધતી જશે. તમોને જાણીને નવાઈ લાગશે કે દુનિયામાં ૧ અબજ કરતા વધુ લોકોને પીવાનું ચોખ્ખું પાણી પ્રાપ્ય નથી. જ્યારે ૨.૭ અબજ લોકોને વર્ષમાં એક મહિના જેટલું જ પાણી ઉપલબ્ધ હોય છે. પાણીનો હાલનો વપરાશ જોતા લાગે છે કે ૨/૩ લોકો ૨૦૨૫ સુધીમાં પાણીની અછતનો સામનો કરશે. વૈશ્વિક પાક પહેલાના અહેવાલ મુજબ જ્યારે વિશ્વની વસ્તી ૯ અબજનો આંકડો પાર કરી જશે ત્યારે સમગ્ર વિશ્વ ભૂખમરાનો સામનો કરશે.

આજના આંકડા પર નજર ફેરવતા જણાય છે કે ૭૯૫ કરોડ લોકો પાસે પૂરતા પ્રમાણમાં અનાજ નથી. ગરીબી અને વસ્તી વૃદ્ધિનો સીધો સંબંધ છે. વસ્તી વધશે તો વધતી જતી વસ્તી માટે રોજગારી ક્યાંથી પૂરી પાડવી? રોજગાર નહિ મળે ત્યારે લોકોનું ગુજરાન ચાલતું નથી અને તેઓ ગરીબીનો સામનો કરે છે. આ સાથે સાથે લોકો જળવાયુ પરિવર્તન, સંસાધનની અછત વગેરે જેવી મુશ્કેલીઓનો સામનો કરે છે.

આ વર્ષે ભારતમાં પણ દિનની ઉજાણી નવી દિલ્હી ખાતે કરવામાં આવી જેમાં બાળલગ્ન અટકાવવાના, નાના કુટુંબોના નિયમો અપનાવવા તથા બે બાળકો વચ્ચે અંતર રાખવું, ભ્રૂણહત્યા અટકાવવી, દરેકને શિક્ષિત બનાવવા જેવા મુદ્દાને ધ્યાનમાં લેવામાં આવ્યા.

● **૨૦૧૫ નું વિષયવસ્તુ : કટોકટીમાં સંવેદનશીલ વસ્તી**

આ વર્ષે વિશ્વ વસ્તી દિનની થીમ "કટોકટીમાં સંવેદનશીલ વસ્તી" છે. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા મળેલ આંકડાકીય માહિતી અનુસાર કેટલાક ૬૦ કરોડ લોકો કટોકટીનો સામનો કરી રહેલા છે. જેમાં મહિલા અને કિશોરીઓનો સમાવેશ થાય છે. આ વિષય નક્કી કરવાનું પણ એક કારણ હતું. તે હતું નેપાળમાં આવેલ ભૂકંપ. જેમાં ૧૨૬૦૦૦ મહિલાઓ આ કટોકટીનો ભોગ બની હતી. માટે તેમને તેમનો હક્ક આપવો, સમાજમાં મહિલાઓની જરૂરિયાત, તેમનું સ્વમાન જાળવવા મદદ કરવી, મહિલાઓની સલામતીની રક્ષા કરવી તથા તેમના આરોગ્યને સમૃદ્ધ કરવું — જેવો સંદેશ આ વખતના વિશ્વ વસ્તી દિનમાં આપવામાં આવેલો હતો. જ્યારે આ ઝુંબેશ ચાલી જ રહેલી છે ત્યારે આપણે પણ તેમાં પૂરેપૂરો સહકાર આપીએ.

***સૌજન્ય : "પર્યાવરણ મિત્ર"***

**NEW KANCHI ADVTS**

# દ્વિ-ભાષા પદ્ધતિથી ગુજરાતી શિક્ષણ વિષય ગુજરાતી સાહિત્ય પરિષદના અધિવેશનમાં મૂકાવો જોઈએ

• મહેન્દ્ર સા. દોશી •

ગુજરાતી સાહિત્ય પરિષદનું આગામી ૪૮મું અધિવેશન ઈન્સ્ટિટ્યૂટ ઑફ યુથ ડેવલપમેન્ટ અને મુક્તજીવન સ્વામી બાપા આર્ટ્સ - કોમર્સ કૉલેજ અને બી.સી.એ. કૉલેજના યજમાનપદે ભુજ ખાતે ડિસેમ્બર-૨૦૧૫માં યોજાશે.

આ અધિવેશનમાં આયોજન કરવામાં આવેલી બેઠકોની વિષય સૂચિમાં કચ્છ વિસ્તારના મહત્ત્વનો વિષય કચ્છી બોલી, તેનો ઉદ્‌ભવ - સ્વરૂપ, કચ્છી સ્વતંત્ર બોલી કે દ્વૈ-ભાષિક બોલી ઉપરાંત કચ્છી બોલીની લિપિ અને તેમની લિપ્યાંતરની ક્ષમતા જેવા મહત્ત્વના વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો નથી.

ગુજરાતી સાહિત્ય પરિષદના આ અધિવેશનમાં ગુજરાતના સાક્ષર અને ભાષાના નિષ્ણાતો મોટી સંખ્યામાં જ્યારે એક મંચ પર ઉપસ્થિત રહેવાના હોય ત્યારે આવા ગંભીર, અલ્પ પરિચિત અને કવચિત ચર્ચાના વિષયોને પ્રાધાન્ય આપવામાં આવે તો આવા હાંસિયામાં મુકાયેલા વિષયો પરત્વે પરિષદ અંગુલી નિર્દેશ કરી યોગ્ય માર્ગદર્શન અને દિશા સૂચન કરી શકે.

ગુજરાતી સાહિત્ય પરિષદનું ૨૭મું અધિવેશન કચ્છમાં યોજાયું હતું ત્યારે પંડિત પ્રબોધભાઈ દોશીએ કચ્છી બોલીને પ્રાધાન્ય આપ્યું હતું. થોડા વર્ષ અગાઉ માંડવી ખાતે યોજાયેલા અધિવેશનમાં પણ આવા ગંભીર વિષયોને અળગા રાખવામાં આવ્યા હતા.

બીજી બાબત, ગુજરાતી ભાષાનું શિક્ષણ, ગુજરાત રાજ્યની માન્ય ભાષા ગુજરાતી છે. આથી ગુજરાત રાજ્યમાં વહીવટી અને શિક્ષણની ભાષા ગુજરાતી છે. આથી તેના વ્યાપને જુદા જુદા દૃષ્ટિકોણથી મૂલ્યાંકન કરી શકાય. ગુજરાત રાજ્યની ભૌગોલિક પરિસ્થિતિ વિશિષ્ટ પ્રકારની છે. એટલે કે ગુજરાત રાજ્યના ત્રણ સરહદી વિસ્તારમાં (કચ્છ - ડાંગ - ભીલી) બોલીના ભાષકની સંખ્યા વધારે છે.

કચ્છ વિસ્તારમાં ગુજરાતી માતૃભાષાના ભાષક પછી બીજા સ્થાન પર કચ્છી બોલીના ભાષકની સંખ્યા મૂકી શકાય. આથી આ વિસ્તારમાં ગુજરાતી ભાષા, એ માતૃભાષા નથી પણ સેકન્ડ લેંગ્વેજ, ટાર્ગેટ લેંગ્વેજ છે અને કચ્છી એ સ્થાનિક નેટિવ ભાષા છે. આથી આ વિસ્તારમાં ગુજરાતી ભાષાનું શિક્ષણ એ વિષય મહત્ત્વનો છે. પણ આ વિસ્તારમાં આ વિષયની વાત કરવી હોય તો ગુજરાતી ભાષાને ટાર્ગેટ ભાષા તરીકે મૂકી કચ્છીને સ્થાનિક નેટિવના માધ્યમ દ્વારા દ્વૈ-ભાષીય પદ્ધતિ દ્વારા ગુજરાતી ભાષાનું શિક્ષણનું સંચાલન કરવામાં આવે. ગુજરાતી તો ભાષાનું શિક્ષણ વિષયને ન્યાય આપી શકાય તેમજ આ વિષય મૂકવાના આશયની યથાર્થતા સિદ્ધ કરી શકાય.

આ બેઠકમાં પ્રાયોગિક ધોરણે દ્વૈ-ભાષિક પદ્ધતિ દ્વારા ગુજરાતી ભાષાનું શિક્ષણ બેઠકનું સંચાલન પ્રયોગશાળા સાબિત થઈ શકે તેમ છે. ઉપરોક્ત રજૂઆતને અવકાશ આપવા માટે આયોજકો ઉદારતા દાખવે એવી અપેક્ષા છે.

*(સૌજન્ય : કચ્છમિત્ર)*

## આવા નેતા હવે મળે?

એકવાર ગાંધીનગરને બંગલે બાબુભાઈ જશભાઈ પટેલ મુખ્યમંત્રી હતા ત્યારે સ્વામિનારાયણ મંદિરમાં એક સભા હતી.

મેં જોયું કે બાબુભાઈના ચંપલ ફાટેલાં છે. મેં પૂછ્યું, 'બાબુભાઈ, આ તમારાં ચંપલ તો સાવ ફાટી ગયાં છે. આવાં ચંપલ શું કામ પહેરો છો?'

બાબુભાઈ જવાબમાં મને કહે કે : 'આમાં વાંક ચંપલનો છે. એણે બે વર્ષ ચાલવું જોઈએ પણ એ વહેલાં ફાટી જાય તો હું શું કરું?'

*— ડૉ. મોહનભાઈ પટેલ, માજી શેરીફ - મુંબઈ*

*પ્રેષક : શાંતિલાલ સંઘવી*

*ભારત - પાકિસ્તાનની ક્રિકેટ મેચ હતી. શોએબ અખ્તર વીરેન્દ્ર સેહવાગ સામે બાઉન્સર ફેંકી એને શોટ મારવા ચેલેન્જ કરતો હતો. વીરુએ શોએબને કહ્યું, 'સામે સચીન તેંડુલકર નામનો તારો બાપ ઊભો છે, એને બાઉન્સર નાખી બતાડ.' શોએબે સચીન સામે બાઉન્સર નાખ્યો. સચીને જોરદાર હૂક મારી બોલને સ્ટેડિયમ બહાર (સિક્સર) મોકલી દીધો.*

*આ જોઈ વીરુએ શોએબને કહ્યું : 'બેટા બેટા હોતા હૈ ઔર બાપ બાપ હોતા હૈ...'*

*'દિવ્ય ભાસ્કર', તા. ૧૫-૭-૨૦૧૫માંથી*

*પ્રેષક : શાંતિલાલ સંઘવી*

તીર્થ પટ

**હરીભાઈ ભીખાભાઈ પેઈન્ટર**

જૈન ધર્મના કેન્વાસ પેઈન્ટીંગ, તીર્થપટ, માર્બલ કાર્વિંગ તીર્થપટ - તીર્થ રચના બનાવનાર

★ તળાવ એરીયા, પ્રાઈમરી સ્કુલ સામે, પાલીતાણા-૩૬૪ ૨૭૦. ★ ૧૩, બાલમંદિર શોપીંગ સેન્ટર, તળેટી રોડ, પાલીતાણા.

Tel. : (02848) 252454 • Mo. 94262 46176, 99240 36761

સમાજની ક્ષિતિજો

નર-નારીના સંબંધો અને લગ્ન સંસ્થા : પ્રકરણ-૧૯

# મૈત્રી સંબંધો અને અન્ય પ્રશ્નો

• સ્વામી શ્રી સચ્ચિદાનંદજી •

નર-નારીના લગ્નસંબંધથી પતિ-પત્ની સંબંધ પ્રાપ્ત થાય છે. પણ લગ્નસંબંધ વિના પણ ઘણાં નર-નારીઓ પતિ-પત્ની જેવો સંબંધ બાંધતાં હોય છે. એને લગ્નેતર અથવા લગ્નબાહ્ય સંબંધ કહેવાય છે. લગ્નસંસ્થાની શરૂઆતથી જ લગભગ આવા સંબંધોનો ઇતિહાસ ચાલ્યો આવે છે, જેમાં કોઈ સ્ત્રી, કોઈ પુરુષને પત્ની હોવા છતાં પણ તેની સાથે ઉપપત્ની અથવા 'રખાત' થઈને રહેતી. આજકાલ જેને 'મૈત્રી કરાર' કહેવાય છે તે પણ એક રીતે આવો જ પ્રકાર છે.

નર-નારીઓ માત્ર ધર્મ, સમાજ કે રાજવ્યવસ્થાથી જ જીવન જીવતાં નથી. કેટલીક વાર આ બધાંની ઉપરવટની વ્યવસ્થા પણ ગોઠવાઈ જતી હોય છે. કેમકે શરીરના આવેગો કરતાં મનના આવેગો ઘણા પ્રબળ હોય છે. મનના આવેગો એટલે લાગણીઓ. ઘણી વાર એવું બને કે પતિ-પત્ની વચ્ચે શારીરિક સંબંધ તો બરાબર બંધાયો હોય પણ લાગણીઓનો સંબંધ બરાબર બંધાઈ શક્યો ન હોય. અથવા એમ કહો કે પરસ્પરમાં ભરપૂર લાગણીઓ ન થતી હોય, તોપણ સમાજબંધન કે બીજા બંધનથી તેમનું દાંપત્યજીવન ચાલતું હોય. એટલું જ નહિ પ્રેમ વિનાનો કામ ભોગવાતો હોય, બાળકો પણ થતાં હોય પણ લાગણીઓના તંતુ ન ફૂટતા હોય.

પશ્ચિમમાં પહેલાં લાગણીઓ પછી, 'કામ', પછી લગ્ન થતાં હોય છે. આપણે ત્યાં પહેલાં લગ્ન, પછી કામ અને કદાચ સાથોસાથ કે પછીથી લાગણીઓ ફૂટતી હોય છે. કેટલીક વાર એવું બને કે લાગણીઓ ફૂટે જ નહિ. પરસ્પરના કુવ્યવહાર કે કુવાણીથી એકબીજાનાં અરમાન ઘવાય અને એકબીજા પ્રત્યે ઘૃણાની વૃત્તિઓ ફૂટવા માંડે તોપણ ખાનદાની નિભાવવા, સમાજ-બંધનથી અથવા બન્નેના બંધનથી લગ્નબંધન ચાલુ રહે. લોકોને ખાસ ખ્યાલ પણ ન આવે કે આ પતિ-પત્ની લાગણી વિનાનું લગ્નજીવન જીવી રહ્યાં છે. કારણ કે બન્ને ડાહ્યાં-શાણાં પણ હોય જેથી પોતાની વાત પોતાના સુધી જ અટકાવી રાખે. એવા ઘણા પતિઓ હોય છે, જે પત્નીને ભરપૂર પૈસા આપે, વસ્તુઓ લાવી આપે, બધું આપે, માત્ર પ્રેમ જ ન આપે. કારણ કે પરસ્પરના કુવ્યવહાર કે કુવાણીથી ઠેસ લાગી છે.

*એક કાઠિયાવાડી દોહરો છે :*

***મોતી ભાંગ્યું વીંધતાં, મન ભાંગ્યું કવેણ***
***ઘોડો ભાંગ્યો ઠેકતાં, તેને નહિ સાંધો નહિ રેણ.***

આવાં પરસ્પરમાં લાગણીહીન થયેલાં, ખાસ કરીને પતિની લાગણી ઘવાયેલી હોય, પત્ની તેને રૂઝવવા ઘણા પ્રયત્નો કરે પણ કોમળ હૃદયમાં ઊંડો ઘા થયો હોય અને રૂઝાતો જ ન હોય તેવી સ્થિતિમાં, પુરુષને જો લાગણી આપનાર કોઈ મળી જાય તો લાગણીભૂખ્યો પુરુષ તેને સ્વીકારી લે પણ ખરો. આવું જ પત્ની માટે પણ છે. અહીંથી લગ્નબાહ્ય સંબંધ શરૂ થાય છે. આ સંબંધ વધુ ને વધુ ગાઢ બનતો જાય અને પછી લગ્ન કરી જ ન શકાય તેવી પરિસ્થિતિ હોય તો લોકો કોઈને કોઈ રસ્તો કાઢે છે. આ રસ્તો તે "મૈત્રી સંબંધ" અથવા રખાતપણું. રખાત શબ્દ બહુ પ્રતિષ્ઠિત નથી, તોપણ લાગણી વિહ્વળ સ્ત્રી તેને સ્વીકારી લે છે, કારણ કે તેની તીવ્ર લાગણીઓ બધું જતું કરવા તથા બધું સ્વીકારવા તૈયાર હોય છે.

નર-નારીના આવા સંબંધો આવકારદાયક નથી તેમ છતાં કેટલાક સંબંધો ઘણા દિવ્ય પણ હોય છે. ભલે તેઓ સમાજમાન્ય કે ધર્મમાન્ય લગ્નો ન કરી શક્યાં હોય પણ તેઓ ઈશ્વરમાન્ય લગ્ન જરૂર કરી શક્યાં છે. ઈશ્વરમાન્ય એ અર્થમાં કે બન્નેને પરસ્પરમાં ભરપૂર પ્રેમ હોય છે. પતિ-પત્નીમાં સાચો પ્રેમ હોય એ જ ઈચ્છનીય લગ્ન કહેવાય. સાચો પ્રેમ ન હોય તો સમાજમાન્ય, લોકમાન્ય, ધર્મમાન્ય કે રાજમાન્ય લગ્ન થઈ શકે, ઈશ્વરમાન્ય લગ્ન ન થઈ શકે. જ્યાં છૂટાછેડા લઈ શકાતા નથી અથવા બીજી પત્ની કરી શકાતી નથી ત્યાં આવા સંબંધો વધવાની શક્યતા રહે છે. આમાં પ્રથમ પત્ની અથવા કહો કે સમાજમાન્ય પત્નીને ઘણું સહન કરવાનું થાય છે. પત્ની માટે સૌથી મોટું દુઃખ 'શોક્ય' નું છે. શોક્ય શબ્દ શોક ઉપરથી બન્યો હશે. પતિની બીજી પત્ની એટલે શોક્ય, શોક. નિરંતર, વગર અગ્નિએ બળ્યા કરવાનું. પણ જ્યાં ધાર્મિક, સામાજિક અને રાજકીય રીતે પણ બહુપત્નીત્વ સ્વીકાર્ય હોય છે ત્યાં મૈત્રીસંબંધ કે રખાતપણું કરવાની જરૂર રહેતી નથી. પણ પછી આ પગદંડી જેવો કોઈ કોઈને જ ચાલવાનો માર્ગ ધોરીમાર્ગ બની જાય છે. એમાંથી સ્ત્રીઓ માટે ઘણાં અનિષ્ટો ઊભાં થાય છે. જેમ જેમ લોકોમાં સમજણ આવતી ગઈ તેમ તેમ બહુપત્નીત્વનો નિષેધ થતો ગયો. હજી પણ ઈશ્વર સાથે જોડાયેલા

સાંઘવ-રત્ન સ્વ. પૂ.શેઠ શ્રી મુરજી રાઘવજી લોડાયાના સ્મરણાર્થે....
MRL CLEARING AND FORWARDING PVT. LTD.
(CHA No. 11/374)
13/B, Sucheta Niwas, 285, Shahid Bhagat Singh Road, Fort, Mumbai-400 001.
Tel. : +91 22 22661380 / 22661600 Fax : +91 22 22703624
E-mail : imp@mrlshipping.com Web : www.mrlshipping.com
Clearing, Forwarding & Shipping Agents
MRL GROUP

ધર્મો આવી બહુપત્નીત્વ પ્રથાને ઈશ્વરીય માનીને ચાલે છે અને નવાઈ એ છે કે ખુદ સ્ત્રીઓ પણ આવી પ્રથાનું સમર્થન કરે છે. એવા ધર્મનું સમર્થન કરવું એટલે આવી પ્રથાનું પણ સમર્થન કરવાનું થયું કહેવાય. બહુપત્નીત્વમાં લગ્નબાહ્ય સંબંધનો ભય રહ્યો કહેવાતો નથી. એટલે લોકો મુક્ત મનથી કોઈ કલંક વિના કે આબરૂ ઘટવાના ભય વિના આવી અનેક પત્નીઓને રાખી શકતા હોય છે. લગ્નબાહ્ય સંબંધો માત્ર લાગણીઓથી જ થાય છે તેવું નથી હોતું. ઘણી વાર તીવ્ર કામવૃત્તિ, ભ્રમર વૃત્તિ અને ધનવૃત્તિ પણ ભાગ ભજવે છે.

કેટલાક 'ભ્રમરવૃત્તિવાળા પુરુષો કે સ્ત્રીઓ, રોજ નવાં નવાં ફૂલ શોધતાં હોય છે. એક ફૂલથી તેમનું પેટ ભરાતું નથી હોતું. આવાં માણસો લગ્નબાહ્ય સંબંધો કરી બેસતાં હોય છે. આવા સંબંધોનો જરાય બચાવ કરી શકાય નહિ. રખાત કે મૈત્રીસંબંધમાં તો માણસ એક ખીલે બંધાઈ જતો હોય છે, પણ આ ભ્રમરવૃત્તિમાં તો માણસ (નર-નારી બન્ને) ક્યાંય બંધાતાં જ નથી. આવાં લોકો 'મુક્ત કામ'ની હિમાયત કરતાં હોય છે. ખાસ કરીને ભણેલો ઉપરનો વર્ગ આવા રસ્તે ચઢી જતો હોય છે. ઘણી વાર આવી પ્રવૃત્તિમાં પત્ની પણ પતિની ઈચ્છાથી ભળી હોય છે. આવા સંબંધો માત્ર વાસનિક જ હોય છે. તેમાં સ્થાયિત્વ - દાયિત્વ નથી હોતું. બસ મજા કરો અને છૂટાં પડો. આના કારણે લગ્નસંસ્થા તૂટે છે. ઘણા લોક લગ્નસંસ્થાને તોડવામાં પૂરેપૂરું જોર લગાવી દે છે. મોટા ભાગે આવા લોકો પત્નીથી અતૃપ્ત હોય છે. તેમની બુદ્ધિ-પ્રતિભા તેમને પાળ તોડવાના કામે ઉપયોગી થાય છે. પણ એટલું યાદ રહે કે આવાં માણસોની, ખાસ કરીને સ્ત્રીઓની વૃદ્ધાવસ્થા બહુ જ કફોડી થઈ જતી હોય છે. ભમરા ઊડી ગયા, કારણ કે ફૂલ ચુસાઈ ગયું, કરમાઈ ગયું. હવે તું કોણ અને હું કોણ! પ્રૌઢાઓ અને ડોસીઓ ભારે ખાલીપણા સાથે એકાકી જીવન જીવીને મરતાં હોય છે ત્યારે તેમને પરિવાર, પુત્ર-પૌત્રાદિની મહત્તા સમજાય છે. પણ હવે બહુ મોડું થઈ ગયું છે.

બીજી તરફ લગ્નસંસ્થાની પાળમાં જીવન જીવેલાં પતિ પત્નીઓને વૃદ્ધાવસ્થામાં પણ પરસ્પરનાં પ્રેમ અને હૂંફ મળે છે, સાથે સાથે પરિવાર અને પુત્ર-પૌત્રાદિનો સાથ પણ મળે છે. તેમની પાછલી જિંદગી રક્ષિત અને ભાવભરપૂર રહી શકે છે.

કેટલીક વાર "મૈત્રી સંબંધો" અથવા કહો કે રખાતવૃત્તિ વારસા હક્કથી મુક્ત રહેવા પણ કરાય છે. જો માણસ લગ્ન કરે તો તેની સંપત્તિમાં પત્નીનો પણ પૂરેપૂરો હક્ક રહે, તેનાં બાળકોને પણ હક્ક મળે. પરદેશમાં (અને દેશમાં પણ) કેટલીક સ્ત્રીઓ યુક્તિ-પ્રયુક્તિથી શ્રીમંત માણસોને ફસાવીને લગ્ન કરતી હોય છે, પછી છૂટાછેડા લઈને સંપત્તિમાંથી મોટો ભાગ પડાવી લેતી હોય છે. આવા દોષથી બચવા માટે કેટલાક પુરુષો લગ્ન કર્યા વિના જ કોઈ સ્ત્રી સાથે પત્ની જેવો સંબંધ રાખતા હોય છે.

એક વિચાર એવો પણ છે કે જો સ્ત્રી, ખરેખર પુરુષ સમોવડી જ હોય તો પછી છૂટા થયા પછી પુરુષની સંપત્તિની હક્કદાર ન હોઈ શકે. કારણકે બંનેની પોતપોતાની, પોતાના નામે સંપત્તિ હોય તે જ તેમની છે. આ માન્યતાને આધારે પશ્ચિમમાં પતિ-પત્નીની અલગ અલગ સંપત્તિ હોય છે. બન્નેનાં બૅન્ક ખાતાં અલગ, કારો અલગ, ઘર અલગ - બધું જ પોતપોતાના નામે અલગ અલગ હોય છે. જ્યારે જુદા થવાનું થાય ત્યારે પોતપોતાનું લઈને જુદાં થઈ જાય. ભારતમાં આવું નથી. બધું જ પતિના નામે હોય છે. સ્ત્રીના નામે કશું જ નહિ, કદાચ કાંઈ હોય તો પતિના દ્વારા કર (ટેક્સ) વગેરેના કારણે કરેલું હોય. આવી સ્થિતિમાં પત્ની જો જુદી થાય તો સંપત્તિ વિનાની થઈને છૂટી થાય. મોટા ભાગે તો પત્ની કમાતી પણ નથી હોતી એટલે આવક વિનાની થઈને છૂટી થાય. આવી સ્થિતિમાં તે ભરણ-પોષણની માગણી કરી શકે તેવી કાયદાકીય વ્યવસ્થા થઈ છે. પણ તો પછી તે પુરુષ સમોવડી ક્યાં રહી?

ઈસ્લામી કાનૂનમાં તલાક આપેલી પત્નીને તેની મહેર મળે. કાયમ માટે ન તો ભરણપોષણ મળે, ન સંપત્તિમાં ભાગ મળે. તેણે ચાર-છ મહિનામાં બીજું લગ્ન કરી લેવું જોઈએ જેથી તેના ભરણ પોષણનો પ્રશ્ન ઉકેલાઈ જાય. પણ તેનું નવું લગ્ન ન થઈ શકે કે ભરણપોષણ પણ ન મળે (સંપત્તિ તો હોય જ નહિ), અને જો તે મજૂરી પણ ન કરી શકે તો તેના માટે યતીમ જેવું લાચાર જીવન જીવવાનું થઈ જાય. અધૂરામાં પૂરું બુરખો પહેર્યા વિના તે બહાર નીકળી ન શકે અને કોઈ કાર્યાલય વગેરેમાં કામ ન કરી શકે તો તેની લાચારી અનેકગણી વધી જાય. છૂટી ગયેલી સ્ત્રીએ લગ્ન કરી જ લેવું જોઈએ, તે ધારણા યોગ્ય છે.

પતિ વિનાની સ્ત્રીઓ અને પત્ની વિનાના પુરુષો, સમાજને દૂષિત કરી શકે છે (બધાં જ નહિ, પણ મોટા ભાગે). એટલે નર-નારી, જીવનભર પતિ-પત્ની તરીકે રહે એ વધુ હિતકારી લાગે છે. પણ પ્રશ્ન એ છે કે પોતાને યોગ્ય પતિ મળે તો લગ્ન કરેને? પોતાને યોગ્ય પતિ જ ન મળે (કે પત્ની પણ ન મળે) તો શું ગમે તેની સાથે લગ્ન કરી નાખવાં? આવું તો વધુ દુઃખદાયી થઈ જાય. પણ ત્યારે ત્યાં સુધી શું કરવું? લાચારી ભોગવવી? આ બધા વિકટ પ્રશ્નોના ઉકેલ બાકી છે. વળી જ્યાં બહુપત્નીપ્રથા છે, ત્યાં ઘણી પત્નીઓ હયાત હોય તેવા પુરુષ સાથે લગ્ન કરીને કોઈ સ્ત્રી ભાગ્યે જ સુખી થઈ શકે. તો કરવું શું?

*(ક્રમશઃ)*

સ્થાપના : ૧૯૮૪
કે.કે.
સ્ટીલ ઈન્ડસ્ટ્રીઝ
હરખચંદ ગડા (મો. ૯૩૨૮૪ ૪૦૦૪૦) ★ નીલેશ ગડા ★ રીતેશ ગડા
લગ્નપદ, ઘરવપરાશ, લ્હાણી તથા હોટલ કેન્ટીન વાડી ફરાસખાના માટેના મોટા વાસણોના હોલસેલ વેપારી
એલ/૧૦૪૦/૭, વિજય ટ્રાન્સપોર્ટ પાસે, જી.આઈ.ડી.સી., અંકલેશ્વર. ફોન : ૦૨૬૪૬-૩૨૯૩૦૩, ૨૨૦૯૪૨
E-mail : kaykay_industries@yahoo.com

સંસ્મરણ

# એક અવસર.... અનેરો

● કિરણ રતનશી વીસરિયા ●

રોજ સવારે પત્રિકા હાથમાં લેતાં કેટલાય કાર્યક્રમોની વણજાર જોવા મળે છે. માતાજીની પહેડી, દેરાસરની પ્રતિષ્ઠા-ધજા, ગામના સ્નેહમિલન, પિકનિક વગેરે. એમાં ક્યારેક કોઈ શૈક્ષણિક સંસ્થાનાં ગૌરવવંતાં ૫૦ કે ૧૦૦ વર્ષો ઉજવાતાં હોય તો આપણું ધ્યાન ત્યાં અચૂક જાય છે.

હું આપની સમક્ષ એક એવા કાર્યક્રમની વાત કરવા માગું છું જેને ખરેખર આપણે વિશિષ્ટ કહી શકીએ. એ કાર્યક્રમ હતો કચ્છ કોટડા (રોહા) ગામે આવેલી શેઠ નાગજી વિશ્રામ હાઈસ્કૂલના આદ્યવિદ્યાર્થીઓના ઐતિહાસિક સ્નેહ મિલનનો જેણે આ વર્ષે પોતાનાં સુવર્ણ એવાં ૫૫ વર્ષ પૂર્ણ કર્યા છે. છાત્રાલય સાથેની આ શાળાનું મહત્ત્વ એટલે હતું કે એ સમયે ઘણાં ગામોમાં ફક્ત પ્રાથમિક શાળાઓ જ હતી પણ માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ માટે ભુજ, માંડવી, કોઠારા કે મુંબઈ જેવાં શહેરોમાં જવું પડતું જે બધા માટે શક્ય નહતું.

શ્રી રોહાજાગીર તરફથી કોટડા (રોહા) માં ચાલતી રાજ્યની શાળા સન ૧૯૬૦-૬૧ માં સંજોગવસાત બંધ કરાતાં ભવિષ્યમાં કોટડાની પ્રજા શિક્ષણક્ષેત્રે કેમ આગળ વધે એ માટે ગામના એ વખતના કચ્છી વીસા ઓસવાળ જૈન મહાજનના પ્રયત્નો અને લોહાણા સમાજના શિક્ષણ પ્રેમીઓના સાથના કારણે હાઈસ્કૂલનો પાયો નંખાયો. ખાસ ઉલ્લેખ કરવું જરૂરી એવા ખૂબ જ વિદ્વાન અને કન્યા શિક્ષણના આગ્રહી સ્વ. ડૉ. ગોપાલજી પ્રાગજી કોઠારી અને એમની પાસેથી વૈદક શીખવા લીંબડી સૌરાષ્ટ્રથી આવેલા શિક્ષક તરીકે તાલીમ પામેલા સ્વ. ડૉ. છબીલાલ ફૂલજી દવેનાં રચનાત્મક કાર્યો થકી કોટડા (રોહા) નું નામ શિક્ષણ ક્ષેત્રે ઊજળું છે. એક આદર્શ ડૉક્ટર તરીકે સેવા આપી સાથે જ્ઞાતિવાદ, કન્યા કેળવણી માટે જાગૃત રહી કોટડા (રોહા) માં હાઈસ્કૂલ સ્થાપવા તેઓ સતત પ્રયત્નશીલ રહ્યા. કચ્છના આદર્શ શિક્ષણકાર, પ્રખર કેળવણીકાર, માર્ગદર્શક અને દ્રષ્ટા એવા શ્રી દામજીભાઈ ઠક્કર જેઓ કચ્છ જિલ્લાનાં શિક્ષણ અધિકારી હતા. એમને નિવૃત્તિ પછી કોટડામાં હાઈસ્કૂલનું સંચાલન કરવા કોટડા જેવા નાનકડા ગામે રહેવા સમજાવી આદર્શ શાળાનું સ્વપ્ન સાકાર કરવા કટિબદ્ધ એવા ડૉક્ટર/માસ્તર છબીલાલ ફૂલજી દવેને નત મસ્તકે વંદન.

શેઠ જમનાદાસ ખીમજીએ તેમના વડીલોની સ્મૃતિમાં, "શેઠ નાગજી વિશ્રામ હાઈસ્કૂલ" ની સ્થાપના તા. ૧૪-૬-૧૯૫૯ માં કરી જેનું ઉદ્‌ઘાટન શેઠ સ્વ. શ્રી ભવાનજી અરજણ ખીમજીના વરદ્ હસ્તે થયું. આ શાળાના પ્રથમ આચાર્ય હતા શ્રી ઓચ્છવલાલ એમ. વ્યાસ અને પ્રથમ મુખ્ય શિક્ષક હતા શ્રી છબીલાલ દવેના સુપુત્ર શ્રી. રમેશભાઈ દવે. રમત ગમતનાં સાધનો, વિજ્ઞાન પ્રયોગશાળા, ચિત્રકામ, શારીરિક શિક્ષણ સાથે સાંસ્કૃતિક કાર્યક્રમો, વક્તૃત્વ, પર્યટન, શ્રમદાન જેવી પ્રવૃત્તિઓને સ્થાન આપવાથી બાળકોના સર્વાંગી વિકાસની તક મળી. છાત્રાલયની સગવડના કારણે આજુબાજુનાં ૩૦ ગામોમાંથી બાળકો આ શાળામાં શિક્ષણનો લાભ લેવા લાગ્યાં. અને એક સમય એવો આવ્યો જ્યારે આખાય કચ્છ જિલ્લામાં આ શાળાની અવ્વલ નંબરમાં ગણતરી થવા માંડી. ઘણા લાંબા સમય સુધી છાત્રાલયની સુવિધા ચાલુ રહી.

છેલ્લા ૫૫ વર્ષ દરમ્યાન આવી અદ્‌ભુત શાળામાં ૨૧૦૦ વિદ્યાર્થીઓએ પોતાનું શાળાકીય શિક્ષણ મેળવ્યું છે. આદ્યવિદ્યાર્થીઓનું જ્યારે પહેલી વખત સ્નેહમિલન યોજાતું હોય અને એ પણ કચ્છ કોટડા (રોહા) માં આવેલી પોતાની સરસ્વતી મંદિર જેવી પવિત્ર શેઠ નાગજી વિશ્રામ હાઈસ્કૂલમાં, ત્યારે એના માટેની પૂર્વતૈયારીઓ વર્ષો પછી પોતાની શાળા, પોતાના સહપાઠીઓ, મિત્રો અને શિક્ષકોને મળવાનો ઉમંગ અને તેના થનગનાટની તો કલ્પના જ કરવી રહી.

આ મુખ્ય પ્રસંગની તૈયારી રૂપે પહેલી વખત ૨૦૧૪ ની ૨૬મી જાન્યુઆરીએ ઘાટકોપરની જીરાવલ્લા પાર્શ્વનાથ દેરાસર વાડીમાં શેઠ નાગજી વિશ્રામ હાઈસ્કૂલના આદ્યવિદ્યાર્થીઓનો મેળાવડો રાખવામાં આવ્યો. જેમાં લગભગ ૨૨૫-૨૫૦ કોટડા અને આજુબાજુનાં ગામના મિત્રો, નિયાણી બહેનો જે આ સ્કૂલમાં ભણ્યાં હતાં અને એમના સંપર્કમાં જેટલા મિત્રો હતા તેઓ ત્યાં હોંશે હોંશે પહોંચ્યા હતા. પ્રથમ ચા-નાસ્તા પછી તિરંગો ફરકાવીને બધા સહપાઠીઓએ જૂનાં સંસ્મરણો વાગોળ્યાં હતા. શાળામાંથી વિદ્યા પ્રાપ્ત કરી આગળ ભણીને C.A., LLB, BE જેવી ડિગ્રી પ્રાપ્ત કરેલા તેમજ સફળ ઉદ્યોગપતિઓ અને પ્રતિષ્ઠિત વેપારીઓ તરીકે નામના મેળવેલા આદ્યવિદ્યાર્થીઓ અહીં ઉપસ્થિત હતા જેમણે પોતાની સફળતાનો બધો શ્રેય શેઠ ના. વિ. શાળાને આપ્યો હતો. અહીં ઉપસ્થિતોમાં ગામ કોટડાના યતિ શ્રી મોતીસાગરજી મહારાજ પણ હતા જેમણે આ શાળાની ૧૯૫૯ની શરૂઆત વખતે વિદ્યાર્થી તરીકે પ્રથમ બૅચમાં પ્રવેશ મેળવ્યો હતો. આપણા ગુરુ ભગવંતોને ધર્મનું જ્ઞાન આપનારા આવી વિદ્વાન અને આદરણીય વ્યક્તિનું જ્યાં ઘડતર થયું હોય એ જ એ શાળાની ગુણવત્તાનું પ્રમાણ આપે છે.

આ પ્રસંગે ઉપસ્થિત અમુક આદ્યવિદ્યાર્થીઓએ કચ્છમાં ના. વિ. હાઈસ્કૂલમાં જ એક સ્નેહ મિલન યોજવાની દરખાસ્ત મૂકી અને બધાએ સહર્ષે વધાવી પણ લીધી. આ કાર્ય કાંઈ સહેલું ન હતું. વધારે સંખ્યામાં આદ્યવિદ્યાર્થીઓ સ્થાનિકે આવે એનું આયોજન કેવી રીતે કરવું એની વિચારણા

*સૂક્ષ્મ દોષોને બાળવા માટે માનસિક તાપની જરૂર પડે છે.*

માટે મિટિંગ લઈ વિવિધ કમિટીઓ રચવામાં આવી. સૌથી ઉપર એક વરિષ્ઠ કમિટી નિમવામાં આવી. શક્ય હોય એટલા મિત્રોનો પોતે સંપર્ક કરવો. શિક્ષકોનો સંપર્ક કરવો. શાળાના જૂના-નવા સ્ટાફનો સંપર્ક કરવો.

આખરે જાન્યુઆરીની ૨૫/૨૬/૨૭ ૨૦૧૫ ની તારીખો સ્થાનિકે સ્નેહ મિલન માટે નક્કી થઈ. ખબર પત્રિકામાં આ સ્નેહ મિલનની જાહેરાતો સાથે વધુમાં વધુ સંખ્યામાં આદ્યવિદ્યાર્થીઓ પોતાના પરિવાર સાથે હાજર રહેવા, બીજા મિત્રોને જાણ કરવા, સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લેવા, મુંબઈથી કચ્છ જવા આવવાની ટિકિટો કઢાવવા માટેની વ્યવસ્થા માટે વિવિધ કમિટી મેમ્બર્સનો સંપર્ક કરવાની અપીલ કરવામાં આવી. કચ્છ અને ગુજરાતનાં છાપાંઓમાં જાહેર ખબર આપવામાં આવી જેથી ત્યાં સ્થાયી શિક્ષકો, સ્ટાફ, આદ્યવિદ્યાર્થીઓને જાણ થાય.

આ ઐતિહાસિક સ્નેહ મિલનને ઊજવવા મહિનાઓથી ચાલતી તડામાર તૈયારીઓ જાણે પોતાના ઘરે કોઈ પ્રસંગ હોય એવા ઉત્સાહથી થઈ રહી હતી. આખરે ૨૪ જાન્યુઆરીએ લગભગ ૩૦૦ જણ કચ્છ જવા બાંદ્રા ટર્મિનસ આવી પહોંચ્યા. વર્ષો પછી સહપાઠીઓને મળવાનો આનંદ, બદલાયેલા ચહેરાઓને ઓળખી જૂનાં સંસ્મરણો તાજાં કરવા, એકબીજાના પરિવારની માહિતીની આપ-લે, સાથે ટ્રેનમાં ભોજનની સુંદર વ્યવસ્થા હતી. ખરેખર એક યાદગાર સાંજ હતી. ૨૫-૧ ઐતિહાસિક સ્નેહ મિલનનો પહેલો દિવસ. ૨૦ ગાડીઓ (તૂફાન) ની વણજાર જ્યારે આદ્યવિદ્યાર્થીઓને લઈને કોટડા (રોહા) ના પાદરે પહોંચી ત્યારે ઉપસ્થિત ગામવાસીઓ, વિવિધ કમિટીઓના મેમ્બર્સ દ્વારા બેન્ડ વાજાં અને ઢોલ નગારાં, શરણાઈથી ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. એ પ્રસંગ અને ઉત્સાહનું વર્ણન કરવું મુશ્કેલ છે. બધા મહેમાનોના ઉતારાની વ્યવસ્થા અતિથિ ગૃહમાં તથા ગામવાસીઓએ પોતાના ઘરે કરી હતી. બધાએ ફ્રેશ થઈ ચા-નાસ્તો કરી સીધા ત્યાંથી નિવૃત્ત નાયબ કલેક્ટર શ્રી હિંમતસિંહ સોઢાના રાહબર હેઠળ આયોજન કરવામાં આવેલા સ્વચ્છતા અભિયાનમાં ભાગ લેવાનો હતો. ગામના વથાણ અને બધી શેરીઓમાં ના. વિ.ના આદ્યવિદ્યાર્થીઓ અને ખાસ નિયાણી બહેનો પોતાના હાથમાં ઝાડુ લઈને કચરાની સફાઈ સાથે પોતે આ ગામમાં વિતાવેલા બાળપણની મીઠી યાદો પર સમયના બાઝેલા પોપડાને ઉખેડીને પરત પોતાના એ સોનેરી દિવસોને જાણે વાગોળી રહી હતી. કોઈકને નાનપણમાં આ શેરીઓમાં માથે હાંડો અને ગાગર લઈને કૂવામાંથી ગરગડીથી ડોલ ખેંચી પાણી ભરવાની મજા યાદ આવી, તો કોઈકને માથે કપડાની ગઠડી બાંધી સહેલીઓ સાથે આ શેરીઓ વટાવી વાડીએ કે નદીએ જઈ માટીથી કપડાં ધોવાનો પ્રસંગ યાદ આવ્યો હશે. કોઈકને સરસ મજાની બે ચોટલીઓ કાઢી, રિબિનનાં ફૂમતાં બાંધી, પોતાનું દફતર કે પાટી-પેન લઈ નિશાળે જવાનો વખત યાદ આવ્યો હશે, તો કોઈકને દેરાસરે દર્શન કરી મહારાજ સાહેબને વંદન કરવાનો, કોઈકને વહેલી સવારે પોતાની વહાલી ગાયને વથાણે મૂકવા જવું તો કોઈકને વળી માથે ગંભીલો મૂકી લીંપણ માટે અને બળતણ માટે છાણાં થાપવા છાણ ભેગું કરવાનો પ્રસંગ યાદ આવ્યો હશે. કોઈકને માથે બાજરના રોટલા અને હાથમાં છાશની માટલી લઈને સીમમાં જતા એ દિવસો યાદ આવ્યા હશે. કેટલું નિર્દોષ, નિખાલસ અને આનંદભર્યું બાળપણ હતું. બપોરે બધા વાહ! વાહ! પોકારી ઊઠ્યા એવા સ્વાદિષ્ટ ભોજન પછી ૩ વાગે આ ઐતિહાસિક સ્નેહ મિલનનું ઉદ્‌ઘાટન ગાંધીજીના પરમ ભક્ત અને સ્વાતંત્ર્ય સેનાની એવા શ્રી જીવરામ કલ્યાણજી કોઠારીના તૈલચિત્રના અનાવરણથી કરવામાં આવ્યું. કોટડા ગામના સરપંચશ્રીના હસ્તે આ અનાવરણ કરવામાં આવ્યું. આ તૈલચિત્રને ગ્રામ પંચાયતની ઑફિસમાં લગાવવામાં આવ્યું છે. શ્રી જીવરામ કોઠારી પ્રખ્યાત રઘુવંશી મિલમાં ભાગીદાર હતા. એમણે આઝાદીની લડાઈ વખતે પોતાનો હિસ્સો વેચીને પોતાની બધી જ મિલકત ગાંધીજીને સોંપી દીધી અને તેમણે ગાંધીજીની જેમ ફક્ત એક પોતડી પહેરી દેશસેવામાં પોતાનું જીવન સમર્પિત કર્યું. શેઠ જીવરામ કોઠારી થકી ગાંધીજી અને શ્રી વલ્લભભાઈ પટેલનાં પગલાં કોટડાની ધરાને પાવન કરી ગયાં. રાતના ૮થી ૧૧ વાગે શેઠ ના. વિ. હાઈસ્કૂલના પ્રાંગણમાં બાંધવામાં આવેલા ભવ્ય ડૉમના વિશાળ સ્ટેજ પર ૫૦-૬૦ વર્ષના આદ્યવિદ્યાર્થીઓ અને વર્તમાન વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલા નૃત્ય, નાટક, વેશભૂષા હરીફાઈ વગેરે કાર્યક્રમો ખરેખર પ્રોફેશનલને ટક્કર મારે એટલા સરસ હતા અને કલાકારોએ કરેલી મહેનત દાદ માગી લે એવી હતી.

૨૬મી જાન્યુઆરીએ સૌથી અગત્યનો દિવસ અને લગભગ ૭૫૦ જણની હાજરી હતી. સવારે સૌ વહેલા તૈયાર થઈ તિરંગો હાથમાં લઈ, ગાંધી-ટોપી પહેરી, ઢોલ-નગારા સાથે ગામની પ્રભાત-ફેરી માટે નીકળ્યા. નાના મોટાં સૌ ઉત્સાહથી એમાં જોડાયા. અને છેલ્લે ના. વિ. સ્કૂલમાં ભેગા થયા. હાલમાં શેઠ ના. વિ. શાળાનું સંચાલન સંભાળનાર શ્રી સારસ્વતમ્ સંસ્થાના પ્રમુખ શ્રીમતી વિજયાલક્ષ્મી શેઠના હસ્તે રાષ્ટ્રીય ધ્વજ ફરકાવવામાં આવ્યો. ધ્વજ વંદન બાદ શાળાના વર્તમાન વિદ્યાર્થીઓ અને ઍસ.ઍસ.બી. [SSB (Seema Sashastra Bal)] માં કાર્યરત અને નેપાળ બૉર્ડર પર સેવા બજાવી રહેલા શ્રી પ્રવીણસિંહ સોઢા દ્વારા કરવામાં આવ્યું. હવે આ સ્નેહ મિલનનું કેન્દ્રબિંદુ કહી શકાય એવા ગુરુ-વંદનાનો કાર્યક્રમ હતો. ગુરુ વંદનાની શરૂઆત પહેલાં આ કાર્યક્રમના આયોજનમાં સક્રિય ભૂમિકા ભજવનાર એક તેજસ્વી અને કર્મનિષ્ઠ આદ્યવિદ્યાર્થી શ્રી શંકરલાલ સંક્રાણીને બે મિનિટની મૌન શ્રદ્ધાંજલિ આપવામાં આવી, જેમનું અહીં બે દિવસ પહેલાં જ હાર્ટફેલથી મૃત્યુ થયું હતું. જેમનો મોટો ફાળો આ પ્રસંગની પૂર્વતૈયારીમાં હતો. એમનો એક ફોટો સ્ટેજ પર મૂકવામાં આવ્યો જે સતત એમની હાજરી અને શાળા પ્રત્યેના પ્રેમની પ્રતીતિ કરાવતો હતો. શિક્ષણ કમિટીના કન્વીનર અને મારા મિત્ર વલ્લભ છેડાના વક્તવ્યથી ગુરુવંદના કાર્યક્રમની શરૂઆત થઈ. સૌથી પહેલાં

*સંતોષ કુદરતી દોલત છે જ્યારે ઐશ્વર્ય કૃત્રિમ ગરીબી છે.*

૧૯૫૯માં શાળાની શરૂઆત વખતે આચાર્ય તરીકે જોડાયેલા અને શિક્ષક તરીકેની પોતાની કારકિર્દીની શરૂઆત કરી, કોટડાને પોતાની કર્મભૂમિ બનાવી સતત સાડા ત્રેવીસ વર્ષ સુધી સેવા આપી શાળાને નવી ઊંચાઈએ લઈ ગયા એવા પ્રો. ઑચ્છવલાલ વ્યાસને અને એમના પરિવારજનોને વાજતે ગાજતે જૂના આદ્યવિદ્યાર્થીઓ દ્વારા સ્ટેજ પર લઈ જવામાં આવ્યા. ઉપસ્થિત બધા લોકોએ ઊભા થઈને તાળીઓના ગડગડાટથી એમને વધાવી લીધા. ૯૧ વર્ષની જયેષ્ઠ વયે મહેસાણાથી કોટડા (રોહા) ના સ્નેહ મિલનમાં ઉપસ્થિતિ એ જ એમનો શાળા અને વિદ્યાર્થીઓ પ્રત્યેનો લગાવ અને પ્રેમનું પ્રતીક હતી. આવા આદર્શ શિક્ષકનું શાલ ઓઢાડી પ્રશસ્તિ પત્રક આપી મોમેન્ટોથી સન્માન કરવામાં આવ્યું. ખરેખર આ પ્રસંગ બધાને ભાવવિભોર કરી ગયો.

એક પછી એક ઉપસ્થિત ૨૨ શિક્ષકો અને એમના પરિવારજનોને સ્ટેજ પર લઈ જઈ, શિક્ષકોનું સન્માન કરવામાં આવ્યું. અહીં એ ઉલ્લેખ કરવો જરૂરી છે કે આ ઐતિહાસિક સંમેલનમાં શરૂઆતથી લઈ છેલ્લે સુધી કાર્યરત એવા વર્તમાન આચાર્ય શિક્ષણપ્રેમી શ્રી રણજિતસિંહ ઝાલા અને ના. વિ. સ્કૂલના તમામ સ્ટાફના સંપૂર્ણ સહકાર થકી આ પ્રસંગ દીપી ઉઠ્યો હતો. સાંજે ૫ વાગે શિક્ષણ સેમિનાર રાખવામાં આવ્યો જેનું આયોજન શ્રી રમેશભાઈ દવેએ કર્યું હતું. રમેશભાઈને ગુજરાત સરકાર તરફથી શ્રેષ્ઠ શિક્ષકના એવોર્ડથી નવાજવામાં આવ્યા છે. એમણે ગઢશીશામાં આચાર્ય તરીકે કેટલાંય વર્ષો સુધી સેવા આપી છે. પ્રખર શિક્ષણકાર, માર્ગદર્શક અને વક્તા એવા શ્રી હરેશ ધોળકિયા, રસનિધિ અંતાણી, સંજયભાઈ ઠક્કર વગેરેએ ખૂબ સરળ ભાષામાં શિક્ષણનાં મૂલ્યો, નવી ક્ષિતિજો, Scope વિશે સમજણ આપી. રાત્રે ૮.૩૦ થી ૧૧.૩૦ વાગ્યા સુધી આદ્યવિદ્યાર્થીઓ માટે જૂનાં સંસ્મરણો વાગોળવાનો સમય હતો. વાચકમિત્રો, જ્યારે ૪૦૦-૫૦૦ જણાને પોતાના દિવસો યાદ આવે અને બધાને બોલવાની હોંશ હોય ત્યારે ૩ કલાક ક્યાં પૂરા થવાના હતા! એક પછી એક જૂના પ્રસંગો, રમૂજી કિસ્સાઓ સાંભળ્યા. રાતના ૧૨.૩૦ થઈ ગયા છતાં ઘણાને પોતાના જૂના સંસ્મરણો કહેવાનાં બાકી હતાં. છેલ્લે હાથ જોડી, સૉરી.... બસ, હવે આવતી કાલે... કહીને ગુડ નાઈટ કહી વિરમ્યા.

તા. ૨૭-૧ અને છેલ્લો દિવસ. પણ શરૂઆત જ સોનેરી! સૂરજ આજે 'સન' પર ઊગ્યો હતો. સન અને સન પર આવેલી એ ટેકરી કોટડાની શાન છે. સહુ કોઈનું માનીતું સ્થાન. આજ સવારનો ચા-નાસ્તો સનની ટેકરી પર રાખવામાં આવ્યો હતો. બધા વહેલા ઊઠી સન પર પહોંચી ગયા. આવી અલૌકિક જગ્યાએ આવીને જાણે બધા પોતાના બાળપણમાં પહોંચી ગયા. આખું વાતાવરણ એ નિખાલસ, નિર્દોષ હાસ્ય અને આનંદની ચિચિયારીઓમય થઈ ગયું. સુંદર વૃક્ષો, નીચે મહાદેવનું મંદિર, સામે કોરીકોબો, મોરના ટહુકા અને નારિયેળ જેવું મીઠું પાણી, મિત્રોને એટા-એટી, ફેરાંસળી, ભડ્ડી-ભડ્ડી, કોડી અને ઠેર (લખોટી-ગોટી), ક્રિકેટની રમતો યાદ આવી. નિયાણી બહેનોએ તો નીચે ચોરામાં પહોંચી ગરબા-રાસની રમઝટ બોલાવી. પેરોડીઓ, જૂની કવિતાઓ, લગ્ન ગીતો પણ ગાયાં. આવામાં સમય ક્યાંથી પૂરો પડે? હવે સન પરથી માંડ થોડાં પગલાં પર આવેલી ના. વિ. શાળામાં ૨૦-૨૦ ક્રિકેટ મેચનું આયોજન. વર્તમાન વિદ્યાર્થીઓ વિરુદ્ધ આદ્યવિદ્યાર્થીઓ. એમાં પણ Live Commentry by Johny Lever એટલે કે 'દીપક છેડા.' નાના-મોટા, લેડિઝ, જેન્ટસ, શિક્ષકો, કોઈપણ જ્ઞાતિના હોય બધા આ મેચ જોવા જેને જ્યાં જગા મળી ત્યાં ઓટલા પર, દીવાલો પર, ઝાડના થડ ઉપર જઈ ગોઠવાઈ ગયા અને રસાકસી ભરી મેચને ખૂબ માણી.

હવે આ ઐતિહાસિક સ્નેહ મિલનના સમાપનની વેળા આવી પહોંચી હતી. શેઠ નાગજી વિશ્રામ હાઈસ્કૂલના સ્વપ્ન-દ્રષ્ટા એવા શ્રી છબીલાલ ફૂલજી દવેના ધૂપસળી જેવા પરોપકારી જીવનની ઝાંખી કરાવતું, એમના સુપુત્ર શ્રી રમેશભાઈના હસ્તે લખાયેલું સુંદર પુસ્તક " 'માસ્તર' વૈદ છબીલાલ ફૂલજી દવે"નું વિમોચન વર્તમાન સંસદ સભ્ય અને ધારાસભ્ય શ્રી વિનોદભાઈ ચાવડાના હસ્તે કરવામાં આવ્યું. શ્રી વિનોદભાઈએ પોતાની નિધિમાંથી શેઠ નાગજી વિશ્રામ હાઈસ્કૂલને રૂ. બે લાખનું અનુદાન આપ્યું તથા ભવિષ્યમાં કોઈ પણ કામ માટે પોતે શાળાની પડખે છે અને બનતી મદદ કરવાની ઑફર કરી તથા આવા અદ્ભુત આયોજન માટે બધાને વધાઈ આપી.

આ સ્નેહ મિલનમાં ઉપસ્થિત દરેક જણને એવું લાગતું હતું કે આ કાર્યક્રમ ૩ ને બદલે ૫ દિવસનો હોત તો કેટલી મજા પડત. હજુ તો મિત્રો સાથે ઘણી વાતો કરવાની બાકી છે ત્યાં તો સમય પૂરો થઈ ગયો. બાળપણને આટલાં વર્ષો પછી પાછું તાદશ્યમાન કરનારા આવા પ્રસંગને નિહાળીને અનાયાસે મનમાં કિશોર કુમારના કંઠે ગવાયેલા આ ગીતની પંક્તિઓ યાદ આવી ગઈ : "કોઈ લૌટા દે મેરે બીતે હુએ દિન..." તથા પ્રખ્યાત ગઝલ ગાયક શ્રી જગજિત સિંઘને અનેરી પ્રતિષ્ઠા અને માન અપાવનારી ગઝલના સુંદર શબ્દો જે આબાલ-વૃદ્ધ સૌને વહાલા લાગે છે અને પોતાના બાળપણની યાદ તાજી કરાવે છે, જે કાંઈક આ પ્રમાણે છે :

***"યે દૌલત ભી લે લો, યે શોહરત ભી લે લો,***
***ભલે છીનલો મુઝસે મેરી જવાની;***
***મગર મુઝકો લૌટા દો બચપનકા સાવન,***
***વો કાગઝકી કશ્તી, વો બારિશ કા પાની."***

***કિરણ રતનશી વીસરિયા - કોટડા (રોહા)***
***મો. ૯૩૨૨૨૩૪૮૪૭***

MILAN® MASALA

K. K. MASALAWALA
31, K.N. ROAD, MASJID (W), MUMBAI-400 009.
TEL. : 2377 4209 2375 7674
TELEFAX : 2379 0883

MILAN® MASALA

પ્રેરક પ્રસંગ

# બ્રાયનથી બ્રાયસ સુધી!

• ડૉ. આઈ.કે. વીજળીવાલા •

શિયાળાનો એ અત્યંત ઠંડો દિવસ હતો. અમેરિકાના એક હાઈવે પર સાઈડ પાર્કિંગમાં પોતાની વૈભવશાળી કાર ઊભી રાખીને એક વૃદ્ધ સ્ત્રી કોઈની મદદની રાહ જોતી હતી. ફુલ સ્પીડમાં જતી ઢગલાબંધ ગાડીઓ સામે એણે હાથ હલાવી જોયો હતો, પરંતુ ઠંડી સાંજનો ઝાંખો પ્રકાશ અને અત્યંત ઝડપ તેમજ વરસતા બરફના કારણે કોઈનું ધ્યાન એના પર નહોતું પડતું અને કદાચ કોઈકનું ધ્યાન પડ્યું હશે તો પણ કોઈ ઊભું નહોતું રહ્યું. એ અમીર માજીના ચહેરા પર ચિંતાની રેખાઓ સ્પષ્ટપણે ઊપસી આવી હતી.

એ માજી નિરાશ થઈને પોતાની કારમાં પાછાં બેસવા જતાં હતાં એ જ વખતે એક જૂની અને ખખડધજ કાર એમની કારની પાછળ આવીને ઊભી રહી ગઈ. એમાંથી સાવ લઘરવઘર લાગતો એક ગરીબ હબસી ડ્રાઈવર ઊતર્યો. પેલા પૈસાદાર માજીને બીક લાગી. કાળા માણસો ઘણી વખત આવી એકલી સ્ત્રીઓને લૂંટી લેતા હોય છે અને અમુક કિસ્સામાં મારી પણ નાખતા હોય છે એ વાતનો માજીને બરાબર ખ્યાલ હતો. એટલે એમને વધારે બીક લાગતી હતી.

એ માણસ એમની પાસે આવ્યો. ભય અને ઠંડી બંનેની ભેગી અસરથી માજીના હાથપગ ધ્રૂજવા લાગ્યા. પેલો કાળો માણસ એ માજીના ડરને જાણી ગયો. અત્યંત નરમાશથી એ બોલ્યો : 'મેમ! ગભરાશો નહીં. હું તમને મદદ કરવા માટે આવ્યો છું. તમને એકલાં અટૂલાં અહીં હાઈવે પર ઊભેલાં જોયાં એટલે હું સમજી ગયો હતો કે તમારી કારમાં કંઈક પ્રોબ્લેમ થયો લાગે છે. મારું નામ બ્રાયન છે. હું પૂછી શકું કે તમારી કારમાં શું તકલીફ ઊભી થઈ છે?'

બ્રાયનના વિવેકી અવાજ અને શિષ્ટ વ્યવહારથી માજીની બીક થોડીક ઓછી થઈ. એમને એ સારો માણસ લાગ્યો. એમણે કહ્યું : 'કંઈ વધારે પ્રોબ્લેમ નથી ભાઈ. ફક્ત ડાબી તરફનું આગળનું ટાયર બેસી ગયું છે અને હું એ વ્હીલ બદલી શકું તેમ નથી.'

બ્રાયને જોયું તો કારની ડાબી તરફનું આગળનું વ્હીલ બેસી ગયું હતું, પરંતુ એક વૃદ્ધ સ્ત્રી માટે તો એ પણ એક અઘરું કામ જ હતું. બ્રાયને એમની ડીકીમાંથી જેક તેમ જ પાના-પક્કડ કાઢ્યાં. પછી માજીને કહ્યું : 'માજી! તમે એક કામ કરો. ગાડીમાં બેસી જાઓ. ત્યાં તમને ઠંડી ઓછી લાગશે.'

માજી ગાડીમાં બેસી ગયાં. બ્રાયને વ્હીલ બદલવાનું શરૂ કર્યું.

પેલા માજીની બીક હવે સાવ જતી રહી હતી. કોઈ અજાણ્યો માણસ પોતાને મદદ કરી રહ્યો હતો અને પોતે ગાડી બંધ કરીને બેઠાં હતાં એ એમને યોગ્ય ન લાગ્યું. એમણે બારીનો કાચ ઉતારીને બ્રાયન સાથે વાત શરૂ કરી : 'ભાઈ! હું તમારો આભાર કઈ રીતે માનું? જો તમે ન ઊભા રહ્યા હોત તો આજે રાત્રે આવા નિર્જન હાઈવે પર હું શું કરત? એકાદ કલાકમાં તો સાવ અંધારું પણ થઈ જશે.'

'માજી! મુશ્કેલીમાં ફસાયેલાને મદદ કરવાની આપણી ફરજ છે અને હું ફક્ત એટલું જ કરી રહ્યો છું જે માટે આ સમયે કરવું જોઈએ. તમે કઈ તરફ જઈ રહ્યાં છો?' વ્હીલ બદલતા બ્રાયને કહ્યું.

'હું સેંટ લૂઈ જઈ રહી છું. ત્યાં જ રહું છું.' માજીએ જવાબ આપ્યો. પછી પૂછ્યું : 'ભાઈ બ્રાયન! તમે કામ શું કરો છો?'

કારના વ્હીલનો છેલ્લો બોલ્ટ ફીટ કરીને બ્રાયન ઊભો થયો. એની આંખમાં આંસુ આવી ગયાં. ડીકીમાં પંક્ચર થયેલું વ્હીલ અને જેક વગેરે મૂકતાં એ બોલ્યો : 'સાવ બેકાર છું! છેલ્લા બે મહિનાથી મારી પાસે કોઈ કામ નથી.'

એટલું કહી એ પોતાની કાર તરફ જવા રવાના થયો.

અચાનક જ પેલાં માજી પોતાની કારમાંથી ઊતરીને એની પાસે આવ્યાં. પર્સમાંથી થોડાક ડોલર્સ કાઢી એને આપવા લાગ્યાં, પરંતુ બ્રાયને એ લેવાનો સ્પષ્ટ ઈન્કાર કરી દીધો. પોતાની ગાડીનો દરવાજો ખોલતાં એણે એટલું કહ્યું કે કોઈ પણ દુઃખી વ્યક્તિ દેખાય તો માજીએ એને મદદ કરવી. હા! એ વખતે બ્રાયનને એ યાદ કરી લે તો પણ વાંધો નહિ!

એ પોતાની ગાડીમાં બેસી ગયો. માજીએ પોતાની ગાડી તરફ જતાં પૂછ્યું : 'ભાઈ બ્રાયન! આગળ નજીકમાં કોઈ રેસ્ટોરન્ટ હશે ખરું? તમે અહીંના લાગો છો એટલે પુછું છું.'

'હા માજી! અહીંથી થોડાક કિલોમીટર્સ આગળ જશો એટલે એક નાનકડું ટાઉન આવશે. ત્યાં હાઈવે પર એક રેસ્ટોરન્ટ છે. હું પણ એ જ ટાઉનમાં રહું છું. ચાલો, આવજો!' બ્રાયને વિદાય લેતા કહ્યું.

એનો અદ્‌ભુત વ્યવહાર જોઈને માજી આશ્ચર્યચકિત થઈ ગયાં. થોડી વાર એમ જ પોતાની કારમાં બેઠાં રહ્યાં પછી ધીમે ધીમે એમણે પણ પ્રયાણ કર્યું.

થોડાક કિલોમીટર્સ દૂર ગયા પછી રોડસાઈડમાં જ એક રેસ્ટોરન્ટ એમણે જોયું. એમણે ગાડી પાર્ક કરી અને અંદર ગયા. રેસ્ટોરન્ટ સાવ નાનકડું જ હતું અને એટલું બધું સારું પણ નહોતું. પરંતુ થોડીક પેટપૂજા માટે ચાલશે એવું વિચારી એમણે પોતાની જગ્યા લીધી. આમેય આટલી મોડી સાંજે અને એ ઉંમરે સારા રેસ્ટોરન્ટની શોધમાં ભટકવાનું એમને યોગ્ય ન લાગ્યું.

*જીવન એટલે પ્રેમ અને શ્રમની સરિતાઓનો સંગમ.*

'હેલ્લો મેમ! ગુડ ઈવનિંગ! હું તમારી શું સેવા કરી શકું? શું લેવાનું પસંદ કરશો?' એક પ્રેમાળ અવાજે એમને વિચારોમાંથી બહાર લાવી દીધા. માજીએ જોયું તો એક વેઈટ્રેસ એમનો ઓર્ડર લેવા માટે ઊભી હતી. એ થાકેલી લાગતી હતી, પરંતુ પ્રેમાળ હાસ્ય સાથે પૂછી રહી હતી. માજીના ભીના વાળ લૂછવા માટે એણે નેપકિન આપ્યો. પાણી મૂક્યું. માજી જોઈ રહ્યાં. એ વેઈટ્રેસને પૂરા મહિના જતા હતા. પ્રેગનન્સીના છેલ્લા મહિનાઓમાં પણ એ કામ કરી રહી હતી. એ પણ આવા ફાલતુ રેસ્ટોરન્ટનું થકવી નાખતું કામ એને કરવું પડતું હશે. માજીને થયું કે સ્ત્રીની આર્થિક હાલત કેટલી ખરાબ હશે કે આવા છેલ્લા દિવસોમાં પણ એ આવું દોડાદોડી અને શ્રમવાળું કામ કરી રહી હતી. આ બધું વિચારતાં એમણે પોતાનો ઑર્ડર નોંધાવ્યો. થોડીવારમાં એમણે મંગાવેલ વાનગી પેલી વેઈટ્રેસ મૂકી ગઈ.

જમવાનું પતાવીને માજીએ બિલ મગાવ્યું. બિલ ફક્ત થોડા ડોલર્સ જ થતું હતું છતાં માજીએ ૧૦૦ ડોલરની નોટ મૂકી. વેઈટ્રેસ છુટ્ટા પૈસા લેવા ગઈ. એટલી વારમાં જ હળવેથી એ માજી ત્યાંથી રવાના થઈ ગયાં.

વેઈટ્રેસે છુટ્ટા લઈને પાછી આવી ત્યારે માજી ત્યાં નહોતાં. પ્લેટ પાસે બીજી એક ૧૦૦ ડોલરની નોટ પડી હતી. બાજુમાં પડેલા પેપર નેપકીન પર લખેલું હતું કે, 'ડિયર! આ બધા જ પૈસા તારી ટીપના છે. તારે મને કંઈ જ પાછું આપવાનું રહેતું નથી. હું પણ થોડાક કલાકો પહેલાં મુશ્કેલીમાં હતી ત્યારે કોઈકે મને નિઃસ્વાર્થ મદદ કરી હતી. એ વ્યક્તિના કહેવા મુજબ હું તને મદદ કરી રહી છું. આપણે બધાએ બીજાને મદદરૂપ થવાની આ ભાવનાને અને નિઃસ્વાર્થ પ્રેમની આ સરવાણીને જીવંત અને વહેતી રાખવી જોઈએ!'

વેઈટ્રેસની આંખમાં આંસુ આવી ગયાં. પંદર દિવસ પછી જ એની ડિલિવરી થવાની હતી. આવનાર બાળક માટે જરૂરી ચીજવસ્તુઓ, કપડાં વગેરે લેવા માટે જાણે ભગવાને જ મદદ મોકલી હોય એવું એને લાગ્યું.

સાંજનું થકવી નાખતું કામ પતાવી, બધાં ટેબલ સાફ કરી ઘરે જતી વખતે એ વેઈટ્રેસને સતત એ જ વિચાર આવતો હતો કે પેલાં માજીને કઈ રીતે અંદાજ આવી ગયો હશે કે પોતે ખૂબ જ આર્થિક મુશ્કેલીમાં છે? આમ તો એને આખી ઘટના એક ચમત્કાર જેવી જ લાગતી હતી. ઘરે પહોંચી આ બધા વિચારોમાં જ એણે પથારીમાં લંબાવ્યું. પોતાના પતિના મોં પર પણ અત્યંત ચિંતાઓ લીંપાયેલ જોઈને એણે એના માથા પર હાથ ફેરવ્યો અને કહ્યું : 'બધું જ ઠીક થઈ જશે. તું જરાય ચિંતા કરતો નહીં. ભગવાને આપણા માટે પૈસાની વ્યવસ્થા કરી દીધી છે, બ્રાયન!'

બ્રાયન આશ્ચર્ય અને રાહતભરી નજરે પોતાની પત્ની સામે જોઈ રહ્યો.

***સૌજન્ય : "તમન્ના"***

## સૌને ક્ષમાપના....

**(રાગ : હે પંખીડા જાજો વીરાના દેશમાં *અથવા* હે ચંદ્રમા કહેજે કરોડ મારી વંદના)**

*અવેરી થઈને ભૂલીજા તું આ વેરની ભાવના,*
*હે આતમા માંગી લે તું ક્ષમાપના.*
*જાણતે અજાણતે મનદુઃખ થયા આપ સૌના,*
*હે આતમા માંગી લે તું ક્ષમાપના.*
*જો આત્મા થશે સાફ, તો જોવા મળશે પરમાતમા,*
*હે આતમા માંગી લે તું ક્ષમાપના.*
*શું લાવ્યાતા ને શું લઈ જવાના આ આ જગમાં,*
*હે આતમા માંગી લે તું ક્ષમાપના.*
*"રશ્મિન" કહે સૌ હેતે ભેટીને, વધારીયે પ્રેમની ભાવના,*
*હે આતમા માંગી લે તું ક્ષમાપના.*

## સૌને ખમાવીએ

*ખમાવીએ સૌ વેરીને, વહાવી પ્રેમના ઝરણા;*
*"રશ્મિન" મહેકી ઊઠે વસુંધરા, એજ સાચા ખમતખામણા.*

***"રશ્મિનનો રણકાર : ભાગ-૩" માંથી સાભાર***

## મોબાઈલ જ્યું ખૂબીયું ગાગરમેં સાગર....!

ઈનમેં ઘડિયાળ - કેમેરો ને બેટરી, બૈ સંગીત સુણેજી સગવડ આય
SMS, E-mail કરેજી ને ટેલીફોન ડાયરીજી વડી વ્યવસ્થા આય. (૧)
'ફેસ બુક'થી દેશ-વિદેશમેં ને 'વોટ્સ ઍપ'થી સજે ગ્રુપમેં સમાચાર પુજાય
ધુનિયાજો ભોમિયો ભની, ધુનિયાજા ખૂણે ખૂણા વતાય. (૨)
સૅલ્ફીસેં માડુ પિંઢજો ફોટો પિંઢ પાડે ને બેકે વતાય
વિડીયો કૉલીંગ સેં દેશ-વિદેશમેં, જાણે રૂબરૂબ ગાલ કરાય (૩)
કોમ્પ્યુટરજા પણ ઈ કમ કરે, એળી ઈનમેં સવલત આય
કિતરાક ત ઘર વૈને મોબાઈલસેં, લખ્ખેંજો ધંધો કરીયેં તાય (૪)
ટ્રેન ને પ્લેન જ્યું ટિકિટું, ઘરે વૈને ડે કઢાય
મોબાઈલ બેંકીંગથી, બેંકેજા વ્યવહાર ડે પતાય (૫)
રૂબરૂ મિલેજો ઓછો કરાય, ઐં કીડાં-પ-હોત જભાન સે ઈ મિલાય
અચ-વિનજા ખર્ચા ભચાય ને, સસ્તેમેં આંસેં ગાલ કરાય. (૬)
હયમચાંય ઈ ક્રાંતિકારી મોબાઈલ, ધુનિયાકે વટ્ટે કરે ઝડપી 'એક્ટીવ' ભનાય
કૈ સુવિધાંઉ ડૈ ઈ મોબાઈલ ત જાણે, ગાગરમેં સાગર ડીને સમાય. (૭)

***આ મોબાઈલની કવિતા રશ્મિન્ ખોના પાસેથી સાભાર***

**।। સૌને મિચ્છામિ-દુક્કડમ્ સહ.... ।।**

**સૌ. લીનાબેન હંસકુમાર શાહ – મે. હેમંત સર્જીકલ ઈ. લી.**

૧૪૦૩, શોભા સુમન, ચૌદમે માળે, ડૉ. મદનમોહન માલવિયા રોડ,
ટેલીફોન એક્ષચેન્જની સામે, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦. ફોન : ૨૫૬૮૬૧૦૨

ચિંતન

# આંખ નથી, હામ તો છે

• દિનેશ ઓધવજીભાઈ બગિયા •

## એક પ્રજ્ઞાચક્ષુ માનવીએ માની ન શકાય એટલી જવાબદારી નિભાવી જાણી : ટ્રેનમાં ચોકલેટ વેચીને દીકરાને કરાવ્યું એમ.બી.એ.

પિન્ટુને જુનિયર કે.જી.માં ઍડમિશન માટે ત્રણ લાખનું ડોનેશન આપવાની વાત સાંભળીને જ પપ્પાને પરસેવો વળી ગયો. દીકરાને એમ.બી.બી.એસ. કરાવવાનો ખર્ચ જાણીને ધનસુખલાલની રાતની ઊંઘ હરામ થઈ ગઈ. તન્વીને એમ.એસ. કરાવવા અમેરિકા મોકલવાની માથાકૂટ કરીને ડૉ. માલપાણીને બ્લડપ્રેશર રહેવા માંડ્યું અને...

પરંતુ લક્ષ્મણ રાવ છોકરાવના ભણતરના નામે ન પરસેવે રેબઝેબ થયા, ન ઊંઘ હરામ થઈ કે ન બીપીનો પ્રોબ્લેમ થયો. ઘણાંને થાય કે આમાં કઈ મોટી ધાડ મારી? કેટલાંક માતા-પિતા હસતા-રમતા સંતાનોને ભણાવી ગણાવીને જીવનમાં સફળતા ભણી આગળ ધપાવે છે. આ લક્ષ્મણ રાવે પોતાના ત્રણ-ત્રણ છોકરાને ભણાવી ગણાવીને જીવનમાં સ્થિર કરાવ્યા છે. આમાં લક્ષ્મણ રાવની સિદ્ધિ શું એ જાણવું હોય તો હાવડા-મુંબઈ મેલમાં રાયપુરથી ગોંદિયા વચ્ચે મુસાફરી કરી જવી, લક્ષ્મણ રાવ સાથે ચોક્કસ મુલાકાત થશે જ.

હા, લક્ષ્મણ રાવ હાવડા-મુંબઈ મેલમાં હોય જ. કહી શકાય કે તેઓ રોજ બાર કલાક ટ્રેનમાં વિતાવે છે. ટ્રેનમાં ચોકલેટ વેચવાનો ધંધો. આમાં કઈ અસાધારણ ન લાગે, પણ લક્ષ્મણરાવ દૃષ્ટિહીન હોવાની ખબર પડે ત્યારે નવાઈ લાગે કે નહીં?

આ લક્ષ્મણ રાવનો જન્મ જ પ્રજ્ઞાચક્ષુ તરીકે થયો. આ આફત ઓછી હોય એમ બાર વર્ષની ઉંમરે મા બાપનું છત્ર ખોઈ બેઠા. હવે આખા પરિવારની જવાબદારીનો ભાર માથા પર આવી પડ્યો. પરંતુ લક્ષ્મણ રાવ જરાય પાછા ન પડ્યા.

હા, ભાઈને લઈને લક્ષ્મણ રાવ રાયપુર રહેવા જતા રહ્યા. પોતાના ભાઈનું ભરણપોષણ કર્યું, ભણાવ્યો અને પરણાવી દીધો. પરંતુ લગ્ન બાદ નાના ભાઈને હવે લક્ષ્મણ રાવની જરૂર ન રહી. એ પત્નીને લઈને ભાઈથી અલગ રહેવા જતો રહ્યો. આ લાગણીભર્યા ફટકાથી હતાશ થઈને માથા પર હાથ મૂકીને બેસી રહેવાને બદલે લક્ષ્મણ રાવ જીવનમાં આગળ વધ્યા. તેમણે પોતે લગ્ન કરી લીધાં. પત્ની દયમંતી આદર્શ જીવનસંગિની પુરવાર થઈ. સારા-નરસા સમયમાં સદાય પતિને સાથ આપ્યો, હસતા-હસતાં.

લક્ષ્મણ રાવ રોજ ટ્રેનમાં ચોકલેટ, પીપરમેન્ટ અને બીજી ચીજવસ્તુઓ વેચે. જીવન-નિર્વાહ થતો રહે. ત્રણ બાળકો થયાં. આમાં સૌથી નાનો ચંદન પણ પ્રજ્ઞાચક્ષુ. વચ્ચે કોઈએ સલાહ આપી એટલે રાયપુરની બ્લાઈન્ડ ક્લબમાં ૩૦ વર્ષ અગાઉ આંખ મેળવવા માટે અરજી નોંધાવી. પરંતુ આજ સુધી કોઈ નેત્રદાતા ન મળ્યો. પરંતુ લક્ષ્મણ રાવ જરાય હતાશ થયા વગર જીવન-રથ આગળ હંકારતા જ રહ્યા. રોજરોજ બાર-બાર કલાક ટ્રેનમાં ચોકલેટ અને પીપરમિન્ટ વેચતા રહે. ઘર ચલાવવાની સાથે બાળકોનું ભરણપોષણ તો કરવાનું જ હોય. વિકલ્પ ક્યાં હોય? પરંતુ લક્ષ્મણ રાવે ત્રણેય સંતાનોને ભણાવ્યાં. બે દીકરા ટી. શ્રીનિવાસ રાવ અને બાલકૃષ્ણ નોર્મલ સ્કૂલમાં ભણે તથા નાનો ચંદન પ્રજ્ઞાચક્ષુઓ માટેની શાળામાં ભણે અને આગળ વધે. ટ્રેનમાં કોઈક પ્રજ્ઞાચક્ષુ સમજીને પૈસા આપે પણ લક્ષ્મણ રાવ ક્યારેય ન સ્વીકારે. મને માત્ર મહેનતની કમાણી ખપ લાગે.

આવા ઝિંદાદિલ લક્ષ્મણ રાવની હિંમત તો જુઓ. અત્યારે સૌથી મોટો દીકરો ટી. લક્ષ્મણ રાવ વિશાખાપટ્ટનમમાં નોકરી કરે છે. વચલા પુત્ર બાલકૃષ્ણે પુણેની જાણીતી શૈક્ષણિક સંસ્થા સિમ્બાયસિસમાંથી એમ.બી.એ. કરી લીધું અને રાષ્ટ્રીયકૃત બેન્કમાં કેશિયરના હોદ્દા પર કાર્યરત છે. સૌથી નાના પુત્ર ચંદનને બ્રેઈલ લિપિમાં શિક્ષણ મેળવવાને લીધે નવી દિલ્હી બ્લાઈન્ડ હોસ્ટેલમાં નોકરી મળી ગઈ છે.

આજે ત્રણ-ત્રણ દીકરા અને એ પણ એકદમ વ્યવસ્થિત કારકિર્દીમાં આગળ વધવા છતાં લક્ષ્મણ રાવે ટ્રેનમાં ચોકલેટ વેચવાનું બંધ કર્યું નથી. બધા સમજાવે છે કે હવે છોકરા કમાતા-ધમાતા થયા, આ ગધ્ધાવૈતરું છોડી દો. પરંતુ લક્ષ્મણ રાવ ધરાર ન માને. ભલે ન દેખાતી પણ અઠ્ઠાવનની છાતીવાળા લક્ષ્મણ રાવ મક્કમ સૂરે જવાબ આપે : જે દિવસે ટ્રેનથી વિખૂટો પડી જઈશ ત્યારે મારું જીવન જ ઠપ્પ થઈ જશે.

ઘણી નાનીસૂની અને ક્યારેક તો એકદમ કપોળકલ્પિત સમસ્યાઓને લીધે પાગલ, અડધા-ગાંડા કે ઘાંઘા થઈને જીવવાનું ભૂલી જાય છે અને બીજાનું જીવવાનું દુષ્કર બનાવી દે છે, તેમણે લક્ષ્મણ રાવ વિશે વિચારવું જોઈએ. આ માણસે પરિવારને સાચવ્યો. ભાઈને ભણાવ્યો પરણાવ્યો, પોતાનું ઘર વસાવ્યું અને આજના મોંઘવારીના કપરા સમયમાં ત્રણ-ત્રણ દીકરાને મોટા કર્યા, ભણાવ્યા અને ઉચ્ચ શિક્ષણ આપ્યું.

લક્ષ્મણ રાવ કોઈ આપદા-આફત જોયા વગર જીવતા ગયા, જીતતા ગયા પણ આપણે તો આ જીવતા જાગતા માણસને જોઈ શકીએ છીએને? સચમુચ, હર ફિક્ર કો ધુએં મેં ઉડાતા ચલા ગયા... લક્ષ્મણ રાવને અભિનંદન અને આપણે પણ તેમાંથી પ્રેરણા મેળવી આગળ વધીએ. વિકલાંગતાથી ડરીએ નહિ અને તેમાંથી પણ કોઈ માર્ગ કાઢી આગળ પ્રગતિ કરતાં રહીએ તે જ માનવની પરીક્ષા છે. તેમાં સફળ થવા પૂરા પ્રયત્નો કરીએ.

***સૌજન્ય : "પંગુમિત્ર"***

*પ્રાર્થના સવારની ચાવી અને સંધ્યાકાળની સાંકળ છે.*

વિકાસની હરણફાળ

# વિશ્વની મહાસત્તાઓને ભારતનો જડબાતોડ જવાબ GSLV રોકેટ

**આગામી બે વર્ષમાં અમેરિકા, રશિયા, યુરોપ, જાપાન અને ચીન સાથે ભારત અંતરિક્ષમાં ખભેખભા મિલાવશે, એનું નિમિત્ત બનશે GSLV**

*જ્યારે આખો દેશ પાટીદાર આંદોલન અને શીના બોરા મર્ડર કેસથી છવાયેલા અખબારો અને ન્યૂઝ ચેનલ વચ્ચે અટવાયેલો હતો ત્યારે એટલે કે ૨૭મી ઓગસ્ટે ભારતના મુઠ્ઠીભર વિજ્ઞાનીઓએ પોતાનું અને દેશનું મનોબળ મક્કમ કરતી એક સિદ્ધિ હાંસલ કરી હતી. જીઓસિન્ક્રોનસ સેટેલાઈટ લોન્ચ વ્હીકલ એટલે કે **GSLV** નામનું રોકેટ આ દિવસે ઈસરોના શ્રીહરિકોટા લોન્ચ પેડ પરથી ઊડ્યું હતું. આ રોકેડ ઉડાડવા માટે જે એન્જિનનો ઉપયોગ થયો હતો એ ક્રાયોજેનિક એન્જિન સફળતાપૂર્વક કામ કરી ગયું એ ભારતીય વિજ્ઞાનીઓની સૌથી મોટી સિદ્ધિ હતી. કારણકે આ એન્જિનના સહારે ભારતે આખી દુનિયા મોઢામાં આંગળાં નાંખી જાય તેવી બીજી અનેક સિદ્ધિઓ હાંસલ કરવાની છે.*

### • GSLV - MkII :

ભારતની અંતરીક્ષ સંશોધન સંસ્થા ઈસરો એક સાથે બે પ્રકારનાં GSLV રોકેટ પર કામ કરી રહી છે. જાન્યુઆરી અને ઓગસ્ટમાં જે સ્વદેશી ક્રાયોજેનિક એન્જિનના સફળ પ્રયોગ સાથે GSLV રોકેટે ઉડાન ભરી હતી તે મેક-ટુ Mk II ની ક્ષમતાનું હતું. આ રોકેટની મહત્તમ ક્ષમતા ૨૫૦૦ કિલોગ્રામ ઉપગ્રહને અંતરીક્ષમાં પહોંચાડવાની છે. ૫૦ મીટરની ઊંચાઈ અને ત્રણેક મીટર જેટલો વ્યાસ ધરાવતું આ ગંજાવર રોકેટ ૪.૧૪ લાખ કિલોગ્રામનું વજન ધરાવે છે.

**GSLV MkII**

**ઊંચાઈ** : ૪૯.૧૩ મીટર (૧૬૧.૨ ફૂટ)

**વ્યાસ** : ૨.૮ મીટર (૯.૨ ફૂટ)

**વજન** : ૪૧૪,૭૫૦ કિલોગ્રામ

**વજન વહન કરવાની ક્ષમતા** : ૨૫૦૦ કિલોગ્રામ

**ખર્ચ** : એક ફ્લાઈટનો ખર્ચ સરેરાશ રૂા.૨૨૦ કરોડ

**હવે પછીનું મિશન** : ૨૩૩૦ કિલોનો GSAT-9 ઉપગ્રહ

### • GSLV MkIII :

મેક-ટુ ના તમામ ફિચર્સને અપડેટ કરીને ઈસરોના વિજ્ઞાનીઓ GSLV MkIII વર્ઝન ઉપર પણ કામ કરી રહ્યા છે. વર્ષ ૨૦૧૬ના ડિસેમ્બર સુધીમાં GSLV Mk-III ની બીજી ફ્લાઈટનું આયોજન કરવામાં આવી રહ્યું છે. ૪૪ મીટરની ઊંચાઈ ધરાવતા આ રોકેટનો વ્યાસ ચાર મીટરનો છે. જ્યારે તેનું કુલ વજન ૬.૪૦ લાખ કિલોગ્રામ થાય છે. કારણકે મેક-થ્રી ને ઇસરો પાંચ હજાર કિલોગ્રામનો ઉપગ્રહ પૃથ્વીથી ૩૬,૦૦૦ કિલોમીટરની ઊંચાઈ સુધી પહોંચાડવા માટે બનાવી રહ્યું છે. આ રોકેટનો પહેલો અને આંશિક પ્રયોગ વર્ષ ૨૦૧૪માં ૧૮મી ડિસેમ્બરે થઈ ચૂક્યો છે. તે વખતે ક્રૂ મોડ્યુલ એટમોસ્ફિયરીક રિ-એન્ટ્રી એક્સપરિમેન્ટ (CARE) નામના એક યાનને GSLV Mk-III રોકેટે પૃથ્વીથી ૨૦૦ કિલોમીટર ઊંચે પહોંચાડ્યું હતું. આ મોડ્યુલ પહેલા ભારતીય એસ્ટ્રોનોટને અંતરીક્ષમાં મોકલવા માટે તૈયાર કરવામાં આવ્યું છે, જેનું કુલ વજન ૩૭૩૫ કિલોગ્રામ હતું. આ ફ્લાઈટમાં મોડ્યુલની ક્ષમતાઓ ચકાસવામાં આવી હતી, જે તમામ રીતે સફળ રહી હતી. એનો અર્થ એ થયો કે ભારત આજે નહીં, પણ ૧૦ વર્ષ પછી પહેલા ભારતીયને અંતરીક્ષમાં મોકલશે તો તે GSLV Mk-III રોકેટ દ્વારા જ મોકલવામાં આવશે.

**GSLV MkIII**

**ઊંચાઈ** : ૪૩.૪૩ મીટર (૧૪૨.૫ ફૂટ)

**વ્યાસ** : ૪ મીટર (૧૩.૧ ફૂટ)

**વજન** : ૪૧૪,૭૫૦ કિલોગ્રામ

**વજન વહન કરવાની ક્ષમતા** : ૫૦૦૦ કિલોગ્રામ

**ખર્ચ** : એક ફ્લાઈટનો ખર્ચ સરેરાશ રૂા.૩૬૦ કરોડ

**હવે પછીનું મિશન** : ૩૫૦૦ કિલોનો GSAT-19E ઉપગ્રહ

### • દુનિયાનું સૌથી સસ્તું રીલાયેબલ રોકેટ :

ભારતીય વિજ્ઞાનીઓએ એ વાત સાબિત કરી દીધી છે કે તેના તમામ પ્રોજેક્ટ દુનિયાના સૌથી સસ્તા છતાં રિલાયેબલ ટેકનોલોજી ધરાવે છે. મંગળયાન જ્યારે પ્રતિ કિલોમીટર માત્ર સાત રૂપિયાના ખર્ચે પહોંચ્યું ત્યારે આખી દુનિયાએ ભારતની આ કાબેલિયત માની લીધી હતી. ઓગસ્ટ ૨૦૧૫માં GSLV MkII ની ફ્લાઈટ પાછળ ઈસરોને ૨૨૦ કરોડની આસપાસનો ખર્ચ થયો હતો. જો આવું જ રોકેટ યુરોપ, અમેરિકા કે રશિયા દ્વારા લૉન્ચ કરવામાં આવે

*સજા આપવાનો અધિકાર માત્ર તેને જ છે, જે પ્રેમ કરે છે.*

તો તેમનો ખર્ચ ૪૦૦ કરોડને આંબી જાય છે. ક્રાયોજેનિક એન્જિન ટેકનોલોજી ધરાવતા રોકેટ દ્વારા દુનિયાના અન્ય દેશોને તેમના ઉપગ્રહ ભ્રમણ કક્ષામાં મૂકી આપવાના બિઝનેસ પર અમેરિકા, રશિયા, યુરોપ, જાપાન અને ચીનની મોનોપોલી છે. આ મોનોપોલી તોડવા માટે ભારત તૈયાર છે. ઈસરોના વિજ્ઞાનીઓએ GSLV રોકેટનું માર્કેટિંગ શરૂ કરી દીધું છે. ઉપરોક્ત પાંચેય મહાસત્તાઓને જે ડર હતો એ હવે સાચો પડી રહ્યો છે. કારણકે ભારત તેમના કરતાં બહુ ઓછી કિંમતે ગરીબ દેશોને સસ્તા ભાવે ઉપગ્રહ અંતરીક્ષમાં મૂકી આપશે.

## • GSLV MkIIIની સૌથી મોટી ઉડાન :

ડિસેમ્બર ૨૦૧૬ના જૂન કે જુલાઈ મહિનામાં GSLV MkII (મેક-ટુ)ની નેક્સ્ટ ફ્લાઈટનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ રોકેટ GSAT-9 નામના ઉપગ્રહને અંતરીક્ષમાં મૂકશે. ૨૩૩૦ કિલોનું વજન ધરાવતા આ ઉપગ્રહની ખાસિયત એ છે કે તેમાં ગગન નામની ભારતની પોતાની GPS નેવિગેશન સિસ્ટમ છે. તેનો ઉપયોગ માત્ર ને માત્ર ભારતીય લશ્કર, ઍરફોર્સ અને નેવી દ્વારા થવાનો છે. ૧૨ વર્ષની લાઈફ ધરાવતા આ ઉપગ્રહનો ઉપયોગ એર ટ્રાફિક કંટ્રોલ માટે પણ થશે. જ્યારે ભારતના અંતરીક્ષના ઇતિહાસની સૌથી મોટી ઉડાન GSLV MkIII ડિસેમ્બર ૨૦૧૬માં યોજવાની તૈયારીઓ ચાલી રહી છે. આ ઊડાનમાં GSAT-19E નામનો ઉપગ્રહ છોડવામાં આવશે, જેનું વજન ૩૫૦૦ કિલો રાખવામાં આવશે. આટલો વજનદાર ઉપગ્રહ ભારતીય રોકેટ દ્વારા અત્યાર સુધી નથી છોડવામાં આવ્યો. આ ઉડાન સફળ રહેશે એટલે ભારત ઉપરોક્ત પાંચેય મહાસત્તાઓના મોઢે સણસણતો તમાચો મારશે અને છાતી ઠોકીને તેમની હરોળમાં આવી જશે. કારણકે GSLV MkIII ને પાંચ હજાર કિલોગ્રામ સુધીનું વજન ધરાવતા ઉપગ્રહ છોડવા માટે તૈયાર કરવામાં આવી રહ્યું છે. તેના માટે ભારતીય વિજ્ઞાનીઓ વધુ શક્તિશાળી ક્રાયોજેનિક એન્જિન તૈયાર કરી રહ્યા છે. તેના સંખ્યાબંધ પરીક્ષણોમાંનું છેલ્લું પરીક્ષણ ગત મહિને સફળ રહ્યું હતું. ૮૦૦ સેકન્ડ માટે શક્તિશાળી ક્રાયોજેનિક એન્જિન ઈસરોની લેબમાં ૮૦૦ સેકન્ડ માટે ચાલુ કરવામાં આવ્યું હતું.

### ક્રાયોજિનેક એન્જિનની ખાસિયત શું છે?

*માઈનસ ૨૫૩ ડિગ્રી સેન્ટીગ્રેડના તાપમાને લિક્વિડ હાઈડ્રોજન અને લિક્વિડ ઓક્સિજનનો બળતણ તરીકે ઉપયોગ કરતા આ એન્જિનની ક્ષમતા એટલી જબરદસ્ત છે કે ૨૫૦૦ કિલોગ્રામ વજન ઉપાડીને રોકેટ પૃથ્વીની સપાટીથી ૩૬,૦૦૦ કિલોમીટર ઊંચે આવેલી ભ્રમણકક્ષામાં કોઈપણ ઉપગ્રહ સ્થાપિત કરી શકે છે. આમ કરવા માટે રોકેટે માત્ર આટલું જંગી વજન જ નથી ઉપાડવાનું, પરંતુ પૃથ્વી પર વર્તાતા ગુરુત્વાકર્ષણ બળને નાથીને ઊંચે ચડવાનું હોય છે. તેના માટે એન્જિનમાં પ્રચંડ તાકાત જોઈએ. ભારતના સૌથી ભરોસાપાત્ર PSLV રોકેટે આટલી ઊંચાઈએ જવું હોય તો માત્ર ૧૪૦૦ કિલોથી ઓછું વજન ઉપાડી શકે છે. ૧૯૯૪થી ભારતીય વિજ્ઞાનીઓ GSLV માટે ક્રાયોનેજિક એન્જિન રશિયા પાસેથી મળે તેવી આશા રાખતા હતા, પરંતુ ૨૦૦૦ કિલોથી વધુ વજન ધરાવતાં રોકેટ છોડવામાં રશિયા, અમેરિકા, જાપાન, યુરોપ અને ચીનની મોનોપોલી જળવાઈ રહે અને ભારતનો તેમાં સમાવેશ ન થાય એ નાતે ક્રાયોજેનિક ટેકનોલોજી કોઈ ભારતને આપવા તૈયાર નહોતું. ભારતીય વિજ્ઞાનીઓએ અથાગ પરિશ્રમ કરીને સ્વદેશી ક્રાયોજેનિક એન્જિન વિકસાવ્યું, જેનું પહેલું પરીક્ષણ જાન્યુઆરી ૨૦૧૫માં થયું હતું અને બીજું ઓગસ્ટ ૨૦૧૫માં. લગાતાર બે અલગ અલગ ક્રાયોજેનિક એન્જિનના સફળ ઉપયોગે ભારતની ક્રાયોજેનિક એન્જિન બનાવવાની ક્ષમતા પર ભરોસાની મહોર મારી દીધી છે.*

## • ક્ષમતાઓનો વિસ્તાર જરૂરી :

અત્યારે ભારત GSLV ની બે ફ્લાઈટ અને PSLV ની બે ફ્લાઈટનું આયોજન કરી શકે છે. કારણકે ઈસરો પાસે માત્ર બે લૉન્ડ પૅડ ઉપલબ્ધ છે. એક રોકેટ લૉન્ચ કરવા માટે વિજ્ઞાનીઓ, એન્જિનિયરો અને કુશળ પ્રોફેશનલની ફોજ, લૉન્ચ પૅડ અને અઢળક ભંડોળની જરૂર પડે છે. ઈસરોના જણાવ્યા મુજબ હાલ તેઓ ત્રીજા લૉન્ચ પૅડની તૈયારીઓ આરંભી ચૂક્યા છે. પરંતુ જો પાડોશી ચીનની જ વાત કરીએ તો ચીન દર વર્ષે GSLV MkIII જેવાં પાંચ રોકેટ છોડી શકવાની ક્ષમતા ધરાવે છે. જ્યારે અમેરિકાની સ્પેસ એજન્સી નાસા અને યુરોપિયન સ્પેસ એજન્સી વર્ષની ૨૫-૨૫ ફ્લાઈટ ઑપરેટ કરે છે. ભારતે આ ક્ષમતા વિકસાવવા અને વિસ્તારવા માટે આ ક્ષેત્રે મોટું મૂડી અને મૅનપાવરનું રોકાણ કરવું પડે એમ છે અને તેનો બધો આધાર કેન્દ્ર સરકારની મંશા પર આધાર રાખે છે. દુઃખદ વાત એટલી જ છે કે ઈસરો માટે નાણા ભંડોળ મંજૂર કરતા ખાદીધારીઓ આપણા વિજ્ઞાનીઓ કરતાં અડધી પણ બુદ્ધિક્ષમતા ધરાવતા નથી.

*સૌજન્ય : 'નવગુજરાત સમય'*

*માણસ બોલતા તો ૩ વર્ષની ઉંમરે જ શીખી લે છે, પણ ક્યાં અને કેવી રીતે બોલવું તે સમજતા પૂરી જિંદગી નીકળી જાય છે.*

AMBA
SHIPPING AGENCIES
CLEARING FORWARDING & SHIPPING AGENTS
HIRALAL DAGHA
401, Rajgor Chambers, 99, Masjid Siding Road, Near Masjid Station (E), Mumbai-400 009. E-mail : ambashipage@rediffmail.com
Cell : 98210 69299 Tel. : 23772744 Telefax : 23710875 Resi. : 24097776

પ્રેરણા

# ગુરુકૃપા

*અજ્ઞાનતિમિરાંધસ્ય જ્ઞાનાંજનશલાકયા ।*
*ચક્ષુરુન્મીલિતં યેન તસ્મૈ શ્રીગુરવે નમઃ ॥*

આ પ્રસંગ ૧૯૮૬ની સાલનો છે. ઈડર તાલુકાના ગાંઠિયોલ ગામમાં પ્રેમુભાઈ ઠાકરની દેખરેખ હેઠળ શ્રીમદ્ જેસીંગબાપા હોસ્પિટલનું બાંધકામ ચાલી રહ્યું હતું. બાંધકામ માટે જોઈતું પાણી હોસ્પિટલની બાજુમાં આવેલા ધીરાભાઈ પટેલના કૂવામાંથી મેળવી લેવાતું. સતત દુષ્કાળને લીધે કૂવામાં પાણી ખૂટ્યાં. લાચાર થઈને ધીરાભાઈ સામે ચાલીને પ્રેમુભાઈને કહી આવ્યા : 'હવે તમને પાણી નહિ આપી શકું. મારે મારાં ઢોર જિવાડવાનાં છે. કૂવામાં પાણી ઊંડાં ઊતરી ગયાં છે.'

પ્રેમુભાઈ મૂંઝાયા. બીજેથી પાણી લાવવું મુશ્કેલ હતું. આસપાસના બધા કૂવા સુકાઈ ગયા હતા. દુષ્કાળે બરાબર ભરડો લીધો હતો. પાણી વગર બાંધકામ કઈ રીતે કરવું? કશો ઉપાય ન સૂઝતાં એમણે ખુદ બાવજી આગળ ધા નાખી.

બાવજી, વીરસંગભાભા અને પ્રેમુભાઈ રોજ વહેલી સવારે સાડા પાંચ વાગ્યે મોર્નિંગ વૉક માટે નીકળતા. તે દિવસે હૉસ્પિટલ પાસેથી પસાર થતા હતા ત્યાં પ્રેમુભાઈ બોલી ઊઠ્યા, "બાવજી, હૉસ્પિટલનું બાંધકામ ખોરવાઈ જવાનું, પાણી જ નથી રહ્યાં. કૂવામાં બોર કર્યો એય ફેલ ગયો."

બાવજીએ સહજ ભાવે કહ્યું, "તે એમ હોય તો બીજો બોર કરી જુઓ."

પ્રેમુભાઈએ હૈયાની પીડા હોઠે આવતાં સંભળાવી દીધું." એક બોર તો કરી જોયો. ચાર દિવસ માંડ થયા છે ત્યાં ડચકા ખાવા લાગ્યો છે. બીજો સફળ થશે એની શી ખાતરી?"

બાવજી એમની લાક્ષણિક ઢબે હસ્યા. પ્રેમુભાઈએ ભોંઠપ અનુભવતાં ઉમેર્યું, "બીજો બોર કરવાની ના નથી. પણ દૂધનો દાઝેલો છાશ ફૂંકીને પીએ - એવું છે! તમે આજ્ઞા કરશો તો બીજો બોર જરૂર કરીશું. પણ મારી વિનંતી છે કે તમે જગ્યા નક્કી કરીને ત્યાં પથ્થર મૂકી આપો, જેથી ભૂલ ન થાય."

રસ્તે ચાલતાં ચાલતાં વાત થતી હતી એટલે બાવજીએ આંગળીના ઈશારે જગ્યા બતાવી.

પ્રેમુભાઈ દાઝેલા હતા એટલે બાવજીએ ઈશારાથી બતાવેલી જગ્યાથી એમને સંતોષ ન થયો. થોડો અવિવેક લાગે તો વાંધો નહિ પણ બાવજી પાસે એ એકદમ એક્ઝેક્ટ પોઈન્ટ પર આંગળી મુકાવવા માગતા હતાં. એમણે મનમાં હતું એ કહી જ દીધું, "બાવજી, આમ અધ્ધરપધ્ધર ઈશારો કરશો એ નહિ ચાલે! આઠનો બોર છે તમે ચોક્કસ બિંદુ નક્કી કરી આપો. બરાબર એ પોઈન્ટ પર પથ્થર મૂકી આપો."

એ વખતે 'ગુરુ' ના હુલામણા નામે ઓળખાતા રેવાભાઈ પણ સાથે હતા. ગુરુએ કહ્યું, 'પ્રેમુભાઈ, આવી જીદ સારી ન કહેવાય. નાહક બાવજીને શું કામ નીચે ઉતારો છો? ક્યાંક અધૂડકો પગ પડી જશે તો હેરાન થઈ જશો."

પણ પ્રેમુભાઈ પારોઠનાં પગલાં ભરવા તૈયાર ન હતા. "ગુરુ, બોર મફતમાં નથી થતા. લાખ રૂપિયા ખરચવાના છે. એક વાર પસ્તાયો છું. બીજી વાર એવી ભૂલ નથી કરવી."

બાવજીએ પ્રેમુભાઈની રગ પારખી લીધી. ચૂપચાપ એ હાથના ઈશારે દર્શાવેલી પેલી જગ્યા તરફ આગળ વધ્યા. વચ્ચે રેતીનો ઢગ પડેલો હતો. બાવજીના પગ એ રેતીમાં ધસી ગયા. ટેકો આપી પ્રેમુભાઈએ એમને બહાર કાઢ્યા. બાવજીને હાથ પકડી એ મૂળ જગ્યાએ લઈ ગયા.

પ્રેમુભાઈની જીદથી રેવાભાઈ ખૂબ જ નારાજ થયા, પરંતુ બાવજીના ચહેરા પર તો નિર્મળ સ્મિત રમતું હતું. ઘડિયાળ બરાબર પોણા છ વાગ્યાનો સંકેત આપી રહી હતી. બાવજીએ નિર્દેશેલી જગ્યા પર પત્થર મૂકી આપ્યો. પોણા સાત વાગે પ્રેમુભાઈએ મોહનભાઈ પટેલને ફોન કર્યો. બોર અંગે સઘળી વાત કરી. મોહનભાઈ તો બાવજીના હનુમાન. બાવજીની ઈચ્છા એ એમને માટે ઈશ્વરની આજ્ઞા. હૉસ્પિટલના નિર્માણમાં સૌથી મોટું યોગદાન પણ એમનું જ રહ્યું છે.

મોહનભાઈએ પળનોય વિલંબ કર્યા વિના કહ્યું, "બાવજીએ બોર માટેની જગ્યા નક્કી કરી આપી હોય તો હું આજ ને આજ બોરિંગ વાળાને મોકલી આપું છું."

બાવજી પ્રત્યે કેવી અખંડ અને અડગ શ્રદ્ધા!

એ જ દિવસે અગિયારના ટકોરે બોરિંગવાળા ભાઈઓ આવી ગયા. કામકાજ યુદ્ધના ધોરણે શરૂ થઈ ગયું.

બીજી સવારે રાબેતા મુજબ સાડા પાંચના સુમારે બાવજી અને પ્રેમુભાઈ મોર્નિંગ વૉક પર નીકળ્યા ત્યારે રસ્તા પર પાણી વહી રહ્યું હતું. બોરમાંથી પાણી જોશભેર નીકળી રહ્યું હતું. એકસો વીસ ફૂટે એમની કલ્પના બહારનું મબલખ પાણી મળી ગયું હતું. ધરતીમાતાની ફાટ ફાટ છાતીમાંથી અમીની ધાર ન વછૂટી હોય, એમ પાતાળનાં ઉછાળા મારતાં પાણી રસ્તા પર ફેંકાઈ રહ્યાં હતાં.

પ્રેમુભાઈ તો દિગ્મૂઢ બની ગયા. બાવજી સાથે એવી આત્મીયતા બંધાઈ ગઈ હતી કે એમણે હિંમત કરીને પૂછી જ નાખ્યું, "બાવજી, તમારે મારી મૂંઝવણનો ઉકેલ તો આપવો જ પડશે! ગામમાં સાઠથી સિત્તેર બોર થયા છે અને મોટાભાગના નિષ્ફળ

**(અનુસંધાન : જુઓ પાના નં.-૧૭ ઉપર)**

*ઈશ્વરની કરણીમાં આસ્થા રાખો અને ધીરજ રાખો.*

જૈનોના તીર્થસ્થાનો

# જૈનોનાં શ્રી ૧૦૮ તીર્થ : ઇતિહાસની એક ઝલક (પ્રકરણ-૨)

● શ્રી વિજય ઈન્દ્રસેનસૂરીશ્વરજી ●

## (૧૨) શ્રી વંથળી તીર્થ (વામસ્થળી, ગુજરાત)
### શ્રી શીતળનાથ ભગવાન

પૂર્વે વામનસ્થલી તરીકે પ્રખ્યાત શ્રી સિદ્ધરાજનાં મંત્રી સજ્જનની જન્મભૂમિ. સજ્જન મંત્રીએ સોરઠ કર ઉપજથી ગિરનાર જીર્ણોદ્ધાર કર્યાનું સાંભળતાં કોપ સાથે આવેલ સિદ્ધરાજને તેના પિતાના નામના બનાવેલ "કર્ણવિહાર" પ્રાસાદનાં દર્શન કરાવતાં હર્ષ પામી સંઘમાંથી એકત્ર કરેલ રકમ ન લેતાં, તેમાંથી વંથળીમાં ભવ્ય જિનાલય બનાવ્યું. ત્યાં કાળાંતરે મસ્જિદ થઈ. પ્રતિમાઓ સુરક્ષિત રહી. અત્યારે ૧૫૦ સે.મી.ના શ્વેતવર્ણના પદ્માસનસ્થ મૂળનાયક શ્રી શીતળનાથ સંપ્રતિ રાજાના સમયના છે, જે અહીંના ગાંધી બગીચામાંથી સંકેત અનુસાર વર્ષો પૂર્વે પ્રાપ્ત થયેલ. જે અતિ પ્રભાવક છે. સાથે સંસારના સંતપ્ત જીવોને શીતળતા આપી નામ સાર્થક કરે છે. અહીં પદ્મપ્રભુ પણ પ્રભાવક છે. શત્રુંજય ઉપર ચૌમુખજીની ટૂંકનું નિર્માણ કરનાર સવચંદ શેઠની પણ આ જન્મભૂમિ છે. જૂનાગઢથી ૧૬ કિ.મી.ના અંતરે આવેલ છે.

## (૧૩) શ્રી જામનગર તીર્થ (ગુજરાત)
### શ્રી આદીશ્વર ભગવાન

શત્રુંજયની અડધી ટૂંક સમા આ તીર્થમાં જામનગરની સ્થાપના પૂર્વે જામસતાજીએ નગર મધ્યે શ્રી આણંદશેઠે વિ.સ. ૧૬૩૩માં આ "શેઠજી મંદિર"નું ખાતમુહૂર્ત કરી સં. ૧૬૫૧માં આ.વિ. દેવસૂરિજી હસ્તે આ અલૌકિક આદિનાથની મૂળનાયક તરીકે પ્રતિષ્ઠા કરેલ છે. નજીકમાં શ્રી શાંતિનાથનું વિશાળ બાવન જિનાલય છે જે વર્ધમાન શાહ અને પદ્મસિંહ શેઠે બંધાવેલ છે તથા ખૂબ વિશાળ, શિલ્પકળા યુક્ત, ચોરીયુક્ત ચોરીવાળા દેરાસરમાં શ્રી નેમનાથ - ભાભા પાર્શ્વનાથ - શાંતિનાથ આદિ બિરાજે છે. ત્યાં ચૌદ ભવ્ય જિનાલયો છે.

## (૧૪) શ્રી ભદ્રેશ્વર તીર્થ (ગુજરાત કચ્છ)
### શ્રી મહાવીર સ્વામી ભગવાન

૨૫૦૦ વર્ષ પ્રાચીન પ્રભુ મહાવીર ભગવાનના કાળથી ભદ્રાવતી નામે તીર્થ પ્રસિદ્ધ. પ્રભુ નિર્વાણથી ૨૩મા વર્ષે દેવચંદ શ્રેષ્ઠીએ ભવ્ય જિનાલયમાં શ્રી પાર્શ્વપ્રભુને કપિલ કેવલીના હસ્તે પ્રતિષ્ઠા કરાવેલ. પછી અનેક ચડતી - પડતીમાં પાર્શ્વપ્રભુ ગૂમ થતાં પ્રાચીન નયનરમ્ય ૬૧ સે.મી.ના પ્રભુ મહાવીરને મૂળનાયક તરીકે સ્થાપન કરાયા. સં. ૧૧૩૪માં શ્રીમાળી ભાઈઓએ, સં. ૧૩૧૪માં દાનવીર જગડુશાહે, સં. ૧૬૮૨માં વર્ધમાન શાહે, સં. ૧૯૩૯માં મોનશી તેજશીએ જીર્ણોદ્ધાર કરાવેલ. આ સ્થાન ભદ્રેશ્વરથી ૧ કિ.મી. દૂર રમણીય સ્થાનમાં આવેલ છે. જિનાલય દેવ વિમાન તુલ્ય છે. ભૂકંપ પછી મૂળથી જીર્ણોદ્ધાર થયેલો છે. પ્રસિદ્ધ વિજય શેઠ અને વિજયા શેઠાણી અહીંનાં હતાં.

## (૧૫) શ્રી તેરા તીર્થ (ગુજરાત કચ્છ)
### શ્રી જીરાવલા પાર્શ્વનાથ ભગવાન

કચ્છ અબડાસા પંચતીર્થીમાં મજબૂત કિલ્લાથી શોભતું તેરા તીર્થ છે. ગામની મધ્યમાં નવ ઊંચાં ભવ્ય શિખરોથી યાત્રિકોને દૂરથી જ આકર્ષતું આ જિનાલય સં. ૧૯૧૫માં શેઠ હીરજી ડોસાભાઈ અને શેઠ પાસવીર રાયમલે બંધાવી અનુપમ એવા ૬૮ સે.મી.ના શ્રી જીરાવલા પાર્શ્વનાથને મૂળનાયક તરીકે બિરાજમાન કર્યા છે. સં. ૨૦૨૭માં ગુણસાગરસૂરિ હસ્તે જીર્ણોદ્ધાર થયેલ છે, જેમાં ૧૧૦ જિન પ્રતિમા છે. બાજુમાં જ ૩૦૦ વર્ષ પ્રાચીન ગોરજી હીરાચંદનું કલાત્મક કાચ કારીગરીથી શોભતું શ્રી શાંતિનાથનું મંદિર છે. અહીંના જ્ઞાન મંદિરમાં કલાત્મક તીર્થપટ પણ દર્શનીય છે. આ તીર્થ ભુજથી ૮૪ કિ.મી.ના અંતરે આવેલ છે.

## (૧૬) શ્રી જખૌ તીર્થ (ગુજરાત - કચ્છ)
### શ્રી મહાવીર સ્વામી ભગવાન

કચ્છ - અબડાસા પંચતીર્થીમાં જખૌ તીર્થમાં ગામ મધ્યે એક જ કોટમાં નવ જિનાલયો શત્રુંજયની ટૂંક સમાં શોભી રહ્યાં છે. તેમાં મુખ્ય જીવરાજ અને ભીમજી — બે ભાઈઓએ પિતા રતનશીની સ્મૃતિ અર્થે 'રત્નટૂંક' નામે વીસ શિખર કળશ - ધ્વજથી ઝળહળતું અનુપમ જિનાલય બંધાવી તેમાં અંતરની કાલિમાને દૂર કરી શ્વેત - નિર્મળ બનાવતાં શ્વેતવર્ણના ૮૪ સે.મી.ના શ્રી મહાવીર સ્વામીને સં. ૧૯૦૫ મહા સુદ-૫ ના બિરાજમાન કર્યા. પુનઃ ૨૦૨૮માં પ્રતિષ્ઠા થયેલ છે. તથા સુવિધિનાથ, આદિનાથ, જીરાવલા - ચિંતામણિ - ગોડી પાર્શ્વનાથ, ગૌતમસ્વામી, શાંતિનાથ, ચંદ્રપ્રભસ્વામીના જિનાલયોમાં ૨૦૯ પ્રભુજી છે. ભુજથી ૧૦૮ કિ.મી.ના અંતરે છે.

## (૧૭) શ્રી નલિયા તીર્થ (ગુજરાત - કચ્છ)
### શ્રી ચંદ્રપ્રભસ્વામી ભગવાન

કચ્છ અબડાસા પંચતીર્થીમાં નલિયા તીર્થમાં પાલિતાણા

*ઉતાવળે ગુસ્સામાં કરેલું કામ નાશ નોતરે છે.*

ધર્મશાળાથી પ્રસિદ્ધ થયેલ શેઠ નરશી નાથાએ બંધાવેલ, સોળ શિખર અને ચૌદ રંગમંડપથી દીપતાં કોતરણી, સુવર્ણકલા ને કાચ કામના ત્રિવેણી સંગમથી શોભતાં આ ભવ્ય જિનાલયમાં ચંદ્ર જેવી શીતળતા અર્પતા શ્વેતવર્ણના ૭૫ સે.મી.ના શ્રી ચંદ્રપ્રભસ્વામીને સં. ૧૮૯૭માં પ્રતિષ્ઠિત કર્યા છે. બાજુમાં જ સં. ૧૯૧૦નું શાંતિનાથનું અને સં. ૧૯૧૮ અષ્ટાપદનું અનુપમ જિનાલય છે. જેમાં ૧૭૬ પ્રતિમા બિરાજે છે. ચોકમાં શેઠ શેઠાણીની ભાવથી જુહારતી મૂર્તિ છે. ભુજથી ૯૭ કિ.મી.ના અંતરે છે.

## (૧૮) શ્રી કોઠારા તીર્થ
### શ્રી શાંતિનાથ ભગવાન

કચ્છની પંચતીર્થીમાં આગવું તરી આવતું આ તીર્થ છે જેનાં ૭૪ ફૂટ ઊંચા ગગનચુંબી આઠ કલાત્મક કોતરણી યુક્ત શિખરો દૂરથી જ યાત્રિકોને આકર્ષતાં શોભી રહ્યાં છે. ૭૮ ફૂટ લાંબા અને ૬૪ ફૂટ પહોળા આ વિશાળ મંદિરમાં શ્વેતવર્ણના ૯૦ સે.મી.ના અનુપમ શાંતિ - પ્રસન્નતા પ્રસરાવતાં શ્રી શાંતિનાથ ભગવાન મૂળનાયક તરીકે શોભી રહ્યા છે. અહીં રંગમંડપ તોરણો, સ્તંભો, શિલ્પકળાના બેનમૂન નમૂનારૂપ છે. સાથે કાચનું કામ આકર્ષક છે. શત્રુંજય પરના કેશવજી નાયકની ટૂંકવાળા શેઠ તથા વાલજી માલુ અને શિવજી નેણશીએ મળી અચલગચ્છના રત્નસાગરસૂરિ હસ્તે વિ.સં. ૧૯૧૮ મહા સુદ-૧૩ના પ્રતિષ્ઠા કરાવી છે. ભુજથી ૮૦ કિ.મી.ના અંતરે આ તીર્થ આવેલ છે.

## (૧૯) શ્રી સુથરી તીર્થ (ગુજરાત - કચ્છ)
### શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથ ભગવાન

સંપ્રતિકાલીન ૩૦"ના આ પ્રભુ પૂર્વે હાલારના છીકારી ગામે હતા. સુથરીમાં મજૂરી કરતા મેઘજીએ કરજથી કંટાળી આત્મહત્યાની તૈયારી કરી હતી, ત્યાં દિવ્યવાણી સાંભળતાં, તે પ્રમાણે ૨૦૦ કોરી મેળવી દેવું ચૂકવી ૧૦૦ વધેલ કોરીમાં આ પ્રભુ મેળવી અનાજના કોઠારમાં રાખતાં તે ખાદ્ય પદાર્થથી ભરાયો. તે નિત્ય પૂજા કરતો. ગામમાં મેઘણશાના શાંતિ જમણવારમાં ધાર્યા કરતાં વધુ માણસ થતાં આ પ્રભુને લાજ રાખવા વિનંતી કરતાં, ને ગાડવામાંથી ઘણું ઘી કાઢવા છતાં તે ખાલી ન થયું. સંઘને ઘીનો કલ્લોલ કરાવ્યો હોવાથી ઘૃતકલ્લોલ નામે પ્રસિદ્ધ. મંદિર શિખરની બાંધણી કલાત્મક છે તથા ગૌતમસ્વામી પદ્માવતીની પ્રાચીન - અદ્‌ભુત પ્રતિમા છે. સં. ૧૮૯૬ વૈશાખ સુદ-૮ પ્રતિષ્ઠા થયેલ છે. ભુજથી ૯૬ કિ.મી. દૂર પંચતીર્થીમાં આ ગણાય છે.

## (૨૦) શ્રી ભીલડિયાજી તીર્થ (ગુજરાત)
### શ્રી ભીલડિયા પાર્શ્વનાથ ભગવાન

ડીસાથી ૨૪ કિ.મી. આવેલ આ તીર્થ કપિલકેવલી કે સંપ્રતિકાળનું છે. પ્રાચીન નામ ભીલપલ્લી, ત્યારબાદ ૧૩-૧૪મા સૈકામાં વૈભવપૂર્ણ ૧૨ ગાઉની ૧૨૫ શિખરબદ્ધ જિનાલયોથી શોભતી ત્રંબાવટી નગરીના શણગાર રૂપ નયનરમ્ય કલાત્મક પરિકરમાં ૫૩ સે.મી.ના આ મનોહર પ્રતિમાજી મૂળનાયક તરીકે બિરાજતા હતા. કાળક્રમે નગરી ધ્વંસ થઈ. સૈકાઓ બાદ ડીસાના ધરમચંદ કામદારે અણદા નામે ભીલ પાસે નગર વસાવી, જિનાલય બંધાવી, વિ.સં. ૧૮૯૨માં પ્રતિષ્ઠા કરી. વિ.સં. ૨૦૨૭માં જીર્ણોદ્ધાર ને જેઠ સુદ-૧૦ના શ્રી ભદ્રસૂરિ હસ્તે પ્રતિષ્ઠા થયેલ છે.

## (૨૧) શ્રી ચારુપ તીર્થ (ગુજરાત)
### શ્રી શ્યામલા પાર્શ્વનાથ ભગવાન

ગત ચોવીસીના ૧૬માં નમિશ્વર શાસનમાં અષાઢી શ્રાવકે ત્રણ મનોહર પ્રતિમા નિર્માણ કર્યા પછી દેવલોકમાં પૂજાયા. કાંતિનગરના ધનશ્રેષ્ઠીનાં વહાણ થંભી જતાં પ્રભુ પૂજાથી દિવ્યવાણીએ આ ત્રણ બિંબ સમુદ્રમાંથી પ્રગટ, તેમાંથી આ એક છે. આ ૪૩" ઈંચના શ્યામવર્ણના મૂળનાયક શ્રી શ્યામળા પાર્શ્વનાથ ભગવાન શિલ્પકળાનો બેજોડ નમૂનો છે. મસ્તક પર આચ્છાદિત મોહક સાત ફણાઓ પરમાત્માના ખભા સુધી પથરાઈને શોભામાં અભિવૃદ્ધિ કરે છે. નવમી સદીમાં દેવચંદ્રસૂરિએ પરિકર કરાવેલ. ૧૨મા સૈકામાં જૈનોનું વર્ચસ્વ. શ્રેષ્ઠી દેવચંદ્રે શ્રી આદિનાથનું, સં. ૧૩૨૦માં પેથડશાહે શાંતિનાથનું મંદિર બંધાવેલ. ૧૮મી સદી પછી આ તીર્થ શૈવોના હાથમાં ગયું. પરંતુ સં. ૧૯૩૮માં પાટણ સંઘે કબજો મેળવી જીર્ણોદ્ધાર કરી સં. ૧૯૮૪ જે.સુ.-૫ ના પુનઃ પ્રતિષ્ઠા કરી. ધૂર્ત લોકો પ્રભુના નામે ખૂબ ડરે છે. આ તીર્થ પાટણથી ૧૦ કિ.મી. દૂર છે.

## (૨૨) શ્રી ચાણસ્મા તીર્થ (ચંદ્રાવતી નગરી, ગુજરાત)
### શ્રી ભટેવા પાર્શ્વનાથ ભગવાન

૫,૮૪,૦૦૦ વર્ષ પૂર્વે શ્રી નેમિનાથ કાળે ચંપાના રાજા પ્રજાપાળને બુદ્ધિસાગર મંત્રી અશ્વપરીક્ષાએ જંગલમાં પહોંચી ગયા. ભયભીત બન્યા. ત્યાં નરઘોષ મુનિ કેવળજ્ઞાને દેશનામાં ગયા અને પ્રભુપૂજા અભિગ્રહ લીધો. મંત્રીએ વેળુના તમાકુ વર્ણનાં ૨૩ સે.મી.ના શાસનદેવીયુક્ત પ્રતિમા બનાવ્યાં. ભક્તિએ પદ્માવતીએ વજ્રમય બનાવ્યા. પૂજતાં, ભય જતાં, નામ 'ભટેવા' તે નામે નગર વસાવી મંદિરમાં પ્રભુ પધરાવ્યા. કુંતલપુરના રાજપુત્ર ગુણસુંદરને પ્રભુ સ્નાત્રજળે અંધ-મૂકપણું અને રોગ ગયા ને રાજા થયો. પછી દેવ થતાં સ્વવિમાને પ્રભુને લાવી ભક્તિ કરી. પછી ભટેવાના સૂરચંદના અંતરાય દૂર કરવા આ પ્રતિમા આપી. ચમત્કારો જોતાં ઈલાદુર્ગ રાજાએ માગતાં પ્રતિમા ભંડારી. પછી શેઠ યક્ષ થતાં ચંદ્રાવતીના રવચંદને સંકેત કરતાં, તેને પ્રભુ સાથે હીરા-માણેક મળતાં ચંદ્રાવતીમાં જ ભવ્ય મંદિરમાં સં. ૧૫૩૫, વૈશાખ સુદ-૩ ના પધરાવ્યા. પછી સંઘે સં. ૧૮૭૨માં ફાગણ સુદ-૩ ના પ્રતિષ્ઠા કરી. આ તીર્થ મહેસાણા - હારીજ રોડ પર આવેલ છે.

*ભગવાનની નિષ્કામ ભક્તિ અનેક સિદ્ધિઓથી પણ શ્રેષ્ઠ ફળ આપે છે.*

પૌરાણિક સંશોધન

# દ્રૌપદી કુંડ

• નારાયણ શનિશ્વરા •

મહાભારતનાં મહત્ત્વનાં પાત્રો પાંડવોની પ્રસિદ્ધ નગરી ઇંદ્રપ્રસ્થના ખંડેરોથી લગભગ ૩૦૦ કિ.મી. દૂર, એ ભુલાતું જતું નગર છે, જયાંથી તેમની રાણી આવી હતી. કથા અનુસાર પાંચે પાંડવોથી વિવાહિત દ્રૌપદીનો જન્મ એક યજ્ઞકુંડથી થયેલ હતો જે ''દ્રૌપદી કુંડ''ના નામથી પ્રસિદ્ધ છે અને ગંગાના કિનારા પર કાંપિલ્યમાં છે.

દ્રૌપદીના પિતા રાજા દ્રુપદના પાંચાલ પ્રદેશની રાજધાની કાંપિલ્ય હવે ઉત્તર પ્રદેશના ફરૂખાબાદ જિલ્લામાં આવેલ છે. આ ધૂળિયું ગામડું હવે કંપીલના નામથી ઓળખાય છે.

આધુનિક સમાજના નગરોની સમસ્યાઓથી ખરડાયેલ આ ગામડું મહાભારતમાં પરિચિત પોતાની ભવ્યતાઓની છાયા પણ નથી. જો કે ઊંડી નજરે નિહાળતાં અહીં તહીં તેના નમૂના જરૂર જોવામાં આવે છે. કુષાણ પૂર્વકાળનાં તૂટેલ ફૂટેલ મૂર્તિશિલ્પ અહીં જયાં ત્યાં વિખેરાયેલાં પડ્યાં છે અને દ્રુપદના મહેલનાં ખંડેરોમાં દ્રૌપદી કુંડ પણ દેખાઈ આવે છે.

કાંપિલ્યના મિથકીય અતીતના પ્રમુખ અવશેષો પર કેટલાક લોકો પૂજા - અર્ચના કરવામાં ગુંથાય છે અને હવનકુંડ પર વાર્ષિક મેળામાં તો હજારોની ભીડ થઈ જાય છે. કેટલીક માન્યતા અનુસાર આ હવનકુંડમાં જ્ઞાનના અગ્નિથી દ્રૌપદી અને તેનો જોડિયો ભાઈ ધૃષ્ટદ્યુમ્નનો જન્મ થયો હતો. મહાભારતની કથા અનુસાર રાજા દ્રુપદે ગુરુ દ્રોણાચાર્યના હાથે થયેલ પોતાની હારનો બદલો લેવા આ યજ્ઞનું આયોજન કરેલ હતું.

દ્રોણાચાર્યે પોતાના શિષ્ય અર્જુનની મદદથી દ્રુપદનું અડધું રાજય છીનવી લીધું હતું. અર્જુને પણ પાછળથી સ્વયંવરમાં દ્રૌપદીને જીતી લીધેલ. જયાં અર્જુને આ તાકાત બતાવી, એ જગ્યા પણ કંપિલ શહેરની આજુબાજુમાં છે.

જો કે જયાં પોલાદી ઈરાદાવાળી દ્રૌપદીનો જન્મ થયો હતો, હવે એમ લાગે છે કે એ તેમને ભૂલી ચૂકેલ છે. આજે દ્રૌપદી કુંડ ગંદા પાણીનું તળાવ બની ગયું છે અને અગ્નિ હોત્રવાળો હવનકુંડ કાદવથી ખરડાયેલો છે. તેનાથી થોડેક દૂર એક ખુલ્લી ગટર વહે છે. જેનાથી કુંડને જોવાવાળાના નાક આ બદબૂથી છવાઈ જાય છે.

ક્યારેક પોતાની ભવ્યતાથી સ્તબ્ધ કરી દેતો મહેલ હવે ખંડેર અને ડુંગરાળ બની ગયો છે. આ ડુંગર ભારતીય પુરાતન સર્વેક્ષણ (એ.એસ.આઈ.)નું સંરક્ષિત ક્ષેત્ર છે. જયાં મહાભારતકાલીન મહેલ બતાવાય છે, તેના પર અતિક્રમણ થઈ ચૂકેલ છે. અને આ ઈલાકામાં લગભગ ઘણાં સ્થળો પર તમાકુની ખેતી થાય છે. પાંડવોના મિથકીય નગર ઈંદ્રપ્રસ્થ તો પ્રાચીન સ્થળોમાં સૌથી વધુ પ્રમુખ માનવામાં આવે છે અને તેની સુરક્ષા એ.એસ.આઈ. પર છે. જો કે મહારાણીનું કથિત જન્મ સ્થળ ઉપેક્ષાનો શિકાર છે.

એ.એસ.આઈ.ની આગ્રા શાખા તેના ઘણા ઐતિહાસિક અને પ્રાચીન ભવનો અને સ્થળોની સૂચિ પણ દસ્તાવેજી કરાઈ છે. કહેવામાં આવે છે કે તેની નીચે દ્રુપદના નગરના અવશેષ સ્થાપિત છે. જો કે આવા અનેક ઉપેક્ષિત સ્થાનોની જેમ કંપિલની, પણ લાગે છે કે તેને ભુલાવી દેવામાં આવેલ છે. કાંપિલ્યનાં સ્થળોને ઐતિહાસિક કે પુરાતાત્ત્વિક મહત્ત્વનાં દર્શાવવા માટે, ન તો કોઈ બૉર્ડ લગાવવામાં આવેલ છે, ન તો કોઈ બાઉન્ડ્રી ખેંચાઈ છે.

એ.એસ.આઈ.ની આગ્રા શાખા કંપિલની ખોદાઈ ૧૯૭૫-૭૬માં થઈ હતી. આ ઈલાકામાં ખોદાઈ આથી પહેલાં પણ થઈ ચૂકી છે. પરંતુ એ.એસ.આઈ.ના અધિકારીઓના જણાવ્યા મુજબ આ સ્થળની સુરક્ષા - સંરક્ષણ માટે કંઈ પણ કરવામાં નથી આવ્યું.

પહેલી વખત આનું સર્વેક્ષણ ૧૯૭૮માં એ.એસ.આઈ.ના પહેલા મહાનિર્દેશક (ડી.જી.) એલેકઝાંડર કનિંઘમના આદેશથી કરવામાં આવેલ. પછી એક અન્ય ડીજી બી.બી. લાલના સમયમાં ખોદાઈ થયેલ. તેમણે ૧૯૫૪-૫૫માં આ સ્થળેથી ભૂરા રંગ અને ઉત્તરી કાળા રંગથી ભરેલ માટીના વાસણો મળવાની વાત કહેવામાં આવેલ.

પછી ૧૯૬૦ના દશકમાં પૂનાના ડેક્કા કૉલેજના વી.એન. મિશ્રે ખોદાઈ કરેલ અને મોટા પ્રમાણમાં ભૂરા રંગનાં વાસણો મળવાનો રિપોર્ટ કરેલ. ત્યારબાદ ૧૯૭૬માં કાશી હિંદુ વિશ્વ વિદ્યાલયના પ્રાચીન ભારતીય ઈતિહાસ અને પુરાતત્ત્વ વિભાગના કે.કે. સિંહાએ ડુંગરના છ અલગ અલગ ઠેકાણે ખોદાઈ કરેલ અને પ્રાકૃતિક માટીના ઉપર ૨.૪ મીટર ઊંચાં ભૂરા રંગનાં વાસણોનો પત્તો લગાવ્યો હતો.

પરંતુ પાછળનાં વર્ષોમાં એ.એસ.આઈ.એ આ પ્રાચીન સ્થળમાં દિલચશ્પી ઓછી કરી દીધેલ. દિલ્હીની સામાજિક ઉદ્યમી નીરા મિશ્રને કાંપિલ્યમાં કેટલીક માહિતી પ્રાપ્ત થઈ. ત્યારે તેણે નક્કી કર્યું કે મિથકીય મહારાણીના જન્મ સ્થળ પર વધુ ધ્યાન આપવું જોઈએ. દ્રૌપદી કુંડ અને પાંચાલ મહેલની દુર્દશા જોઈ દુઃખી થયેલ નીરા વધુ સક્રિય થઈ. તેણે ૨૦૦૩માં દ્રૌપદી ટ્રસ્ટ બનાવ્યું અને તેના બે મુદ્દા નક્કી કર્યા.

''પિતૃસત્તાત્મક વ્યવસ્થાને પડકારવાવાળી સાચી નારીવાદી નાયિકા દ્રૌપદીના જન્મ સાથે સંકળાયેલ સ્થળનું સંરક્ષણ કરવું અને એ અરસામાં દ્રૌપદીએ જે પ્રાપ્ત કર્યું એટલે કે સ્વતંત્ર વિચક્ષણ સમજથી બીજી મહિલાઓનો વિકાસ કરવો.

નીરાએ જણાવેલ કે દ્રૌપદી કંપિલની

*દરેક માણસમાં અજ્ઞાન હોય છે પણ દરેકનું અજ્ઞાન જુદી જુદી જાતનું હોય છે.*

મહિલાઓ અને છોકરીઓ વચ્ચે કામ કરવાનું છે. તેમને રોજગારપૂરક અને કોમ્પ્યુટરથી પ્રશિક્ષણ આપવાનું છે કે જેથી તેઓ પોતાની રોજી-રોટી ચલાવી શકે. તે ટ્રસ્ટના શૈક્ષણિક અને સામાજિક કાર્યને કંપિલની એક ધર્મશાળા ચલાવતી હતી. તેની કોશિશ કેન્દ્ર સરકાર અને તેની એજન્સીઓના દરવાજા પર ટકોરા મારવા લાગી હતી.

તેણે એ.એસ.આઈ.ને વારંવાર આ સ્થળના સંરક્ષણની વાત કરી હતી પણ હજુ સુધી ભાગ્યે સાથ નથી આપ્યો.

૨૦૧૨માં દ્રૌપદી ટ્રસ્ટની જમીન પર રડાર તપાસ માટે આઈ.આઈ.ટી. કાનપુરના સિવિલ એન્જિનિયરિંગ વિભાગની મદદ મળી. એ જણાવે છે કે આઈ.આઈ.ટી.ના રિપોર્ટમાં અનેક જાતના ઢકોસલાની મોજૂદગીનો સંકેત મળેલ. એટલે કે પથ્થરો તૈયાર થયેલ. સડકો, સાંકળી નહેરો, નાલીઓ અને તૂટેલ ફૂટેલ દીવાલો વગેરે. એ.એસ.આઈ.ની પરવાનગીથી ટ્રસ્ટે લખનૌ વિશ્વ વિદ્યાલયના પ્રાચીન ઇતિહાસ અને પુરાતત્ત્વ વિભાગે ૨૦૧૦-૧૨માં અહીં ખોદાઈ કરાવેલ.

ખોદાઈની આગેવાની કરવાવાળા પ્રોફેસર ડી.પી. તિવારી જણાવે છે કે તેમની ટીમ કાંપિલ્યના કાર્યને સ્થાપિત કરવામાં સફળતા મળેલ છે. તેઓ જણાવે છે કે અમે એ વિસ્તારની ત્રીસેક જગ્યાએ ખોદકામ કરેલ અને આખાયે ડુંગરમાં પાંચ અલગ સાંસ્કૃતિક ખંડેરોની પુરાતાત્ત્વિક સામગ્રી મળેલ. જ્યાં દ્રુપદ મહેલ હોવાની વાત કહેવામાં આવી રહી છે. ભૂરા રંગથી દેખાતા અવશાંકો સિવાય એ ખંડેરોના સાંસ્કૃતિક અવશેષ કાળા રંગની વાસણોની સંસ્કૃતિ, કુષાણ અને ગુપ્તકાળની સાથે મધ્યયુગની સામગ્રી પણ મળે.

આશ્ચર્ય એ છે કે ગેરુ રંગની માટીના વાસણ પણ મળેલ. જેનો કાર્યકાળ ઈસુની પૂર્વ ૩૭૦ હોઈ શકે છે. દ્રૌપદી કુંડ તો સહજ સ્મારક જેવા હોઈ શકે છે પણ દ્રુપદ કિલ્લો કહેવાતા એ ડુંગર પર કદાચ વધુ અધિક પુરાતાત્ત્વિક સામગ્રી મળી જાય.

એટલે કે તિવારી સમસ્યા એ જ છે કે જે અનેક ઐતિહાસિક સ્થળોની સાથે છે. ટેકરાની વધુ પડતા કેટલાક હિસ્સામાં રહેઠાણ પણ થઈ ગયેલ છે અને બાકીના ભાગમાં ખેતી થાય છે. એટલે પુરાતાત્ત્વિક સ્થળ નષ્ટ ન થાત. ઊલટી ખોદાઈ કરવા માટે પર્યાપ્ત જગ્યા પણ ન હતી.

તિવારીનું કહેવું છે કે એટલું જ નહીં પણ શોધ એજન્સીઓની ઘટતી દિલચશ્પી વધુમાં મોટી સમસ્યા પેદા કરે છે. એઓ જણાવે છે કે દ્રૌપદી ટ્રસ્ટ તો ખોદાઈમાં ઊંડી રુચિ લઈ રહ્યું છે પણ તેનાથી અલગ જિલ્લા કે રાજ્ય પ્રશાસને કોઈ પણ દિલચશ્પી ન બતાવી.

આવી ઉપેક્ષાથી કોઈ આશ્ચર્ય નથી કેમકે સ્થાનિય લોકો મૂર્તિ શિલ્પોને ઉખેડીને ઘરમાં સજાવી દે છે અને ટેકરાની ઇંટોનો પણ પોતાના મકાનમાં વપરાશ કરે છે. નીરાના ટ્રસ્ટે કેટલીક મૂર્તિઓને બચાવવાની કોશિશ કરેલ અને તેમાંથી કેટલીક શહેરના એક મંદિરના પટાંગણમાં રાખવામાં કામિયાબી હાંસલ કરેલ.

જો કે દ્રૌપદી ટ્રસ્ટની ઈચ્છા પૌરાણિક પાંડવોની મહારાણીનું મહત્ત્વ બતાવવા માટે માત્ર પુરાતાત્ત્વિક ખોદાઈ કરવું જ નહોતું, નીરાએ પાંચ પતિઓવાળી દ્રૌપદી પ્રત્યે અધિક જાગરુકતા અને સંવેદનશીલતા જગાવવા માટે કાર્યક્રમ પણ કરેલ હતા.

નીરા જણાવે છે કે દ્રૌપદી તેનું પ્રતીક છે કે જો નારી મનથી તાકાતવાન હોય તો એ પોતાની શરતો પર જીવન જીવી શકે છે. પાંડવો કે દ્રોણાચાર્યથી જોડાયેલ અહિછત્ર કે હસ્તિનાપુર એ બધાં સંરક્ષિત સ્થળ છે. જ્યારે દ્રૌપદી સાથે જોડાયેલ સ્થળની દુર્દશા જોઈને મને ઘણું જ દુઃખ થાય છે. મને તેને વ્યવસ્થિત કરવા માટે કંઈક કરવું જ પડશે અને હું મારા પ્રયત્નો ચાલુ જ રાખીશ.

નીરા મિશ્રે, કંપિલમાંથી કેટલાક મૂર્તિ શિલ્પ જોયેલ હતા..

કાંપિલ્ય રાજા દ્રુપદના પાંચાલ પ્રદેશની રાજધાની બતાવવામાં આવે છે, જે હવે કંપિલ કહેવાય છે. તેને દ્રૌપદી અને ધૃષ્ટદ્યુમ્નનું જન્મસ્થળ બતાવવામાં આવે છે.

અહીં રાજા દ્રુપદનો કિલ્લો હતો. એ.એસ.આઈ.ની આગ્રા શાખાની સૂચિમાં તેને સ્મારક બતાવાયો છે.

આ ૧૩મા જૈન તીર્થંકર વિમલનાથનું જન્મ સ્થળ પણ છે.

અહીં રામેશ્વર મઠ મંદિર પણ છે, જેમાં એક શિવલિંગ છે. રાવણની કેદમાં રહેતી વખતે સીતા તેની પૂજા કરતી હતી.

કંપિલ દિલ્હી અને આગ્રા વચ્ચે આવેલ છે.

*શ્યામજી કૃષ્ણવર્મા રોડ,*
*ભીમાણી હૉસ્પિટલ પાસે,*
*માંડવી, કચ્છ-૩૭૦ ૪૬૫.*
*ફોન : (૦૨૮૩૪) ૨૨૪૨૯૮*

*ક્રિકેટની એક મેચમાં ઈંગ્લેન્ડની ટીમનો કેપ્ટન ડગ્લાસ જાર્ડિન હતો અને ઑસ્ટ્રેલિયાની ટીમનો કેપ્ટન બીલ વુડફુલ હતો.*

*જાર્ડિન જ્યારે બેટીંગમાં આવ્યો ત્યારે ઑસ્ટ્રેલિયાના ખેલાડીઓએ મોટેથી સ્લેજિંગ શરૂ કર્યું.*

*જાર્ડિને વુડફુલને બોલાવીને ફરિયાદ કરી કે, 'તારા ખેલાડીઓએ મને ગધેડો કહ્યો.'*

*આ સાંભળીને વુડફુલે પોતાના ખેલાડીઓને પૂછ્યું, 'તમારામાંથી કયા ગધેડાએ આ ગધેડાને ગધેડો કહ્યો?'*

*'દિવ્ય ભાસ્કર', તા. ૧૫-૭-૨૦૧૫માંથી*
*પ્રેષક : શાંતિલાલ સંઘવી*

॥ ક્ષમા વીરસ્ય ભૂષણમ્ ॥
**રાયચંદ કાનજી ધુલ્લા પરિવાર - સુથરી**
"ધુલ્લા વિલા", બંગલા નં.-૨૦, ડ્રીમલેન્ડ સોસાયટી, જયશાસ્ત્રી નગર, એન.આર. હાઈલેન્ડ પાર્ક, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૨.
ફોન : ૨૫૯૨૪૪૪૬, ૨૫૬૨૪૫૪૪, ૨૫૯૧૪૫૪૪, ૬૬૩૪૩૫૭૭

ન્યાય મંદિર

# જીવદયાના સમર્થનમાં ઐતિહાસિક ચુકાદો
# બાદશાહ અકબરથી આજ સુધી

• વી. આર. ઘેલાણી •

*આ ઐતિહાસિક ચુકાદો આવ્યો એટલે એની પૂરી વિગત વાચકો સમક્ષ પ્રસ્તુત કરવાની ઈચ્છા થાય એ સ્વાભાવિક છે. એ માટે આ વિષયના નિષ્ણાતો જ આ ચુકાદાની છણાવટ કરી શકે.*

*શ્રી વી. આર. ઘેલાણી ટેક્ષ કન્સલ્ટન્ટ અને કાયદાના સલાહકાર છે અને વર્ષોથી શ્રી મુંબઈ જૈન યુવક સંઘ સાથે સક્રિય રીતે સંકળાયેલા છે અને સંસ્થાની કારોબારી સમિતિના સભ્ય પણ છે. એઓશ્રીએ ખૂબ જ પરિશ્રમ કરી આ લેખ તૈયાર કર્યો છે.*

*આ ચુકાદા માટે આપણે ગુજરાત સરકારને - તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને પણ ખાસ અભિનંદન આપીએ.*

***જૈનોના પર્યુષણના નવ દિવસ દરમ્યાન કતલખાના બંધ રાખવાનો પ્રતિબંધ ગેરવાજબી નિયંત્રણ નથી.***
***– સુપ્રીમ કોર્ટનો ઐતિહાસિક ચુકાદો***

ભારત, એ ઘણી બધી સંસ્કૃતિઓનો સમન્વય ધરાવતો દેશ છે અને તેથી કોઈ પણ મુદ્દા ઉપર વધુ પડતી લાગણી દર્શાવવી ના જોઈએ. જો ધાર્મિક લાગણીને માન આપીને જૈનોના પવિત્ર પર્વ પર્યુષણ દરમ્યાન નવ દિવસ કતલખાનાં બંધ રહેતાં હોય તો તેને 'ગેરવાજબી નિયંત્રણ' ના ગણી શકાય, એવો ગુજરાત હાઈકોર્ટના ચુકાદાને ફગાવતો, ઐતિહાસિક ચુકાદો સુપ્રીમ કોર્ટની ડિવિઝન બેન્ચે ૧૪મી માર્ચ, ૨૦૦૮ના રોજ જાહેર કર્યો છે. દેશની સર્વોચ્ચ અદાલતના આ ચુકાદાથી જૈન ધર્મના અહિંસાના સિદ્ધાંતની પ્રતિષ્ઠા થઈ છે. સુપ્રીમ કોર્ટ સુધી ગયેલ આ કેસની વિગત ટૂંકમાં અહીં નીચે દર્શાવેલ છે :

(કેસ નં. અપીલ (સિવિલ) ૫૪૬૯/૨૦૦૫. હિંસા વિરોધક સંઘ - વરસીસ - મિરઝાપુર મોટી કુરેશ જમાત અને બીજાઓ)

૧. સને ૧૯૯૩માં તત્કાલીન ગુજરાત રાજ્ય સરકારની સૂચનાથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને જૈનોના પર્યુષણ દરમિયાન આઠ દિવસ કતલખાના બંધ રાખવા માટે સ્ટેન્ડિંગ કમિટીમાં ઠરાવ કર્યો હતો.

૨. ત્યારબાદ સને ૧૯૯૮ તથા સને ૧૯૯૯માં શ્વેતાંબરોના પર્યુષણ દરમિયાન આઠ દિવસ અને દિગંબરોના પર્યુષણ દરમિયાન દસ દિવસ એમ કુલ અઢાર દિવસ મ્યુનિસિપલ કતલખાનાં બંધ રાખવાનો ઠરાવ પણ થયો હતો.

૩. જો કે હકીકતમાં ઉપરોક્ત ઠરાવ સંદર્ભે અમલ ફક્ત નવ દિવસ મ્યુનિસિપલ કતલખાનાં બંધ રાખવાનો જ થતો હતો અને કતલખાનાં એ મુજબ બંધ રહેતાં હતાં.

૪. ગુજરાત રાજયની સુરત મ્યુનિસિપલ કોર્પોરેશને પણ પાછળથી આવો કરાર કર્યો હતો.

૫. સને ૧૯૯૩માં ઉપર જણાવ્યા પ્રમાણેના અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ઠરાવને મિરઝાપુર મોટી કુરેશ જમાતે ગુજરાત હાઈકોર્ટમાં પડકાર્યો હતો.

૬. આ કેસ ગુજરાત હાઈકોર્ટમાં ચાલતો હતો ત્યારે જીવદયા અને પશુરક્ષા ક્ષેત્રે કાર્યરત હિંસા વિરોધક સંઘના માનદ્ મંત્રી તથા ધારાશાસ્ત્રી અરુણ ઓઝા તરફથી સ્પેશિયલ લીવ પીટિશન થઈ હતી.

૭. ઉપરોક્ત કેસમાં અન્ય લગભગ સાત જૈન સંસ્થાઓ પણ પક્ષકારો તરીકે જોડાઈ હતી.

૮. ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ જે.એસ. સિંઘવી અને જસ્ટિસ અનંત એસ. દવેની ડિવિઝન બેંચે તા. ૨૨-૬-૨૦૦૫ના રોજ મિરઝાપુર મોટી કુરેશ જમાતની તરફેણમાં ચુકાદો આપ્યો.

૯. ઉપરોક્ત ચુકાદામાં ગુજરાત હાઈકોર્ટે ઠરાવ્યું કે, પર્યુષણ દરમિયાન મ્યુનિસિપલ કતલખાનાં બંધ રાખવાનો ઠરાવ કસાઈઓના ધંધા - રોજગાર કરવાના, દેશના બંધારણના આર્ટિકલ-૧૯(૧)(જી) મુજબના મુળભૂત અધિકાર ઉપર તરાપ સમાન અને રોજીરોટી માટે અસરકર્તા છે. અને તેથી એ ઠરાવને ગેરવાજબી નિયંત્રણ ગણાવી રદ જાહેર કર્યો.

૧૦. ગુજરાત હાઈકોર્ટના આ ચુકાદા સામે સુપ્રીમ કોર્ટમાં નીચે મુજબની આઠેક સંસ્થાઓએ સ્પેશિયલ લીવ પીટિશનો (એસ.એલ.પી.) દાખલ કરી હતી.

(૧) હિંસા વિરોધક સંઘ

(૨) આણંદજી કલ્યાણજી ટ્રસ્ટ

(૩) અમદાવાદ પાંજરાપોળ

(૪) સેટેલાઈટ મૂર્તિપૂજક જૈન સંઘ

(૫) નવરંગપુરા જૈન શ્વેતાંબર સંઘ

(૬) શાહીબાગ ગિરધરનગર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ સાથે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન.

*અવિદ્યા વિઘ્નરૂપ છે. તે દૂર થાય તો સર્વ જગત બ્રહ્મરૂપ છે એવું જ્ઞાન થાય.*

(૭) સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન

(૮) શ્રી લક્ષ્મીવર્ધક જૈન સંઘ

૧૧. સુપ્રીમ કોર્ટમાં ૨૦૦૫માં આ બધી એસ.એલ.પી.ઓ થઈ. તેમાં સુપ્રીમ કોર્ટે ગુજરાત હાઈકોર્ટના ચુકાદા સામે સ્ટે આપી વચગાળાની રાહત આપી હતી. તેથી પર્યુષણ દરમિયાન મ્યુનિસિપલ કતલખાનાં બંધ રહેતાં હતાં. આ બાબત ખાસ નોંધ લેવાપાત્ર છે. આજે પણ તેનો અમલ ગુજરાત રાજ્યમાં થઈ રહેલ છે.

૧૨. ઉપરોક્ત જુદી જુદી સંસ્થાઓએ કરેલ એસ.એલ.પી.ની સુનાવણી એક સાથે કરવામાં આવી અને તે તા. ૧૧-૩-૨૦૦૮ના રોજ પૂરી થયા બાદ જસ્ટિસ એસ.કે. સેમા અને જસ્ટિસ મારકન્ડે કાત્જુની ડિવિઝન બેન્ચે તા. ૧૪-૩-૨૦૦૮ના રોજ ચુકાદો આપતાં જણાવ્યું કે :

***(૧) વર્ષોથી પર્યુષણ દરમિયાન મ્યુનિસિપલ કતલખાનાં બંધ રાખવાની પ્રથા ગુજરાતમાં અમલમાં છે.***

***(૨) આ પ્રથાને ગેરવાજબી નિયંત્રણ હરગિજ ગણાવી શકાય નહીં.***

***(૩) આ કેસમાં દેશના બંધારણના આર્ટિકલ-૧૪ અથવા ૧૯(૧)(જી) અથવા ૨૧નો ભંગ થતો નથી.***

જૈન સંઘો તરફથી ખ્યાતનામ ધારાશાસ્ત્રી સોલી સોરાબજી, અશોક જૈન તથા અન્ય વકીલો ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાત સરકારે છેક સુધી આ કેસમાં જીવદયાનો પ્રચાર કરતી સંસ્થાઓને સાથ આપી લડત આપી હતી. સુપ્રીમ કોર્ટે પોતાનો ઉપરોક્ત ચુકાદો આપતી વખતે કેટલીક ટિપ્પણીઓ કરી છે જેનો ઉલ્લેખ અરજદારોના ધારાશાસ્ત્રીઓએ પણ પોતાની દલીલોમાં નહોતો કર્યો અને તેથી તેને સમજીને મમળાવવા જેવી છે જે ટૂંકમાં નીચે મુજબ છે :

૧. ઈ.સ. ૧૫૮૨માં અકબાર બાદશાહે પોતાના રાજ્યમાં આચાર્યશ્રી વિજયહીરસૂરિજી, ભાનુચંદ્ર ઉપાધ્યાય અને આચાર્ય શ્રી વિજયસેનસૂરિજીનું સ્વાગત કર્યું હતું અને જૈન ધર્મના અહિંસાના સિદ્ધાંતની બાદશાહ અકબર ઉપર જબરદસ્ત અસર થઈ હતી. અકબરે અનેક મહિનાઓ દરમિયાન માંસાહારનો સંપૂર્ણ ત્યાગ કર્યો હતો. પોતે શિકારનો શોખ છોડી દીધો હતો અને કેદીઓ તથા પીંજરામાં પૂરેલાં પક્ષીઓને પણ મુક્ત કર્યા હતા. અને ઈ.સ. ૧૫૮૭થી વર્ષના લગભગ અડધા દિવસો માટે પ્રાણીઓની કતલ ઉપર પ્રતિબંધ ફરમાવી દીધો હતો એવું કોર્ટે ચુકાદાના ૫૧માં પેરેગ્રાફમાં લખ્યું છે.

૨. બાદશાહ અકબરે બધી જ કોમના લોકોને એકસરખું માન આપ્યું અને તેમની નિમણૂક લાયકાત પ્રમાણે ધર્મ, જાતિ કે બીજા કોઈ પણ ભેદભાવ વિના ઉચ્ચ હોદ્દાઓ ઉપર કરી હતી. (પેરેગ્રાફ-૪૭)

૩. અકબરનો જૈન સાધુઓ સાથેનો સંપર્ક છેક ઈ.સ. ૧૫૬૮ની સાલથી શરૂ થયો હતો. જ્યારે તેણે નાગપુરી તપાગચ્છના આચાર્ય ભગવંત પદ્મસુંદરસૂરિજીને પોતાના દરબારમાં બોલાવીને તેમનું સ્વાગત કર્યું હતું. (પેરેગ્રાફ-૫૨)

૪. આચાર્ય ભગવંત વિજયહીરસૂરિજીના અહિંસાના ઉપદેશથી પ્રભાવિત થઈ અકબરે ગુજરાતમાં વર્ષના છ મહિના સુધી પ્રાણીઓની કતલ ઉપર બંધી ફરમાવી હતી અને ધાર્મિક યાત્રા ઉપરનો તથા જજિયાવેરો ઈ.સ. ૧૫૬૩ અને ૧૫૬૪માં માફ કર્યો હતો.

૫. ઉપરોક્ત માહિતી મેળવવા માટે વિદ્વાન જજ સાહેબોએ ડૉ. ઈશ્વરીપ્રસાદે લખેલ 'મોગલ એમ્પાયર' નામના પુસ્તકનો આધાર લીધેલ છે.

૬. ગુજરાતમાં જૈનોના પર્યુષણોના નવ દિવસો દરમ્યાન કતલખાનાંઓ બંધ રાખવાના ઠરાવને વાજબી ઠરાવતાં સુપ્રીમ કોર્ટે પોતાના ચુકાદાના પેરેગ્રાફ-૫૫માં વેધક સવાલ કર્યો છે કે, 'જો અકબર બાદશાહ ગુજરાતમાં છ મહિના માટે માંસ ખાવા ઉપર પ્રતિબંધ મૂકી શકે તો આજના અમદાવાદમાં જૈનોના પર્યુષણ દરમિયાન નવ દિવસ માટે કતલખાનાં બંધ રાખવાનો પ્રતિબંધ શું ગેરવાજબી છે?'

૭. અકબરની સહિષ્ણુતાની નીતિને કારણે ભારતમાં મોગલ સામ્રાજ્ય આટલું લાંબું ટક્યું હતું. આપણા દેશમાં આટલી બધી વિવિધતા છે તો તેની એકતાને ટકાવી રાખવી હોય તો સહિષ્ણુતાની આ સમજણભરી નીતિ જ આપણને કામ આવે તેમ છે એમ ચુકાદાના પેરેગ્રાફ-૫૮માં લખ્યું છે.

૮. આ ચુકાદામાં મુસ્લિમોના પ્રાણીઓની કતલ કરીને પોતાનો ધંધો ચલાવવાના મુળભૂત બંધારણીય અધિકાર કરતાં પણ વિશેષ ભાર ધાર્મિક લાગણીઓની કદર કરવા ઉપર આપવામાં આવ્યો છે. કુલ ૭૪ પેરેગ્રાફનો આ ચુકાદો ખૂબ અગત્યનો છે અને તે દરેકે ઝીણવટથી વાંચીને સમજવા જેવો છે.

૯. આ ચુકાદાનો પૂરેપૂરો લાભ મેળવવા માટે દેશની તમામ નગરપાલિકાઓ, મહાનગરપાલિકાઓ અને ગ્રામ પંચાયતો અમદાવાદની મ્યુનિસિપાલિટીએ જે પ્રમાણેના ઠરાવો કર્યા તે પ્રકારના ઠરાવો કરે અને રાજ્ય સરકારો પણ તેને અનુમોદન આપે તે જરૂરી છે. જીવદયા પ્રેમીઓએ પોતાના ગામમાં કે શહેરોમાં આ પ્રકારના ઠરાવો થાય તે માટે પ્રયત્નો કરવા જોઈએ.

**• લેખકનું અંગત મંતવ્ય અને સૂચન :**

ઉપરોક્ત ચુકાદો અને તેમાં સુપ્રીમ કોર્ટના વિદ્વાન જજ સાહેબોએ કરેલ ખાસ ટિપ્પણીઓ વાંચ્યા પછી કોઈપણ અહિંસા પ્રેમીની છાતી ગજગજ ફૂલ્યા વિના રહે નહીં એમાં બે-મત હોઈ

*નિરાશાવાદી માણસ બીજાનો સદ્ગુણ જોતો નથી, પણ બીજાનો દુર્ગુણ જોવાનું એ ચૂકતો નથી.*

ન શકે. પરંતુ આખી વાતનો ગંભીરતાપૂર્વક વિચાર કરી તેનો કાયમી ઉપાય શોધવો જરૂરી છે. તે માટેની વિચારકણિકાઓ નીચે મુજબ છે :

૧. ફક્ત પર્યુષણના નવ દિવસો પૂરતાં ગુજરાતમાં મ્યુનિસિપલ કતલખાનાંઓ બંધ રહે, તેથી કતલખાને આવતા ઢોરોની સંખ્યામાં ફરક પડવાનો નથી. તેમને આ નવ દિવસ ખરાબ હાલતમાં ગોંધાઈ રહેવું પડશે. હકીકતમાં સૌ પ્રથમ તો સરકારે ઘડેલ કાયદા મુજબ દરેક ઢોરને તે કતલખાને મોકલવા માટે લાયક છે એ જાતનું સર્ટિફિકેટ તેના નિષ્ણાત ડૉક્ટરો પાસેથી મેળવવાનું હોય છે. તેમાં અંધેર છે અને આડેધડ આવા સર્ટિફિકેટો ભ્રષ્ટાચારીઓનો સાથ લઈને મેળવવામાં આવે છે.

૨. કતલખાનામાં લવાતાં જાનવરોને ઓછામાં ઓછું દુઃખ સહન કરવું પડે તે માટે તેમને ખટારા કે અન્ય વાહનોમાં લાવવામાં લઈ જવા માટેના કડક નિયમો પણ છે. તેને નેવે મૂકીને નિર્ધારિત સંખ્યા કરતાં વધુ સંખ્યામાં જાનવરોને એક સાથે પૂરીને લાવવા લઈ જવામાં આવે છે. તેથી કોઈ તો ગૂંગળાઈ - દબાઈને જ મરણ પામે છે.

૩. કતલખાને આવેલ દરેક જાનવરોને પોતાની કતલ થવાની છે તેની તેના વારા પ્રમાણે જાણ થતાં જ તેના ઝાડા-પેશાબ છૂટી પડે છે અને તેના શરીરના દરેક અંગોમાં રહેલ માંસ અને લોહીમાં, મોતની ભયંકર બીકના લીધે, અમુક જાતનું ઝેર ઉત્પન્ન થાય છે. કોઈ જાનવર પોતે જાતજાતનો રોગોથી પીડાતું પણ હોય! તેના રોગના જીવાણુઓ પણ તેના માંસ - લોહી સાથે સ્વાભાવિક રીતે જ આવે.

૪. તેથી વૈજ્ઞાનિક રીતે અને મેડિકલ સાયન્સના નિયમોના આધારે એમ ચોક્કસ કહી શકાય કે આ રીતની કતલથી કલુષિત થયેલું પ્રાણીઓનું માંસ કે તેના લોહીમાંથી ખાવાની વાનગી બનાવવામાં આવે ત્યારે તે ખાવાથી ખાનાર વ્યક્તિને જાતજાતના જીવલેણ રોગો થવાની શક્યતાઓ ખૂબ જ વધી જાય છે એ વાતમાં બે-મત ન હોઈ શકે.

૫. મેડિકલ સાયન્સના આધારે જે પ્રાણીઓ માંસાહારી છે દા.ત; વાઘ, સિંહ વગેરે, તેઓના શરીરના અંગોની રચના ભગવાને માંસાહારને અનુરૂપ જુદા જ પ્રકારની ઘડી છે. જેમકે તેમના તીક્ષ્ણ અણીવાળા દાંત, પંજાના નખનો પ્રકાર, જઠરમાં રહેલ પાચક રસની ગરમી તથા આંતરડાની લંબાઈ એ બધું જ બિન માંસાહારી પ્રાણીઓના શરીરની રચનાથી જુદું પડે છે. વાઘના જઠરમાં રહેલ ગરમી ગાયના જઠરમાં રહેલ ગરમીથી લગભગ વીસ ગણી વધુ જલદ હોય છે તથા વાઘનું આંતરડું ગાયના આંતરડા કરતાં ચોથા ભાગ જેટલું ટૂંકું હોય છે. જેથી વાઘ પોતાનો માંસનો ખોરાક જઠરની જલદ ગરમીથી આસાનીથી પચાવી, બચેલો કચરો - ખોરાક ટૂંકા આંતરડા વાટે બહાર કાઢી નાખે છે. જ્યારે ગાય પોતાનો ખોરાક ઘાસ-ચારો ધીમે ધીમે ચાવીને વાગોળીને જઠરની અસાધારણ ગરમી તથા લાંબા આંતરડાની મદદથી પચાવે છે. આ રીતે ભગવાને કરેલી શરીરના અંગોની રચના ઉપરથી પણ માંસાહાર કોના માટે ઉચિત છે તે જાણી શકાય છે. માણસનું આંતરડું ભગવાને ગાય-ભેંસની જેમ લાંબું અને જઠર પણ સાધારણ ગરમીવાળું બનાવેલ છે. તેથી તેમાં માંસનો ખોરાક પચાવવાની ક્ષમતા નથી એ વાત ધ્યાનપૂર્વક નોંધવી ખૂબ જ જરૂરી છે.

૬. આજના નવયુવાનો કે જેઓ દેખાદેખીથી કે પરદેશીઓ સાથેના ધંધાર્થી શિષ્ટાચારનાં ઓઠાં નીચે મોટી મોટી હૉટલોમાં માંસાહાર કે સી-ફૂડ, ફિશ વગેરે ખાય છે તેમને તથા પરદેશમાં વેજિટેરિયન ખોરાકની અછતના ઓઠાં નીચે જે લોકો માંસાહાર કરે છે તેવી દરેક કોમની વ્યક્તિને આ મેડિકલ - શરીરની રચનાનો નિયમ લાગુ પડતો હોવાથી તેમણે પોતાના સ્વાસ્થ્યની સુખાકારી માટે માંસાહારથી દૂર રહેવું જોઈએ એમ તેમને સમજાવવાના પ્રયત્નો દરેક શાળાના સ્તરેથી શિક્ષકોએ ચાલુ કરવા જોઈએ. ડૉક્ટરોએ તથા જીવપ્રેમીઓએ પણ આવા પ્રયત્નો સતત કરવા જરૂરી છે. હાલ પરદેશમાં માંસાહારી લોકોમાં આ વાતની જાગૃતિ આવી રહી છે અને તેની અસર પણ ધીમે ધીમે જણાય છે.

૭. બનવાજોગ છે કે ગુજરાત રાજ્યની જેમ અન્ય રાજ્યોની નગરપાલિકાઓ, ગ્રામ પંચાયતો વગેરે, જરૂરી ઠરાવો પસાર કરી પર્યુષણના નવ દિવસો દરમિયાન પોતપોતાના રાજ્યમાં મ્યુનિસિપલ કતલખાના બંધ રખાવી શકે પણ તે જીવદયા પ્રેમીઓને કાયમી સંતોષ આપી ન જ શકે તે વાત દીવા જેવી સ્પષ્ટ છે.

૮. તેથી જેમ મહાત્મા ગાંધીજીએ પરદેશી ચીજોનો બહિષ્કાર કરવાથી તેમની આયાતો આપોઆપ ઘટીને બંધ થશે એમ સલાહ આપેલ, તે રીતે જો લોકો ઉપર જણાવ્યા પ્રમાણે સમજી વિચારીને અકબર બાદશાહની જેમ કે મેડિકલ રીતે બરાબર સમજી વિચારીને પોતાના મનથી પોતાના સ્વાસ્થ્યની સુખાકારી માટે માંસાહારનો કાયમી ધોરણે ત્યાગ કરે તો જ આપોઆપ કતલખાને જતા પ્રાણીઓની સંખ્યામાં ધીમે ધીમે ઘટાડો થાય અને કતલખાનાં ધમધમતાં રહેવાને બદલે તેની પ્રવૃત્તિ ધીમી પડે અને આખરે બંધ પણ થાય. આ તેનો સાચો અને કાયમી ઉપાય છે તેની નોંધ લઈ ઘટતું કરવા સૌ કોઈને વિનંતી. ખાસ કરીને આપણા જૈન ધર્મના, વૈષ્ણવ ધર્મના તથા સ્વામિનારાયણ ધર્મના ધર્મગુરુઓ માંસાહાર ન કરવાનો ઉપદેશ દેશ-વિદેશના લોકોને સમજાવીને સતત આપતા રહેશે તો તેમનું શુભ પરિણામ આવશે જ તે બાબત શંકાને સ્થાન નથી.

*ઈન્દ્રભુવન કૉટેજ, ભોંયતળિયે, ૧૦૧, વાલકેશ્વર રોડ,*
*મુંબઈ-૪૦૦ ૦૦૬. ફોન : (૦૨૨) ૨૩૬૭૪૭૧૦*
*સૌજન્ય : 'પ્રબુદ્ધ જીવન'*

*ખ્યાતિ કે પ્રશંસા પામવાની ઈચ્છાથી કરેલી નેકીઓ વંટોળિયાના પ્રવાહમાં તણાઈ જશે. ખુદાને ત્યાં આવી નેકીઓનો કોઈ જ બદલો નથી.*

આરોગ્ય ચિંતન

# શરીર તારું સંભાળ રે...!

• દિનેશ પાંચાલ •

વર્ષો પૂર્વે પિતાજીને ઍટેક આવ્યો હતો. તે દિવસોમાં મને સમજાયેલું કે આપણે ‘રામાયણ’, ‘મહાભારત’ અથવા રામ, સીતા કે કૃષ્ણ વિશે ઘણું જાણીએ છીએ પણ આપણા હૃદય વિશે કશું જાણતા નથી. ત્યારબાદ મેં હૃદયરોગ વિશે થોડાં પુસ્તકો વાંચ્યાં અને પિતાજીને પણ વંચાવ્યાં. મને લાગે છે કે અલ્લાહ વિશે ન જાણીએ તેમાં એટલું નુકસાન નથી જેટલું અલ્સર વિશે ન જાણવામાં છે. રામ કરતાં હૃદય વિશે જાણવાનું વધુ જરૂરી બની ગયું છે, કેમકે તનની અયોધ્યામાંથી રામ રૂઠીને ચાલ્યા જાય છે ત્યારે માણસને સમજાય છે કે જીવનભર રામાયણ વાંચતા રહ્યા પણ હૃદયની કામગીરી, તેના રોગો, અને તેની સારવાર વિશે કશું જાણ્યું નહીં. આપણે કૃષ્ણ વિશે જાણીએ છીએ તેટલું કૉલેસ્ટેરોલ વિશે જાણતા નથી. કંસ વિશે જાણીએ છીએ પણ કેન્સર વિશે જાણતા નથી. સુદામા અને વિદુર વિશે જાણીએ છીએ તેટલું દમ અને સુગર વિશે ક્યાં જાણીએ છીએ? અનુભવીઓ કહે છે – ‘ઈશ્વર વિશે કશું ન જાણો તો ચાલશે પણ ‘એઈડ્સ’ વિશે જાણી લો.’ બીડી, તમાકુ કે ગુટકાથી તમારું મોઢું ભરેલું હોય તે સંજોગોમાં તમારા હાથમાં ‘કૃષ્ણલીલા’ને બદલે કેન્સરનું પુસ્તક હશે તો એ પુસ્તકનાં થોડાં પાનાં વાંચ્યા બાદ શક્ય છે તમે મોંમાંના ગુટકા થૂંકી નાખશો. મને વારંવાર સમજાયું છે કે ઘડપણમાં ગીતા વાંચવા કરતાં આરોગ્યપૂર્તિ વાંચવાથી વધુ ફાયદો થાય છે. (સુગર, પ્રેશર કે વાનો ઉપાય ગીતા, કુરાન કે બાઈબલમાંથી નહીં, આરોગ્યપૂર્તિઓમાંથી પ્રાપ્ત થઈ શકે છે.) રામકથાના પારાયણમાં બેસવા કરતાં યોગાસનમાં કે પ્રાણાયામમાં બેસવામાં હવે વધુ સમજદારી રહેલી છે!

કોઈ ધર્મગુરુ તમને આકાશના કયા ખૂણામાં સ્વર્ગ આવેલું છે તેની માહિતી આપે તેના કરતાં કોઈ ડૉક્ટર તમારા પેટમાં ક્યાં અલ્સરની ગાંઠ આવેલી છે તે જણાવે તે વધુ ઉપયોગી બાબત છે. એથી વર્ષમાં એક સત્યનારાયણની કથા ન કરાવો તો ચાલે પણ એકવાર બૉડી ચેક-અપ તો અવશ્ય કરાવવો જોઈએ! આજના તણાવયુક્ત જનજીવનમાં દસમાંથી સાત માણસને સુગર અને પ્રેશર હોય છે. એથી સુગ્રીવ કે પરશુરામ વિશે નહીં જાણો તો ચાલશે પણ સુગર અને પ્રેશરને બરાબર ઓળખી લો. દશામા કે સંતોષીમા વિશે જાણવા કરતાં દમ અને સાઈટીકા વિશે જાણી લેવામાં ફાયદો છે. બચુભાઈને છેલ્લાં બે વર્ષથી પગે વા થયો છે. તેઓ કહે છે – ‘યુવાન વયે મંદિરમાં નહીં, અખાડામાં જશો તો ઘડપણમાં મંદિર સુધી ચાલીને જઈ શકવા જેટલું ‘ભંડોળ’ પગમાં જળવાઈ રહેશે!’

તંદુરસ્તી વિના ઘણાં સુખો એકડા વિનાનાં મીંડાં જેવાં બની રહે છે. માણસ પાસે મારુતિ હોય પણ તેને માઈગ્રેન... મેનિન્જાઈટીસ... કે મણકાની બીમારી હોય તો મારુતિની ખાસ મજા રહેતી નથી. બચુભાઈ સાવિત્રીબહેનને કહેતા – ‘ઘરમાં ટી.વી. અને બીબી બંને ન હોય તો ચાલે પણ શરીરમાં ટીબી કે બીપી ન હોવાં જોઈએ!’ અમારાં એક દૂરનાં કાકી ટીબીમાં મૃત્યુ પામ્યાં હતાં. તેમના છેલ્લા શ્વાસ ચાલતા હતા ત્યારે સ્વજનો તેમની પથારી પાસે બેસી ગીતા વાંચતા હતા. બચુભાઈએ ત્યારે સૌને મોં પર સંભળાવેલું - ‘ટીબીમાં જે કાળજી લેવાવી જોઈએ તે તમે લીધી નથી. હવે અંતઘડીએ એમને ગીતા વાંચી સંભળાવો છો તેના બદલે ટીબીના રોગ અંગેની જાણકારી આપતું કોઈ પુસ્તક વેળાસર વાંચી સંભળાવ્યું હોત તો આજે ગીતા વાંચવાની નોબત ન આવી હોત!’

ઘરડા થયા પછી અલ્સર, એપેન્ડિક્સ, ડાયાબિટીસ કે સુગર-પ્રેશર થયા પછી જ એ અંગેનાં પુસ્તકો વાંચીશું એવી હઠ પકડવા જેવી નથી. શુભસ્ય શીઘ્રમ્...! ‘રામાયણ’, ‘મહાભારત’ જેવા ધર્મગ્રંથો કરતાં આવાં આરોગ્ય વિષયક પુસ્તકો વાંચવાથી જીવતા જીવત ફાયદો થશે. યાદ રહે, શ્રીહરિને ઓળખવા કરતાં શરીરને ઓળખવાનું હવે વધુ જરૂરી બન્યું છે. પુસ્તક વાંચ્યા વિના પણ તમને તમારા કિસ્મતનાં નિયત સુખો મળી રહેશે પણ તેને ટકાવી રાખવાની સમજ આવાં પુસ્તકોમાંથી મળે છે. લકી ડ્રોમાં સ્કૂટરનું ઈનામ લાગે ત્યાં વાત પતી જતી નથી. તમને સ્કૂટર ચલાવતાં આવડવું જોઈએ. સ્કૂટર અંગેની પ્રાથમિક જાણકારી તમને નહીં હોય તો તમે સ્કૂટરનું સુખ નહીં ભોગવી શકો. તમારો બેડરૂમ ફુલ એરકન્ડિશન્ડ હશે પણ તમને વા કે દમની બીમારી હશે તો એરકન્ડિશન્ડનું સુખ તમે નહીં ભોગવી શકો. સુખ માત્ર ભૌતિક સાધનોમાં નથી હોતું – તે ભોગવી શકવાની આપણી પાત્રતામાં પણ રહેલું છે. કોઈ પુરુષ સોનાનો કાંસકો ખરીદી શકે એટલો ધનવાન હોય પણ તેને માથે વાળ જ ન હોય તો...?

ઘણીવાર પેટમાં ચરબીનો અદૃશ્ય સંગ્રહ થયેલો હોય છે. દુશ્મનો આપણી સરહદમાં પ્રવેશી આપણા કેટલાક ઈલાકાઓમાં પોતાની છાવણી નાખી દે છે તે રીતે ચરબી પેટમાં અડ્ડો જમાવીને બેસી જાય છે. એથી બેંકમાં લૉકર હોય એના કરતાં ઘરમાં વૉકર હોય એ બહુ જરૂરી છે. હીરોહોન્ડા, બજાજ અને સ્કૂટી જેવાં ટુ-વ્હીલરો ચરબીના અડ્ડાને અદૃશ્ય કવચ પૂરું પાડે છે. રોજ ત્રણ-ચાર કિલોમીટર ચાલવું, આ આજના યંત્રયુગની અનિવાર્ય જરૂરિયાત બની ચૂકી છે.

સ્ત્રીઓ બ્યુટીપાર્લરમાં જઈ હાથ, પગ

**(અનુસંધાન : જુઓ પાના નં.-૫૩ ઉપર)**

*માનવીએ સત્કાર્યો લોકચાહના કે ખ્યાતિ મેળવવા માટે જ ન કરવા જોઈએ.*

સમાજ ચિંતન

# સિનિયર સિટીઝન માતા-પિતાનો સંતાનોને ઈ-મેઈલ

• અનુરાધા દેરાસરી •

*પીપળ પાન ખરંતાં, હસતી કૂંપળિયાં,*
*મુજ વીતી તુજ વીતશે, ધીરી બાપુડિયાં.*

આજે આપણાં માતા-પિતા વૃદ્ધ છે, કાલે આપણે વૃદ્ધ થઈશું. પછી આપણાં છોકરાં... પછી... એમ જીવનના વયકાળનું ઋતુચક્ર ચાલ્યા કરે છે. પરંતુ આજના વીસકા (વીસ વર્ષ) પહેલાં ને અત્યારના સમયમાં ફેર છે. એ ફેર એટલો પડ્યો છે કે પહેલાંના સમયમાં સુખસગવડો ન હતાં, પણ પ્રેમ, હૂંફ, ને સમય માતા-પિતાને સંતાનો તરફથી મળતાં. પરંતુ સાંપ્રત સીનારિયોમાં માતા-પિતા કદાચ, સુખસગવડો પામે છે પણ પ્રેમ, હૂંફ ને સહારો નથી પામતાં. ધંધાર્થે અથવા કોઈ પણ કારણોસર છોકરાઓ જુદા રહેતા હોય છે. ઘણા બધા વિદેશમાં હોય છે અથવા ઘરમાં એક રૂમની માતા-પિતાની જિંદગી થઈ જાય છે. કુટુંબોમાં દરારો પડી ગઈ છે. સંતાનોમાં મોટી સ્વાર્થતા જોવા મળે છે. વૃદ્ધો પાછલી ઉંમરમાં શાંતિ પામી શકતાં નથી. આ હાલનો સીનારિયો જોતાં એક વૃદ્ધ દંપતીએ બીજા શહેરમાં રહેતાં પોતાનાં દીકરા-દીકરીને ઈ-મેલ મોકલ્યો છે, જે અત્યારની મધ્યવયસ્ક પેઢી અને યુવાપેઢીએ જરૂર વાંચવા જેવો છે :

***વહાલા સંતાનો,***

- ❖ જ્યારે અમે ઘરડાં થઈએ ત્યારે અમને સમજવાનો પ્રયત્ન કરજો.
- ❖ અમને ચાલવામાં મદદ કરજો. બાકીની અમારી જિંદગીમાં પ્રેમ આપજો અને અમારું સ્વમાન અને આત્મગૌરવ જાળવજો.
- ❖ અમે હંમેશાં તમને હાસ્ય આપીશું અને અમારા હૃદયમાં તમારે માટે જે પ્રેમ હતો અને છે તેમાં નવડાવી દઈશું.
- ❖ કેટલીક ક્ષણો એવી આવશે કે અમારાથી ચાલતી વાતચીતનો દોર ભૂલી જવાશે અથવા અટકી જઈશું અથવા વાતનો દોર અધવચ્ચેથી ભૂલી જઈશું. અમને યાદ કરવાનો જરૂરી સમય આપજો, ને યાદ ન આવે તો પ્રશ્નો પૂછી નરવસ ન બનાવતા અને છણકો ન કરતા.
- ❖ જીવનમાં સૌથી અગત્યની વસ્તુ અમારા માટે એ છે કે, તમે અમારી સાથે ફોન પર હસતાં ફરતાં વાત કરો એ નથી પણ ઘડીક અમારી પાસે બેસજો. દિવસની થોડી મિનિટો (કલાક નહીં) ગાળજો. અમારી આંખમાં આંખ પરોવી પ્રેમથી જોજો અને બે શબ્દો સાંભળજો, જો સમય હોય તો.
- ❖ અમે જ્યારે તમારી સાથે બોલતા હોઈએ ત્યારે એકની એક વાતો, વારંવાર અમે દોહરાવીએ અથવા ઘણીવાર વચ્ચે બોલબોલ કરીએ તો અમને તોડી ન પાડશો. સાંભળજો અથવા શાંતિથી સમજાવજો.
- ❖ તમે જ્યારે નાના હતા ત્યારે અમારે એકની એક વાર્તા એક હજાર વાર કહેવી પડતી હતી, જ્યાં સુધી તમે શાંતિથી સૂઈ ન જાવ.
- ❖ અમે તમારી ઊંઘમાં ખલેલ નથી પાડવાના, અમે લગભગ ઊંઘની ગોળી લીધા પછી આખી રાત જાગીશું તો પણ...
- ❖ અમને કોઈવાર ન નાહવાની ઈચ્છા થાય તો, અમને લઢશો નહિ કે અમારાથી શરમાશો નહિ. એ સમય યાદ કરજો જ્યારે નાનપણમાં તમે ઘણાં બધાં કારણો બતાવીને નાહતા નહોતા. પહેલાં તમારું બાળપણ અચૂકથી યાદ કરજો.
- ❖ અમને જ્યારે ખાવાની ઈચ્છા ન થાય ત્યારે અમને દુરાગ્રહ ન કરશો કારણકે અમને ખબર છે, અમારે ક્યારે ખાવું ને ક્યારે ન ખાવું. તબિયતના બહાના હેઠળ પણ કહેવાનું હોય તો ધીમેથી કહેજો. છણકો કરીને કે ટોકીને નહિ, જે અમને ખૂબ આકરું લાગે છે.
- ❖ તમે લોકો જ્યારે નાનાં હતાં અને પહેલી પાપા પગલી ભરી ત્યારે મદદ માટે જેમ અમે અમારો હાથ લંબાવ્યો હતો એમ તમે પણ અમે થાકી જઈએ અને ચાલી ન શકીએ ત્યારે હાથની મદદ આપજો.
- ❖ ખાતાં ખાતાં જો અમારો હાથ ધ્રૂજે ને જો અમે ગંદાં થઈએ, જાતે કપડાં પહેરી ન શકીએ, તો તેમાં પણ તમે મદદ કરજો. અમને શાંતિપૂર્વક ને ધીરજપૂર્વક સંભાળજો. ને યાદ કરજો કે અમે તમને ખવડાવવામાં કેટલો સમય ગાળતાં હતાં અને નવડાવીને તૈયાર કરવામાં લાંબો સમય ગાળતાં અને તેમાં આનંદ અનુભવતાં અને તમને અપટુડેટ રાખતાં.
- ❖ જ્યારે કોઈવાર અમે મરવાની વાત કરીએ ત્યારે અમારા પર ચિડાતા નહીં. અમને સમજવાનો પ્રયત્ન કરજો કારણકે એક દિવસ તમને અમારા શબ્દોની કિંમત સમજાશે. અમે ગમે તે રીતે જીવ્યાં નથી, અમારા અનુભવ સાથે જીવ્યાં છીએ એટલે ઘડપણનો હડસેલો ઘણીવાર મૃત્યુના વિચારો તરફ ધકેલી દે.
- ❖ અમારા ટૅકનોલોજીના અજ્ઞાન સામે અમારાથી ટૅકનોલોજીને દૂર લઈ જવા કરતાં એ નવી દુનિયામાં અમારું વહાણ હંકારવામાં મદદ કરજો. અમે તમને જીવનમાં ઘણી નવી વસ્તુ શિખવાડી છે.

ટુ ઈટ રાઈટ ફુડ : ચોક્કસ વસ્તુ ખાવી.
ટુ ડ્રેસ ઍપ્રોપ્રિએટ : સુંદર કપડાં કેવી રીતે પહેરવાં.
ટુ ફાઈટ ફોર યોર રાઈટ : તમારા હક્કો માટે કેવી રીતે લડવું.

**(અનુસંધાન : જુઓ પાના નં.-૫૩ ઉપર)**

***એક હાથે દાન આપો તો તેની જાણ બીજા હાથને પણ ન થાય એ જ દાનની સાચી પરિભાષા છે.***

વાર્તા

# ડામચિયો

• પ્રજ્ઞા પટેલ •

અંજલિએ આજુબાજુ જોયું અને પછી ઘરનાં બંધ બારણાં પર હળવેથી માથું ટેકવ્યું. એક ઊંડો શ્વાસ લીધો, શાંતિથી છોડ્યો. શાલનો છેડો દૂર કરી ખભે લટકાવેલા પર્સમાંથી ફંફોસીને ચાવી કાઢી. બા વાપરતાં હતાં એ જ પ્લાસ્ટિકની કોથળી, એ જ મોટા પિત્તળના તાળાની નક્કર પિત્તળની ચાવી. તાળાના કાણામાં પણ ભમરીઓએ દર કર્યું હતું. થોડી વાર ચાવી આમતેમ ઘુમાવી અને તાળું ખૂલ્યું. હડો પણ જામ થઈ ગયો હતો. એણે પ્રયત્ન કરીને હડો ખોલ્યો. ચપોચપ ભિડાઈ ગયેલાં બારણાં કિચૂડાટ સાથે ખૂલ્યાં.

બેય પગને જાણે એકસાથે જ ઘરમાં પ્રવેશવાની ઉતાવળ હતી, છતાં જમણો પગ જ આગળ થયો. અવાવરું ઘરની અવાવરું ગંધે એને ભીંસી લીધી. સહજ જ એની નજર બેઠક રૂમમાં ફરી વળી. ચારે તરફ લટકતાં જાળાં. જાળાંનાં સૂકાંભઠ્ઠ તોરણો. બારણાંની બરાબર ઉપરનું જાળું એના વાળમાં વળગી પડ્યું. એ એમ જ ઊભી રહી ગઈ. નજર નીચે ગઈ તો...નકરી ધૂળ..ધૂળની નાની નાની ઢગલીઓ. કીડી-મકોડાનાં દર. ઠેર ઠેર નજરે પડી ઉધઈને લીધે લાગેલી માટીની હાર. આગળ વધીને એણે બેઠકરૂમની બારી તરફ જોયું. ત્યાં પણ જાળાંનો રાફડો. સ્ટોપર શોધવી ન પડી. હાથ અચકાયા વિના કામે લાગ્યો. અંગૂઠા ને આંગળીએ ચપટી ભરાઈ અને બારી ધડામ્ કરતી ખૂલી ગઈ. કૂણી સવારનું તાજું અજવાળું રૂમમાં દોડી આવ્યું. હવે જાળાં વધુ સ્પષ્ટ રીતે સામે આવ્યાં. મન થયું, ઓટલે જઈ ઊભી રહે, ઘરની સામે જ લહેરાતાં ખેતરોને આંખમાં ભરે, દૂર દૂર સુધી નજર માંડી એ ખેતરોને બસ જોઈ જ રહે. એ ઓટલે ગઈ અને સામાન લઈ ઘરમાં પાછી ફરી.

જમણા હાથે એનો સ્પેશિયલ લાકડાનો કોટ અને ડાબા હાથે વર્ષો જૂનો એ જ લોખંડનો પલંગ. બા વાળતાં હતાં એ જ રીતે બેય પલંગમાં વાળીને મૂકેલાં ગાદલાં, ઉપર ઢાંકેલી જૂની ચાદરો. હળવેથી ચાદર ખસેડી, ઉંદરોએ ગાદલાંમાં કાણેકાણાં કરી મૂક્યાં છે, નકરી લીંડીઓ. ઓટલે જઈ એણે વારાફરતી બેય ગાદલાં ખંખેર્યા ને પલંગમાં પાથરી દીધાં. સામાન પલંગ પર મૂક્યો.

'આવી ગઈ બેટા? મને હતું જ કે તું આજે આવીશ. તારી બા કહેતી નહોતી પણ તારી જ રાહ જોતી હતી'... 'આવી ગઈ બેટા?....આવી ગઈ બેટા?...' એણે આમતેમ જોયું ને સામેની ભીંત પરના ફોટા પર એની નજર સ્થિર થઈ ગઈ. ફોટો પણ અડધો ખવાઈ ગયો છો; હા, એમાં ચમકતી આંખો એવી જ અકબંધ છે. બે વર્ષ શહેરમાં ભણવાનું થયું ને ત્રણ વર્ષ બહાર નોકરી કરી તે સમયે એ રજામાં ઘેર આવતી ત્યારે મોટાભાઈ આમ જ એને ઘરમાં આવકારતા. બાને આવું કશું બોલવું ફાવતું નહીં, પણ પોતાનું કામ કરતાં કરતાં એને મીઠી મધ જેવી નજરે જોઈ લેતાં. બા એ દિવસે એના સ્વાદની ગળચટી દાળ અને ભાવતું શાક બનાવતાં. 'આવી ગઈ બેટા? આવી ગઈ બેટા?' નાં સ્મરણોએ એને ઘેરી લીધી. શાલના છેડાથી એણે ફોટો લૂછ્યો. પેલી બે ચમકતી આંખો જાગી ઊઠી.

આખા ઘરમાં એ ફરી વળી. પાંત્રીસ-ચાલીસ વર્ષ પહેલાં નાનકડા ગામમાં બનેલી એ સોસાયટી. છેલ્લી લાઈનમાં છેલ્લેથી આગળનું એક મકાન. સમૂહ વાસ્તુપૂજન વખતે એ ઘણી નાની. નવું ફ્રૉક પહેરીને એ આમતેમ દોડતી હતી. મારું ઘર, અમારું ઘર, નવું ઘર – એના હરખનો પાર નહોતો. પૂજાવિધિમાં બેઠેલાં બા-મોટાભાઈને એ ધારી ધારીને જોયા કરતી હતી. બાજરી કિનારવાળી સાડીમાં ખૂબ સુંદર લાગતી હતી અને મોટાભાઈએ તો પહેલી વાર ધોતિયું પહેર્યું હતું. બાજુવાળા જેઠાભા એમનું ધોતિયું લઈ આવેલા. જેઠાભા એમના બાળપણના મિત્ર, સાથે જ સાતમા ધોરણ સુધી ભણેલા.

'જો, આપણે તો ખેડૂતના દીકરા. ધોતી-ખમીસ આપણો મૂળ પહેરવેશ. તું શહેરમાં નોકરી કરે એટલે શું થયું? મેં તને કદી ધોતિયું પહેરેલો જોયો નથી. આજે તો તારે ધોતી ઝભ્ભો જ પહેરવાનાં છે.' મોટાભાઈ ના ના કરતા રહ્યા, પણ જેઠાભાએ એમના મનની મુરાદ પૂરી કરી હતી. ખરેખર મોટાભાઈ સરસ લાગતા હતા. દાદા પણ બોલી ઊઠ્યા હતા, 'ભઈ, આજે તું મુખીના દીકરા જેવો રૂડો લાગે છે હોં. ટિકિટ માસ્તરના ડગલામાંયે તું તો શોભે જ છે, પણ આ કપડાંમાં તું વધારે પોતાનો લાગે છે.'

ઝાંખાં ઝાંખાં દૃશ્ય-સંવાદો કરોળિયાનાં જાળાંમાંથી ડોકિયાં કરવા લાગ્યાં. એનું બાળમન એક ચિત્ર દોરતું હતું, બા-મોટાભાઈનું લગ્ન થયું હશે ત્યારે એ બંને આવાં જ શોભતાં હશે... વાસ્તુપૂજન વખતે એના હાથે જ ઘડો મુકાયો હતો, એણે જ નવાનક્કોર ઘરમાં પહેલો પગ મૂક્યો હતો, એ દિવસે પણ જમણો પગ જ આગળ રહ્યો હતો.

રસોડું, બેડરૂમ, મોટાભાઈની લાઈબ્રેરીવાળો રૂમ, બાથરૂમ, પાછળ ખુલ્લો ચોક...બધે સરખી દશા. સાવરણી શોધવી ન પડી. શાલ ખીંટીએ લટકાવી એણે કચરો વાળવા માંડ્યો, ઝાપટઝૂપટ કરવા માંડી. શરીરની સ્ફૂર્તિ જાણે એકસાથે આળસ ખંખેરી બેઠી થઈ ગઈ. એ કરોળિયાનાં જાળાં વાળતી રહી અને સ્મરણોનાં જાળાં વીણતી રહી. લાંબી મુસાફરીનો થાક તો ક્યાંય વીસરાઈ જ ગયો છે.

લાકડીનો ઠક ઠક અવાજ સંભળાયો. 'એ કુણ આયું સ્ ભા? ઘર કુણે ખોલ્યું? આટલી વે'લી હવારમાં મીં કીધું કુણ આયું?' લાકડીનો ઠક ઠક અવાજ ઓટલે, બેઠકરૂમ, રસોડે થઈ ચોકમાં આવી અટક્યો. સેપટવાળો ચહેરો ઊંચો થયો. એ કંઈ બોલે એ પહેલાં કાશીમા એની નજીક આવી બોલી ઊઠ્યાં. 'બુન, આઈ જઈ? તારા વગર બીજું

*ક્યારેક ન બોલવામાં પણ મોટું નુકસાન ભોગવવું પડે છે.*

કુણ આબ્બાનું હતું, ભા? જો ન્ ઘર ચેવું પાધર જેવું થઈ જ્યું સ્? તે તું ચાણ આઈ? રાતે તો ઘર બંધ હતું. મૂઆ કૂતરાંને ગમે એટલાં કાઢીએ, તમારા ઓટલે જ રાતવાહો કરે. ઓમ તો હારું, ઘરની ચોકી થાય. પણ બુન, તું તો ચોંક, બળ્યું અમરિકા કે ઈમ નતી ગઈ, ભઈના ઘેર?' કાશીમા ખાસ્સી વારે અટક્યાં. ઉધરસનો ઠહાકો ખાધો.

'કાશીમા, હું સવારે જ આવી. હા, તમારી વાત સાચી, સિદ્ધાર્થભાઈના ઘેર અમેરિકા ત્રણ મહિના રહી આવી. તમારી તબિયત તો સારી છે ને?' સાવરણી બાજુ પર મૂકી એ ચોકના પગથિયે બેઠી.

'બુન, અમારી તબિયતન્ ચ્યા ઝાટકા વાગવાના અતા? ભાળતી નથ્, જો આ મારી લાકડીના ઠેકે વૉંકી વળી ગયેલી કેડેય રોજ તારા ઓટલે આઈન્ બેહું. તારા બા અન્ બાપા બહુ હોંભળી આવસ્. ભા, અમીં તો ખરી પડેલો પીળો પોન જેવૉ. આ સવાસની ધમણ ચ્યાર બંધ થઈ જાય ઈનું કેવાય નંઈ. દા'ડા ટૂંકા કરવાના આ અજગર જેવા લાંબા આયખાના. પણ બુન, તેં ટૌકો કર્યો હોત તો મારા રમણની વહુ દોડી આવત હોં, બોલાવું ઈનૂઅ?' કાશીમાએ ફરી ઉધરસ ખાધી અને કફનો ગળફો ગઢફ કરતો ગળા નીચે ઉતાર્યો.

'એ તો કલાકમાં બધું સાફ કરી દઈશ. સવારના પૉરમાં ભાભીને પણ કામ હોય.'

'એ તો જીવીએ ત્યૉં લગણ બધૉં કૉમ તો રૅવાના જ. ઈમૉય વળી બૈરાંનો અવતાર, કૉમના ઢહરડા, જીવતર આખું થાગડથીગડ કરવામાં જ વીતી જાય. મારાથી તો અવ્ કશું કૉમ નથી થતું. તારા ભાના ગયા પછી મારા ટૉટિયા જ જાણે ભાગી જ્યા સ્. સારું ભા, તારી ભાભીએ ચૂલે દેગડું મૂક્યું સે ના'વા માટે. પાસી એ અકળાશે. જઉં ત્યારે. ચા મોકલું સું. હા, ખાવાનું પણ બનાઈ દેશે તારી ભાભી. લાલિયા જોડે પીવાના પાણીનો લોટો પણ મોકલું હોં. ઘડીક થાક ખઈ લે. તારા માટ્અ મારો જીવ બઉ બળે બુન, હું કરીએ?' કાશી મા લાકડીના ટેકે ઊભાં થયાં. આંખના બે ખાડામાં ભીનાશ છલકાઈ ઊઠી હતી.' તારી બા હતી ત્યાર્અ ઘર ચેવું ચોખ્ખુંચણેક રાખતી. ઘડીકેય નવરી બેહી નૉ રહે...બહું હોંભરે એ બેય મનેખ...પણ...' જતાં જતાં કાશીમા બોલતાં હતાં.

અંજલિ ફરી કામે વળગી. બે-ત્રણ કલાકમાં તો ઘરની સિકલ બદલાઈ ગઈ. અવાવરું ગંધ ઊડી ગઈ. જેમ જેમ ખબર પડતી ગઈ, આજુબાજુવાળાં વારાફરતી આવી ગયાં, ઘરમાં આંટો મારી ગયાં, ઊભડક વાતો મૂકતાં ગયાં.

'આ જમાનાનાં ભાઈ-ભાભીના ઘેર ચેટલું ફાવઅ્. ઈમાંય પાસું અમેરિકા... હારું થ્યું તમે પાસા આવી જ્યૉ તે. અમારો છોકરૉને ભણાવસો તો ખરાં....'

'મને તો ખબર જ હતી... સિદ્ધાર્થ તો હજી હમજ્યા, પણ ઈની વહુ જોઈ હોય તો મોટી લાટસા'બ... એ બેય દાદર મારી ર્યૉ.'

'આ બચારી અંજલિએ તો જીવનમૉ હું ભાળ્યું? મા-બાપની ચાકરી સિવાય ઈના ભાગે કયું સુખ આયું? કેવી રૂપાળી શે'ર માં નોકરી હતી તે એય મા માટે છોડીને ઘેર આઈ જઈ. એ તો આ છોડી જ કરઅ. બીમાર માનાં ઝાડો-પેશાબ વળી કુણ સાફ કરઅ? એ તો ઈની બાનાં નસીબ તે આ છોડીએ લગ્ન નો'તું કર્યું?'

'હાઉના મનમાં ઈમ જ ક્અ આ ઘર, ખેતર ન્ બધી મિલકત અંજલિની જ નૂઅ? એ વાતમાં માલ નંઈ. હજી તો બાનાં અસ્થિય ટાઢાં નો'તાં થયાં ત્યારે જ એવો એ ન'તો કે'તો કે, હવ્અ ઘર રાખીને હું કરવાનું? કાઢી નૉખીએ. બઉં આયું હશન્અ ઈની જાતન્અ જોર તે મૂઓ બોલતો હશે! ના, ના, હું કઉં છું, અંજલિએ આ ઘરન્અ હું બટકા ભરવાના?'

'આ મારો વાલો વખત જ એવો સ્અ. બાચી તો ઘેર ઘેર આ જ રૉમાયણ. પણ બધૉં ઢોકીન્ રાખ્અ. ઘરના ચૂલાનો ધુમાડો બા'ર આવવા જ નૉ દે. પણ બુન, તારું જીવતર તો ઊજળું ઊજળું થઈ જ્યું હોં. કોક ભાગશાળી આતમા હોય ઈ જ આવાં તપ કરી શક્અ. તારાં બા-મોટાભાઈની તોલે તો કોઈ નૉ આવ્અ... બેય ભગવાનનૉ મૉણહ. હડો, માર્અ તો ઊઠવું પડસે, ભેંશ છોડવાનો વખત થઈ જ્યો, પાસી મારી કમુ તો રાડારાડ કરવા મૉડસે.'

અંજલિએ જાતજાતની વાતો સાંભળી, ઈચ્છા-અનિચ્છાએ. એના બોલવા માટે તો ક્યાંય જગ્યા જ નહોતી. મંગુ કાકી, કમળા બા, શાંતા માસી, હીરા કાકી, રમા ભાભી બધાંય એકસાથે હુડુડુ કરતાંક ઊઠ્યાં. આવ્યાં હતાં છૂટાંછવાયાં, પણ બોલ્યું-ચાલ્યું બધુંયે ત્યાં ને ત્યાં જ ખંખેરીને ધાડું સામટું ઊઠ્યું. કોઈએ એને માથે, વાંસે હાથ ફેરવ્યો, તો કોઈ વળી જતાં જતાંય ઘરમાં, ઘરની વસ્તુઓ પર ચકોર નજર ફેરવતાં ગયાં. રમા કાકી તો વળી ઓટલે જઈને ઉતાવળા પગે પાછાં ફર્યાં.

'અંજલિ, હવે તો તું એકલી જ. આ ઘરઘંટી કાઢવાની હોય તો પે'લાં મને કે'જે હોં. આ તો થયું, તારા કાને વાત નૉખી હોય તો હારું. તારી બા તો બિચારી ઘણી વખત મને ઘઉં દળી આપતી હોં, જૂઠું તો કઈ રીતે બોલાય?' એવા જ ઉતાવળા પગલે રમા કાકી ઓટલો ઊતરી ગયાં.

અંજલિએ ઊંડા શ્વાસ ભર્યા, છોડ્યા. બેય પગ લાંબા કરીને હાશ અનુભવતી બેઠી. બરડો તો ફાટું ફાટું થઈ રહ્યો છે. રમાકાકીની વાત પર એ હસી પડી. બા ઘઉં દળી આપતી, એમાં એને બિચારી કહેવાની કંઈ જરૂર ખરી? મારા આખા ઘરની જન્મકુંડળી આ બધાંને મોઢે છે, વાહ! બીજાના ઘેર કે ઓટલે કે મંદિરે મળ્યાં હોય તો ત્યાં વળી બીજા કોકની જન્મકુંડળીનાં પાનાં વંચાય. કંઈ ઝાઝો ફેર ના પડે, માત્ર નામ બદલાય. અંજલિએ હળવા ઝટકા સાથે માથું આમતેમ કર્યું ને બેઠકરૂમમાં ગઈ.

હાશ, ઘર હતું એવું ચોખ્ખું થઈ ગયું. બૅગ ખાલી કરી કપડાં લાકડાના ખાલી કબાટમાં ગોઠવ્યાં. બા અને મોટાભાઈનાં થોડાં નવાં ગડીબંધ કપડાં પર એણે હાથ ફેરવ્યો. વર્ષોની ઘરવખરી... ઘરમાં શું શું ન હોય? જાણે બા-મોટાભાઈ ગયાં એટલે ઘરને ખાલી જ કરી નાંખવાનું? ભાઈ-ભાભી, રાજેશભાઈ, સૃષ્ટિ, મીનાફઈ, રૂખીમાસી-જે આવે, જ્યારે આવે ત્યારે બે-ચાર ચીજ તો આગ્રહ કરીને ઘરમાંથી ઓછી કરાવતાં જ

*બીજાનું સાંનિધ્ય મેળવવામાં ખુદને ભૂલશો નહિ.*

જાય. ઘરની ઘણીયે ચીજ-વસ્તુઓ આમ એક પછી એક ઓછી થતી ગઈ. બા-મોટાભાઈનાં થોડાં કપડાં, એમનાં ચશ્માં, મોટાભાઈની ઘડિયાળ, પેનો, બાની માળાઓ, ભજનની ચોપડીઓ, શાલ આવી કેટલીક વસ્તુઓ એણે સાચવીને રાખી મૂકેલી. છેલ્લે તો કંઈ જ ન બોલી શકતાં એ રોઈ પડી હતી. 'તમારા માટે આ માત્ર વસ્તુઓ છે, મારા માટે બા-મોટાભાઈની નિશાનીઓ છે, તમને એ નહીં સમજાય. આ વસ્તુઓમાં એમનો સ્પર્શ જીવે છે, આ ઘરમાં એમની લાગણીઓ છે. પણ, તમને કશુંયે નહીં સમજાય.' એ વધુ બોલી શકી નહોતી. મૂળે અવ્યક્ત રહેવાનો સ્વભાવ. ક્યારેક બહુ અકળાઈ જાય, ગુસ્સે થવા જાય, ત્યારે રડી પડતી. ગળે ડૂમો ભરાઈ જતો. એ દિવસ પછી બીજી વધારાની વસ્તુઓ ઘરમાંથી ઓછી નહોતી થઈ. તે છેક મોટા ભાઈ રાજેશભાઈ અને નાની બહેન સૃષ્ટિ એને અમેરિકા જઈ આવવા સમજાવવા આવ્યાં ત્યારે એમને મન વધારાનો કચરો પરાણે ઘરબહાર કરાવી દીધો હતો. નેતરની ખુરશીઓ, રેક્ઝિનની બૅગો, લાકડાનું મોટું કબાટ, તાંબા-પિત્તળનાં વાસણો, અનાજ ભરવાનાં પીપડાં, પુસ્તકો, ટેબલ ફેન... નાની-મોટી ઘણી વસ્તુઓનો વહીવટ પતાવી દીધો હતો. એ સાવ નિ-સહાય બનીને બધું જોયા કરતી રહી હતી.

'અંજલિ, આમ તો તને મારી સાથે જ મારા ઘેર લઈ જાઉં, પણ તારાં ભાભી વિનાના ઘરમાં તારું મન ગોઠે નહીં. તું અહીં એકલી રહે, લોકો અમને ટોક ટોક કર્યા કરે છે. એ તો તું હતી એટલે મોટાભાઈ ને બાની બીમારી વખતે અમને ચિંતા નહોતી રહેતી. તોય લોકોએ - સગાંઓએ તો અમને ફોલી જ ખાધાં ને! માંદા માણસની ચોવીસ કલાક નાડ પકડીને થોડું બેસી રહેવાય છે?' રાજેશભાઈ કોઈક બીજા સાથે વાત કરતા હોય એમ એની સામે જોયા વિના કડકડાટ બોલતા હતા.

'પણ, રાજેશભાઈ, મારી વાત તો...' અંજલિ કંઈક કહેવા માગતી હતી.

'ના, પણ ને બણ કંઈ નહીં. સિદ્ધાર્થના ત્રણેક વખત મારી પર ટેલિફોન આવી ગયા છે. તારા વિઝા, ટિકિટની બધી વ્યવસ્થા એ ફટાફટ કરી દેશે. તું સમજ તો ખરી અંજલિ. વર્ષોથી એ બહાર-દૂર રહ્યો છે. હવે એ તારી જવાબદારી લેવા તૈયાર છે, તો...'

'પણ રાજેશભાઈ, હું જવાબદારી...'

'તારે કંઈ જ બોલવાનું નથી. મેં બે-ત્રણ સગાંને વાત કરી છે, આ ઘર માટે. તારાં જતાં પહેલાં જો બધું પતી જાય તો... તને તો ખબર જ છે, તારી ભાભીની માંદગીમાં હું ખાલી થઈ ગયો છું. ભાડાના ઘરમાં રહેવું પડે છે, આ છતા ઘરે. ત્યાં સિદ્ધાર્થ પણ હાઉસ લેવા વિચારે છે. થોડી પ્રૅક્ટિકલ બનીને આ બધાંનો વિચાર કર. આમ પણ હવે આ ઘરમાં કોણે રહેવાનું છે?'

'હા અંજલિ, રાજેશભાઈ સાચું જ કહે છે. તું બહુ સેન્ટિમેન્ટલ ન બન. મારાથી પણ વારેઘડીએ કારણ વિના અહીંના ધક્કા નહીં ખાઈ શકાય. હવે બા-મોટાભાઈ નથી તો પછી...' સૃષ્ટિ ઝડપભેર બોલી હતી.

'હું... પ્રૅક્ટિકલ એટલે?...હું સેન્ટિમેટલ....ને આ ઘર...?' અંજલિ હેબતાઈ ગઈ હતી. શું બોલવું એને સૂઝતું નહોતું. સૃષ્ટિ એક થેલામાં સાથે લઈ જવા નાની-મોટી વસ્તુઓ ભરી રહી હતી. એ કંઈ કહે તે પહેલાં તો ભંગારની લારીવાળો આવીને ઓટલા પાસે ઊભો રહી ગયો હતો. રાજેશભાઈ ભાવની રકઝકમાં ખોવાઈ ગયા. ભર્યાભાદર્યા ઘરમાં એ સાવ એકલી સૂનમૂન બની ગઈ હતી.

બીજા દિવસે રાજેશભાઈ-સૃષ્ટિ નીકળી ગયાં હતાં. ફોન પર ફોન આવવા માંડ્યા હતા...સિદ્ધાર્થભાઈ, રાજેશભાઈ, સૃષ્ટિના. કોઈ એની વાત સાંભળવા તૈયાર જ નહોતું. ચાર-છ જણ ઘર જોવા પણ આવી ગયા. ગામના જ એક વેપારીને ગોડાઉન તરીકેના ઉપયોગ માટે ઘર ખૂબ ગમી ગયેલું. ભાવની વાત રાજેશભાઈ સાથે કરી લીધી હતી. મોટાભાઈના ટેબલ પર પડેલાં પુસ્તકો એ જોઈ રહેલા. અંજલિએ બે પુસ્તક એમને ભેટમાં આપ્યાં. એ મોટાભાઈની સાથે ભણતા હતા, એ સ્મરણથી જાતે જ ભાવવિભોર બની ગયા. નાનું ગામ તેથી અંજલિને પણ ઓળખે. ઘણી બધી વાતો થઈ. અંજલિને ઘણા સમયે થયું, કોઈ એને સાંભળી રહ્યું છે. અંજલિ એમને વળાવવા ઓટલાના પગથિયા સુધી ગઈ. દીવાલ પકડીને એ ઊભી હતી. હાથ-પગ આછું ધ્રૂજતા હતા, હોઠેથી શબ્દો નહોતા નીકળતા.

'સારું બેટા, તારા ભાઈ સાથે બીજી વાત કરી લઈશ. તું ચિંતા ન કરતી. બધું સેટ થઈ જશે.'

'પણ કાકા, આ ઘર....આ ઘરને આવું જ રાખજો હોં, કંઈ તોડફોડ ન કરતા...આ ઘર...' માંડ આટલું બોલી શકી ને આંસુના ભીડાયેલા બંધ ખૂલી ગયા. કંઈ જ બોલ્યા વિના પેલા વડીલે તેના માથે હાથ ફેરવ્યો. પગથિયું ઊતરી ગયા હતા.

સિદ્ધાર્થભાઈનો બીજા દિવસે ફોન આવ્યો ત્યારે એને કંઈક ગડ બેઠી. 'અંજલિ, પેલા વડીલ ઘર જોવા આવ્યા હતા. ઘર તો ગમ્યું છે, પણ હાલ એમની પાસે પૈસાની સગવડ નથી. કંઈ વાંધો નહીં, તું અહીં આવી જા. એ તો રાજેશભાઈ બધું સંભાળી લેશે.' સિદ્ધાર્થભાઈ જોખીને બોલતા હતા. ત્યારે એણે એવો તો હાશકારો અનુભવ્યો હતો કે...આખા ઘરમાં આમતેમ દોડતી ફરી વળી હતી.

....પછી તો દસ જ દિવસમાં કુરિયરમાં ટિકિટ ને વિઝા આવી ગયાં. જવું તો પડશે જ. જતાં પહેલાં ઘરની બાકી વધેલી વસ્તુઓ ઠેકાણે મૂકી. ઘરની એક દીવાલને, ખૂણાને, વસ્તુઓને આંખોથી, સ્પર્શથી ભેટી લીધી. આમ આવું જવું એને સ્હેજેય ગમ્યું નહોતું. મન વિના કઈ રીતે જવું? આવી ઉતાવળે?

અમેરિકા...ત્રણ મહિના અમેરિકામાં...ત્રણ વર્ષ કરતાંય લાંબા લાગ્યા એને. ભાઈ-ભાભી એમની જોબમાં જ બિઝી રહે. નાનકડી મિત્તલ એના સ્ટડીમાં. શનિ-રવિ આરામના, ઘરની સાફસફાઈના ને પાર્ટીના દિવસો. સાથે બેસી વાત કરવાનો કોઈની પાસે સમય જ નહીં. સમય તો ઠીક, મન જ નહીં. સહેજ નવરાશ હોય ત્યારે ટી.વી. શો છવાઈ જાય કે પછી લેપટોપ-મોબાઈલ છવાઈ જાય. મિત્તલ પણ આઘી ને આઘી જ રહે. રસોઈ કરવી, ઘરનાં બીજાં

*પરમાત્મા એમના હૃદયમાં સ્થાન આપે એવું કર્મ કરો.*

કામ કરવાં-અંજલિ પાસે આમ તો સમય જ ક્યાં રહેલો હતો? બે બૅગ ભરીને એ કપડાં ને બીજી વસ્તુઓ લઈ ગયેલી. ભાભીએ તો એમના ઘરમાં પ્રવેશતાં-વેંત જ કહી દીધેલું, 'જરૂર જેટલો જ સામાન કાઢજો. જુઓને હાઉસમાં બૅગ મૂકવાની પણ જગ્યા નથી.' એક બૅગ તો એમણે કપબોર્ડ ઉપર ચડાવી જ દીધી હતી.

એને તો હાઉસ કેવું ને એપાર્ટમેન્ટ કેવું એ સમજાતું જ નહોતું. ભાઈ-ભાભી મોટા એપાર્ટમેન્ટની શોધમાં છે, એટલું તેને સમજાયું હતું.

'અંજલિ, બે બેડરૂમ જ છે. તારે જરા એડજસ્ટ કરવું પડશે, યુ નો, એકમાં અમે સૂઈ જઈએ છીએ ને એક મિત્તલનો સ્પેશિયલ. એનો સ્ટડી રૂમ. તને અહીં આ સોફામાં ફાવશે એવું મને લાગે છે.'

એણે તો માત્ર સાંભળવાનું હતું, ક્યાં કંઈ કહેવાનું હતું? નો સ્પેસ. પહેલી રાતે સોફામાં સૂતાં સૂતાં એને ગામનું ઘર એવું ચટકા ભરવા માંડ્યું હતું કે...આખી રાત એ પોચા-સુંવાળા સોફામાં એણે પડખાં ઘસીને વિતાવી હતી. એ રાત એવી ભેંકાર લાગી હતી કે શ્વાસ લેવામાં પણ તકલીફ પડતી હતી. રહી રહીને બા-મોટાભાઈ યાદ આવતાં હતાં, યાદ આવતું હતું બાળપણ, એ મજાના દિવસો.

એક રૂમ-રસોડાના ઘરમાં છ જણનો પરિવાર આરામથી રહી શકતો હતો. શિયાળાની રાતે નીચે પાથરેલી પથારીઓમાં એકબીજાની ઓથે ઊંઘવાની હૂંફ કેવી મજાની હતી? એકબીજાના ઓઢવાના ખેંચી લેવાનાં, ભાઈની ગોદડી-રજાઈમાં ઘૂસી જવાનું...ઉનાળાની રાતે ધાબા પર પહોળા થઈ પથારીમાં આળોટવાનું. મોટાભાઈને રેલવેમાં નોકરી. ગામ શહેર બદલાય, એમ ઘર પણ. ક્યાંક મોટું ઘર હોય તોય સૂવાનું તો સાથે જ. ખાટલા હોય તો એ પણ જોડાજોડ જ પાથરવાના. ને અહીં, આ સોફામાં? એને થયું, આના કરતાં તો ડામચિયો સારો. એના પર સારી ઊંઘ આવે.

ભાઈ-ભાઈ તો એને પાછી મોકલવા જરાય રાજી નહોતાં. પણ સતત એની પાછાં જવાની રટણા...ત્રણ મહિના માંડ રહી શકી. અમદાવાદ એરપૉર્ટ ઊતરી ટૅક્સી કરીને એ સીધી જ ઘર ભેગી થઈ ગઈ હતી.

બીજી બૅગ તો ભાઈના હાઉસમાં પછી ખૂલી જ નહોતી. ફટાફટ એણે બૅગો ખોલી નાંખી. સામાન કબાટમાં ગોઠવતાં એને ત્રણ મહિનાનો સમય ધૂંધળો ધૂંધળો યાદ આવી ગયો. ઓહ, કેટલું બધું એ સાથે લઈ ગયેલી ને બધું જ જેમનું તેમ પાછું...

ઓટલે જઈ ઊભી રહી. દૂર સુધી લહેરાતાં ખેતરોને એ જોઈ જ રહી. ત્રણ મહિનાનો ભેંકાર ધીરે ધીરે ઓગળવા લાગ્યો. ક્યાંય સુધી એ ઊભી જ રહી. થોડી વારે ઘરમાં આવી પલંગમાં આડી પડી. સારું લાગ્યું. પણ...પેલા પોચા-સુંવાળા સોફાની ભેંકાર શૂન્યતાના સળ ખૂંચવા માંડ્યા. ઊભી થઈ ગઈ. ડામચિયો યાદ આવી ગયો. સ્ટોર રૂમ તરફ પગ વળ્યા. હા, અહીં જ...પણ..એ તો કાશીમા લઈ ગયાં છે. રાજેશભાઈએ જ આપી દીધેલો. "ડામચિયો...શબ્દ જ કેવો વિચિત્ર છે? આકાર પણ કેવો? આ તે કંઈ સંઘરવાની વસ્તુ છે?" કાશીમા તો ખુશી ખુશી ડામચિયાને પોતાના ઘેર લઈ ગયા હતા.

રસોડા અને બેઠકરૂમની વચ્ચે નાનો સ્ટોર રૂમ. એના એક ખૂણે ડામચિયો રહેતો. એના પર રોજ વાપરવાનાં ગાદલાં, રજાઈ, ઓશીકાં બા રાખતી. પાછી ઉપર ચાદર ઢાંકી દેતી. એ ખૂણા પાસે અંજલિ ભીંતના ટેકે બેસી ગઈ. બાળપણની આ એની મનગમતી જગ્યા. ડામચિયાની નીચે લપાઈ જવાનું. ઘરમાં ડામચિયા નીચે એનું પોતાનું નાનકડું હૂંફાળું ઘર એ વસાવી લેતી. ચારે બાજુ બાની જૂની સાડીના કટકા વીંટાળી દેતી. એ એની સ્વપ્નનગરી હતી. નાનકડી બહેનપણીઓને પણ પોતાના ઘરમાં તાણી જતી. કલાકો સુધી એ રમ્યા કરતી.

એણે જમીન પર હાથ ફેરવ્યો. મન જઈ પહોંચ્યું દૂર-સુદૂર. જેટલાં ઘર બદલ્યાં, સામાન સાથે ડામચિયો પણ એની જગ્યાએ ગોઠવાઈ જ જતો. નોકરીથી ક્યારેક થાકી કંટાળીને મોટાભાઈ આવ્યા હોય, ડામચિયે જઈ ઊભા રહે, ગાદલા તરફ બરડો રાખી શરીરનો થાક ઉતારે. પછી સીધા ફરી ડામચિયા પર હાથ લાંબા કરી ઊભા રહે. એ મોટાભાઈની સામે જઈ ઊભી રહી જતી. નાની હતી ત્યારે તેઓ તેડીને એને ડામચિયા પર બેસાડી દેતા. એને થતું, એ કોઈક બહુ ઊંચી જગ્યાએ પહોંચી ગઈ છે. કોઈ ઊંચા શિખરની ટોચે એ ઊભી છે, પરીની જેમ.

દરેક ઘરના પોતાના રિવાજ ને સ્વભાવ હોય છે. એમના ઘરમાં એક નિત્યક્રમ અચૂક પળાતો. સવારે સાતની આસપાસ મોટાભાઈ બધાંને જગાડવા આવે. ચારે ભાઈ-બહેનો નાનાં. વહેલા ઊઠવાનું ગમે નહીં. મોટાભાઈ બા ઉઠાડે ને પાછાં બધાં ગોદડાંમાં લપાઈ જાય. મોટાભાઈ એક પછી એકને બેઠાં કરી, હાથ પકડી ડામચિયા તરફ દોરી જાય. બે હાથ ડામચિયા પર મૂકી ઊભા કરી દે. ચારે ભાઈ-બહેન ડામચિયા પર હાથ રાખી ઊભા ઊભા ઊંઘતાં રહે. એક બે વખત તો સૃષ્ટિ પડી પણ ગયેલી. રાજેશભાઈ, સિદ્ધાર્થભાઈ ખૂબ ચિડાઈ જતાં. પણ એને તો ખૂબ મજા પડતી. ક્યારેક તો મોટાભાઈ તેડીને ડામચિયા પાસે લઈ જાય, હળવેથી હાથ પકડી ઊભી રાખે. પોતે જાગતી હોય તોય ઊંઘવાનો ડોળ કરી મજા લેતી. છેક કૉલેજમાં ભણતી ત્યાં સુધી મોટાભાઈ-ડામચિયા — એની વચ્ચેનો આ ક્રમ જળવાઈ રહ્યો હતો.

ડામચિયાની નીચે એનું બાળપણ ધબકતું હતું અને...એ તો એનો વિસામો. કહ્યા વિનાની બધી વાતો ડામચિયો સાંભળી લેતો. બા-મોટાભાઈની માંદગી વખતે ક્યારેક એ સાવ ભાંગી પડતી ત્યારે આ ખૂણે ભરાઈને રોઈ લેતી. કશુંયે બોલ્યા વિના ખાલી થઈ જતી.

અંજલિ એકદમ ઊભી રહી ગઈ. બાજુમાં આવેલા કાશીમાના ઘરનાં પગથિયાં ચડી. આમતેમ જોયું. ભાભી ખેતર ગયાં લાગે છે.

'એ કુણ આયું ભા?' કાશીમાએ પૂછ્યું.

'એ તો કાશીમા હું...હું અંજલિ...' ઘરમાં પ્રવેશી એણે કહ્યું.

'બેટા, કશું કૉમ હતું? કંઈ જોઈએ

*તમારી સો ભવ્ય સફળતા પાછળ હજાર નિષ્ફળતાઓમાંથી મેળવેલું શિક્ષણ કારણભૂત છે.*

સૂઅ?'

'ના મા, આ તો...તમને મળવા જ આવી.'

'થાકી ગઈ હસૂઅ તું, બેહ બેટા...'

'ના, બેસવું તો નથી. જરા ઘર જોઉં છું, ઘણા વખતે આવી ને?'

'મનૂઅ, તો હવાસ ચડ્યો સૂઅ બુન, તારૂઅ કંઈક જોઈતું કરતું હોય તો રસોડામાં જઈને લઈ આય... મારાથી હાલ ઊભું નંઈ થવાય...' કાશીમા હળવેથી બોલ્યાં. ઉધરસનો ઠહાકો ખાધો અને કફનો ગળફો ગઠફ કરતો ગળા નીચે ઉતારી ગયાં.

એનો તો જોઈતું હતું એ મળી ગયું. આંખો ચમકી ઊઠી. ઉતાવળા પગે ઘરમાં ફરવા માંડી. બેઠકરૂમ, બેડરૂમ, ચોક, રસોડું ને સ્ટોર રૂમ...આ રહ્યો ડામચિયો...નજીક જઈ એણે ચારે પાયાને હાથ ફેરવ્યો. ગાદલાં ઉપર હાથ પહોળા રાખી માથું-શરીર ઝુકાવી દીધાં. હાશ...જાણે બા-મોટાભાઈની બાથમાં હોય એવી લાગણી અનુભવી. આંખો ઝમઝમ ઝમતી રહી. આજના આખા દિવસનો ને પેલા ત્રણ મહિનાનો થાક ઓગળતો રહ્યો, ઓગળતો રહ્યો.

'બુન, જે જોઈતું હતું એ મળી જ્યું કૂઅ નંઈ? કૂઅ પછી હું આવું?' કાશીમાના અવાજે એ જાગી. ફરીથી ડામચિયાને ધારી ધારીને જોયો, હાથ ફેરવ્યો, નીચાં વળી જોયું, ભીની આંખો લૂછી અને કાશીમા પાસે આવી ઊભી રહી.

'ભા, જે જોઈતું હતું એ મળી જ્યું?'

'હા કાશીમાં, મળી ગયું.' એણે ટૂંકમાં જ જવાબ આપ્યો.

'પણ તારા હાથમૉ કંઈ સૂઅ તો નંઈ બેટા...' કાશીમા એના ખાલી હાથને જોઈ રહ્યાં. એમને કંઈ સમજાતું નહોતું.

એ કંઈ જ બોલ્યા વિના હવાની લહેરખી જેમ, કાશીમાના ઘરના ઓટલે થઈ પગથિયાં ઊતરી ગઈ.

***સૌજન્ય : 'શબ્દસૃષ્ટિ'***

*(લેખિકા વરિષ્ઠ માહિતી અધિકારી છે અને સાહિત્ય પરિષદની અનેકવિધ પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલાં છે.)*

## સિનિયર સિટીઝન માતા-પિતાનો સંતાનોને ઈ-મેઈલ

**(અનુસંધાન : પાના નં.-૪૮ ઉપરથી ચાલુ)**

એક દિવસ તમને સમજાશે કે અમારી ઘણી ભૂલો છતાં, માતા-પિતા તરીકે હંમેશાં જીવનમાં તમારું ઊર્ધ્વગમન થાય તે જ કાળજી રાખી છે અને તે અંગેની રાહ પણ બતાડી, ચાલતા કર્યા છે.

અમારે ફક્ત પચાસ ટકાથીયે ઓછા તમારા સાથ, હૂંફ ને પ્રેમની જરૂર છે. કારણકે અમે જાણીએ છીએ કે બાકીની જિંદગી અને સમય તમારે પોતા માટે અને તમારા કુટુંબ માટે ગાળવાનો છે.

શું સંતાન તરીકે તમે એ આપી શકશો?

સદા તમને વહાલથી ભીંજવતાં,

***તમારાં મમ્મી-પપ્પા.***

***સૌજન્ય : "વૃદ્ધાવસ્થા"***

## શરીર તારું સંભાળ રે...!

**(અનુસંધાન : પાના નં.-૪૭ ઉપરથી ચાલુ)**

અને ચહેરા પરની રુંવાટી દૂર કરાવે છે. ફેસિયલ, બ્લિચિંગ કે વેક્સ કરાવે છે. પણ પેટ અને શરીર પર વધેલી ચરબીની તેમને ખાસ ચિંતા હોતી નથી. સોનું શરીરનો બાહ્ય શણગાર બની શકે છે પરંતુ કૉલેસ્ટેરોલ, હિમોગ્લોબીન, સુગર, પ્રેશર વગેરેનું નિયમન એ શરીરની ભીતરી તાકાત બની રહે છે. ક્યારેક કંગન, નેકલેસ કે બંગડીઓનાં બિલ કરતાં કાર્ડિયોગ્રામ, એન્ડોસ્કોપી કે બાયોપ્સીનું બિલ વધારે આવે છે. બંગડી વેચીને બાયોપ્સી કરાવવી પડે એવા સંજોગો પણ ઊભા થાય છે. બેંકની પાસબુકમાં બૅલેન્સ વધારે હોય તે જેટલું રાહતભરેલું હોય છે તેટલું દેહની બેંકમાં લાલકણ, હિમોગ્લોબિન, કેલ્શિયમ વગેરેનું બૅલેન્સ વધારે હોય તે જરૂરી છે. યાદ રહે, હૃદયરૂપી લૉકરનાં એ કિંમતી ઘરેણાંઓ છે. આપણે બેંકના લૉકરનું નિયમિત ભાડું ભરવામાં જેટલા આગ્રહી હોઈએ છીએ તેટલા નિયમિત બૉડી ચેક-અપ કરાવવાના આગ્રહી હોતા નથી.

ઘરેણાંના ડબ્બામાંથી એકાદ ઘરેણું ઓછું થઈ જાય તો આખું કુટુંબ ચિંતામાં પડી જાય છે. પણ લોહીમાં લાલકણ, હિમોગ્બોલિન કે કેલ્શિયમ ઓછું થઈ જાય છે તેની જાણ આપણને છેક હૉસ્પિટલના ખાટલે જ પડે છે. આપણા દેહ સાથેનું આપણું આ સ્વપીડન બંધ થવું જોઈએ. આપણે હીંચકાના કડામાં તેલ પૂરવાનું ચૂકતા નથી. કેમકે હીંચકો ચીંચવાય તેની આપણને જાણ થઈ શકે છે. પણ દેહભીતરની કોઈ અદશ્ય હોનારતની આપણને જાણ થઈ શકતી નથી. એથી જરૂરી છે કે દેહસૌંદર્યની જેટલી કાળજી લેવામાં આવે છે તેટલી હૃદય, ફેફસાં અને આંતરડાંની પણ લેવામાં આવે. નહીં તો થશે એવું કે ટીપું તેલ મૂકવાથી હીંચકાનો ચીંચવાટ દૂર થઈ જશે પણ શરીરની ગરબડને દૂર કરવા તમારા બેંક બેલેન્સનું ટીપેટીપું વપરાઈ જશે તોય બગડેલી બાજી ડૉક્ટરો નહીં સુધારી શકે. સૌને પોતપોતાનો ધર્મ પાળવાની છૂટ છે પણ શરીરધર્મ નહીં પાળો તો એ જીવનનો સૌથી મોટો અધર્મ બની રહેશે.

તમારી લાપરવાહીથી શરીર કથળ્યું તો ભગવાનને પણ દોષ દઈ શકાશે નહીં. ડૉક્ટરો પાસે મોંઘા ટેસ્ટ અને ઑપરેશન સિવાય બીજો કોઈ રસ્તો રહેતો નથી. ચાલો, આપણે (બેંક બૅલેન્સની જાળવણી અર્થે) નિયમિત દેહની જાળવણી પર ધ્યાન આપીએ. નિયમિત બૉડી ચેક-અપ કરાવવો એ હવે નિયમિત માળા ફેરવવા કરતાંય વધુ જરૂરી બની ચૂક્યું છે. બેંકની પાસબુકમાં એન્ટ્રી કરાવવાનું આપણે ચૂકતા નથી કેમકે આપણા ખાતામાં કેટલું બૅલેન્સ છે તે જાણવાનું આપણા માટે જરૂરી હોય છે. આપણા દેહની બેંકમાં તંદુરસ્તીનું બેલેન્સ કેટલું છે તે જાણવાનું પણ એટલું જ જરૂરી છે. યાદ રહે, બેંક બૅલેન્સનો બધો આધાર તંદુરસ્તીના બૅલેન્સ પર રહેતો હોય છે.

*(આ લેખ વિશે કદાચ કોઈ સંપૂર્ણપણે સહમત ન પણ થાય)*

***સૌજન્ય : "વૃદ્ધાવસ્થા"***

*જીવનમાં સુખ અને લોહીનાં સગપણ કરતાં વેદનાનું સગપણ વધુ ટકે છે.*

નવલિકા

# ખંધાડિયો

● કેશુભાઈ દેસાઈ ●

ઢેડિયાભાઈએ નાત નોતરીને એમના અંતરની વાત કહી દીધી. પંચમાં આવી ફરિયાદો તો વરસે દહાડે આવ્યા કરતી. પરંતુ એમની જેમ કોઈ પંડના દીકરાને નાતબહાર મૂકી દેવા લગીની ફરિયાદ તો ન જ કરે. એય પાછો જેવો તેવો, માથે પડેલો, બેઠખાઉ દીકરો નહિ. પણ નાગજી જેવો ક્લાસ-વન ઑફિસર, જંગલખાતાના સાહેબ. એની હાક પડે ને જાનવર તો ઠીક, ડાંગનાં ઘેઘૂર સાગવન પણ થરથરી જતાં. 'પોસ્ટિંગ'ને એકાદ વરસ માંડ થયું હશે ત્યાં તો એના નામની ટંકશાળ પડવા લાગી હતી. વાલોડ અને વ્યારા જેવાં તાલુકા મથકોએ જ નહિ, બલકે સુરત અને વલસાડ જેવાં શહેરોમાંય નાગજીએ જુદાં જુદાં નામે પ્લૉટો ખરીદી લીધા હતા. પાંચ વરસમાં તો બધે એકી સાથે છવાઈ વળવાની નેમ સાથે એ આગળ ધપી રહ્યો હતો.

'ઢેડિયા!' નાતના મુખી અમરાજીએ ચુકાદો આપતાં અગાઉ ફરિયાદીને એક વધુ તક આપતાં પૂછ્યું : 'બરાબર સાનભાનમાં તો છે ને? આવા કરોડપતિ પોયરાને કાઢવા બેઠો છે, તે એના કેવા પડઘા પડશે એ હો વિચારી લીધું છે કે?'

નાતવાળા નોતરું મળતાંની સાથે, ગોવાળ ગોકીરો કરે ને ધણ ભેગું થઈ જાય એમ ખીચડું ખાવા ભેગા તો થઈ ગયા, પણ કોઈએ ઢેડિયાભાઈનો મૂળ મુદ્દો સમજવા મગજ તો દોડાવ્યું જ નહોતું! આમ જુઓ તો ઝટ ખોપરીમાં ઊતરે એવી વાત પણ નહોતી. કોઈ હોય તો વહુને છૂટી કરવા કરગરે. દીકરા જેવા દીકરાને તે કોઈ 'છૂટાછેડા' આપતું હશે વળી? એમાંય આ તો પાછો કમાઉ દીકરો. જંગલખાતાનો મોટો સાહેબ. કહે છે : આખી નાતમાં એકાદ-બે નેતાગીરીમાં પડેલા મોટા માણસોને બાદ કરતાં સૌથી વધારે રૂપિયા ભેગા કરી લીધા હોય તો ઢેડિયાભાઈના નાગજીડાએ! એમને મન તો એ નાગજીડો જ હતો : સરકારી નામ ભલેને એન. ડી. ચૌધરી રહ્યું! દસ વરસ સરખી નોકરી કરશે તો અમરસિંહ ચૌધરીનીય સાઈડ કાપીને આગળ નીકળી જશે! અરે, મોટો દાનેશ્વરી કર્ણ બની જશે કર્ણ! વાલીડો આટલા ટૂંકા ગાળામાં જ ગામમાં પચીસ હજારનું દાન આપી ચૂક્યો છે. માતાની દેરી એણેસ્તો બંધાવી આપેલી! હજી તો વ્યારામાં નાતની પોરીઓ સારુ થઈને છાત્રાલય બંધાવી આપવાનો મનસૂબો સેવે છે. ને ગામેગામ કન્યાશાળાઓ પણ! બધાંને ઢેડિયાભાઈના નાગજી પર માન; એક ઢેડિયાભાઈને જ નહિ! બાપબેટા વચ્ચે કોણ જાણે બારમો ચંદ્રમા શા કારણથી રહ્યા કરતો હશે! બીજું કોઈ હોય તો 'પોઈરા'ના નામે બટન તોડતું ફરે. આ ઢેડિયાભાઈને તો ગામ કરે એથી ઊંધું જ કરવાનું. ગામ આખું ઉગમણું ચાલે ત્યારે એ આથમણી દિશામાં દોટ મૂકે. છોકરાને પેટે પાટા બાંધીને ભણાવ્યો. મોટો અમલદાર બનાવ્યો. નાતના પટેલને ઘેર પરણાવ્યો. હવે વહુને ડિલીવરી આવે એવું છે, ત્યાં તો માળાએ આ નાટક કર્યું! કેવી અળળચંડાઈ! કહે છે : આવા હરામખોર છોકરા કરતાં સમૂળગા છોકરા હોય જ નહિ તો સારું! નાગજીએ રૂપિયા ભેગા કર્યા પણ ઈજ્જતના કાંકરા કરવા બેઠો છે. મારે એને ખબર પાડી દેવી છે!

'પણ આ કૂબાની જગ્યાએ મોટો બંગલો બની જાત ને — એકાદ-બે વરહમાં? હાથે કરીને તમે લોકો શું કામ ચાન્સ ગુમાવો છો? તને શોખ ન હોય, નાગજીની માને તો હોય કે?'

મુખીનો સવાલ ખોટો તો નહોતો જ. દરેક માને એનો 'પોઈરો' કમાઈને વહેલામાં વહેલો બંગલો તાણી બાંધે એ જ ગમે. આખી જિંદગી મજૂરી કરીને કાયાના કટકા કરી નાખ્યા હોય એને ઘડપણમાં જરા સરખા વિસામાની આશા તો રહે જ ને વળી! છોકરાં ભણાવ્યાનો નહિતર તો પછી અરથ પણ શું? લોહીનાં પાણી કરેલાં તે અમથાં? કહેતો છે : 'મારો બાપ ડખો ન કરે તો પાંચ વરહમાં તો પેલા ચૌધરી સાહેબના બંગલાને ટક્કર મારે એવો બંગલો ઊભો કરી દેઉં! હાઈવે રોડ પર જ! લોક જતાં આવતાં જુએ તોય દાંતમાં આંગળાં ઘાલી જાય, એવો!'

પણ આ બાપ જેવો બાપ થઈને એને બરબાદ કરવા નીકળ્યો હોય ત્યાં બિચારો એનાં સપનાં કેવી રીતે સાકાર કરી શકે?

★ ★ ★

એન.ડી. ચૌધરી નાત માટે ભલે ઢેડિયાભાઈનો નાગજીડો રહ્યો, પણ સરકારમાં તો એની બોલબાલા હતી. નાની ઉંમરમાં આટલી ઊંચી પાયરી પર કંઈ અમસ્તું નથી પહોંચી જવાતું. એને માટે પણ ત્રેવડ જોઈએ. અને એને માટેય આકરું તપ તપવું પડે છે. નાગજીએ એ બધું સુપેરે સમજી લીધેલું. સોળે સોપારા ભણી લીધેલા. કઈ ચાવી ક્યાં લગાડવી એનું પાકું જ્ઞાન મેળવી લીધા પછી જ એ ભવિષ્યની

DEEP JYOT
STATIONERY MART
MFG. OF : EXERCISE & ACCOUNT BOOKS & ALL TYPES OF OFFICE FILES
JAYESH S. PAREKH
M. : 98241 06623
FACTORY : Plot No. 4601, G.I.D.C., Ankleshwar-393 002.
Ph. : 253137

જિંદગીનો 'માસ્ટર પ્લાન' તૈયાર કરી શકે. એટલે શરૂઆતથી જ એણે જે પાણીએ મગ ચડે એમ હોય એ જ પાણી વાપરવાની ટેક સ્વીકારી લીધી હતી. ગામડિયા બાપને ગમે કે ન ગમે પરંતુ જમાના પ્રમાણે વર્ત્યા વગર ચાલે એમ જ ક્યાં હતું? ને એની વાત 'જમાના પ્રમાણે' સહુને ગળે ઊતરે એવી પણ હતી.

જ્યારે જ્યારે એ ગામડે આવતો ત્યારે વાલોડ કે વ્યારાના સરકારી ગેસ્ટહાઉસમાં રૂમ બુક કરાવીને આજુબાજુનાં ગામોના મુખ્ય આગેવાનોને બોલાવતો. એમને ચીકન પુલાવ જમાડતો. 'ઇંગ્લિશ' પીવડાવતો. અને પછી ધીમે રહીને એમને કહેવાલાયક બે-ચાર ચીજ કહી સંભળાવતો. બધા ધ્યાનથી ને માનથી સાંભળતા પણ ખરા.

'શું તમારે એકવીસમી સદીમાં પણ અર્ધનગ્ન આદિવાસી તરીકેની ઓળખ જાળવી રાખવી છે? તીરકામઠાંવાળી સંસ્કૃતિ સાચવી રાખવી છે? વિદેશીઓ આવે, આપણી ભલીભોળી, બલકે અબુધ છોકરીઓને નચાવે, એમના જુદા જુદા ઍંગલોથી ફોટા લે — અને હિંદુસ્તાનની "જંગલી પ્રજા" પર પીએચ.ડી.ની થિસિસો લખે — એથી આપણી ઈજ્જત દુનિયાના બજારમાં વધવાની કે ઘટવાની — એ તમારે જ નક્કી કરવાનું છે! કોઈ વાણિયાબામણ કે પટેલ પર કેમ થિસિસ નથી કરતું? એમના રીતરિવાજનું શૂટિંગ કરવા કેમ કેમેરાવાળા દોડી નથી જતા? ભાઠલાઓની પોઈરીઓ મોંઘી, ને તમારી સસ્તી — એમ જ કે?'

'સાયેબ ખરું કે'તા છે! સાયેબની વાત સોળ આના ને સત્તર પાઈ!'

બધા એકી અવાજે એની વાતને વધાવી લેતા. તાળીઓથી સરકારી ગેસ્ટહાઉસ ગાજી ઊઠતું. 'તમારા દીકરાને ડુંગર-જંગલમાં જ ગોંધી રાખવો છે કે એને વલસાડ - સુરત કે બારડોલી - બીલીમોરાની બજાર દેખાડવી છે? તમે શહેરમાં જઈને દુકાન માંડો એ બીજાઓને થોડું ગમવાનું છે? અમે ગણ્યાગાંઠ્યા માણસો આવી ઊંચા પોસ્ટો પર છીએ તે પણ એમને તો ખૂંચે છે. આ તો બાબાસાહેબના રૂડા પરતાપ. નહિતર આપણો માણસ ને અમલદાર — ? રામ રામ કરો, રામ રામ! આપણે તો એમનાં ગોલાપણાં જ કૂટવાનાં હોય. બહુ બહુ તો એમના પસાયતા થઈને રહીએ. એમની ચોકી કરીએ. બાકી આપણે તો સલામો જ ભરવાની. આપણને ઊજળું માણસ સલામ ભરે એ તો દુનિયાની આઠમી અજાયબી ગણાય!'

એની વાતો ચટાકેદાર હતી. આવનાર અંજાઈ ગયા વગર પાછું ન જઈ શકતું. કોઈ ચતુર સુજાણ એમ પણ સમજે કે 'બેટમજીને રાતોરાત નેતાગીરીની ચળ ઊપડેલી છે... અમસ્તા આપણને બ્રાંડી ન પીવડાવે. દાળમાં કંઈક કાળું દેખાતું છે!'

અને સાચી વાતને બહાર આવતાં ઝાઝો વખત પણ નહિ લાગેલો. બે-ચાર ખાટસવાદિયા 'ચૌધરી સાયેબ'ના બંગલે પહોંચી ગયા ને બધી વાતનો તાળો બેસી ગયેલો!

'આ બેન—' સોફા ઉપર એને ચીટકીને બેઠેલી અપ્સરાને જોઈને — એક ઉત્સાહી ચમચાથી નહિ રહેવાયું એટલે એ પૂછી બેઠેલો : 'આપનાં સેક્રેટરી હશે, બરાબરને સાયેબ!'

'સાહેબ' પણ એના સવાલનો અણીદાર કાકુ પામી ગયેલા! એટલે 'બરાબર!' કહેતાંય એમને નવનેજાં થઈ ગયેલાં. આવે મુદ્દે તો ન બોલ્યામાં જ નવ ગુણ. પણ પેલા પૂછનારનેય કંઈક તો કહેવું જ પડે ને!

ઢેડિયાભાઈની એ સ્તો ફરિયાદ હતી! અહીં બાયડીને છોકરું આવવાનું છે, ને ભાઈ ડાંગનાં જંગલોમાં કોઈ નવી જ વનપરી સાતે રાસડા લે છે! ભેગી લઈને બલૂનમાં ઊડે છે! એમનાથી રહેવાયું નહિ ત્યારે એમણે ગોમતીનું ધ્યાન પણ દોરેલું : 'તું આમ ને આમ અંધારા ઓરડે બેસી રહીશ ને પેલો કોઈ ફૂલફટાકડીને ઘરમાં ઘાલશે! જરા બોલતી થા, નીકર તારી દશાય પેલા બુધિયા મામાની ગજરી જેવી થયેલી જાણજે! એના તો પિયરવાળા પહોંચે એવા હતા તે બેનને વાલોડમાં ઘર-બર રાખી આઈપું. તારે તો જે કરું તે હું! નાગજીડો ગળાંપાહો દઈને તને મારી નાખે તોય તારો બાપ તો અક્ષરે નીં બોલવાનો! જઈ જઈને ઊલટાનો જમાઈરાજને સલામ ભરી આવહે! વેચાઈ ગયલાનો હો ભરોસો?'

ગોમતીને સસરાની શિખામણ શરૂ શરૂમાં તો લગીરેય વજૂદવાળી નહિ લાગેલી. બાપબેટાને બારમો ચંદરમા હતો એની તો આ ખોરડામાં પગ મૂકતાં જ ખબર પડી ગયેલી. વાતવાતમાં એવા બાઝે - જાણે કૂતરાં ન બાઝતાં હોય! પેલા નવા જમાનાની વાતો કરે. શહેરી સિસ્ટમનું રહનસહન અપનાવવાની વાતો કરે. ડોહાને એ દીઠું ન ગમે! એમને શહેરમાં રહેવાનુંય ન ફાવે. ખુલ્લામાં જંગલ ગયેલા ને? એમને બંધ કોટડીમાં ઝાડો જ ન ઊતરે!

...ત્યારે ગોમતીને તો ધણીની મોટી મોટી આભ જેવી વાતો સાંભળીને ઊલટાનો હરખ થતો. ક્યારેક એનો વર પણ ગુજરાતનો રાજા નહીં બને એની શી ખાતરી? ત્યારે તો ગોમતીનો વટ જ પડી જવાનો કે! પહોળી પહોળી થઈને એની પૂંઠળ ફર્યા કરશે. લોકો જોતા જ રહી જવાના, જોજે ને! આ કોણ? તો કહેશે : આપણા નવા સી.એમ.નાં મિસિસ!

ગોમતી સપનામાં સરી પડતી.

ક્યારેક વ્યારાની બજારમાં જતી ત્યારે મહારાજા સયાજીરાવ ગાયકવાડના વિશાળ પૂતળા સામે ટગર ટગર તાક્યા કરતી. રાજા થાય એવાનાં જ પૂતળાં તો મુકાતાં હશે કે? કહે છે : અગાઉ અહીં ગાયકવાડનું રાજ

JAYANT STEELS
179-A, Kandori Building, Opp. Sarvoday Nagar,
Panjarapole Road, Bhuleshwar, Mumbai-400 004.
Ph. : (022) 2242 2463 • 2242 7263

જયંત સ્ટીલ્સ
૧૭૯/એ, પાંજરાપોળ રોડ, સર્વોદય નગરની સામે,
મુંબઈ-૪૦૦ ૦૦૪. ★ ફોન : ૨૨૪૨૨૪૬૩ / ૭૨૬૩ / ૭૩૯૦
સુંદર - સુઘડ રસોડાના રાચરચીલાનું પ્રાપ્તિનું પ્રેરણા સ્થાન

ચાલતું. અંગ્રેજોનું તો ખરું જ, પણ સાથે વડોદરાવાળા ગાયકવાડનું પણ ખરું! આવા નાના કસ્બાઓમાં એમણે એ જમાનામાં નિશાળો ખોલાવેલી. એટલે તો આજુબાજુના એરિયામાં આજે એંશીએંશી વરસના ગલઢેરાય ચપોચપ છાપું વાંચતા જોવા મળે છે. ઢેડિયાભાઈ જેવો જૂનો માણસ વ્યારાની લાઈબ્રેરીમાંથી ચોપડીઓ લઈ જઈને વાંચતો હોય તો એની પાછળ તપ તો આ રાજવીનું જ ગણવું રહ્યું ને! એનો નાગજીય કોક દિવસ –

ને એને સોનેરી ભવિષ્યનું સપનું દેખાવા માંડતું – ધોળે દિવસે. પેલા પૂતળાનો ચહેરો એકાએક બદલાઈ જતો. એ એકાએક ઊછળી પડતી : તમે? તમે આખરે રાજા બની જ ગયા, – એમ ને!

'ગોમતી, એ બગડી ગયો છે. તું એનો ભરૂંહો કરતી છો; પણ એણે તો કોક મઢમડી કે' દા'ડાની ઘરમાં ઘુસાડી દીધી છે. હવે તો ગામ આખું એની જ વાતો કરતું છે!'

'એ તો ઈર્ષાને કારણે! બીજા બધા છપ્પનના ભાવમાં કુટાતા હોય ને તમારા દીકરા રાજાની જેમ સરકારી મોટરમાં ફરતા ફરે એટલે એ લોક તો બળી જ જાય ને! પછી ગમે તેવી મનગઢંત અફવાઓ ફેલાવે. બાપદીકરાનેય લડાવી મારે, ત્યારે એમના જીવને ટાઢક વળે!'

વહુ ડાહી હતી, એના કરતાં વધુ પડતી આશાવાદી હતી એમ કહેવામાં ઢેડિયાભાઈને એમનું કથન સચ્ચાઈની વધુ નજદીક લાગતું. બિચારી ભોળી છોકરી! પેલો બદમાશ એને સમૂળગી છૂટી કરવા માગે છે – એની તો એને ખબર જ ક્યાં હતી? બાપને તો એણે ક્યારનીય નોટિસ આપી દીધી હતી – લેખિતમાં.

– હવે એક દહાડો મારતી મોટરે એ આવી ચડશે, અડધી રાતે અને કંઈનું કંઈ બહાનું કાઢીને –

ઢેડિયાભાઈની ધારણા ધાર્યા કરતાં ઘણી વહેલી સાચી પડી હતી.

★ ★ ★

પંચ ઢેડિયાભાઈની વાત કાને ધરવા તૈયાર જ નહોતું.

'તમારી બુદ્ધિ બેલ તો નથી મારી ગયેલી?'

'છોકરાને નાતબા'રો મેલીને તમારે હવે કિયા કાળ કાઢવા હતા? ના રે ભાઈ, તમારા બાપદીકરાના ઝઘડામાં નાત શું કામ પડે? પોઈરા જઈ જઈને એની પાસેથી ભલામણચિઠ્ઠીઓ લઈ આવતા છે. એ કાંઈ નાતના કીધે થોડા ઘેર બેસી રે'વાના? એમને કોક દા'ડો કામ લાગશે તો નાગજી લાગવાનો છે. આપણે તો કશા કામના છીએ નથી. પછી આપણું કીધું કરે જ શું કામ?'

મુખી સિવાય બાકીના બધા એક થઈ ગયા હતા. બાજી નાગજીની તરફેણમાં પલટાઈ ગઈ હતી. એય કાંઈ ઓછી માયા તો નહોતો! ...આખરે ઢેડિયાભાઈએ છેલ્લું શસ્ત્ર અજમાવ્યું.

'દીકરા ગોમતી, કેઉં છું – લગાર બા'ર આવ જોઉં!'

નાત આખીની આંખો કૂબામાંથી ડોકાઈ રહેલી ગોમતી પર ઠરી. કોઈને એની દયા આવી ગઈ, તો કોઈને એની હાલત જોઈ જુગુપ્સા પણ જાગી. જેણે એને પહેલી વાર જોઈ, એ તો નિરાશ જ થયા.

– ફોફરાઈ ગયેલું થોબડું, ફૂલી ગયેલું પેટ, સોજા ચડી ચડીને સાવ થાંભલા થઈ ગયેલા પગ... આ તે સ્ત્રી હતી કે જીવતી ડાકણ? નાગજી એને ના ગમાડે એમાં એનો વાંક ખરો? એવડો મોટો અમલદાર આવી કદરૂપી, માંદલી બૈરીને તે સાથે રાખતો હશે વળી! એને તે એવી શી પડેલી હતી?

'જરા મારી વહુના મૂઢા હામું ભાળો!' હાથ જોડીને ઊભા રહેલા ઢેડિયાભાઈના શબ્દોમાં આંસુ ભળ્યાં : 'તમે જેનાં વખાણ કર્યા કરતા છો, એનાં પરાક્રમ જુઓ! આ બાઈને પૂરા મહિના જતા છે, ત્યારે કા'નકુંવર કેવો કાગળ લખા છે, એ પૂછો એમની ઘરવાળી ને! કહો એને કે જાહેરમાં વાંચી સંભળાવે!' ઢેડિયાભાઈથી આગળ ન બોલાયું. આંખો ઊભરાઈ ગઈ હતી – શ્રાવણ-ભાદરવામાં છલકાઈ ઊઠતી, ગામને સીમાડે વહેતી નદીની જેમ. ઓશિયાળી ગોમતી બારસાખ પકડીને માંડ માંડ ઊભી રહી હતી. શ્વાસ લેતાં પણ એ હાંફી જતી હતી. એની આંખો સૂજી ગઈ હતી. ગાલ પર બદામી રંગનાં કુંડાળાં પડી ગયાં હતાં. શરીર પાકી ગયેલા ચીભડા જેવું થઈ ગયું હતું, ફિક્કું ફસ.

'દાક્તર કે'તો છે : ગોમતીની દેઈ ફોગાવી ગયલી છે. એના લોહીનું પાણી થઈ –' એમને ડૂમો ભરાઈ ગયો.

પંચ આખું શાંત થઈ ગયું. ગોમતીની આંખો નીતરવા લાગી. એ મૂંગી મૂંગી સસરાના ચહેરા સામું જોતી રહી. એમનો સાત સવાઈનો, લાડેકોડે ઊછરેલો દીકરો 'સરકારી રાજા' થઈ ગયો હતો, ને દીકરાનો દીકરો પોતાના પેટમાં પડ્યો પડ્યો પાટુ મારી રહ્યો હતો – ! એનેય કદાચ બહાર આવી જઈને બાપનાં રાજપાટ ભોગવી લેવાની ઉતાવળ આવી ગઈ હતી! એની નજર સામે વ્યારાના ચૉકમાં ઊભેલું પેલું રાજાનું પૂતળું સજીવ થઈ ઊઠ્યું. જાણે અચાનક એને – પથ્થરના પૂતળાને વાચા ન ફૂટી હોય એમ એય હોંકારો ભણતું લાગ્યું : ખરું જ ને વળી! રાજાનો છોકરો તો રાજા જ થશે ને!

...ગોમતી ખોવાઈ ગઈ હતી. સપનાં પણ કેવાં નશીલાં હોય છે! એને ઘડીભર અઠવાડિયા અગાઉનો એ કારી ઘા સુધ્ધાં વીસરાઈ ગયો. ના, ના. એ તો એવું કીધા કરે! એમ કંઈ સાત ફેરા ફરીને આંગણે આણેલીને તે કોઈ તગેડી મૂકતું હશે? એવડું

Prakash®

**PRAKASH METAL CRAFT PVT. LTD.**
E-56/57, Sarvoday Nagar, 1st Panjrapole Lane, Mumbai-4.
Tel. : 2242 7461 Telefax : 2242 6636
E-mail : prakashmetalcraft@rediffmail.com • Website : www.prakashmetalcraft.com
MFG. ST. STEEL UTENSILS

મોટું માણસ એવી ભૂલ કરે જ નહિ. પુરુષની જાત એટલે કૂતરાની જેમ જુદી ચાટ બોટ્યા તો કરે જ. એમાં આપણે શું? આપણે ચુપચાપ છોકરું મોટું ન કરીએ કે! એ ભલે ને હડકાયા કૂતરાની પેઠ—

'પણ સાંભળો તો ખરા!'

તે સાંજે બાપબેટા વચ્ચે બરાબરની જામી ગયેલી. ગોમતી પછીતને પાછલે ખૂણે લપાઈને સાંભળી રહી હતી. બેઉ પીધેલા હતા!

'એવીને હું કેમ પાલવું? એના પેટમાં પઈડું છે એ છોકરું તો બીજા કોઈનું છે. એ મારું ન્હોય!' ગોમતી મરું મરું થઈ ગયેલી. એનાથી દોડી શકાય એમ નહોતું નહિતર દોટ મેલીને એણે નાગજીના લેંઘાનું નાડું જ ખેંચી કાઢ્યું હોત! કેવી બેહૂદી વાત કરતો હતો! પરણીને લાવ્યો ત્યારે તો પડખામાં ને પડખામાં પુરાઈ રહેતો'તો. હવે સાહેબ થઈ ગયો એટલે ગોમતી અળખામણી થઈ ગઈ? એટલી વારમાં?

— એની આંખો સામે એ બિહામણું દૃશ્ય રહી રહીને ખડું થઈ જતું હતું. ડોહા બાપડા ખોટું નહોતા કહેતા. 'તને આવું બોલતાં લાજ નથી આવતી?' સાસુએ બેજીવી ગોમતીનો પક્ષ લીધો હતો. આખરે સ્ત્રી હતી ને? 'તું પેટ હૂતો તે ઘડી તારો બાપ આવું બોલ્યો હોત તો? બચાડી ભલીભોળી બાયડીનો જીવ લઈશ, જીવ! કાળમુખા, આવડો મોટો અમલદાર થયો એના કરતાં પથરો થયો હોત તો સારું હતું. લોક લૂગડાં તો ધુવત!'

ધૂંવાંપૂંવાં નાગજીને માનો ઠપકો ઓછો અડવાનો હતો?

'તારે જે બકવાટ કરવો હોય એ કર્યા કર નીં! મારે કેટલા ટકા! મેં તો ક્યારનુંય નવું લગન કરી દીધું છે!'

ઢેડિયાભાઈએ ઊભા થઈ જઈને એક લમણાની ધરી દીધેલી. 'હરામખોર, તને આટલા સારુ થઈને ભણાવેલો કે? રાંડો પાછળ રખડી ખાય છે સાલા! અને પાછો ઘરની બાયડી પર ખોટાં આળ ચડાવતો છે? તને તો કીડા પડશે કીડા!' નાગજી ચચરતો લમણો પંપાળતો પંપાળતો ઊઠીને ચાલતો થઈ ગયેલો. જતાં જતાં કેવું બેસૂરું બકતો ગયેલો : 'ડોહા, બહુ લાડ નીતરી જતાં હોય તો તું જ એને રાખ નીં! મારે તો એના જેવી સત્તર કામવાળીઓ છે.'

'અબે ફૂટ, ઘોડીના!' ઢેડિયાભાઈએ ડફણું લઈને દોટ મૂકેલી. નાગજીની મા વચ્ચે ન પડી હોત તો એ જ ઘડીએ ફેંસલો હતો! ડોહા માતા ચડી હોય એમ કંપી રહ્યા હતા : 'મારી ગોમતી હાટુ થઈને @ખંધાડિયો ખોળી લઈશ, પણ આજ પછી તને તો આ ઉંબરો નહિ જ ચડવા દેઉં!'

★ ★ ★

ગોમતીને અચાનક ઝઝણી ચડી ગઈ.

પંચ આગળ આવીને એ બોલી ઊઠી : આપણી ચોધરાની નાતમાં એવો રિવાજ દાખલ કરવાની શી જરૂર છે? આપણે ગામીત નથી. આપણે તો — આપણે કાંઈ દૂબળા કે કૂકણા છીએ?

એની વાત નાતવાળાને બેઠી નહિ. ઘણા એમ સમજી બેઠા કે નાગજી એની દવા-બવા નહિ કરાવતો હોવાથી એનું ડીલ ફોગી ગયું છે. કદાચ મગજ બી સોજાઈ ગયું હોય તો નવાઈ નહિ. એવું કંઈ હશે ત્યારે જ આવું અટપટું, ઢંગધડા વગરનું બોલી હશે ને? નહિતર અહીં વળી ચોધરા કે ગામીતવાળી સરખામણીનો સવાલ જ ક્યાં આવતો હતો?

'તું ચૂપ મરતી છો?'

ઢેડિયાભાઈએ છીંકોટો કર્યો પરંતુ એથી તો એ ઊલટાની વીફરી. 'કીધું ને? મુંને ખંધાડિયો નીં ખપતો છે! છોકરું બા'ર આવહે તિયારે છાનું થોડું રહેવાનું છે? એનો બાપ નીં માને, પણ દુનિયાની આંખો તો નથી ફૂટી ગયલી? એ તો ભાળહે કે? છોકરાનો સિક્કો બાપને મલતો આવહે તિયારે તો બાપની આંખો ઊઘડહે? પછી શાની પંચાત?'

એટલું કહી દઈને એ હફડક હફડક કૂબામાં ઘૂસી ગઈ. નાતવાળા એકમેકના મોઢા સામે જોવા લાગ્યા. પછી ઢેડિયાભાઈએ અમરા મુખીને કહ્યું : 'ગોમતી હાથે કરીને ઉપાધિ વહોરતી છે... નીકર માતાના હમ, મેં તો એના હાટુ થઈને—'

'આદમી મૂઓ છો ને સત્તર કરતો ફરે. આપણે તો આપણું છોકરું સંભાળીને બેસી રે'વા! — અગાઉ જ્યારે ગોમતી માટે ખંભાડિયો★ ખોળી કાઢવાની દરખાસ્ત રજૂ કરેલી ત્યારેય એણે તો નન્નો પકડી રાખેલો. ઢેડિયાભાઈની આંખો ઝળમલાઈ ઊઠી.

'મારી ગોમતી તો રતન છે રતન!' એ બબડ્યા : 'છૈયો જ એની માને પેટ પથરો પાઈકો! આવા પોઈરા કરતાં તો—' એ ડૂસકાં લેવા લાગ્યા.

'બઉ થયું, ઢેડિયા!' અમરાજી મુખીએ દિલાસો આપતાં કહ્યું : 'પોઈરો ઊંધો છે, પણ પોઈરાની બાયડી તો હીધી મલી છે કે? કાલે હૌ હારાં વાનાં થાહે. એનું લોહી જ એને પોંતસે!'

મુખીની ભવિષ્યવાણી સાંભળીને કૂબાના અંધારામાં કણસતી ગોમતીના મોઢે મીઠાશ ફૂટી. એકાએક એને દરદ ઊપડ્યું અને કોઈ નજીકના હેલ્થ સેન્ટરે જઈને દાક્તર તેડી આવે એ પહેલાં તો હફ્ફ દેતોક નાનકડો નાગજી ઊંવા ઊંવા કરતો...!!!

'હવે નવો ખંધાડિયો ખોળવાની જરૂર ખરી?'

અમરા મુખીએ 'ટૉન્ટ' માર્યો.

અને આખી નાત ખડખડ હસી પડી.

ઢેડિયાભાઈ સુધ્ધાં.


જોકે મુખીના સવાલનો જવાબ તો એમણે આપ્યો જ :

'— એ તો એની માને ખબર!'

***'સદાબહાર વાર્તાઓ' માંથી***

@ દક્ષિણ ગુજરાતના આદિવાસીઓ પૈકીની ગામીત અને હળપતિ જેવી જાતિઓમાં દીકરી માટે ઘરજમાઈ તરીકે અથવા દીકરાના અકાળ અવસાનથી પુત્રવધૂ માટે 'ખંધાડિયો' રાખવાની પ્રથા છે. ખંધાડિયો રહેનાર યુવાન સામાન્ય રીતે પોતાની જ્ઞાતિનો જ હોય છે. એને પત્નીના ઘરે રહેવું પડે છે.

*જેના ચિત્તમા અસંતોષ છે એ જ સૌથી મોટો ગરીબ છે.*




## રાષ્ટ્રધ્વજના અપમાનને સજા કે રાષ્ટ્રના અપમાનને?

આપણા દેશમાં દર વર્ષે ૧૫મી ઓગસ્ટ અને ૨૬મી જાન્યુઆરીના રોજ આઝાદીના માનમાં રાષ્ટ્રધ્વજ લહેરાવવામાં આવે છે. ખૂબ સારી વાત છે. પરંતુ તે પછીના દિવસોમાં રાષ્ટ્રધ્વજના અપમાન બદલ, જેવા કે રાષ્ટ્રધ્વજ ઊંધો લટકાવ્યો, રાષ્ટ્રધ્વજ ફાટેલો હતો, રાષ્ટ્રધ્વજ કચરાના ડબ્બામાં મળ્યો વગેરે કારણોસર અખબારમાં સમાચાર પ્રસિદ્ધ થાય છે અને ક્યારેક કોઈકને સજા પણ થાય છે. સવાલ મારો એટલો જ છે કે આપણે રાષ્ટ્રને વફાદાર છીએ કે રાષ્ટ્રધ્વજને? કારણકે રાષ્ટ્રધ્વજના અપમાનનું આપણને દુઃખ થાય છે પરંતુ સમગ્ર રાષ્ટ્રને ચારેબાજુથી ખોદીને રાષ્ટ્રનાં એક એક વસ્ત્રો ખેંચીને નગ્ન કરી નાખીએ છીએ, રાષ્ટ્રની વફાદારીના સોગંદ લઈને લાખો કરોડોનાં કૌભાંડો આચરીએ છીએ, દુરાચાર, ભ્રષ્ટાચાર, ભેળસેળથી આખા રાષ્ટ્રને ખતમ કરવાનાં કાર્યો થાય છે. આ શું રાષ્ટ્રનું અપમાન નથી?

*નીતિન એચ. સંઘવી - ગાંધીનગર*

★

## 'મંગલ મંદિર' : ઓગસ્ટ-૨૦૧૫નો અંક

'મંગલ મંદિર'ના ઓગસ્ટ-૨૦૧૫ના અંકમાં શ્રી રાસવિહારી મણીઆર એ મહાભારત કથાના બે પાત્રો યુધિષ્ઠિર અને દુર્યોધન વિશે ઉત્તમ છણાવટ કરી છે, જે બંને પાત્રોના ચરિત્રને સમજવામાં ઘણું મદદરૂપ છે.

અહીં મારે થોડી જુદી વાત પર ધ્યાન આકર્ષિત કરવું છે. મહાભારત કથામાં યુધિષ્ઠિરે ઘણી ભૂલો અને મૂર્ખતાયુક્ત આચરણ કરેલ છે. આ વિષયમાં ઘણા વિદ્વાનોએ લખ્યું પણ છે. મરાઠી ભાષામાં ઈરાવતી કર્વેએ મહાભારતના એક એક પાત્રનો એક્સ-રે અભ્યાસ કરીને મહત્ત્વપૂર્ણ પુસ્તક લખેલ છે. જેનો શ્રી અરુણા જાડેજાએ ગુજરાતી અનુવાદ પણ કરેલ છે. ગુજરાતી ભાષામાં શ્રી નગીનદાસ સંઘવીએ પણ વિસ્તારપૂર્વક મહાભારતના પાત્રોની ખામીઓ અને વિશેષતાઓ વિશે લખેલ છે. એટલે અત્રે આ પત્રમાં તે બધાનો ઉલ્લેખ જરૂરી નથી.

અત્રે તો મારે યુધિષ્ઠિરની એક માત્ર એક જ ગંભીર ભૂલ બાબતે તથા તેની સામે દુર્યોધનની શાલીનતા બાબતે ધ્યાન ખેંચવું છે.

મહાભારતનું યુધ્ધ પૂરું થયા બાદ દુર્યોધન નાસીને સરોવરના જળમાં છુપાયો. આ ખબર પાંડવોને મળી એટલે પાંડવો તે સરોવર કિનારે ગયા અને દુર્યોધનને બહાર આવીને યુદ્ધ કરવા લલકાર્યો.

(ધર્મરાજ) યુધિષ્ઠિરે લલકાર્યું કે, "અમારામાંના કોઈપણ એક પાંડવ સાથે યુદ્ધ કર. એમાં જો તું વિજેતા થશે તો હસ્તિનાપુર તથા ઇંદ્રપ્રસ્થનું સમગ્ર રાજ્ય અને સિંહાસન તારું. અમે બધા ફરી વનવાસ ભોગવીશું."

કૃષ્ણ ત્યાં હાજર હતા. તેણે માથું કૂટ્યું. કારણકે એકમાત્ર ભીમ સિવાય કોઈ પાંડવ દુર્યોધન સાથે ગદાયુદ્ધમાં જીતી શકવા સમર્થ ન હતો. જો દુર્યોધન ભીમ સિવાયના કોઈ પાંડવ સાથે યુધ્ધ કરવાનું સ્વીકારે તો જિંદગીભરનો વનવાસ નક્કી! કૃષ્ણે તે વખતે સારા શબ્દોમાં યુધિષ્ઠિરને સખત ઠપકો આપ્યો : (હે મૂર્ખ) મહારાજ! આ તમે શું કર્યું? અઢાર દિવસના યુધ્ધની તમામ મહેનત અને લાખોની હત્યા પછી મળેલ વિજય ઉપર પાણી ફેરવી દીધું.

પણ હવે જુઓ દુર્યોધનની શાલીનતા કે તેણે સરોવરના જળમાંથી બહાર આવીને બીજા ચાર ગદા યુદ્ધ માટે અસમર્થ એવા પાંડવોની સાથે યુદ્ધ કરીને પોતાનું સમગ્ર રાજપાટ પાછું મેળવીને ફરીથી સમ્રાટ બનવાની અમૂલ્ય તક જતી કરીને પોતાના બરોબરિયા ભીમ સામે ગદાયુદ્ધનો પડકાર કર્યો.

પછીની કથા જાણીતી છે. બળમાં ભીમ, પણ કળમાં દુર્યોધન. કૃષ્ણના ઇશારાથી ભીમે યુધ્ધના નિયમનો ભંગ કરીને ગદા પ્રહાર વડે દુર્યોધનની જાંઘ તોડી નાખી. સીધી રીતે તો ખુદ ભીમ પણ દુર્યોધનને જીતી શક્યો ન હોત.

સમગ્ર મહાભારતમાં યુધિષ્ઠિર, એ વીરનાયક નથી. દ્રૌપદી પર જ્યારે જ્યારે વિપત્તિ આવી — જેમ કે દુઃશાસન, દુર્યોધન, વિરાટ નગરનો કીચક અને મદ્ર દેશનો દુર્યોધનનો સગો બનેવી જયદ્રથ વિ. તરફથી આવેલ આપત્તિમાં ભીમે જ દ્રૌપદીનું રક્ષણ કરેલ છે, યુધિષ્ઠિરે તો કદી એ તરફ નજર પણ નથી કરી.

યુધિષ્ઠિરની અન્ય ભૂલો અને મૂર્ખાઈઓ વિશે લખીએ તો આખું પ્રકરણ લખવું પડે.

મહાભારત કથામાં કૃષ્ણ ન હોત તો?

*શાંતિલાલ સંઘવી - અમદાવાદ*

*સકારાત્મક દૃષ્ટિ હશે તો જિંદગીમાં મસ્તી આવશે.*

## ભૂલ સુધાર

'મંગલ મંદિર' સપ્ટેમ્બર-૨૦૧૫ના અંકમાં પાના નં.-૪૨ ઉપર શ્રી મયૂર ચંદ્રકાંત દેઢિયાનો "સંગીત ક્ષેત્રે આપણે શું સાંભળીશું?" એ લેખ પ્રસિદ્ધ થયેલ છે. એ લેખમાં પાના નં.-૪૨ની ત્રીજી કોલમના ત્રીજા ફકરામાં રાગ યુરીયા ધનાશ્રી પર આધારિત છપાયેલ છે તેના બદલે **રાગ પુરિયા ધનાશ્રી** હોવું જોઈએ. વાચકોને એ રીતે વાંચવા વિનંતી.

*જે વ્યક્તિ તમારા દુઃખમાં સાથ ન આપે તેને તમારા સુખમાં ભાગ લેવાનો અધિકાર નથી.*

# અન્ય સંસ્થાઓના સમાચાર

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા રવિવાર, તા. ૨૫-૧૦-૨૦૧૫ના રોજ સાંનિધ્ય પાર્ટી પ્લોટ, ફાલ્ગુન સોસાયટી પાસે, રિદ્ધિ ટાવરની પાછળ, જોધપુર ગામ રોડ, સેટેલાઈટ, અમદાવાદ ખાતે સાંજના ૭ વાગ્યાથી એક દિવસના ગરબા - દાંડિયા રાસના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે.

આ અંગેની વધુ વિગતો શ્રી કચ્છી સમાજ - અમદાવાદ, ૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, પાલડી, અમદાવાદ. ફોન : (૦૭૯) ૨૬૫૭૬૧૮૪ પરથી મેળવી શકાશે.

આ ઉપરાંત શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા દીપોત્સવી મીઠાઈના વિતરણનું આયોજન કરાયેલ છે.

શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા તા. ૧૨-૨-૨૦૧૬થી તા. ૨૧-૨-૨૦૧૬ દરમ્યાન "કચ્છી મેળા"નું આયોજન કરવામાં આવેલ છે.

જેની વિગતો ઉપર દર્શાવેલ સરનામા ઉપરથી તથા ફોન દ્વારા મેળવી લેવી.

## ઓમ કોમ્યુનિકેશન અને ગુજરાત સાહિત્ય અકાદમી

ઓમ કોમ્યુનિકેશન અને ગુજરાત સાહિત્ય અકાદમીના સંયુક્ત ઉપક્રમે ગોવર્ધન સ્મૃતિ મંદિર, ગુજરાતી સાહિત્ય પરિષદના હૉલમાં ડૉ. જયંત ખત્રીના ૧૦૭મા જન્મદિન તા. ૨૪-૮-૨૦૧૫ના રોજ 'મરુ ભોમનું મોતી' હેઠળ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ વ્યાખ્યાનમાં ડૉ. ખત્રીના સુપુત્ર અને 'કચ્છમિત્ર' દૈનિકના પૂર્વતંત્રી શ્રી કીર્તિભાઈએ 'જયંત ખત્રી - જીવન અને કાર્ય'નું સંવેદનશીલ ડૉ. ખત્રીના વિવિધ સ્વરૂપને ઉજાગર કરતાં પરિચાયાત્મક પ્રસંગોનો પરિચય કરાવ્યો. પ્રો. અજય રાવલે 'જયંત ખત્રીની વાર્તાકલા'નો ખત્રીની મુદ્રિત થયેલ પચાસ વાર્તા પૈકીની કેટલીક વાર્તાઓમાં ડૉ. ખત્રીની પ્રત્યક્ષ - અપ્રત્યક્ષ ઉપસ્થિતિને તેમની સંવેદનાના આધારે ખત્રીના વિવિધ પાસાંઓનો પરિચય કરાવ્યો. આ પ્રસંગે 'ધૂળનો સૂરજ' નાટકનું સફળ મંચન કરાયું હતું.

## જૈન સાત સંઘ સંસ્થા - ભુજ, કચ્છ

પર્યુષણ પર્વની ઉજવણી અને તપસ્વીઓની અનુમોદના કરવા ભુજમાં જૈન સાત સંઘ સંસ્થા દ્વારા રથયાત્રા અને તપસ્વીઓનો વરઘોડો પ.પૂ.આ. ભગવંત વિજય કીર્તિચંદ્રસૂરિશ્વરજી મ.સાહેબ આદિ ઠાણા તથા મુનિરાજ શ્રી હંસબોધિવિજયજી મ.સાહેબ તથા શ્રમણ - શ્રમણી વૃંદની નિશ્રામાં ભુજના વાણિયાવાડ ડેલામાં આવેલ આદિનાથ જિનાલયેથી વાજતે ગાજતે નીકળ્યો હતો.

જેમાં રાજ્યમંત્રી શ્રી તારાચંદભાઈ છેડા, જિલ્લા ભાજપ અધ્યક્ષ પંકજ મહેતા, ધારાસભ્ય ડૉ. નીમાબેન આચાર્ય, પૂર્વ ધારાસભ્ય મૂકેશભાઈ ઝવેરી, ભુજ જૈન સાત સંઘના પદાધિકારીઓ તથા શ્રાવક - શ્રાવિકાઓ મોટી સંખ્યામાં વરઘોડામાં જોડાયેલ હતા.

પર્યુષણ પર્વ દરમ્યાન જૈન ગૂર્જરવાડી (જૈન વંડો)માં ચૌવિહાર હાઉસની પણ સગવડ રાખવામાં આવેલ હતી.

## શ્રી બચુભાઈ રાંભિયાનું સન્માન

રવિવાર, તા. ૨૦-૯-૨૦૧૫ના રોજ પાલડી ખાતે અચલગચ્છ ભવનમાં કચ્છી વીસા ઓસવાળ તથા કચ્છી અચલગચ્છ સમાજનો સંયુક્ત સ્નેહ મિલનનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં માનવસેવા તેમજ અબોલ જીવોની વરસોથી સેવા તેમજ બચાવવાનું કાર્ય કરવા અમૂલ્ય યોગદાન બદલ ગીતાબેન રાંભિયા સ્મૃતિ અહિંસા ટ્રસ્ટના સંચાલક ગૌરક્ષક બચુભાઈ પી. રાંભિયાને "૧૦૮"નું બિરૂદ આપી સન્માનિત કરાયા હતા. આ અવસરે સમાજના ટોકરશી મામા, કે.આર. શાહ, નવીન પોલડિયા, કિરીટ નંદુ તેમજ સમાજના હજારો સભ્ય ઉપસ્થિત રહ્યા હતા. ■

*જે બાળકને નાનપણમાં માતા-પિતાએ બોલતા શીખવ્યું,*
*તે બાળક મોટું થઈને*
*માતા-પિતાને મૌન રહેવાનું કહે છે....*

Aristo™ STAINLESS STEEL

**Mfrs. of Aristo Brand Stainless Steel Utensils**

**ARISTO PLUS**
177/A, Panjrapole Road, Opp. Sarvoday Nagar, Mumbai-400 004.
Tel. : 2242 6555 / 2242 2666 • Fax : 2242 7324
E-mail : aristo_steel@yahoo.co.in • www.aristosteel.com

# સાર સમાચાર

*સંકલનકર્તા : શાંતિલાલ સંઘવી*

★ સાઉદી અરબ એટલે કટ્ટર મુસ્લિમ પુરુષપ્રધાન સમાજ. પણ હવે ત્યાં પણ સુધારાનો પવન શરૂ થયો છે. પતિ ત્રણવાર 'તલાક' બોલે તેનાથી પહેલાં જ હવે સ્ત્રીઓ 'માઈફૂટ' કહીને ધણીને જાતે જ તલાક આપી દે છે! ***(સાધના, તા. ૬-૬-૧૫)***

★ ચીનમાં જિસિકિઓ નામનું શહેર ત્યાંના સાપોને કારણે ખ્યાતનામ છે. આ શહેરમાં લગભગ ત્રીસ લાખ જેટલા સાપની વસ્તી છે અને એ શહેરના લોકો ભૂખ લાગે તો સાપને ખાઈ જાય છે. ***(સાધના, તા. ૬-૬-૧૫)***

★ સાઉદી અરબના શાહી ઈમામ મુફતી શેખ અબ્દુલ અજાજ બિન અબ્દુલ્લાએ એવો ફતવો જાહેર કર્યો છે કે જો કોઈ પુરુષ ખૂબ ભૂખ્યો હોય તો તે તેની પત્નીના અંગોને ખાઈ શકે છે. 'ડેઈલી સ્ટોર' અખબારમાં છપાયા મુજબ ઈમામે જણાવ્યું છે કે જો પત્નીનું શરીર પતિની ભૂખ મિટાવવાના કામે આવે તો મહિલા પોતાના પતિ પ્રત્યેની વફાદારીનું સબૂત છે. ***(સાધના, તા. ૬-૬-૧૫)***

★ જાપાનમાં હાલમાં યોજાયેલી એક હરરાજીમાં યુબારી જાતના અનોખા તરબૂચની એક જોડી આઠ લાખ રૂપિયાની કિંમતે વેચાઈ હતી. ***(સાધના, તા. ૬-૬-૧૫)***

★ સંયુક્ત રાષ્ટ્રના 'ખાદ્ય તેમજ કૃષિ સંગઠન' A.F.O. એ પોતાના રિપોર્ટ "ધ સ્ટેટ ઓફ ફૂડ ઈનસિક્યુરિટી ઈન ધ વર્લ્ડ ૨૦૧૫"માં જણાવેલ છે કે દુનિયામાં સૌથી વધુ ૧૯.૪ કરોડ લોકો ભારતમાં છે. ***(લોક સ્વરાજ, જુલાઈ ૨૦૧૫)***

★ અત્યારે જુલાઈ-૨૦૧૫માં કચ્છના ૧૩૨ ગામોમાં પાણીની ગંભીર સમસ્યા છે ત્યાં ટેન્કર દ્વારા જ પાણી પહોંચાડી શકાય છે. ***(લોક સ્વરાજ, જુલાઈ ૨૦૧૫)***

★ ઑસ્ટ્રેલિયાના સિડની શહેરમાં "ઈન્સ્ટિટ્યૂટ ફોર ઈકોનોમિક્સ એન્ડ પીસ"ના તાજેતરમાં પ્રકાશિત અહેવાલમાં જણાવ્યા મુજબ જગતના શાંતિ અને સુરક્ષાના સૂચિત ક્રમમાં વિશ્વના ૧૬૨ દેશોમાં ભારત ઠેઠ ૧૪૩મા સ્થાને છે. *(જો કે આપણે આપણા દેશને ધાર્મિક અને આધ્યાત્મિક કહીએ છીએ!)* ***(નિરીક્ષક, તા. ૧-૭-૧૫)***

★ ગીર ગાય, એ અત્યંત સુપ્રસિદ્ધ ગૌવંશ છે. બ્રાઝિલ દેશમાં લગભગ ત્રીસ લાખ જેટલી ગીર ગાયોનું સંવર્ધન થયું છે. *(આપણા દેશમાં આશરે પાંચેક હજાર જેટલી ગીર ગાય રહી છે એવું એક લેખમાં ક્યાંક વાંચેલું.)* ***(ભૂમિપુત્ર, તા. ૧૬-૬-૧૫)***

★ તારીખ ૨૬-૫-૨૦૧૪ના રોજ વર્તમાન કેન્દ્ર સરકારે એક વર્ષ પૂરું કર્યું ત્યારે પોતાના બધા જ કામો અને સિદ્ધિ દર્શાવતી અગિયાર કરોડ પુસ્તિકાઓ તેણે છપાવી હતી. *(કોના બાપની....!)* ***(નયા માર્ગ, તા. ૧-૭-૧૫)***

★ કેન્દ્ર સરકારના ગૃહ રાજ્યમંત્રીએ કરેલી જાહેરાત મુજબ વર્ષ ૨૦૦૮થી ૨૦૧૪ સુધીમાં દેશના સૌથી વિશાળ અર્ધ લશ્કરી દળ સી.આર.પી.એફ.ના ૨૨૮ જવાનોએ આત્મહત્યા કરી છે. ***(નવગુજરાત સમય, તા. ૨૩-૭-૧૫)***

★ અત્યારે ગુજરાતમાં અનામતની ચર્ચા જોરમાં છે ત્યારે એ જાણવું રસપ્રદ થશે કે વર્ષ ૧૯૪૨માં અમદાવાદ મ્યુનિસિપાલિટીની કમિટીએ એવો ઠરાવ કરેલો કે મ્યુનિ.માં ૫૦% મુસ્લિમ, ૨૫% દલિતો અને ૨૫%માં બાકીના બધા! એમ ભરતી કરવી. *(જે દિવસે આઝાદી મળી તા. ૧૫-૮-૧૯૪૭ના બીજે જ મહિને તા. ૩૦-૧૦-૪૭ના રોજ આ ઠરાવ રદ કરવામાં આવેલો.)* ***(નિરીક્ષક, તા. ૧૬-૭-૧૫)***

★ વર્તમાનકાળમાં આપણા દેશમાં આશરે ૮૦ લાખ જેટલા સાધુઓ, સંતો, મહંતો, મઠાધીશો, મંડલેશ્વરો, સંપ્રદાયોના મહારાજશ્રીઓ – સૌ અન્યને આશ્રિત તથા પરાવલંબી અને રાષ્ટ્રને બિનઉપયોગી જીવન જીવી રહ્યાં છે. ***(વિવેકપંથી, જુલાઈ ૨૦૧૫)***

★ જાપાનમાં 'હેનાન' નામની ૭૨ રૂમ ધરાવતી હોટલ છે. એનો સંપૂર્ણ વહીવટ રોબોટ કરે છે. આવકાર, ભોજન, રૂમ ઍલોટમેન્ટ, રૂમ સર્વિસ, હિસાબ, રસોઈ વગેરે તમામ કામ રોબોટ કરે છે. આખી હોટલમાં એક પણ માનવ નથી. ***(સાધના, તા. ૧-૮-૧૫)***

★ સ્પેનના વેલેન્સિયાના ઍડોર નામના શહેરના મેયર સાહેબે ફરમાન કર્યું છે કે દરેક શહેરીજને બપોરના બે થી પાંચ ઊંઘ લેવી. બધા બરાબર ઊંઘ લઈ શકે તે માટે બે થી પાંચ દરમિયાન શહેરના તમામ બાર - દુકાનો - ઓફિસો, બજારો, મનોરંજન સ્થળો વગેરે બધું બંધ રહેશે. ***(સાધના, તા. ૧-૮-૧૫)***

★ મધ્ય પ્રદેશના ભીંડ જિલ્લાના બજરિયા વિસ્તારના કિલા રોડ પર આવેલ હનુમાનજીનું મંદિર ગેરકાનૂની દબાણથી બનેલ હોવાથી ત્યાંની નગરપાલિકાએ પૂજારીને અથવા ટ્રસ્ટીને નોટિસ આપવાને બદલે ખુદ હનુમાનજીને જ નોટિસ આપી છે કે તમારું મંદિર અત્રેથી હટાવી લો! નોટિસમાં એમ પણ લખેલ છે કે તમે ન્યાયાલયના આદેશને પણ માનતા નથી. તેથી તમારી ઉપર કોર્ટની અવમાનના નો કેસ થઈ શકે છે! *(જો કે છેલ્લા સમાચાર મુજબ નગરપાલિકાએ આ નોટિસ પરત ખેંચી લીધી છે.)* ***(સાધના, તા. ૨૫-૭-૧૫)***

***માણસ મરતા પહેલાં અનેકવાર મરી ચૂક્યો હોય છે. વીર પુરુષ માત્ર એક જ વાર મૃત્યુનો સ્વાદ ચાખે છે.***

## NanoNine™ શબ્દ રમત-૧૧૦

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ■ | ૧ | ૨ | | ૩ | ■ | ■ | ૪ | | ૫ | | ■ |
| ૬ | ■ | | ■ | ૭ | | ૮ | | ■ | | ■ | ૯ |
| ૧૦ | | ■ | ૧૧ | | ■ | ૧૨ | | ૧૩ | ■ | ૧૪ | |
| | ■ | ૧૫ | | | ૧૬ | ■ | ૧૭ | | ૧૮ | ■ | |
| ૧૯ | ૨૦ | | | ■ | ૨૧ | ૨૨ | ■ | ૨૩ | | ૨૪ | |
| ■ | | ■ | ૨૫ | ૨૬ | ■ | ૨૭ | ૨૮ | ■ | ૨૯ | | ■ |
| ■ | ૩૦ | ૩૧ | ■ | ૩૨ | ૩૩ | ■ | ૩૪ | ૩૫ | ■ | | ■ |
| ૩૬ | | | ૩૭ | ■ | ૩૮ | ૩૯ | ■ | ૪૦ | ૪૧ | | ૪૨ |
| | ■ | ૪૩ | | ૪૪ | ■ | ૪૫ | ૪૬ | | | ■ | |
| ૪૭ | | ■ | ૪૮ | | ૪૯ | ■ | ૫૦ | | ■ | ૫૧ | |
| | ■ | ૫૨ | ■ | ૫૩ | | | ■ | | ૫૪ | ■ | |
| ■ | ૫૫ | | | | ■ | ■ | ૫૬ | | | | ■ |

શબ્દ રમત ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મો. ____________________

*આપશ્રીના જવાબો શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલવા વિનંતી. (શબ્દ રમતનો જવાબ મોકલવાની અંતિમ તારીખ : ૩૧-૧૦-૨૦૧૫)*

### આડી ચાવીઓ

૧. પીપળ પાન ખરંત હસતી (૪)
૪. વર્તન (૪)
૭. કાયદેસર પાકે પાયે લખાણ કરવું (૪)
૧૦. ઊંટ ______ પ્રદેશનું પ્રાણી કહેવાય (૨)
૧૧. જગ્યા, સ્થળ (૨)
૧૨. નાકાવેરો, દાણ (૩)
૧૪. ______ રે વરસાદ, ઘેબરિયો પરસાદ (૨)
૧૫. નિર્ભયપણું (૪)
૧૭. આઝાદીની ______માં ઘણા લોકો શહીદ થઈ ગયા (૩)
૧૯. દિલગીરી, શોક, ______ જયપુરી ફિલ્મના ગીતોના લેખક છે (૪)
૨૧. મુસલમાનોમાં પવિત્ર ગણાતો પુરુષ (૨)
૨૩. પરાધીન (૪)
૨૫. શાકનો મસાલાવાળો જાડો રસ, જાડું દોરડું (૨)
૨૭. પડ, પોપડો (૨)
૨૯. લગ્નમાં કેટલા ______ને જવાનું આમંત્રણ છે, વ્યક્તિ (૨)
૩૦. ચોળાની દાળની એક બનાવટ (૨)
૩૨. ક્રિકેટમાં ૧૧ ખેલાડીના સમૂહને ______ કહેવાય (૨)
૩૪. શ્વાસનો એક રોગ (૨)
૩૬. હેતુ, આશય (૪)
૩૮. દૂધની મલાઈ (૨)
૪૦. ______કી દુનિયા કો છોડકર પ્યારકી (૪)
૪૩. આંખની કીકી (૩)
૪૫. ભીમે આ રાક્ષસનો વધ કર્યો હતો (૪)
૪૭. આંકડો, છેડેથી વળેલો ખીલો (૨)
૪૮. કવિતા કરવી તે (૩)
૫૦. બાંધી મુઠ્ઠી ______ની (૨)
૫૧. ______ ચણો વાગે ઘણો (૨)
૫૩. કપટબાજી, છળ પ્રપંચ (૪)
૫૫. જર્નાલિસ્ટ, છાપામાં લખનાર, તારક મહેતાના ______ પોપટલાલ (૪)
૫૬. જ્વાળામુખીમાંથી નીકળતો ગરમ રસ (૪)

### ઊભી ચાવીઓ

૨. ______ ઘૂંઘરું બાંધ મીરાં નાચી થી (૨)
૩. કાયમ યાદ રહે એવું (૪)
૪. ______ ફેશન બહુ જલદી બદલાય છે (૨+૨)
૫. જ્યાં ન પહોંચે ______, ત્યાં પહોંચે કવિ (૨)
૬. ______ મહેતા, ગુજરાતના આદિકવિ (૪)
૮. વેજિટેરિયનનું સંક્ષિપ્ત રૂપ, શાકાહાર (૨)
૯. પાઈની પેદાશ નહીં, ને ઘડીની ______ નહીં (૪)
૧૧. જડવું તે, જડવાની રીત, ______ દાગીના ખૂબ પહેરાય છે (૪)
૧૩. તડપવું તે (૩)
૧૫. પાણી, જળ (૨)
૧૬. સુરત પાસે આવેલી નદી (૨)
૧૮. તર્જ, ગાવાની ઢબ (૩)
૨૦. દાન, ખેરાત (૪)
૨૨. કૃષ્ણ અર્જુનના ______ના સારથી હતા (૨)
૨૪. બળદોની પીઠ ઉપર માલ ભરી દેશ પરદેશ જનાર વેપારી (૪)
૨૬. ______ વાગે ચમચમ, વિદ્યા આવે ઝમઝમ (૨)
૨૮. નકામું, બાતલ કરેલું (૨)
૩૧. કંપનીનો માલ વેચવા માટે રાખેલો એજન્ટ (૩)
૩૩. અભિપ્રાય (૨)
૩૫. મનનું સુખ (૪)
૩૬. મરણ પામેલું, સ્વર્ગસ્થ (અ) (૪)
૩૭. પાણીમાં રહેતું સફેદ પક્ષી (૩)
૩૯. ______ને બના દી જોડી (૨)
૪૧. રૂ વાં (અંગ્રેજીમાં) (૨)
૪૨. મુશ્કેલી (૪)
૪૪. જૈનોનો મહામંત્ર (૪)
૪૬. કરગરવું તે, આજીજી (૪)
૪૯. બેસતા વરસના દિવસે લોકો ______ કપડાં પહેરે છે (૨)
૫૨. ______ તત્ર સર્વત્ર (૨)
૫૪. આખી વાતનો ______ શું છે? (૨)

જે દિવસે તમે તમારી જિંદગીને ખૂલીને જીવી, તે દિવસ તમારો છે. બાકી તો બધા દિવસ કેલેન્ડરની તારીખ છે.

*સ્વતંત્રતા એટલે બંધનવિહીન મનનો ચિરકાલીન જુસ્સો.*

# જાણવા જેવું

***સંકલન : રજનીકાંત પારેખ (મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧)***

★ વિશ્વ વિરાસત હેરિટેજમાં રાજસ્થાનના છ કિલ્લાઓ સામેલ કરવામાં આવ્યા છે. આ કિલ્લાઓમાં (૧) ચિત્તોડ, (૨) કુંભલગઢ, (૩) ગાગરોન, (૪) જેસલમેર, (૫) રણથંભોર અને (૬) આમેર - ઝાલાવાડ - જયપુર.

★ અમેરિકામાં આવેલું ટેક્સાસનું ફોર્થ બર્થ દુનિયાનું સૌથી મોટું ઍરપોર્ટ છે.

★ દુનિયામાં સૌથી વધારે વસ્તી ધરાવતું શહેર ટોકિયો છે.

★ મિસરમાં આવેલી સુએઝ નહેર દુનિયાની સૌથી લાંબી નહેર છે જેની લંબાઈ ૧૬૮ કિ.મી. છે.

★ દુનિયાનું સૌથી લાંબું કાવ્ય 'મહાભારત' છે.

★ ઘાવ પર ખાંડ લગાવવાથી દુખાવો તરત જ ઓછો થઈ જાય છે.

★ સામેવાળાની વાત જ્યારે સમજમાં ન આવે ત્યારે બાણું ટકા લોકો તે વાતને હસી કાઢે છે.

★ બતક પોતાના અર્ધા ભાગના મગજને નિષ્ક્રિય રાખી શકે છે, જ્યારે કે તેનું અર્ધું મગજ સક્રિય હોય છે ત્યારે.

★ કોઈપણ વ્યક્તિ પોતાની મેળે શ્વાસ લેવાનું બંધ કરીને મૃત્યુ લાવી શકતો નથી.

★ ફેસબુક બનાવનાર 'માર્ક ઝુબેર' પાસે કૉલેજની એક પણ ડિગ્રી ન હતી.

★ દુનિયામાં સૌથી વધારે વખત વપરાયેલ પાસવર્ડ '૧૨૩૪૫૬' છે.

★ ભણવું અને સપનાં જોવાં એ બે ક્રિયાઓ આપણ મગજના જુદા જુદા વિભાગોમાં થતી હોવાથી આપણે સપનામાં ભણી શકતા નથી.

★ કીડી ક્યારેય પણ સૂતી નથી.

★ હાથી એકમાત્ર એવું પ્રાણી છે, જે કૂદકો મારી શકતું નથી.

★ જીભ આપણા શરીરની સૌથી મજબૂત માંસપેશી છે.

★ નીલ આર્મસ્ટ્રોંગે ચંદ્ર પર જ્યારે પોતાનો ડાબો પગ પહેલીવાર મૂક્યો ત્યારે તેના હૃદયના ધબકારા ૧ મિનિટના ૧૫૬ હતા.

★ પૃથ્વીના ગુરુત્વાકર્ષણ બળના કારણે કોઈપણ પર્વતની ઊંચાઈ ૧૫,૦૦૦ મીટરથી વધારે હોવાની શક્યતા નથી.

★ છીંક ખાતી વખતે એક મિલિ સેકંડ માટે હૃદય ધડકવાનું પંધ કરી દે છે.

★ આપણા શરીરમાં એટલું લોખંડ છે કે જેનાથી એક ઇંચ લાંબી ખીલી બનાવી શકાય.

★ બિલ ગેટ્સ એક સેકંડમાં લગભગ રૂા. ૧૨૦૦૦/- કમાય છે.

★ તમે ક્યારે પણ એ યાદ નહીં કરી શકો કે તમારું સ્વપ્ન ક્યાંથી શરૂ થયું હતું.

★ આસમાનની વીજળી પૃથ્વી પર એક સેકંડમાં સો વાર પડે છે.

★ કાંગારુ ઊંધું નથી ચાલી શકતું.

★ ઈન્ટરનેટ પર સર્ચ એન્જિનથી ૮૦% ટ્રાફિક આવે છે.

★ ગરોળીની ઉંમર નવ વરસની હોય છે.

★ આપણા શરીરમાંથી રોજ ૨૦૦ વાળ ખરે છે.

★ દુનિયાના સૌથી પૈસાદાર ૧૦૦ માણસો ૧ વર્ષમાં એટલું કમાય છે કે જેનાથી દુનિયાની ગરીબી ચાર વખત મિટાવી શકાય.

★ ચામાચીડિયું ગુફામાંથી બહાર નીકળી હંમેશાં ડાબી તરફ જ જાય છે.

★ ઊંટના દૂધનું દહીં બની શકતું નથી.

★ વંદાનું માથું કપાયા પછી પણ તે કેટલાયે દિવસ સુધી જીવતું રહે છે.

★ કોકાકોલાનો અસલી રંગ લીલો હતો.

★ મનુષ્યના મગજમાં ૮૦ ટકા પાણી હોય છે.

★ મનુષ્યનું લોહી ૨૧ દિવસ સુધી સ્ટોર કરી શકાય છે.

★ મનુષ્યની ફિંગર પ્રિન્ટની જેમ જીભનાં નિશાન પણ અલગ હોય છે.

★ આપણું હૃદય આપણને જીવિત રાખવા માટે પ્રતિદિન ૭૨૦૦ લીટર લોહીને શરીરમાં પમ્પિંગ કરીને પહોંચાડે છે.

★ આપણા દેશમાં લીલા કલરના પોપટ પાળવાની મનાઈ હોવાથી ગુજરાતમાં આફ્રિકન ગ્રે પોપટ પાળવાનો શોખ વધ્યો છે. ૫૦થી ૭૫ હજાર રૂપિયા સુધી વેચાતો આ પોપટ ૫૦૦થી વધારે શબ્દો યાદ રાખી શકે છે અને ૧૦૦ જેટલા શબ્દો બોલી શકે છે.

★ ગાંધી મેમોરિયલ સાબરમતી આશ્રમ, ભારત ભવન - ભોપાલ, જવાહરલાલ કલા કેન્દ્ર - જયપુર, એમ.આઈ.ટી. સાયન્સ સેન્ટર - બોસ્ટન અને ઇસ્માઈલી સેન્ટર - ટોરેન્ટોની ડિઝાઈન કરનાર ચાર્લ્સ કોરિયાએ દેશમાં ૧૦૦ કરતાં વધારે ઈમારત ડિઝાઈન કરી છે. તેઓ મૂળ ગોવાના વતની હતા.

★ ચીનના બીજા મુખ્ય શહેર શાંઘાઈના 'ન્યુ વર્લ્ડ દાઈમારુ ડિપાર્ટમેન્ટ'માં સ્પાઈરલ ઍસ્કેલેટર મૂકવામાં આવેલી છે. જેને કારણે ગ્રાઉન્ડ ફ્લોરથી સીધા સાતમા માળ સુધી જઈ શકાય છે. વિશ્વની જાપાનની એકમાત્ર મિત્સુબિશી ઇલેક્ટ્રિક કંપની જ તેને બનાવે છે.

★ સૂર્ય ફરતે પૃથ્વીની પ્રદક્ષિણાની ગતિ દરરોજ એક સેકંડના બે હજારમાં ભાગ જેટલી ધીમી પડતી જતી હોવાથી સમયનો તાલ મેળવવા આ વરસે જૂન મહિનો એક સેકંડ માટે લંબાવાયો. ■

***લોકો તમારી સાથે કેવી રીતે વર્તે તો તમને ગમે? તમે પણ તે જ રીતે તેમની સાથે વર્તો.***

## NanoNine™ Sudoku

**શરતો** : (૧) ૧થી ૯ના આંકડા ઊભી-આડી લાઈનમાં ફક્ત એક જ વખત હોવા જોઈએ. (૨) ૧થી ૯ના આંકડા 3 X 3 ના ચોકઠામાં પણ એક જ વખત હોવા જોઈએ.

**ઓગસ્ટ-૨૦૧૫ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૬૪ના બધા સાચા ઉકેલ મોકલનારના નામ**

૧. ચંદ્રા મહેન્દ્ર શાહ - સેટેલાઈટ, અમદાવાદ
૨. ઉષ્મા શાહ - અમદાવાદ
૩. સ્મિતા શાહ - અમદાવાદ
૪. નીના ગોરજી - અમદાવાદ
૫. વિનોદ મહેતા - અમદાવાદ
૬. સરોજ શાહ - અમદાવાદ
૭. કલ્પના વસા - અમદાવાદ
૮. અજિત મહેતા - અમદાવાદ
૯. કલ્પના પાલાણી - અમદાવાદ
૧૦. પાયલ દેસાઈ - અમદાવાદ
૧૧. અક્ષય શાહ - અમદાવાદ
૧૨. દીપા પરીખ - અમદાવાદ
૧૩. અલકા શાહ - અમદાવાદ
૧૪. અવંતી દંડ - અમદાવાદ
૧૫. ધર્મિષ્ઠા શાહ - અમદાવાદ
૧૬. નિશી વોરા - અમદાવાદ
૧૭. અરવિંદ ભટ્ટ - અમદાવાદ
૧૮. દિનેશ વોરા - અમદાવાદ
૧૯. ચૈતાલી વોરા - અમદાવાદ
૨૦. જલ્પા જે. મહેતા - અમદાવાદ
૨૧. કાંતિ ગડા - મુંબઈ
૨૨. નીલા વીસરિયા - સુરત
૨૩. સરોજ ચંદુરા - સુરત
૨૪. હેન્સી શાહ - વર્ધમાન નગર
૨૫. હેમલતા દેઢિયા - અડાલજ
૨૬. ચંદ્રિકા શાહા - રાઉરકેલા
૨૭. મયૂર લાપસિયા - ભાવનગર
૨૮. મૂલકુમારી લાલકા - ગદગ
૨૯. પ્રભા શેઠિયા - વલસાડ

ઉપર્યુક્ત જવાબ મોકલાવનારાઓમાંથી લક્કી ડ્રૉ અનુસાર ત્રણ વિજેતાઓ નીચે પ્રમાણે છે. તેઓએ પોતાના ઈનામો પાલડી ભવન ખાતેના કાર્યાલયમાંથી મેળવી લેવા વિનંતી.

**વિજેતાઓ** :

૧. પાયલ દેસાઈ - અમદાવાદ
૨. જલ્પા મહેતા - અમદાવાદ
૩. અવંતી દંડ - અમદાવાદ

## NanoNine™ Sudoku

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

સુડોકુ ક્રમાંક-૧૦૬૬ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૩૧-૧૦-૨૦૧૫ સુધીમાં મોકલી આપવા વિનંતી. તદ્દન ખરા જવાબો મોકલનારનાં નામ ડિસેમ્બર-૨૦૧૫ના અંકમાં પ્રસારિત કરવામાં આવશે.

સુડોકુ ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મોબાઈલ : ____________________

### ક્રમાંક - ૧૦૬૬

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૩ | ૧ | | | | | | ૫ |
| | | ૯ | ૫ | | ૪ | ૧ | | |
| | | | ૬ | | ૨ | | | ૩ |
| ૩ | | | | | | | ૧ | |
| | | ૪ | ૮ | | ૩ | ૫ | | |
| | ૮ | | | | | | | ૨ |
| ૭ | | | ૨ | | ૫ | | | |
| | | ૨ | ૩ | | ૧ | ૬ | | |
| ૪ | | | | | | ૨ | ૯ | |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | | | | | | | | ૭ |
| | | ૭ | ૨ | ૬ | | ૪ | | |
| | | | | ૯ | | ૧ | ૨ | |
| | ૮ | ૩ | ૬ | ૭ | | | | |
| ૬ | | | | | | | | ૧ |
| | | | | ૫ | ૮ | ૬ | ૪ | |
| | ૨ | ૯ | | ૮ | | | | |
| | | ૪ | | ૩ | ૨ | ૭ | | |
| ૧ | | | | | | | | ૨ |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૬ | | | | | ૫ |
| | ૫ | | | ૯ | | | ૭ | ૧ |
| | ૧ | ૯ | | | | | | |
| | | | | ૨ | ૩ | | | ૯ |
| ૮ | | | | | | | | ૭ |
| ૨ | | | ૧ | ૪ | | | | |
| | | | | | | ૪ | ૮ | |
| ૬ | ૭ | | | ૩ | | | ૫ | |
| ૫ | | | | | ૪ | | | |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | ૧ | | | |
| | | ૯ | ૬ | ૫ | | | | ૪ |
| | ૫ | | ૨ | ૮ | | ૩ | | |
| | ૭ | | | ૪ | ૯ | | ૫ | |
| | | ૫ | | | | ૮ | | |
| | ૪ | | ૭ | ૨ | | | ૬ | |
| | | ૨ | | ૬ | ૮ | | ૯ | |
| ૧ | | | | ૭ | ૨ | ૬ | | |
| | | | ૫ | | | | | |

### ઉકેલ : ક્રમાંક - ૧૦૬૫

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૮ | ૯ | ૭ | ૫ | ૩ | ૨ | ૪ | ૬ |
| ૬ | ૫ | ૭ | ૧ | ૪ | ૨ | ૮ | ૯ | ૩ |
| ૩ | ૨ | ૪ | ૯ | ૮ | ૬ | ૭ | ૫ | ૧ |
| ૫ | ૩ | ૬ | ૨ | ૭ | ૪ | ૧ | ૮ | ૯ |
| ૯ | ૭ | ૨ | ૫ | ૧ | ૮ | ૬ | ૩ | ૪ |
| ૪ | ૧ | ૮ | ૩ | ૬ | ૯ | ૫ | ૭ | ૨ |
| ૨ | ૪ | ૧ | ૮ | ૯ | ૫ | ૩ | ૬ | ૭ |
| ૮ | ૬ | ૩ | ૪ | ૨ | ૭ | ૯ | ૧ | ૫ |
| ૭ | ૯ | ૫ | ૬ | ૩ | ૧ | ૪ | ૨ | ૮ |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૮ | ૭ | ૧ | ૫ | ૪ | ૬ | ૯ | ૩ |
| ૯ | ૫ | ૪ | ૩ | ૬ | ૭ | ૮ | ૧ | ૨ |
| ૩ | ૬ | ૧ | ૯ | ૮ | ૨ | ૫ | ૪ | ૭ |
| ૪ | ૯ | ૩ | ૮ | ૭ | ૧ | ૨ | ૬ | ૫ |
| ૫ | ૨ | ૮ | ૬ | ૩ | ૯ | ૪ | ૭ | ૧ |
| ૭ | ૧ | ૬ | ૪ | ૨ | ૫ | ૩ | ૮ | ૯ |
| ૮ | ૪ | ૫ | ૭ | ૯ | ૩ | ૧ | ૨ | ૬ |
| ૬ | ૭ | ૨ | ૫ | ૧ | ૮ | ૯ | ૩ | ૪ |
| ૧ | ૩ | ૯ | ૨ | ૪ | ૬ | ૭ | ૫ | ૮ |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૧ | ૮ | ૫ | ૩ | ૨ | ૯ | ૬ | ૪ |
| ૬ | ૨ | ૫ | ૮ | ૯ | ૪ | ૭ | ૧ | ૩ |
| ૯ | ૩ | ૪ | ૭ | ૧ | ૬ | ૫ | ૮ | ૨ |
| ૩ | ૯ | ૬ | ૨ | ૪ | ૮ | ૧ | ૭ | ૫ |
| ૪ | ૭ | ૧ | ૬ | ૫ | ૯ | ૩ | ૨ | ૮ |
| ૫ | ૮ | ૨ | ૩ | ૭ | ૧ | ૪ | ૯ | ૬ |
| ૨ | ૫ | ૯ | ૧ | ૬ | ૩ | ૮ | ૪ | ૭ |
| ૮ | ૪ | ૩ | ૯ | ૨ | ૭ | ૬ | ૫ | ૧ |
| ૧ | ૬ | ૭ | ૪ | ૮ | ૫ | ૨ | ૩ | ૯ |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૯ | ૮ | ૨ | ૧ | ૬ | ૪ | ૩ | ૭ |
| ૧ | ૪ | ૭ | ૫ | ૯ | ૩ | ૮ | ૨ | ૬ |
| ૩ | ૨ | ૬ | ૭ | ૮ | ૪ | ૧ | ૫ | ૯ |
| ૨ | ૧ | ૪ | ૬ | ૫ | ૭ | ૩ | ૯ | ૮ |
| ૮ | ૬ | ૫ | ૯ | ૩ | ૨ | ૭ | ૪ | ૧ |
| ૭ | ૩ | ૯ | ૮ | ૪ | ૧ | ૨ | ૬ | ૫ |
| ૬ | ૮ | ૩ | ૪ | ૭ | ૯ | ૫ | ૧ | ૨ |
| ૯ | ૫ | ૧ | ૩ | ૨ | ૮ | ૬ | ૭ | ૪ |
| ૪ | ૭ | ૨ | ૧ | ૬ | ૫ | ૯ | ૮ | ૩ |

Nano 9™
Insulated Stainless Steelware

Mfg by:
Shree Balaji Metal Industries, Vasai
www. ninemetal.com | ninemetal@gmail.com

Ahmedabad Authorised Distributor :- Shahil Marketing - 9426177138
Mumbai Authorised distributor : Vasant Marketing - 9820672501 , K K Associates - 9323404736

## NanoNine™ શબ્દ રમત-૧૦૯નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ચ | ક | લી | ■ | પ | ર | સા | દ | ■ | શ | રા | બ |
| બ | ■ | ક | સ | ર | ત | ■ | ■ | સા | ર | ■ | ક |
| રા | ત | ■ | રા | કા | ■ | પ | ર | ત | ■ | ■ | રી |
| ક | લ | પ | ■ | ર | મા | ■ | ■ | તા | પ | સી | ■ |
| ■ | ■ | ર | તી | ■ | તા | ■ | ક | ળી | ■ | ■ | ફ |
| દ | ડ | મ | જ | લ | ■ | ના | વ | ■ | ગ | મા | ર |
| શ | ■ | પ | ■ | હે | મ | ■ | ચ | ર | ણ | ર | જ |
| મ | ■ | દ | સ્તૂ | ર | ■ | કા | ■ | સ | ત | ■ | ■ |
| ■ | લાં | ■ | પ | ■ | સા | ગ | ર | ■ | ર | ખા | ત |
| પં | ચ | ■ | ■ | હા | થી | ■ | સા | દ | ■ | લ | પ |
| ડિ | ■ | મા | લા | ■ | ■ | આ | ત | વા | ર | ■ | ખી |
| ત | ત્કા | લ | ■ | ખ | ટ | મ | લ | ■ | વિ | કા | ર |

***માસ ઓગસ્ટ-૨૦૧૫ના અંકમાં છપાયેલ નેનો શબ્દ રમત-૧૦૮ના બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ***

૧. ચંદ્રાબેન શાહ - સેટેલાઈટ, અમદાવાદ
૨. ચંદ્રાબેન શાહ - ભટ્ઠા, અમદાવાદ
૩. વર્ષા આર. પારેખ - અમદાવાદ
૪. સ્મિતા શાહ - અમદાવાદ
૫. વિનોદ એસ. મહેતા - અમદાવાદ
૬. લક્ષ્મીબેન એમ. ખત્રી - અમદાવાદ
૭. સરોજ જયેશ શાહ - અમદાવાદ
૮. શાંતિભાઈ વ. શાહ - અમદાવાદ
૯. અજિત મ. મહેતા - અમદાવાદ
૧૦. નીમા નીરવ શેઠ - અમદાવાદ
૧૧. અરવિંદ જે. ભટ્ટ - અમદાવાદ
૧૨. દીપા પરીખ - અમદાવાદ
૧૩. અલકા શાહ - અમદાવાદ
૧૪. જશવંત કોઠારી - અમદાવાદ
૧૫. જયશ્રી ભરત શાહ - અમદાવાદ
૧૬. કલ્પના એચ. શાહ - અમદાવાદ
૧૭. જયંત જે. મહેતા - અમદાવાદ
૧૮. નવલ શાંતિલાલ શાહ - અમદાવાદ
૧૯. ભાનુ જે. શાહ - અમદાવાદ
૨૦. નિધિ મનીષ ગાંધી - અમદાવાદ
૨૧. હસમુખ ડી. દેઢિયા - અડાલજ
૨૨. હેન્સી એ. શાહ - વર્ધમાનનગર, ભુજ
૨૩. નીલાબેન વીસરિયા - સુરત
૨૪. સરોજ અનુપ ચંદુરા - સુરત
૨૫. નવીન શામજી લાલકા - ગદગ
૨૬. પ્રભા મહેન્દ્ર શેઠિયા - વલસાડ
૨૭. લક્ષાબેન જિતેન્દ્ર શાહ - ભુજ
૨૮. ઉષા ભરત સંઘવી - રાઉરકેલા
૨૯. શોભના દંડ - અંકલેશ્વર

***ઉપર્યુક્ત સાચા જવાબ મોકલનારાઓમાંથી લક્કી ડ્રો કરતાં, ત્રણ વિજેતાઓનાં નામ નીચે પ્રમાણે છે. તેઓએ પોતાના ઈનામો સમાજના પાલડી ખાતેના કાર્યાલયમાંથી મેળવી લેવા વિનંતી છે.***

૧. જશવંત કોઠારી - અમદાવાદ
૨. નવલ શાંતિલાલ શાહ - અમદાવાદ
૩. હસમુખ દેઢિયા - અડાલજ

## સત્ય કથા

તરુણ પંડ્યા નામનો આપણો એક ગુજરાતી સજ્જન ૧૯૯૫ની સાલમાં અમેરિકાના ન્યુજર્સીના બ્લુમફિલ્ડ શહેરમાં કામ - જોબ કરતો હતો. રોજ બપોરે તે એક રેસ્ટોરાંમાં જમવા જાય. રેસ્ટોરાંનો માલિક ઇટાલિયન હતો. જમનારો ગ્રાહક ભારતીય છે એમ જાણીને તે રોજ 'નમસ્તે' કરીને થોડી વાતો કરે. ભારત વિશે અને ભારતના ગાંધી વિશે પૂછે. તરુણ પંડ્યાએ એક દિવસ તેના હાથમાં ગાંધીજીની આત્મકથા આપી અને એને ઍટનબરોની ફિલ્મ 'ગાંધી' જોવાનું પણ કહ્યું.

ફિલ્મ જોયા પછી અને આત્મકથા વાંચ્યા પછી તે ગાંધીથી એટલો બધો પ્રભાવિત થઈ ગયો કે તેણે નિર્ણય કર્યો કે હવે મારા ધંધામાં મને ગમે તેટલી મુશ્કેલી આવે તો પણ સત્યને વળગી રહીશ.

પછી તો તે 'સત્ય'ને બરાબર વળગી રહ્યો. એક દિવસે તે તરુણ પંડ્યાને પોતાને ઘેર લઈ ગયો. તરુણે તેના ઘરમાં જોયું તો તેના નાનકડા પુસ્તકાલયમાં 'નવજીવન'નાં પુસ્તકોનો થોકડો જોયો! તરુણને આશ્ચર્ય થયું. એટલે તેણે તરુણને કહ્યું કે, 'તમે જ મને ગાંધીની આત્મકથા આપી હતી ને? એમાંથી જ મને 'નવજીવન'નું સરનામું મળ્યું. એટલે ગાંધી બાપુનાં બધાં પુસ્તકો મંગાવી લીધાં! હવે હું પણ તેને વાંચું છું અને બીજા લોકોને પણ વાંચવા આપું છું. આ પછી થોડી વાતો ચાલતી રહી. તરુણે જવા માટે ઊઠવાની તૈયારી કરી, ત્યારે તેણે કહ્યું, 'જરા થોભો, હું તમને એક ગીત સંભળાવું.'

અને તેણે 'વૈષ્ણવજન તો તેને રે કહીએ....' એ ભજન ગાઈ સંભળાવ્યું.

***– મીરા ભટ્ટ***
***('શાશ્વત ગાંધી' જાન્યુઆરી-૨૦૧૫માંથી)***

***ધનની તરસની પેઠે જ્ઞાનની તરસ પણ જેમ સંતોષાતી જાય તેમ વધતી જાય છે.***



સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ

★ **જળ મંદિર અભિયાન :** આ વર્ષે અષાઢ માસમાં પડેલ અનરાધાર વરસાદે રંગ લાવી દીધેલ છે. કચ્છ જેવા વિશાળ ક્ષેત્રફળ ધરાવતા સૂકા અને સરહદી જિલ્લામાં ભૂગર્ભ જળ ઊંચાં લાવવા જળ-મંદિર અભિયાનનો શ્રી કચ્છી વીસા ઓસવાળ જૈન મહાજન - ભુજ તથા મુંબઈના કચ્છી માડુઓએ પોતાના ગામનાં તળાવોનાં જળ સ્રોત ઊંચે લાવવા માટે આર્થિક સહયોગ દ્વારા પૂરી નિયત, નિષ્ઠા, નિઃસ્વાર્થભાવ અને સાચી લગનથી તળાવોના પુનર્જીવન માટેનો આલાપ છેડ્યો. કચ્છના સાત તાલુકાનાં ૬૫ જેટલાં તળાવો રૂપિયા એક્યાસી લાખ ચોંત્રીસ હજારના ખર્ચે ૨૬૮૯.૪૪ લાખ લીટર પાણી આ તળાવોમાં સંગ્રહિત કરી તેને પુનઃ લહેરાતાં કરેલ છે. જેનો ખર્ચ તેમને માત્ર ત્રણ પૈસા એક લીટર પાણી દીઠ થયેલ છે.

આ અભિયાનમાં આરતી ગ્રુપે નાના ભાડિયાનું મિરીક તળાવ, ભદ્રેશ્વર તીર્થ ટ્રસ્ટે ભદ્રેશ્વર તળાવ, જ્યારે કચ્છના રણમાં આવેલ મેડબેટનું તળાવ આરતી ગ્રુપ તથા વનતંત્રના સંયુક્તપણા દ્વારા તેમજ મેડિસર મહાજન, કોડકી ગૌશાળા અને ગુજરાત સરકારના સંયુક્ત સહયોગથી મેડિસર તળાવ પુનર્જીવન પામેલ છે. આ દાતાઓના દાનથી અબડાસા તાલુકામાં રૂા. ૧૩.૩૨ લાખના ખર્ચે ૨૫ તળાવો, લખપત તાલુકામાં રૂા. ૧૮.૭૬ લાખના ખર્ચે ૨૨ તળાવો, માંડવી તાલુકામાં રૂા. ૧૪.૬૫ લાખના ખર્ચે ૧૩ તળાવો તેમજ મુંદ્રામાં ૨ અને ભુજ - નખત્રાણા તથા રાપરમાં ૧ - ૧ તળાવો — આમ કુલ્લે ૬૫ તળાવો જીર્ણોદ્ધાર પામી જળ મંદિરમાં પરિવર્તન પામેલ છે. આવતા સમયમાં વધુ ૧૫૧ તળાવોની સંગ્રહ શક્તિનો પુનરોદ્ધાર દાતાઓના સહયોગથી કરવાનું આયોજન વિચારેલ છે.

★ **રેલવે સુવિધા :** પશ્ચિમ રેલવેએ અમદાવાદ ઉપરાંત ભુજ અને ગાંધીધામનાં રેલવે સ્ટેશનો પર તત્કાલ રિઝર્વેશન કાઉન્ટર શરૂ કર્યાં છે. આ પ્રકારનાં કાઉન્ટરોથી પેસેન્જરને રિઝર્વેશનનો ચાર્ટ બની ગયા પછી પણ ટ્રેન ઊપડવાની ૧૫ મિનિટ પહેલાં અવકાશ હોય તો રિઝર્વેશન મળી શકે છે. લાંબા અંતરની ટ્રેનમાં મુસાફરી કરતા લોકોને આ સુવિધાથી સૌથી વધુ લાભ મળી શકે છે કારણકે આ ટ્રેનોમાં રિઝર્વેશનની સમસ્યા હોય છે. તેમજ રેલવે તંત્ર દ્વારા પેસેન્જરોની ડિમાન્ડ અને સુવિધાને ધ્યાનમાં રાખી ગુજરાતમાંથી પસાર થતી અને જમ્મુતાવી સુધી જતી બાંદ્રા - જમ્મુતાવી સ્વરાજ એક્સપ્રેસ, અમદાવાદ - જમ્મુતાવી સર્વોદય એક્સપ્રેસ, હાપા - જમ્મુતાવી સુપરફાસ્ટ તથા જામનગર - જમ્મુતાવી એક્સપ્રેસને ૧લી સપ્ટેમ્બરથી શ્રીમાતા વૈષ્ણોદેવી કટારા સ્ટેશન સુધી લંબાવવામાં આવી છે.

★ **કોટિવૃક્ષ અભિયાન :** કચ્છ બાડા જૈન મહાજન અને બાડા ગ્રામ પંચાયતના સંયુક્ત સાહસથી કોટિવૃક્ષ યોજનાનો આરંભ કરવામાં આવેલ. આ પ્રસંગે વી.આર.ટી.આઈ.ના સેંધાભાઈ અને બિદડા સર્વોદય ટ્રસ્ટના શ્રી એલ.ડી. શાહે પાણી અને ખેત તલાવડીનું મહત્ત્વ સમજાવ્યું હતું. જે અંગે તેમણે અહિંસાધામ એન્કરવાલાની પ્રવૃત્તિ પ્રમાણે અનુસરી આગળ વધવા જણાવ્યું હતું. આ અભિયાનમાં આ વર્ષે ૧૦૦ વૃક્ષ વાવવાની નેમ વ્યક્ત કરી હતી.

★ **માધાપરમાં વીરાંગનાઓના સ્મારકનું લોકાર્પણ :** ૪૪ વર્ષ પહેલાં ભારત - પાકિસ્તાન વચ્ચે થયેલ યુદ્ધમાં ભુજની હવાઈ પટ્ટીને થયેલ ભારે નુકસાનને, ભારે બોમ્બમારા વચ્ચે, જાનની પરવા કર્યા વિના હવાઈ પટ્ટીનું સમારકામ કરનારી માધાપરની વીરાંગનાઓને રાષ્ટ્રીય વંદના કરતાં સંરક્ષણ મંત્રીએ જણાવેલ કે કચ્છે રાષ્ટ્ર સમક્ષ દેશ ભક્તિનું અને નારી શક્તિનું ઉદાહરણ પૂરું પાડ્યું છે. આ સ્મારક લોકાર્પણ કરતાં તેમણે જણાવેલ કે સ્મારકની ઝલકની ઝાંખી પ્રજાસત્તાક દિન ૨૬મી જાન્યુઆરીના રોજ પરેડમાં પણ રજૂ કરવામાં આવશે. આ પ્રસંગે ૧૯૬૫ના પાકિસ્તાન સામે યુદ્ધમાં પરાક્રમ કરનારી લશ્કરી ટેન્ક તથા ૧૯૭૧ના જંગમાં કામગીરી બજાવેલ એક સાચુકલા જેટ વિમાન પણ આ સ્મારક ખાતે મૂકવા અંગેનો પ્રસ્તાવ પણ આપેલ. આ સમયે કેન્દ્રીય શિક્ષણમંત્રી સ્મૃતિ ઈરાનીએ કચ્છીઓને ઇતિહાસ ઉજાગર કરનારી ગૌરવશાળી પ્રજા જણાવી હતી.

★ **સુવર્ણ ચંદ્રક :** તાજેતરમાં વડોદરા ખાતે યોજાયેલી ગુજરાત સ્ટેટ શૂટિંગ ચેમ્પિયનશિપ સ્પર્ધામાં રાજ્યભરના ૮૦૦ શૂટરોએ ભાગ લીધો હતો. જે પૈકી કચ્છ ડિસ્ટ્રિક્ટ રાઈફલ એસોસિએશનના ૨૯ શૂટરોમાંથી ગાંધીધામના શૂટરોએ પાંચ સુવર્ણ ચંદ્રક સહિત ૧૬ ચંદ્રક હાંસલ કરી રાજ્ય સ્તરે કચ્છનું નામ રોશન કરેલ છે.

★ **નર્મદા નીર :** કચ્છ માટે નર્મદા નહેર શાખા અને પેટા શાખાની નિર્ધારીત ૪૨૯.૮૬ કિ.મી. લંબાઈ અન્વયે તા. ૩૧-૩-૨૦૧૫ સુધી માત્ર ૧૫૯ કિ.મી.ના કામો પૂરા થયેલ છે અને ૨૭૦ કિ.મી.ના કામો હજુ બાકી હોવાનો એકરાર

*ઈશ્વર એવો ક્ષમાવાન છે કે એ આપણને હંમેશાં પસ્તાવાની તક આપે છે.*

નર્મદા યોજનાનો હવાલો ધરાવતા મુખ્યમંત્રીએ કરેલ છે. જેનાથી કચ્છને વિસારે પાડ્યાનું પ્રમાણ જોવા મળે છે તેવું પૂર્વ નાણાંપ્રધાન શ્રી બાબુભાઈ મેઘજી શાહે તેમની યાદીમાં જણાવેલ. વધુમાં તેમણે જણાવેલ કે કચ્છના નારાયણ સરોવર સુધી પાણી પહોંચાડવા ૬૦૦ કિ.મી. નહેર માટે મુખ્ય નહેરની ૩૬૦ ફૂટ ઊંચાઈ જરૂરી ગણી નર્મદા ડૅમની ઊંચાઈ ૪૩૭ ફીટ મેળવવા કચ્છને આગળ ધર્યું હતું. ઉપરાંત ડૅમના ઑવરફ્લોથી દરિયામાં વહી જતા પાણીમાંથી એક મિલિયન એકર ફૂટ પાણી આપવા માટે બજેટમાં ફૂટી કોડી પણ ફાળવી નથી તેવો આક્ષેપ તેમણે રજૂ કરેલ.

★ **નવતર ખેતી :** વર્તમાનપત્રોમાં અવારનવાર બાગાયત ખેતી અંગેના સમાચારો આવતા રહે છે. હાલમાં કચ્છી ખારેક, કચ્છી કેરી, કચ્છી દાડમ બાદ કચ્છી કાજુ અંગે નિષ્ણાતો તેમજ ખેડૂતો પાસેથી જાણવા મળે છે કે કચ્છી લગભગ જમીન અને ૧૦૦ ટકા હવામાન કાજુના વાવેતર માટે યોગ્ય છે. જેથી વધુ કોઈપણ માવજત વિના કચ્છમાં ખેડૂતોએ કાજુનું વાવેતર કરવું જોઈએ. ગુજરાતમાં વલસાડ જિલ્લામાં કાજુનું વાવેતર કરવામાં આવે છે. આ અંગેની વિસ્તૃત માહિતી નખત્રાણા (કચ્છ) સ્થિત ડૉ. સાંઘાણી (મો. ૯૪૨૬૭ ૩૦૦૫૫) પાસેથી મળી શકશે તેમ અખબારી યાદી જણાવે છે.

★ **શુદ્ધ પેય જળ સુવિધા :** અબડાસા તાલુકાના ૧૫૦ ગામોના નાગરિકોને શુદ્ધ પેયજળ મળી રહે તે માટે મંગવાણાથી ખાસ પાઈપ લાઈન અને મોથાળા ખાતે ૨.૨૦ કરોડ લીટર નર્મદા નીર શુદ્ધિકરણ પ્લાન્ટનું રૂા. ૪૪.૫૦ કરોડના ખર્ચે ધમધમાટ કામ ચાલુ છે, જે માર્ચ ૨૦૧૬ સુધીમાં પૂરું થઈ જવાની માહિતી કચ્છી અધિકારીઓએ આપેલ છે. વધુમાં તે દ્વારા માંડવી તથા લખપતના ગામોને પણ શુદ્ધ પેયજળ મળી રહેશે તેમ શ્રી ફરૂલે જણાવેલ. ઉપરાંત સુથરી પાસે ૬ એમ.એલ.ડી. શુદ્ધીકરણ પ્લાન્ટ નાખવામાં આવી રહેલ છે.

★ **સિદ્ધિ :** ન્યુઝીલેન્ડના સામોઆમાં રમાનારી પાંચમી કોમનવેલ્થ યુથ ગેમ્સમાં તા. ૫થી ૧૧ સપ્ટેમ્બર દરમિયાન આયોજિત તરણ સ્પર્ધામાં ભારતીય તરણ ટીમના મુખ્ય કોચ તરીકે મૂળ ભુજના જયદેવ જયેન્દુ શુક્લની નિયુક્તિ કરાઈ છે. તેમને ૨૦૦૪માં ગુજરાત રાજ્યનો રમતગમત માટેનો સરદાર પટેલ ઍવોર્ડ પણ મળેલ છે.

★ **નિર્ણય :** કચ્છને ૧૯૯૪માં મળેલ ભુજની સરકારી ઈજનેરી કૉલેજનો વહીવટ (પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ) મોડલ હેઠળ ગુજરાત ખનિજ વિકાસ નિગમ (જી.એમ.ડી.સી.) સંભાળે તેવો સૈદ્ધાંતિક તખ્તો ગોઠવાઈ ગયો છે. આ નિર્ણય શિક્ષણ મંત્રીના અધ્યક્ષપદ હેઠળ મળેલ એક બેઠકમાં લીધેલ છે તેવા શિક્ષણ જગતને ચોંકાવતા અહેવાલ બહાર આવેલ છે. આ નિર્ણયથી છાત્રોને ફી માં વધારો સહન કરવાનો વારો આવશે તેવો આક્ષેપ કરવામાં આવેલ છે. પહેલાં સરકારી હૉસ્પિટલ ખાનગી સંસ્થા અદાણી ગ્રૂપને સોંપી, હવે શિક્ષણ સંસ્થા પણ ખાનગી સંસ્થા (જી.એમ.ડી.સી.)ને સોંપવાની કાર્યવાહી ચાલુ છે.

★ **પ્રવાસી પંખીઓનું કલશોર આગમન :** પૂર્વ કચ્છ વાગડની જળતૃપ્ત ધરા પર જળાશયો લહેરાઈ ઊઠતાં હજારો કિ.મી. દૂરથી આકાશમાર્ગે આવેલ પ્રવાસી પક્ષીઓના કલશોરથી ત્યાંનું વાતાવરણ ગુંજી ઊઠ્યું છે. ચાલુ સાલે એકલનું રણ, શિરાની વાંઢ અને અમરાપર પાસેનું રણ તેમજ આડેસર પાસેના નાના રણમાં મોટા પ્રમાણમાં સુરખાબનું આગમન થયેલ છે.

★ **સહાય :** તાજેતરના ભારે વરસાદે ભુજ તાલુકામાં ૧૦૯૩ જેટલા પશુઓ મૃત્યુ પામેલ. તે માટે સરકારશ્રી તરફથી પશુ પાલકોને રૂા. ૧.૨૨ કરોડની સહાયનું ચૂકવણું તેમજ ભચાઉ તાલુકાના ૫૯૧ પશુ પાલકોને રૂા. ૨.૮૯ કરોડની રકમનું ચૂકવણું કરવામાં આવેલ છે. જિલ્લામાં હજુ રૂા. ૪.૦૦ કરોડની સહાય રકમ ચૂકવવાનું કરવામાં આવશે તેવું જિલ્લા પ્રમુખ ત્રિકમભાઈ છાંગાએ એક કાર્યક્રમમાં જણાવેલ.

★ **બચત :** ભારત સરકારના પોસ્ટ ખાતા તરફથી કિસાન વિકાસ પત્ર (કે.વી.પી.) યોજના તેમજ અન્ય બચત યોજનાઓ ચાલુ થવાથી કચ્છના ૬.૨૮ લાખ ખાતેદારોએ પોસ્ટ ખાતામાં વિશ્વાસ દર્શાવી રૂા. ૭.૮૬ અબજની બચત નોંધાવી છે. જેના કારણે કચ્છની પોસ્ટ ખાતામાં કુલ બચત રોકાણનો આંકડો રૂા. ૧૩.૫ અબજ જેટલો પહોંચ્યો છે. ■

**આ જગમાં થોડા મલે!**

**જાણે ભાષાને ભાવ, અંતરના ઊંડાણથી**
**પ્રગટાવે પુણ્ય પ્રકાશ, આ જગમાં થોડા મલે!**
**લખે લહિયા અનેક, ટેવના પરિણામથી**
**મર્મ માણી જે લખે, આ જગમાં થોડા મલે!**

*– રશ્મિનનો રણકાર, ભાગ-૨માંથી સાભાર*

**Viketa**
**Electronics**
An ISO 9001-2000 COMPANY
**MANUFACTURERS OF ELECTRICAL PANEL BOARDS**
4759, GIDC Industrial Estate,
Ankleshwar-393 002. Dist. Bharuch.
**Phone : 02646-226257 Fax : +91-2646-252759**
**Mobile : 9824101111, 9824762141**
**E-mail : viketa53@rediffmail.com**

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## અભૂતપૂર્વ સ્વામિવાત્સલ્ય અને સાંસ્કૃતિક કાર્યક્રમ



આવકાર પ્રવચન આપતા
સંસ્થાના પ્રમુખ શ્રી પ્રતાપ નારાણજી દંડ



પ્રાસંગિક પ્રવચન આપતા અતિથિ વિશેષ
સુશ્રી પન્નાબેન મોમાયા (એ.સી.પી.)




મંચસ્થ મહાનુભાવો. ડાબેથી શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર, શ્રી બચુભાઈ રાંભિયા, શ્રી હિતેશ છાડવા, શ્રી કે.આર. શાહ, ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા, શ્રી મનુભાઈ શાહ, શ્રી પ્રતાપભાઈ દંડ, સુશ્રી પન્નાબેન મોમાયા, શ્રી શાંતિલાલ સાવલા, શ્રી અશોક મહેતા, શ્રી કે.ડી. શાહ, શ્રી વસંતભાઈ નાગડા, શ્રી હીરજી પાસુ શાહ, શ્રી કિરણ ચાંપાનેરી, શ્રી હસમુખભાઈ ખાંડવાલા



મ્યુઝિકલ હાઉસીમાં ગીત ગાતા
શ્રીમતી ફાલ્ગુની હીરેન શાહ તથા
સમાજના મેડિકલ સેન્ટરના ડૉ. શિલ્પા તોશ્નીવાલ



મ્યુઝિકલ હાઉસીમાં ગીત ગાતા
શ્રી પ્રદીપ મહેતા, શ્રીમતી વર્ષાબેન સંઘવી,
તથા શ્રીમતી ફાલ્ગુની હીરેન શાહ



સરસ્વતી વંદના કરતી કુ. ધ્રુવા નીતિન શાહ



માઉથ ઓર્ગન વગાડતા ડૉ. હિમાશું શાહ




ગ્રુપ ડાન્સમાં સમાજના નાના ભૂલકાઓ



આરંગેત્રમ શૈલીનું નૃત્ય કરતા કુ. દેવાંશી તથા હેત મૂલચંદ મારુ

## ક્ષમા દર્પણ

## સરનામા ફેરફાર

- **હર્ષ હરિલાલ મોરબિયા**
  સી/૫૦૨, ઘનશ્યામ પાર્ક એપાર્ટમેન્ટ,
  ટોરેન્ટ પાવર ઝોનલ ઑફિસ પાછળ,
  એ.ઈ.સી. ચાર રસ્તા પાસે, ૧૩૨ ફૂટ રિંગ રોડ,
  નારાણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
  મો. ૯૦૯૯૪ ૯૬૧૮૯
- **દિનેશ કેશવજી મોતા**
  ૪૦૬, નવનીત ભવન,
  આણંદજી કલ્યાણજી જૈન નગર, બ્લોક નં.-સી,
  બહેરામપુરા પોલીસ ચોકી સામે, બહેરામપુરા,
  અમદાવાદ-૩૮૦ ૦૨૨.
- **તલકશી નાનજી મારુ**
  બી/૩૦૨, કલ્પ રીવર વ્યૂ, પુષ્કર-૩ ની સામે,
  પી.ટી. કૉલેજ રોડ, ચંદ્રનગર,
  પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
- **મનીષ પ્રફુલ્લ ખોના**
  એફ-૧૦૨, ૧લો માળ, સહજ સોલારિયમ-૨,
  જી.બી. શાહ કૉલેજ રોડ,
  મારૂતિ પોપ્યુલર વ્હીલ સર્વિસ સેન્ટરની સામે,
  ન્યુ વાસણા, વાસણા, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
  મો. ૯૮૨૪૦ ૬૦૫૮૮, ૯૩૭૭૦ ૬૦૫૮૬
- **ડૉ. હિતેન્દ્ર મોહનલાલ શાહ**
  ૪૬, પાર્કહિલ બંગ્લોઝ,
  સત્ય ત્રિવેણી ફ્લેટની સામે,
  શૅલ્બી હૉસ્પિટલની પાછળ, સેટેલાઈટ,
  અમદાવાદ-૩૮૦ ૦૧૫.
- **તેજસ પ્રવીણચંદ્ર લોડાયા**
  ઈ-૪૦૪, સત્યમેવ રિવેરા,
  ઈન્ફોસિટી પાસે, ગિફ્ટ સિટી રોડ,
  ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર.
  મો. ૯૯૦૯૯ ૮૩૫૫૭


## ફોન / મોબાઈલ નંબર ફેરફાર

- **તલકશી નાનજી મારુ**
  મો. ૯૯૨૫૮ ૫૦૦૦૦, ઘર : (૦૭૯) ૨૬૬૦૬૩૦૦
- **કંચન તલકશી મારુ**
  મો. ૯૮૭૯૬ ૦૮૫૦૦, ઘર : (૦૭૯) ૨૬૬૦૬૩૦૦
- **બચુભાઈ હીરજી રાંભિયા**
  ફોન : (૦૭૯) ૨૨૧૪૧૧૯૭, ૨૨૧૪૯૫૫૦,
  ૨૨૧૧૪૦૫૦, ૨૨૧૧૧૪૬૭
  મો. ૯૨૨૭૨ ૧૩૩૫૧, ૯૯૭૯૨ ૨૮૨૬૭

## સગાઈ

- **રવિવાર, તા. ૯-૮-૨૦૧૫**
  **ચિ. મહેક જયંતીભાઈ પ્રેમજી નીસર – ગણેશ ચિક્કી પરિવાર**
  **(વડાલા (કચ્છ) - અમદાવાદ)**
  **ચિ. નિધિ લલિતભાઈ દેઢિયા (કોટડા રોહા - મુલુંડ, મુંબઈ)**

## અભિનંદન



બિમલેશ નથુભાઈ રતનશી શાહ અને રાજકુમારી બિમલેશ શાહના સુપુત્ર **ચિ. રોનક** (બી.ઈ. ઈલેક્ટ્રિકલ અને ઈલેક્ટ્રોનિક્સ, વી.આઈ.ટી. - વેલ્લોર) દ્વારા સેન્ટ ઍન્ડ્રુસ યુનિવર્સિટી, સ્કોટલેન્ડ, યુ.કે.થી એક વરસના મેનેજમેન્ટના સફળ અભ્યાસ બાદ વતન પરત આવી ગયા છે. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તેઓને હાર્દિક અભિનંદન પાઠવે છે.



**કુ. પ્રાંજલી સંજય મનસુખલાલ ખાંડવાલા**, MBA (Finance) માં ૭૯% મેળવી ઉત્તીર્ણ થયેલ છે. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તેઓને ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે તથા ઉત્તરોત્તર પ્રગતિ હાંસલ કરે તેવી શુભકામના.

*ક્ષમા કરવામાં જ આપણે ક્ષમા પામીએ છીએ.*

# સાભાર સ્વીકાર

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની*
*વિવિધ સેવાકીય યોજનાઓ માટે*
*નીચે મુજબ દાતાશ્રીઓ તરફથી દાન / ભેટ પ્રાપ્ત થયેલ છે.*

## મેડિકલ સેન્ટર ખાતે

રૂા. ૫૧,૦૦૦/- શ્રી હેમાંશુભાઈ એ. શાહ - કુર્નુલ

## ડાયાલિસિસ સેન્ટર ખાતે

રૂા. ૧૧,૦૦૦/- શ્રી પૃથ્વી નરેન્દ્રભાઈ શાહ - ગાંધીનગર

## જલારામ અન્નક્ષેત્ર ખાતે

રૂા. ૧૦,૦૦૦/- શ્રી શામજીભાઈ ભવાનજી ઝવેરી - મુંબઈ

રૂા. ૨,૫૦૦/- શ્રીમતી વિમળાબેન વિશનજી ઉમરશી ગડા - અમદાવાદ

રૂા. ૧,૦૦૦/- શ્રી હરખચંદ નાનજી પોલડિયા તરફથી રાકેશ હરખચંદ નાનજી શાહ તથા ફોરમ મિહિર મહેશ શાહની અઠ્ઠાઈ નિમિત્તે

રૂા. ૧,૦૦૧/- શ્રી રાકેશ હરખચંદ નાનજી પોલડિયા - અમદાવાદ

## વૈયાવચ્ચ ખાતે

રૂા. ૧૧૦૦/- શ્રી શામજીભાઈ ભવાનજી ઝવેરી - મુંબઈ

રૂા. ૧,૦૦૦/- શ્રીમતી વિમળાબેન વિશનજી ઉમરશી ગડા - અમદાવાદ

રૂા. ૫૦૦/- શ્રીમતી કલ્પના હરખચંદ નાનજી પોલડિયા તરફથી પુત્ર રાકેશ, પુત્રી ફોરમની અઠ્ઠાઈ નિમિત્તે.

રૂા. ૫૦૦/- શ્રી રાગીન શાહ - કુર્નૂલ

રૂા. ૫૦૦/- શ્રી નરેન્દ્ર હરિલાલ સંઘવી - અમદાવાદ

## તબીબી સેવા ખાતે

રૂા. ૧,૧૫૧/- ડૉ. સુકેતુ ચિત્રસેન શાહ - ગાંધીનગર

રૂા. ૧,૦૦૦/- શ્રીમતી વિમળાબેન વિશનજી ઉમરશી ગડા - અમદાવાદ

## 'મંગલ મંદિર' ભેટ ખાતે

રૂા. ૧,૧૫૧/- માતુશ્રી રાજેશ્વરીબેન મનસુખલાલ ખાંડવાલા - અમદાવાદ તરફથી પૌત્રી ચિ. પ્રાંજલી એમ.બી.એ. (ફાઈનાન્સ)માં ૭૯% મેળવી ઉત્તીર્ણ થઈ તેની ખુશાલી નિમિત્તે

રૂા. ૧,૧૦૧/- શ્રી બિમલેશ નથુભાઈ શાહ - અમદાવાદ

રૂા. ૫૦૦/- શ્રીમતી વિમળાબેન વિશનજી ઉમરશી ગડા - અમદાવાદ

## વિદ્યાર્થી પુરસ્કાર ખાતે

રૂા. ૧,૧૫૧/- શ્રી ચિત્રસેન રવજી શાહ - ગાંધીનગર

## મહિલા ઉત્કર્ષ ખાતે

રૂા. ૧,૧૫૧/- ડૉ. સીમા સુકેતુ શાહ - ગાંધીનગર

## વયસ્ક સમિતિ ખાતે

રૂા. ૨,૦૦૦/- શ્રીમતી વિમળાબેન વિશનજી ઉમરશી ગડા - અમદાવાદ

રૂા. ૧,૧૫૧/- શ્રીમતી લીલાબેન ચિત્રસેન શાહ - ગાંધીનગર

## સાધર્મિક સહાય ખાતે

રૂા. ૧,૦૦૦/- શ્રી કુશલ દામજી દેઢિયા - અમદાવાદ

રૂા. ૧,૦૦૦/- શ્રીમતી વિમળાબેન વિશનજી ઉમરશી ગડા - અમદાવાદ

રૂા. ૫૦૦/- ફોરમ મિહિર મહેશભાઈ શાહ - અમદાવાદ

## વૃક્ષારોપણ યોજના ખાતે

રૂા. ૫૦૦/- શ્રીમતી વિમળાબેન વિશનજી ઉમરશી ગડા - અમદાવાદ

## મેડિકલના સાધનો ખાતે

રૂા. ૫૦૦/- શ્રી રાકેશ હરખચંદ નાનજી પોલડિયા - અમદાવાદ

*સંસ્થા ઉપરોક્ત તમામ દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માને છે.*

# અનુમોદના

તા. ૧૫-૮-૨૦૧૫ના સ્વતંત્રતા દિવસે શ્રેષ્ઠીવર્ય **શ્રી શાંતિલાલભાઈ રામજી ગાલા (નવનીત પ્રકાશન)** એ ધ્વજવંદન કરાવ્યું હતું. ત્યારબાદ સંસ્થાના સાંસ્કૃતિક હૉલમાં તેઓએ પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું.

તે દિવસે સ્વતંત્રતા દિવસ નિમિત્તે તેઓએ સંસ્થાના વૃક્ષ ઉછેર અભિયાનમાં રૂા. ૧,૨૫,૦૦૦/-નું અનુદાન જાહેર કર્યું હતું. સંસ્થા, એ અનુદાનનો સહર્ષ સ્વીકાર કરે છે તથા તેઓએ આપેલ દાનની ખૂબ જ અનુમોદના કરે છે.

*"મા" શબ્દનો અર્થ દુનિયાની બધી જ ભાષામાં "મા" જ થાય છે.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## અભૂતપૂર્વ સ્નેહ મિલન અને સાંસ્કૃતિક કાર્યક્રમ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ૫૩ (ત્રેપન)મો સ્નેહમિલન તથા સ્વામિવાત્સલ્ય કાર્યક્રમ રવિવાર, તા. ૨૭-૯-૨૦૧૫ના રોજ સવારના ૧૦ વાગ્યાથી ટાગોર હૉલ - પાલડી ખાતે યોજવામાં આવ્યો હતો.

કાર્યક્રમની શરૂઆત સમાજનાં બાળકો – દેવાંશી તથા હેત મારુના નવકાર મંત્રના નૃત્યથી થઈ હતી. બંને ભાઈ - બહેને શાસ્ત્રીય શૈલીનું નૃત્ય કરીને પ્રેક્ષકોને ખુશ કરી દીધા હતા.

ત્યારબાદ મંચ ઉપર મહાનુભાવોનું આગમન થયું હતું. મંચ ઉપરથી સૌપ્રથમ સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી તથા પ્રમુખ શ્રી પ્રતાપ નારાણજી દંડે પધારેલા સૌને આવકાર્યા હતા. તેમજ ખાસ કરીને કચ્છી સમાજનાં વિવિધ ઘટકોના સભ્યો તથા હોદ્દેદારો તથા ‘મંગલ મંદિર’ના નિર્ણાયક સમિતિના સભ્યોને આવકાર્યા હતા.

ત્યારબાદ સંસ્થાના સહ ખજાનચી શ્રી રમણિકલાલ કુંવરજી ગોસરે જૈન ધર્મમાં ક્ષમાપનાનું મહત્ત્વ સમજાવીને હાજર રહેલા સૌને સામૂહિક ક્ષમાપના કરાવી હતી.

આજના સ્નેહમિલન પ્રસંગે અતિથિ વિશેષ તરીકે સમાજના જ સભ્ય એવા સુશ્રી પન્નાબેન મોમાયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેઓશ્રી હાલમાં અમદાવાદ ખાતે A.C.P. – આસિસ્ટન્ટ કમિશનર ઑફ પોલીસ (મહિલા વિંગ)ના ઉચ્ચ હોદ્દા પર ફરજ બજાવી રહ્યા છે. તેમના વક્તવ્યમાં, તેઓશ્રીએ સમાજના યુવકો અને યુવતીઓને ઉદ્દેશીને જણાવ્યું હતું કે આપણો સમાજ મુખ્યત્વે વ્યાપારીક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલ છે. પણ હાલના સમયમાં સરકારમાં, I.A.S., I.P.S., I.F.S. જેવા ઉચ્ચ હોદ્દાઓ માટે પણ સમાજ યુવાવર્ગને તૈયાર થવા અપીલ કરી હતી. આ અંગે માર્ગદર્શન વગેરે માટે ગમે ત્યારે તેમનો સંપર્ક કરવા પણ ઑફર કરી હતી.

સંસ્થાના પ્રમુખશ્રીએ ગત વર્ષે સમાજની થયેલી પ્રવૃત્તિઓની વિગતવાર માહિતી આપી હતી. જેમાં મુખ્ય મુદ્દા સંસ્થા સંચાલિત ડાયાલિસિસ સેન્ટર, જલારામ અન્નક્ષેત્ર, વૃક્ષ ઉછેર યોજના, ત્રણે ભવનોનું રિનોવેશન  તથા સૌથી અગત્યનું – ત્રણ ભવન તથા આવાસ યોજનાની ઈમ્પેક્ટ ફી ભરવા બાબતે હતો.

શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતે એપ્રિલ-૨૦૧૪માં શરૂ કરેલ ડાયાલિસિસ સેન્ટરમાં, એપ્રિલ-૨૦૧૫માં ‘બી’ પોઝિટિવ વૉર્ડ અલગથી બનાવવામાં આવ્યો હતો અને તેનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. અત્યારે ડાયાલિસિસ સેન્ટરમાં દરરોજ ૨૦ દર્દીઓ સારવાર લે છે. એક વ્યક્તિનું ડાયાલિસિસ કરવાનો ખર્ચ આપણને રૂા. ૯૦૦/- આવે છે તેની સામે આપણે દર્દીઓ પાસેથી ફક્ત રૂા. ૪૦૦/- લઈએ છીએ. વરસે દહાડે આપણને આ ડાયાલિસિસ સેન્ટરમાં સારી એવી ખોટ સહન કરવી પડે છે. તે ખર્ચને પહોંચી વળવા માટે આપણે રૂા. ૧,૧૧,૦૦૦/-ની એક તિથિ એવી ૩૬૫ તિથિઓ એકત્ર કરવાની યોજના બનાવેલ છે, જેના અંતર્ગત અત્યાર સુધી ૫૦ તિથિઓ નોંધાવાઈ ગયેલ છે.

શાહીબાગ ખાતે કચ્છથી સારવાર લેવા માટે ઘણા બધા દર્દીઓ આવે છે, જેમને રહેવા તથા જમવા માટે આપણે રાહત દરે સગવડો પૂરી પાડીએ છીએ. ત્યાં પણ જરૂરિયાતવાળા દર્દીઓને ભાડામાં રાહત, તે ઉપરાંત સમાજના જલારામ અન્નક્ષેત્રમાં દર્દીને તથા તેના એક કુટુંબીને સવારનો નાસ્તો તથા બે વખત જમવાનું ફ્રી આપીએ છીએ. આ યોજના અંતર્ગત દરરોજ લગભગ ૩૦/૩૫ વ્યક્તિઓ લાભ લે છે, જેનો ખર્ચ મહિનાનો આશરે રૂા. ૧.૦૦ લાખ જેવો થવા જાય છે. આ ખર્ચને પહોંચી વળવા માટે આપણે અત્યારે લોકો પાસેથી દાન મેળવીએ છીએ. પણ તે હજી પર્યાપ્ત નથી. તેથી આ યોજના માટે પણ દાન માટે સૌને અપીલ કરી હતી.

સંસ્થાનાં ૩ અતિથિ ગૃહો છે. જેમાંથી એક ગીતા મંદિર સેવા ભવનનું નવીનીકરણ થઈ ગયેલ છે. ત્યારબાદ શાહીબાગ ખાતે આ વરસે આપણે ૭ રૂમો રિનોવેટ કરેલ છે. આજના સમયમાં રિનોવેશનનો ખર્ચ ઘણો જ લાગે છે. અત્યારે આપણી પાસે શાહીબાગ ખાતે બીજા અને ત્રીજા માળે ૪૬ રૂમો છે, જેનું રિનોવેશન કરવાનું વિચારેલ છે. જ્યારે દર્દીઓને ઉતરવાના પ્રથમ માળે ૧૫ રૂમ તથા ૪ ડોરમેટરી છે, જેના રિનોવેશનનું હજી વિચારેલ નથી. તેવી રીતે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે ૨૫ રૂમો છે, જેના રિનોવેશનનું વિચારેલ છે અને તેની કાર્યવાહી પ્રથમ તબક્કાના પ્લાનિંગ વગેરે શરૂ કરી દીધેલ છે. ઉપરોક્ત ૪૬ + ૨૫ એટલે કે કુલ ૭૧ રૂમોનાં નવીનીકરણનો ખર્ચ રૂા. ૩.૫૦ કરોડ છે. તે ખર્ચને પહોંચી વળવા માટે

*મારે ખરી પણ માર ખાવા ન દે તેનું નામ “મા.”*

ટ્રસ્ટ મંડળે સ્કીમ નક્કી કરી લીધેલ છે, જેનું અમલીકરણ હજી બાકી છે. પ્રયત્નો ચાલે છે.

સંસ્થા બે વરસથી એક વૃક્ષ ઉછેર યોજના ચલાવી રહી છે. જેના અંતર્ગત પ્રથમ વરસે અમદાવાદ મ્યુનિ.ની અમુક શાળાઓમાં આપણે વૃક્ષારોપણ કરેલ છે અને તે બધાં જ વૃક્ષો સારી રીતે ઊછરી રહ્યા છે. ગત વરસે આપણે કચ્છમાં મુંદ્રા તથા માંડવી તાલુકાના ભુજપુર, નાની ખાખર, મોટી ખાખર તથા ગોધરા ગામે વૃક્ષારોપણ કર્યું હતું. આશરે ૪૦૦૦ રોપાઓ વાવવામાં આવ્યા હતા, જેનો ઉછેર સારી રીતે ચાલી રહ્યો છે. આ વરસે આપણે કચ્છના વેરાન વિસ્તારો અબડાસા તથા લખપત તાલુકાઓમાં વૃક્ષારોપણનું વિચારેલ હતું. જેના અંતર્ગત અબડાસા તાલુકાની કેટલીક શાળાઓ તથા અન્ય ગામોમાં મળીને ૪૭૦૦ વૃક્ષો વાવેલ છે. આપણું લક્ષ્ય દર વરસે ઓછામાં ઓછાં ૧૦,૦૦૦ વૃક્ષો વાવવાનું છે પણ એક અથવા બીજા કારણસર આપણે એ લક્ષ્યાંકને પહોંચી વળતા નથી. આ વરસે વરસાદ ખેંચાઈ જતાં અત્યાર સુધી ૪,૭૦૦ વૃક્ષો જ વાવી શકાયાં છે. હજી પણ શક્યતા હશે તો વધારે વૃક્ષો વાવવાની કોશિશ કરીશું.

આ માટે પણ વૃક્ષ દત્તક યોજના મુજબ એક વૃક્ષ માટે માત્ર રૂા. ૧૧૦૦/-નું દાન આપી વધુમાં વધુ વૃક્ષો દત્તક લેવા અપીલ કરી હતી.

આપણે આપણાં ત્રણે ભવન તથા આવાસ યોજના અંતર્ગતનાં 'નવનીત ભવન'ની ઈમ્પેક્ટ ફી ભરવાની હતી. તેમાંથી આ વરસે આપણે શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, શ્રી કચ્છી જૈન સેવા ભવન - ગીતા મંદિર તથા નવનીત ભવનની ઈમ્પેક્ટ ફી ભરીને ત્રણે મિલકતોની બી.યુ. પરમિશન મેળવી લીધેલ છે. શ્રી કચ્છી જૈન ભવન - પાલડીની ઈમ્પેક્ટ ફી ભરવા માટેની કાર્યવાહી ચાલુ છે. શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે આપણને પાર્કિંગની જગ્યા ઘણી જ ઓછી છે. જે બદલ આપણને આશરે રૂા. ૨.૦૦ કરોડની ઈમ્પેક્ટ ફી ભરવાની થાય છે. આપણે ખૂટતું પાર્કિંગ ઊભું કરવા માટેની કોશિશ કરી રહ્યા છીએ અને તે અંગેની કાર્યવાહી અત્યારે ચાલે છે. આ વરસમાં એ કાર્યવાહી પણ પૂર્ણ કરવામાં આવશે. એ રીતે ઉપરોક્ત ત્રણે ભવનો માટે ઊભેલા ખર્ચા આશરે રૂા. ૧૦.૦૦ કરોડથી પણ વધારે થાય છે. તેથી અત્યારે સંસ્થાનું સંપૂર્ણ ધ્યાન તેને પૂરું કરવા ઉપર જ છે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજની પ્રણાલિકા રહેલ છે કે વિવિધ સમિતિઓ દ્વારા સમાજ પ્રવૃત્તિઓનું સંચાલન થાય. તેના અંતર્ગત દર વરસે જરૂરિયાત પ્રમાણે ૩૦થી ૩૫ સમિતિઓની રચના કરવામાં આવે છે અને એ સમિતિઓ જવાબદારી પૂર્વક પોતાની કામગીરી પૂર્ણ કરે છે. સમિતિ નાની હોય કે મોટી અથવા તેમની કાર્યવાહી વિસ્તૃત હોય કે સીમિત, પણ બધાનું મહત્ત્વ સરખું જ છે. અને બધી જ સમિતિઓની કાર્યવાહી ખૂબ જ અગત્યની છે. કેટલીક સમિતિઓ જાહેર કામકાજો કરતી હોય છે. જેમ કે મેડિકલ સમિતિ, ભવન સમિતિ વગેરે. જે લોકોને તરત જ દેખાઈ આવે. જ્યારે ઘણી બધી સમિતિઓ શાંત રીતે કામ કરતી હોય છે જેવી કે શૈક્ષણિક સહાય સમિતિ, સમાજ સુરક્ષા સમિતિ વગેરે. પણ બધી જ સમિતિઓની અગત્યતા તથા મહત્ત્વ સરખાં જ છે.

અત્યારે ફક્ત મેડિકલ સમિતિ તથા ભવન સમિતિની વાત કરવાની છે. આપણું પાલડી સ્થિત નવનીત મેડિકલ સેન્ટર તથા શ્રીમતી પ્રભાબેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર અત્યારે ખૂબ જ સારી રીતે લોકોની સેવા કરી રહેલ છે અને તેનો શ્રેય મેડિકલ સમિતિને જાય છે. સાથે સાથે આપણા મેડિકલ સેન્ટરના ડૉક્ટર્સ તથા સ્ટાફની કામગીરીને પણ બિરદાવવી જ પડે. તેમના સહયોગ વગર આ શક્ય ન બની શકે. મેડિકલ સેન્ટર ખાતે દર વરસે જરૂરિયાત મુજબનાં જૂનાં મશીનો બદલાવવાની અથવા નવાં મશીનો ખરીદવાની ખૂબ જ અગત્યની કાર્યવાહી મેડિકલ સમિતિ સમયસર કરે છે.

તેવી જ રીતે ભવન સમિતિ તથા ખરીદ સમિતિ પણ ત્રણે ભવનની જરૂરિયાતો તથા સમારકામનાં કામો સતત કરતી જ હોય છે. એ રીતે આપણી દરેક સમિતિઓની કાર્યવાહી વર્ષ દરમ્યાન સંપૂર્ણ સંતોષકારક રહેલ છે. છેલ્લે સિનિયર સિટીઝન સમિતિએ આ વરસે પણ સમાજનાં વયસ્કોને સારું મનોરંજન તથા યાત્રાઓ કરાવેલ છે, જે ધન્યવાદને પાત્ર છે.

આ વરસે આપણે આજના આપણા આ કાર્યક્રમમાં ધરખમ ફેરફારો કરેલ છે. દર વરસે સરસ્વતી સન્માન તથા મનોરંજન કાર્યક્રમો તથા સ્નેહ મિલન અલગ અલગ યોજવામાં આવતાં હતાં. આ વખતે સમાજની પુરસ્કાર સમિતિ, શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ અને યુવા વિકાસ સમિતિના સંયુક્ત ઉપક્રમે આજનો કાર્યક્રમ યોજવામાં આવેલ છે જેમાં પ્રથમ ચરણમાં સ્ટેજ પ્રોગ્રામ અને બહુમાનો છે તથા બીજા ચરણમાં સાંસ્કૃતિક કાર્યક્રમ છે. ત્રણે સમિતિઓએ આ કાર્યક્રમની સફળતા માટે ખૂબ જ મહેનત કરેલ છે. આશા છે, આજનો રંગારંગ કાર્યક્રમ આપને ગમશે.

પ્રમુખશ્રીના ઉપરોક્ત વક્તવ્ય બાદ તેમના વરદ્ હસ્તે આજના સ્વામિવાત્સલ્યના દાતા પરિવારો વતીથી શ્રી વસંતભાઈ બાબુભાઈ શાહનું શાલ ઓઢાડી બહુમાન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ મંગલ મંદિર નિર્ણાયક સમિતિના સભ્યો શ્રી ભીમજીભાઈ નાકરાણી, શ્રી શામજીભાઈ પટેલ તથા શ્રી કિરણ ચાંપાનેરીના બહુમાનના કાર્યક્રમમાં ફક્ત શ્રી કિરણભાઈ ચાંપાનેરી હાજર રહેતાં

*માનવે ઈશ્વરને પૃથ્વી પર અવતરવા પ્રાર્થના કરી ને ઈશ્વરે માને મોકલી આપી.*

બધા વતી તેઓનું બહુમાન શ્રી અશોકભાઈ મહેતાના હસ્તે કરવામાં આવ્યું હતું.

સંસ્થાને મદદરૂપ થનાર નીચે મુજબના મહાનુભાવોનું બહુમાન કરવામાં આવ્યું હતું. તેમાં પ્રથમ આપણા સમાજના સભ્ય તથા શાહીબાગ ખાતે ૭ રૂમોના રિનોવેશન કામમાં માર્ગદર્શન પૂરું પાડનારા આર્કિટેક્ટ શ્રી હિતેશભાઈ છાડવાનું બહુમાન સંસ્થાના સહમંત્રી શ્રી હસમુખ બાબુભાઈ ખાંડવાલાએ કર્યું હતું. સંસ્થાના શાહીબાગ ખાતે શ્રી કચ્છી વિશ્રામ ગૃહ ઉપર આવતા દર્દીઓને તથા અન્ય ઘણા બધા લોકોને મદદરૂપ થનાર સમાજસેવક શ્રી બચુભાઈ રાંભિયાનું બહુમાન સંસ્થાના ખજાનચી શ્રી કે.ડી. શાહના વરદ્ હસ્તે કરવામાં આવ્યું હતું. પટેલ ટુર્સવાળા જાણીતા ઉદ્યોગપતિ શ્રી મેઘજીભાઈ પટેલ સંજોગોવશાત્ હાજર નહોતા. તેમના બદલે શ્રી ભરતભાઈ ઓઝાએ બહુમાન સ્વીકાર્યું હતું. શ્રી મેઘજીભાઈ પટેલે સંસ્થાની પ્રવૃત્તિઓમાં જ્યારે જરૂરિયાત જણાઈ છે ત્યારે વોલ્વો કક્ષાની એ.સી. બસોની સેવાઓ આપણને પૂરી પાડેલ છે.

ઉપરોક્ત કાર્યક્રમ બાદ સંસ્થાના સભ્ય તથા અગાઉ રસોડાની રાણી જાહેર થયેલ શ્રીમતી સુરભિ નીરવ વસાના જૈન વાનગીઓના પુસ્તકનું વિમોચન શ્રી કિરણ ચાંપાનેરી તથા સમારંભના મુખ્ય અતિથિ સુશ્રી પન્ના મોમાયા કે જેઓ પોલીસ ખાતામાં એ.સી.પી.ના હોદ્દા ઉપર કાર્યરત છે, તેમના વરદ્ હસ્તે કરવામાં આવ્યું હતું. તે સાથે આજનો સ્ટેજ પ્રોગ્રામ પૂર્ણ થયેલ જાહેર કરવામાં આવ્યો હતો.

ઉપરોક્ત સ્ટેજ કાર્યક્રમ પૂર્ણ થયા બાદ આજની મ્યુઝિકલ હાઉસીના સંચાલક શ્રી કમલભાઈ ઠાકરે મ્યુઝિકલ હાઉસી અંગે સમજણ આપી હતી અને મ્યુઝિકલ હાઉસી સાથે અન્ય બહુમાનોનો કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો હતો.

પ્રથમ ચરણમાં મ્યુઝિકલ હાઉસીનાં ૪ ગીતોની રજૂઆત કરવામાં આવી હતી. સંપૂર્ણ કાર્યક્રમ દરમિયાન ગીતો, આપણા સમાજનાં યુવક / યુવતીઓ તથા મેડિકલ સેન્ટરના ડૉક્ટર્સે ગાયાં હતાં. ત્યારબાદ શ્રીમતી પ્રેમીલાબેન ઉમરશી કુરુવા મંગલ મંદિર શ્રેષ્ઠ લેખ સ્પર્ધાના વિજેતાઓને ઈનામો તથા શ્રી ઉમરશી જેઠાભાઈ કુરુવા આંજો કાગર વિભાગના ઉત્તમ પત્ર પારિતોષિક યોજનાનાં વિજેતાઓને શ્રી જિતેન્દ્ર ઉમરશી કુરુવાનાં હસ્તે ઈનામો આપવામાં આવ્યા હતા.

ફરીથી મ્યુઝિકલ હાઉસીનાં ૪ ગીતોની રજૂઆત કરવામાં આવી હતી. ત્યારબાદ મહિલા ઉત્કર્ષ સમિતિ દ્વારા આયોજિત શ્રીમતી પ્રભાબેન કાંતિલાલ વેલજી સાવલા મિષ્ટાન્ન હરીફાઈ તથા ફરસાણ હરીફાઈનાં વિજેતાઓને શ્રીમતી પ્રભાબેન કાંતિલાલ વેલજી સાવલાના વરદ્ હસ્તે ઈનામો આપવામાં આવ્યાં હતાં. ઉપરોક્ત કાર્યક્રમ પૂર્ણ થયા બાદ ફરીથી મ્યુઝિકલ હાઉસીનાં ૪ ગીતોની રજૂઆત, સમાજનાં તથા મેડિકલ સેન્ટરનાં સભ્યો તરફથી કરવામાં આવી હતી અને સરસ્વતી સન્માનના પ્રથમ ચરણમાં બાળકો દ્વારા સરસ્વતી નૃત્યની રજૂઆત કરવામાં આવી હતી.

સરસ્વતી સન્માનના કાર્યક્રમમાં સૌપ્રથમ માતુશ્રી ચંદનબેન કુંવરજી નાગડા ઉચ્ચ શિક્ષણ પ્રતિભા પારિતોષિક યોજના અંતર્ગત દાતા પરિવારમાંથી શ્રી જલદીપ કુંવરજી નાગડા તથા શ્રી નવદીપ કુંવરજી નાગડાના હસ્તે વિશિષ્ટ વિદ્યાર્થીઓનું બહુમાન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ૪ ગીતોની રજૂઆત કરી મ્યુઝિકલ હાઉસી આગળ વધારવામાં આવી હતી.

માતુશ્રી વિમળાબેન શાંતિલાલ રાંભિયા શૈક્ષણિક પારિતોષિક યોજના અંતર્ગત ધોરણ-૧૨ (વિજ્ઞાન પ્રવાહ)નાં પ્રથમ, દ્વિતીય તથા તૃતીય ક્રમે આવેલ વિદ્યાર્થીઓને માતુશ્રી વિમળાબેનના હસ્તે સન્માનિત કરવામાં આવ્યા હતા.

શ્રી ભરત ભાણજી ગાલા શૈક્ષણિક પારિતોષિક યોજના ધોરણ-૧૨ (સામાન્ય પ્રવાહ) અંતર્ગત વિદ્યાર્થીઓને શ્રી ભરતભાઈએ સન્માનિત કરેલ હતા.

શ્રીમતી પ્રેમીલાબેન કુરુવા ફાઉન્ડેશન શૈક્ષણિક પારિતોષિક યોજના ધોરણ-૧૦ અંતર્ગત શ્રીમતી જયશ્રીબેન જિતેન્દ્ર કુરુવાએ વિદ્યાર્થીઓને સન્માનિત કર્યા હતા.

ત્યારબાદ ફરીથી ગીતોની રજૂઆત સાથે મ્યુઝિકલ હાઉસી આગળ વધારવામાં આવી હતી.

ત્યારબાદ શ્રી કાંતિલાલ રામજી શાહ ઉચ્ચ શિક્ષણ પ્રતિભા પારિતોષિક યોજના અંતર્ગત ઉચ્ચ ટકાવારી સાથે પાસ થયેલા વિદ્યાર્થીઓને શ્રી કાંતિલાલ રામજી શાહ, શ્રીમતી પુષ્પાબેન કાંતિલાલ શાહ તથા શ્રીમતી પ્રમીલાબેન અશોકભાઈ સાવલાનાં હસ્તે સર્ટિફિકેટ આપીને સન્માનવામાં આવ્યા હતા.

મ્યુઝિકલ હાઉસીનાં અંતિમ ચરણમાં ગીતોની રજૂઆત કરીને હાઉસીની પૂર્ણાહુતિ જાહેર કરવામાં આવી હતી તથા વિજેતાઓનાં નામો જાહેર કરવામાં આવ્યાં હતાં.

ઉપરોક્ત કાર્યક્રમ બાદ શ્રીમતી પ્રભાબેન શાંતિલાલ મૂળજી સાવલા ઈતર પ્રવૃત્તિ પ્રતિભા પારિતોષિક યોજના અંતર્ગત વિવિધ ક્ષેત્રે સિદ્ધિ મેળવનાર સમાજનાં બાળકોને શ્રી શાંતિલાલ મૂળજી સાવલાના હસ્તે પારિતોષિક આપવામાં આવ્યાં હતાં.

*પ્રેમને સાકાર થવાનું મન થયું અને માતાનું સર્જન થયું*

નેનો-૯ના શ્રી બાલાજી મેટલ ઈન્ડસ્ટ્રીઝનાં સ્પોન્સરશિપ અંતર્ગત મંગલ મંદિર શબ્દ રમત હરીફાઈ તથા સુડોકુ હરીફાઈના વિજેતાઓને શ્રી રજનીકાંત ધરમશી પારેખ તથા શ્રીમતી મીનાક્ષીબેન પારેખના હસ્તે ઈનામો આપવામાં આવ્યાં હતાં.

કાર્યક્રમના પ્રથમ ચરણના અંતે સમાજના સહમંત્રી શ્રી હસમુખ બાબુભાઈ શાહે આભારવિધિ કરી હતી. આજના કાર્યક્રમનાં સફળતાપૂર્વક સંચાલન કરવા બદલ શ્રીમતી અલ્પા મેહુલ શાહની કાર્યવાહીને બિરદાવવામાં આવી હતી. તેઓએ ખૂબ જ સારી રીતે સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

કાર્યક્રમના બીજા ચરણમાં સંસ્થાના આબાલવૃદ્ધ સુધીના સભ્યોએ એક રંગારંગ કાર્યક્રમ રજૂ કર્યો હતો. જેમાં પ્રથમ કચ્છ, પછી ગુજરાત, ત્યારબાદ હિંદુસ્તાનના જુદાં જુદાં રાજ્યોનાં નૃત્યો તથા અંતમાં પાશ્ચાત્ય શૈલીનું નૃત્ય રજૂ કરી પ્રેક્ષકોને ખુશ કરી દીધા હતા.

કાર્યક્રમના અંતે સંસ્થાના માનદ્ મંત્રી શ્રી કે.આર. શાહેના હસ્તે આ કાર્યક્રમમાં ભાગ લેનારા બાળકો તથા મહિલાઓને છેલ્લા બે માસથી પ્રેક્ટિસ કરાવતાં શ્રીમતી રચના પીયૂષ પારેખ તથા શ્રીમતી નેહા મનીષ શાહનું બહુમાન કરવામાં આવ્યું હતું. સંસ્થાના પ્રમુખશ્રીએ આજે સમાજના આ સ્નેહ મિલનમાં રંગારંગ કાર્યક્રમ આપીને સમગ્ર સમાજને મનોરંજન પૂરું પાડવા માટે શ્રીમતી ફાલ્ગુની હીરેન શાહ, શ્રી હીરેન કે. શાહ, શ્રી પ્રદીપ મહેતા અને બધી જ સમિતિઓના સભ્યોને બિરદાવવા સાથે ધન્યવાદ આપ્યા હતા.

આજના આ કાર્યક્રમે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના અત્યાર સુધી થયેલ કાર્યક્રમોનો રેકોર્ડ તોડી ઇતિહાસ રચ્યો છે. સવારના ૧૦થી સાંજના ૫ વાગ્યા સુધી પ્રથમવાર સમગ્ર કાર્યક્રમ દરમ્યાન હૉલ સંપૂર્ણપણે ભરાયેલો રહ્યો હતો. મોટી વાત એ હતી કે આજે ગણેશ વિસર્જન હોતાં ટાગોર હૉલનો મુખ્ય માર્ગ જ બપોરે ૨ વાગ્યા પછી બંધ કરી દેવામાં આવ્યો હતો. છતાં આજના કાર્યક્રમમાં સારી એવી હાજરી હતી તથા દર વરસે જમણવારમાં લાઈનો લાગતી હતી તેના બદલે ઘડી ઘડી જાહેરાત કરવામાં આવતી હતી કે જમણવાર હૉલ ખાલી છે, બધા જમવા પહોંચે — આ બાબત આજના કાર્યક્રમની અનન્ય સિદ્ધિ હતી.

આ કાર્યક્રમને સફળ બનાવવામાં ટ્રસ્ટીઓથી લઈ તમામ સ્વયંસેવકોએ જે જહેમત ઉઠાવી છે એની સાભાર નોંધ લેવાનું કેમ ભુલાય!

★

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા તા. ૨૭ સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ ટાગોર હૉલ ખાતે આયોજિત સ્વામિવાત્સલ્ય અને સરસ્વતી સન્માન, સ્નેહ મિલન કાર્યક્રમ પ્રસંગે વિવિધ ક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધિઓ હાંસલ કરનાર વિદ્યાર્થીઓ, કલાકારો, લેખકો વગેરેનું સન્માન કરાયું હતું.

વર્ષ ૨૦૧૪-૧૫ દરમિયાન સંસ્થાના મુખપત્ર 'મંગલ મંદિર'માં પ્રગટ થયેલ શ્રેષ્ઠ લેખો માટેનું શ્રીમતી પ્રેમીલાબેન ઉમરશી કુરુવાના સૌજન્યથી અપાતું પ્રથમ પારિતોષિક ડૉ. ઊર્મિલા શાહ (અમદાવાદ)ને, દ્વિતીય પારિતોષિક શ્રી રાજન ડી. મોરબિયા (ભુજ)ને તથા તૃતીય પારિતોષિક શ્રી લીલાધર ગડા (ભોજાય)ને એનાયત કરવામાં આવ્યું હતું. 'મંગલ મંદિર'માં છપાતા 'આંજો કાગર' વિભાગ માટે શ્રી ઉમરશીભાઈ જેઠાભાઈ કુરુવાના સૌજન્યથી અપાતું શ્રેષ્ઠ પત્રલેખન પારિતોષિક — પ્રથમ ઈનામ શ્રી મયૂર ચંદ્રકાંત દેઢિયા (મુંબઈ)ને, દ્વિતીય ઈનામ શ્રીમતી અલકા અરવિંદ સંઘવી (અમદાવાદ)ને તથા તૃતીય ઈનામ શ્રી ચિત્રસેન શાહ (ગાંધીનગર)ના ફાળે ગયું હતું.

મહિલા ઉત્કર્ષ સમિતિ આયોજિત શ્રીમતી પ્રભાબહેન કાંતિલાલ વેલજી સાવલા મિષ્ટાન્ન હરીફાઈનું પ્રથમ ઈનામ શ્રીમતી પુષ્પાબહેન રમેશચંદ્ર શાહનંદના ફાળે ગયું હતું. બીજું ઈનામ શ્રીમતી માલાબહેન શાહને તથા ત્રીજું ઈનામ શ્રીમતી જ્યોત્સના બિપિનભાઈ ગોગરીને એનાયત કરાયું હતું. ફરસાણ હરીફાઈમાં શ્રીમતી લક્ષ્મી પ્રીતેશ ગુલાબચંદ જૈન, શ્રીમતી જયશ્રી વિજય ઉમરશી ભારાણી અને યાત્રી અંકિત અશોક સાવલા અનુક્રમે પહેલું, બીજું અને ત્રીજું ઈનામ મેળવવા ભાગ્યશાળી બન્યાં હતાં.

સરસ્વતી સન્માન સમિતિ દ્વારા કેતુલ સુરેશ જયંતીલાલ પુજ [M.S. (Onco.)], ધવલ અરવિંદ અમૃતભાઈ દોશી (M.S. Cardio.), વિવેક રસિકભાઈ ખીમજી મહેતા (M.B.,B.S. Final), મૈત્રી અનીસ દોશી (C.S.), વિરાગ હરેશ હીરાલાલ કુબડિયા (C.S.), વિરાગ હરેશ હીરાલાલ કુબડિયા (C.A.), વિશાલ હિતેશ મણિલાલ દેઢિયા (C.A.), પ્રતીક હસમુખ ખીમજી મહેતા (C.A.), ખુશ્બૂ નિમેષ નીતિનભાઈ સંઘવી (M.B.A.), અજિતા હર્ષદ રવજીભાઈ વોરા (M.C.A. Sem.-4), ઉષ્મા વિશાલ મહેન્દ્ર શાહ (માસ્ટર ઑફ ફેશન ટેકનોલૉજી)ને સન્માનિત કરવામાં આવ્યાં હતાં.

*સ્વર્ગ - નરક આ દુનિયામાં જ છે અને કર્મ મુજબ મળે છે.*

સરસ્વતી સન્માન સમિતિ અન્વયે ધોરણ-૧૨ (વિજ્ઞાન પ્રવાહ) માટે પહેલું, બીજું અને ત્રીજું ઈનામ માતુશ્રી વિમળાબેન શાંતિલાલ રાંભિયા પારિતોષિક ક્રતિન અનીસ શશીકાંત સંઘવી, કેવલ મહેન્દ્ર હરજીવન મોરબિયા અને શાશ્વત સંદીપ પ્રવીણચંદ્ર શાહને તથા ધોરણ-૧૨ (સામાન્ય પ્રવાહ)નું શ્રી ભરતભાઈ ભાણજી ગાલા શૈક્ષણિક પારિતોષિક અનુક્રમે ઋતુલ ધીરજ મણિલાલ શાહ, નીલ અનિલ બાબુલાલ મહેતા, કેયૂરી મહેન્દ્ર હરજીવન મોરબિયા અને હિમાની અમિત નટવરલાલ સંઘવીને એનાયતચ કરાયું હતું.

ધોરણ-૧૦ માટે શ્રીમતી પ્રેમીલાબેન કુરુવા ફાઉન્ડેશન શૈક્ષણિક પારિતોષિક અનુક્રમે રાજવી અજય શાંતિલાલ સંઘવી, ઋષિકા દર્શન બાબુભાઈ મહેતા અને પ્રાશીલ ભાવેશ રજનીકાંત પારેખને પ્રથમ, દ્વિતીય અને તૃતીય પારિતોષિક પ્રાપ્ત થયું હતું.

શ્રી કાંતિભાઈ રામજી શાહ ઉચ્ચ શિક્ષણ પ્રતિભા પારિતોષિક યોજના અન્વયે પંદર તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યાં હતાં. આ સન્માનિત વિદ્યાર્થીઓનાં નામ આ મુજબ છે : ભૂમિ જયેશ ઠાકરશી શાહ, સિદ્ધાર્થ અજય કાંતિલાલ શાહ (છેડા), જયશીલ અનિસ અરવિંદ દોશી, એરિક કુમારપાલ કાંતિલાલ લોડાયા, પાર્થ ચેતન ગોવિંદજી શાહ, શૈલી જિતેન કલ્યાણજી ગડા, નિલય પ્રફુલ્લ કલ્યાણજી છેડા, હાર્દિક નીતિન હરિલાલ સંઘવી, હિત કાંતિલાલ રતિલાલ દોશી, સલોની નવીન જેઠાભાઈ લાલકા, નીલમ જિતેન્દ્ર બાબુભાઈ રાંભિયા, પાયલ ધીરેન નાનજી દેઢિયા, નમ્રતા કિશોર રતનશી વીરા, રિંકલ મહેન્દ્ર ભાણજીભાઈ મહેતા, સાહિલ વસંતભાઈ ખીમજી શેઠિયા.

શ્રી કાંતિભાઈ રામજી શાહ શૈક્ષણિક પારિતોષિક યોજના (ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ) અન્વયે દિશાંત જીત રમણિકલાલ શાહ, દેવાંગ ગિરીશ વર્ધમાન છેડા અને મોનિલ રાકેશ દામજીભાઈ નીસર તેમજ ધોરણ-૧૨ (સામાન્ય પ્રવાહ) અન્વયે આયુષી હિતેશ ગિરીશભાઈ સંઘવી, મરીષા દક્ષેશ નવીનભાઈ સંઘવી, સાહિલ શૈલેન વિજયસેન શાહ, રાહુલ દિલીપ રમણિકલાલ શાહ અને માનસી નિમેષ ધીરજલાલ સંઘવીને પ્રમાણપત્રો એનાયત કરાયાં હતાં.

ધોરણ-૧૦ માટેનું શૈક્ષણિક પ્રમાણપત્ર કેશવી કિરીટ પ્રેમજી નંદુને એનાયત થયું હતું.

શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિ આયોજિત શ્રીમતી પ્રભાબેન શાંતિલાલ મુળજી સાવલા ઈતર પ્રવૃત્તિ પ્રતિભા પારિતોષિક યોજના અન્વયે વિરલ પ્રકાશ શાહને યુથ એક્સચેન્જ પ્રોગ્રામ અન્વયે યુ.એસ.એ. અને રશિયામાં પસંદગી બદલ, ચાર્મી ધીરજલાલ દેઢિયાને જિલ્લા કક્ષાની કરાટે ચૅમ્પિયનશિપ બદલ, નૈતિક કમલેશ શાહને વુશુ માર્શલ આર્ટ નેશનલ લેવલની ચૅમ્પિયનશિપ માટે, એરિક કુમારપાલ શાહને ઈંટરનેશનલ રોબોટિક ચૅમ્પિયનશિપ માટે, દેવાંશી મૂલચંદ મારુ, હેત મૂલચંદ મારુ તથા શ્રીમતી અલ્પાબેન મૂલચંદ મારુને આરંગેત્રમ ક્લાસિકલ ડાન્સ માટે, વિષાદ તેજસ શાહને કરાટે ચૅમ્પિયનશિપ (નેશનલ લેવલ) અન્વયે અને વિશુ મેહુલ શાહને ટેબલ ટેનિસ ડિસ્ટ્રિક્ટ લેવલ ચૅમ્પિયનશિપ માટે પારિતોષિકો એનાયત કરાયાં હતાં.

'મંગલ મંદિર' સમિતિ આયોજિત નેનો-૯ શ્રી બાલાજી મેટલ ઈન્ડસ્ટ્રીઝ શબ્દ રમત હરીફાઈના વિજેતાઓમાં શ્રીમતી પ્રતિમા ગિરીશ શાહ, શ્રી જશવંત જયંતીલાલ કોઠારી, શ્રી નવલ શાંતિલાલ શાહ, શ્રી હસમુખ દેઢિયા, શ્રીમતી ચંદ્રાબેન મહેન્દ્ર શાહ અને શ્રી અરવિંદ દેઢિયાને તથા નેનો-૯ શ્રી બાલાજી મેટલ ઈન્ડસ્ટ્રીઝ સુડોકુ હરીફાઈના વિજેતાઓ શ્રીમતી અવંતિ દંડ, શ્રીમતી જલ્પા મહેતા, શ્રીમતી પાયલ દેસાઈ, શ્રીમતી અન્નપૂર્ણા મહેતા, શ્રી હર્ષદ ગાંધી તથા શ્રી જિનલ શાહને પારિતોષિકો અર્પણ કરાયાં હતાં.

***અહેવાલ : શ્રી પ્રતાપ નારાણજી દંડ***
***સંપાદન : 'મંગલ મંદિર' સંપાદન મંડળ***


# તબીબી સાધનો વપરાશ માટે આપવાની યોજના

**શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર નીચે મુજબના તબીબી સાધનો દૈનિક ભાડાના ધોરણે મળી શકશે. જેઓને આ સાધનોની જરૂરિયાત હોય તેઓ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર ફોન : ૨૬૫૭૮૮૯૨ / ૨૬૫૮૧૫૦૧ પર સંપર્ક સાધી શકશે.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. એર બેડ | રૂા.૧૦/- | ૫. વૉકર | રૂા. ૨/- | ૯. બેડ પાન | રૂા. ૨/- |
| ૨. વ્હીલ ચેર | રૂા. ૩/- | ૬. વોકિંગ સ્ટીક | રૂા. ૧/- | ૧૦. ફાઉલર બેડ | રૂા.૧૦/- |
| ૩. ઓક્સિજન સિલિન્ડર (નાનો) | રૂા. ૫/- | ૭. કમોડ ચેર | રૂા. ૩/- | ૧૧. ટેબલ ટોપ (ફાઉલર બેડ માટે) | રૂા. ૨/- |
| ૪. નેબ્યુલાઈઝર | રૂા. ૫/- | ૮. સેલાઈન સ્ટેન્ડ | રૂા. ૨/- | ૧૨. બેક રેસ્ટ | રૂા. ૨/- |

**નોંધ : (૧)** સ્ટોકમાં હશે ત્યાં સુધી આ સાધનો ડીપોઝિટ આપીને ભાડેથી મેળવી શકાશે. **(૨)** સાધનો પાલડી ભવન પરથી લઈને ત્યાં જ પરત કરવાના રહેશે.

***કે. આર. શાહ - માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***


*મન જૂઠું બોલે, હૃદય કદી જૂઠું ન બોલે.*

# વયસ્ક સમિતિ

સમિતિ તરફથી તા. ૨૪ સપ્ટેમ્બર, ૨૦૧૫ને ગુરુવારના રોજ એક યાત્રા પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું.

શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતેથી સવારે ૨ x ૨ – બે બસ દ્વારા ૮૦ યાત્રાળુ સાથે યાત્રા માટે સવારે ૬ વાગે પ્રસ્થાન કરવામાં આવ્યું.

બસમાં સૌપ્રથમ નમસ્કાર મહામંત્રનો જાપ કરવામાં આવ્યો અને સ્તવનાવલી કરવામાં આવી.

સૌપ્રથમ ૐકાર તીર્થે આવ્યા. પ્રભુ દર્શન અને નવકારશી બાદ પ્રસ્થાન કરી વણછરા તીર્થે આવ્યા. ખૂબ જ સુરમ્ય, જંગલમાં મંગલ એવું શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ પ્રભુનું તીર્થધામ જોતાં સૌ પ્રફુલ્લિત થઈ ગયા. દર્શન - પૂજા અને બપોરના ભોજન પછી થોડીવાર વામકુક્ષી કરી.

ત્યારબાદ રજનીકાંત પારેખે બધા યાત્રાળુઓને વિવિધ રમતો રમાડી હતી અને સૌને આનંદિત કર્યા હતા. બપોરના ચા-પાણી કર્યા બાદ અણસ્તુ સુમેરુની મુલાકાત લઈ, ચૌવિહાર કરી સૌ વરમાણ આવ્યા. પ્રભુની આરતી બાદ ભાવના ભાવતા અને અંતાક્ષરી - જોક્સ - શાયરીની મજા માણતા રાત્રે ૧૧ વાગે પરત ફર્યા.

આપણા ટ્રસ્ટી શ્રી નરેન્દ્ર છગનલાલ શાહ (રંગવાલા)ના જન્મદિન નિમિત્તે સૌ લોકોએ તેમને જન્મદિનની વધાઈ આપી હતી. આ




*અનોખી હાઉસી રમતાં વડીલો.*




*શ્રી હરખચંદ નાનજી પોલડિયાનું બહુમાન કરતા સમિતિના સભ્યો. તસવીરમાં શ્રીમતી કલ્પના પોલડિયા, શ્રી કે.ડી. શાહ, શ્રી દિલીપ દંડ, શ્રી હરખચંદ પોલડિયા, શ્રી રજનીકાંત પારેખ, શ્રી આણંદજીભાઈ વીરા અને શ્રી અરવિંદ શેઠ.*




*શ્રીમતી કલ્પનાબેન હરખચંદ પોલડિયાનું બહુમાન. તસવીરમાં શ્રીમતી ભારતી શેઠ, લક્ષ્મીબેન વીરા, શ્રીમતી કલ્પનાબેન પોલડિયા, શ્રીમતી મીનાક્ષી પારેખ અને શ્રીમતી સરલા શાહ.*

પ્રસંગે તેમણે રૂા. ૭,૦૦૦/-ની સ્પોન્સરશિપ આ યાત્રા માટે આપી હતી. સમિતિએ તેમનો આભાર માન્યો હતો.

સવારના નવકારશી માટે એક સન્નારી તરફથી સ્પોન્સરશિપ મળી હતી.

બપોરે ચા-નાસ્તા માટે : રૂા. ૧,૦૦૦/- : રોહિતભાઈ શાહ તરફથી, રૂા. ૧,૦૦૦/- શ્રી અરવિંદ શેઠ તરફથી અને રૂા. ૫૦૦/- તારાબેન શાહ તરફથી પ્રાપ્ત થયા હતા. આ બધા લોકોનો આભાર માનવામાં આવ્યો હતો.

સાંજના ચૌવિહારની સ્પોન્સરશિપ શ્રી હરખચંદ નાનજી પોલડિયા તરફથી પ્રાપ્ત થઈ હતી.

સમિતિના સભ્યો તરફથી શ્રી હરખચંદ નાનજી પોલડિયા અને શ્રીમતી કલ્પનાબેનનું શાલ ઓઢાડીને બહુમાન કરવામાં આવ્યું હતું.

## આગામી કાર્યક્રમ

સમિતિ તરફથી ગુરુવાર, તા. ૨૨-૧૦-૨૦૧૫ના બપોરે ૪ વાગ્યાથી, શ્રી કચ્છી જૈન ભવન, પાલડી ખાતે વિવિધ રમતો અને ગરબાનો કાર્યક્રમ યોજવામાં આવેલ છે. તો સર્વે વડીલોએ સમયસર હાજર રહેવા વિનંતી છે.

***રજનીકાંત પારેખ,***
***કન્વીનર - વયસ્ક સમિતિ***

# મેરેજ બ્યુરો

**શ્રી કચ્છી જૈન ભવન પર કોઈ પણ જ્ઞાતિના યુવક - યુવતી માટે મેરેજ બ્યુરો કાર્યરત છે. આપશ્રી આપનું નામ રજિસ્ટર કરાવીને મેચીંગ સંબંધી જરૂરી વિગતો મેળવી શકશો. રૂબરૂ મુલાકાત માટે દર શનિવારે બપોરે ૩.૦૦થી ૬.૦૦નો સમય નક્કી કરવામાં આવેલ છે. જરૂરિયાત અનુસાર આપશ્રી મેરેજ બ્યુરો સમિતિના કન્વીનર શ્રી હીરજી પાસુ શાહનો મોબાઈલ નંબર ૯૮૨૫૩ ૮૦૮૬૬ પર સંપર્ક સાધી શકશો.**

***હીરજી પાસુ શાહ, કન્વીનર - મેરેજ બ્યુરો સમિતિ***

# મહિલા ઉત્કર્ષ સમિતિ

## મહિલા સુરક્ષા જાગૃતિ અભિયાન અંતર્ગત સ્વ-બચાવ કરવાની ટેકનિક શીખવતો ત્રિ-દિવસીય કેમ્પ (Self Defence Training Programme)

☞ *નવરાત્રિમાં વહુ / દીકરીને મોડેથી બહાર મોકલતાં ચિંતા થાય છે?*

☞ *નોકરી પર જતી દીકરી / વહુ માટે ચિંતા રહ્યા કરે છે?*

☞ *કૉલેજ જતી દીકરી, મોડી પાછી ફરે તો ચિંતા થાય છે?*

*હા, કેમકે....*

રોજ છાપાંઓમાં રેપ / છેડછાડ વગેરેના કિસ્સા વાંચીએ છીએ. ક્ષણભર માટે ટેન્શન થાય અને બીજી જ ક્ષણે વિચારીએ કે આવું આપણી સાથે કદી નહીં થાય. આને શાહમૃગવૃત્તિ જ કહેવાય. કાલે કોઈ બીજાના દીકરી સાથે અજુગતું થયું, એ કદાચ આજે તમારી દીકરી સાથે પણ થઈ શકે.

**તો પછી શું કરવું?**

દેશભરના માણસો સુધરી જશે, તેની રાહ જોવી?

**કે પછી...**

કોઈ ભગવાનનો નવો અવતાર આવશે અને બચાવશે એવા ભ્રમમાં રહેવું? એના કરતાં.... આપણે જ દીકરીઓને તૈયાર કરવાની પહેલ કરીએ તો...?

***તો આવો...***

એક એવા કેમ્પમાં જેમાં સ્વ-સુરક્ષા માટે માર્શલ આર્ટ એક્સપર્ટ વિસ્તૃત / સરળ સમજ આપીને શિખવાડશે.

| | |
|---|---|
| **કાર્યક્રમ** | : **સ્વ-બચાવનો ત્રિ-દિવસીય કેમ્પ** |
| **તારીખ - વાર** | : શુક્રવાર, તા. ૩૦-૧૦-૨૦૧૫<br>શનિવાર, તા. ૩૧-૧૦-૨૦૧૫<br>રવિવાર, તા. ૧-૧૧-૨૦૧૫ |
| **સમય** | : સવારમાં ૬.૩૦ થી ૭.૩૦ |
| **સ્થળ** | : શ્રી કચ્છી જૈન ભવન, પાલડી. |
| **ટોકન ફી** | : રૂા. ૧૦૦/- ભરી પાલડી ભવનના કાઉન્ટર ઉપર રજિસ્ટ્રેશન થઈ શકશે. |
| **ટોકન ફી** | : રૂા. ૧૫૦/- (કચ્છી જૈન સિવાયનાં બહેનો માટે.) |

***તમારી વહુ / દીકરીઓના ભવિષ્યની સલામતી તમારા હાથમાં...***

**નોંધ :** *(૧) ગયા વર્ષે નવેમ્બર-૨૦૧૪માં સ્વ-બચાવ માટેના ડેમોન્સ્ટ્રેશનનો કાર્યક્રમ યોજાઈ ગયો. જેના પ્રતિસાદ રૂપે આ ત્રિ-દિવસીય કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. (૨) Friends, collegues, neighboursને પણ સાથે લાવી શકાશે.*

***સુલુ જલદીપ શાહ - કન્વીનર***

# સમાજ સુરક્ષા સમિતિ

**● અગત્યની જાહેરાત ●**

## ગયા વર્ષે લેવાયેલ શ્રાવક આરોગ્યમ્ મારફત આરોગ્ય વીમા

ગયા વરસે લેવાયેલ આ વીમા ઑક્ટોબરમાં રિન્યુ થવાના છે. આ બાબત સમાજ પાસે હજુ સુધી કંઈ ફેરફારની વિગત લેખિત આવેલ નથી. મૌખિક વાતો મુજબ નવાં પ્રીમિયમ વધવાનાં છે.

આ બાબત હાલના વીમા ધારકો, જેઓને રિન્યુઅલ માટે, કંપની તરફથી નોટિસ મળેલ છે, તેઓએ નીચે મુજબ પગલાં લેવા અનુરોધ છે :

૧. તેઓને જે કાર્ડ મળેલ છે તેમાં તેઓના આઈ.ડી. નંબર હશે. આ નંબર તેઓએ સમાજને લેખિત આપવા અથવા તે કાર્ડની નકલ આપવી.
૨. રકમ ભર્યા વગરનો ચેક "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"ના નામનો આપી રાખવો.
૩. વિગત મળતાં 'મંગલ મંદિર'માં જાહેરાત આપવામાં આવશે અથવા વીમા ધારકોને વ્યક્તિગત એસ.એમ.એસ. દ્વારા સમાચાર અપાશે.
૪. સમાચાર મળેલ છે કે હવે પછી જે વ્યક્તિઓ JIOના સભ્ય હશે, તેઓના જ વીમા રિન્યુ થશે. તેની સભ્ય ફી વ્યક્તિગત રૂા. ૨૫૦/- છે. જેથી સભ્ય બનવું જરૂરી રહેશે. અરજીમાં સભ્ય નંબર તેમજ આઈ.ડી. નંબર જરૂરી રહેશે.
૫. સમાજ, પ્રીમિયમમાં શું વળતર આપશે એ પણ પૂરી વિગત મળ્યેથી નક્કી કરી, જાણ કરાશે.

***મગનલાલ સંઘવી, કન્વીનર - સમાજ સુરક્ષા સમિતિ***

# યુવા વિકાસ સમિતિ

## આગામી કાર્યક્રમ : ગરબા હરીફાઈ

યુવા વિકાસ સમિતિ દ્વારા આયોજિત ગરબા હરીફાઈમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનાં દરેક સભ્યો ભાગ લઈ શકે છે. જુદા જુદા વયજૂથ માટે ગરબા અને વેશભૂષાની હરીફાઈ, બેસ્ટ ડ્રેસ વગેરેની હરીફાઈનું આયોજન કરવામાં આવેલ છે.

**ટ્રેડિશનલ ડ્રેસમાં આવનાર ખેલૈયા જ ઈનામને પાત્ર ઠરશે.**

***રવિવાર, તા. ૧૮-૧૦-૨૦૧૫***

***સમય : રાત્રે ૮ વાગ્યાથી***

***સ્થળ : શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ.***

***કન્વીનર, યુવા વિકાસ સમિતિ***

*સંસારમાં બીજાઓને માટે જેવું કરશો પરિણામમાં તેવું જ પોતાને માટે થઈ જશે.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ

## ઓગસ્ટ / સપ્ટેમ્બર - ૨૦૧૫

- **તા. ૧૯-૮-૨૦૧૫**

★ આજે સવારના ૧૦ કલાકે શ્રી પ્રતાપ નારાણજી દંડ તથા શ્રી અનિલભાઈ સથવારાએ શાહીબાગમાં રિનોવેટ થયેલ રૂમોની મુલાકાત લઈને ફાઈનલ ફેરફારો કરાવ્યા હતા. તથા અત્યાર સુધી થયેલ પ્લાનિંગ અંગે સંતોષ વ્યક્ત કર્યો હતો. આવતીકાલથી રૂમો વપરાશમાં લેવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

- **તા. ૨૦-૮-૨૦૧૫**

★ આજે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે શ્રી પ્રતાપ નારાણજી દંડ, આર્કિટેક્ટ શ્રી હિતેશભાઈ છાડવા તથા શ્રી પીયૂષ પારેખે ચોથા માળે રિનોવેશન ચાલુ કરવા માટે ઉપરોક્ત માળની મુલાકાત લીધી હતી અને ચોથા માળે આવેલ ૧૫ રૂમોની વિગતવાર ચકાસણી કરી, કઈ રીતે રિનોવેશન કરવું તેની ચર્ચા વિચારણા કરી હતી. આપણા આર્કિટેક્ટશ્રીને તે પ્રમાણે શરૂઆતમાં પ્રથમ હરોળના ૪ પૈકી ૨ રૂમોના નવેસરથી પ્લાન બનાવી મોકલી આપવા માટે જણાવવામાં આવ્યું હતું.

- **તા. ૨૧-૮-૨૦૧૫**

★ આજે સાંજના શ્રી પ્રતાપ નારાણજી દંડ તથા ઈમ્પેક્ટ ફી ની કાર્યવાહી કરતા એન્જિનિયર શ્રી વિજયભાઈ પટેલ મ્યુનિ. કોર્પો.ની ઓફિસમાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડીની ઈમ્પેક્ટ ફી અંગેની કાર્યવાહી કરવા માટે અ.મ્યુ.કોર્પો.ની ઓફિસમાં શ્રી ભાવેશભાઈને મળવા ગયા હતા. તેઓશ્રી હાજર નહોતા. તેમના આસિસ્ટન્ટને મળીને ઈમ્પેક્ટ ફી અંગે ચર્ચા વિચારણા કરી હતી અને આગળની કાર્યવાહી કરવા માટે તા. ૨૪-૮-૨૦૧૫ના રોજ સાંજે મળવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

- **તા. ૨૨-૮-૨૦૧૫**

★ આજે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતેનાં ૪થા માળના રિનોવેશન અંગેનાં જે પ્લાનો આપણા આર્કિટેક્ટ શ્રી હિતેશભાઈ છાડવાએ તૈયાર કરેલ છે તે પ્લાનો આપણા કોન્ટ્રાક્ટર શ્રી અનિલભાઈ સથવારાને બતાવવામાં આવ્યા હતા. તેઓએ જોઈને આપણને ૨-૩ દિવસમાં એસ્ટિમેટ આપશે એમ જણાવ્યું હતું.

- **તા. ૨૪-૮-૨૦૧૫**

★ આજે સાંજના અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનમાં શ્રી પ્રતાપ નારાણજી દંડ આપણા શ્રી કચ્છી જૈન ભવન - પાલડીની ઈમ્પેક્ટ ફી ભરવાની કાર્યવાહી કરતા એન્જિનિયર શ્રી વિજય પટેલની સાથે મ્યુનિ.નાં અધિકારી શ્રી ભાવેશભાઈ શાહને મળ્યા હતા અને તેઓ સાથે ખૂટતા પાર્કિંગ માટે ચર્ચા વિચારણા કરી હતી. તેઓએ ખૂટતા પાર્કિંગ માટે અત્યારે ઉપલબ્ધ પાર્કિંગ પ્લોટમાં ૨ અથવા ૩ માળનું પાર્કિંગ ઊભું કરવા માટે પ્લાન બનાવીને રજૂ કરવા માટે જણાવ્યું હતું.

- **તા. ૨૫-૮-૨૦૧૫**

★ આજરોજ સવારના ૧૦ વાગે પાલડી ભવન ખાતે મિકેનિકલ લિફ્ટ બનાવનાર કંપનીના પ્રતિનિધિ સાથે ભવનના પટાંગણમાં ખુલ્લા પાર્કિંગ પ્લોટમાં બે માળના પાર્કિંગની સગવડ અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી અને તેઓને તે પ્રમાણેના પ્લાનો તૈયાર કરીને આપવા માટે જણાવવામાં આવ્યું હતું. આ ચર્ચામાં શ્રી પ્રતાપ નારાણજી દંડ તથા શ્રી કે.આર. શાહે ભાગ લીધો હતો.

- **તા. ૩૧-૮-૨૦૧૫**

★ આજરોજ શ્રી કચ્છી જૈન ભવન ખાતે લિફ્ટ કંપનીના પ્રતિનિધિ શ્રી જયદીપભાઈ, ખુલ્લા પ્લોટ પર બે માળના પાર્કિંગ અંગેના નકશા બનાવીને લાવ્યા હતા અને તે ઉપર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. મજકુર નકશા મ્યુનિ. કોર્પો.માં મોકલી આપવા માટે નક્કી કરવામાં આવ્યું હતું. આ બાબતનો નિર્ણય શ્રી પ્રતાપ નારાણજી દંડ તથા શ્રી કે.આર. શાહે લીધો હતો.

- **તા. ૧-૯-૨૦૧૫**

★ આજરોજ સાંજે ૫ વાગે શ્રી પ્રતાપ નારાણજી દંડ, મ્યુનિ. કોર્પો.ની ઓફિસમાં પાર્કિંગ પ્લોટના નકશા દાખલ કરાવવા માટે ગયેલ. પરંતુ ભાવેશભાઈ ગેરહાજર હોતાં તેમના સહયોગી સાથે પાર્કિંગના નકશા અંગે ચર્ચા વિચારણા કરી અને ફરી આવતીકાલે સાંજે શ્રી ભાવેશભાઈ સાથે ચર્ચા કરી નકશા મ્યુનિ. કોર્પો.માં દાખલ કરાવવા, તેમ નક્કી કરવામાં આવ્યું હતું.

- **તા. ૨-૯-૨૦૧૫**

★ આજરોજ સાંજના ભાગે મ્યુનિ. કોર્પો.માં શ્રી પ્રતાપ નારાણજી દંડે શ્રી ભાવેશભાઈ સાથે મુલાકાત કરેલ હતી અને તેઓને નકશા બતાવવામાં આવ્યા હતા. તેઓએ તે નકશા આસિ. ટી.ડી.ઓ. શ્રી મૂકેશભાઈને બતાવેલ હતા. તેઓએ જણાવેલ કે એક કવરીંગ લેટર લખીને આવતીકાલે નકશા મ્યુનિ. કોર્પો.માં જમા કરાવી દેવા. પછી ૪-૫ દિવસ બાદ બીજી આગળની કાર્યવાહી કરવામાં આવશે.

*શાંતિ માનવજીવન માટે એક પરમ પાવન અને ઈચ્છનીય ભંડોળ છે.*

● **તા. ૩-૯-૨૦૧૫**

★ આજરોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે શ્રી મૂકેશભાઈ ઝવેરી પધાર્યા હતા. તેઓશ્રી સાથે શ્રી પ્રતાપ નારાણજી દંડ તથા શ્રી કે.આર. શાહે શુભેચ્છા મુલાકાત કરી હતી. તથા સંસ્થાની અત્યારની પ્રવૃત્તિઓથી તેઓશ્રીને અવગત કરેલ હતા. નર્મદાના કચ્છ બ્રાંચ કેનાલના કામો માંડવી સુધી ચાલુ થઈ ગયેલ છે, તેમ તેમણે જણાવ્યું હતું.

★ શ્રી મૂકેશભાઈ ઝવેરીએ આજરોજ બપોરના સમયે શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગની શુભેચ્છા મુલાકાત લીધી હતી. તેઓએ શાહીબાગ ખાતે ચાલતાં ડાયાલિસિસ સેન્ટર, કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ તથા શાહીબાગ ભવનના ૪થા માળે રિનોવેટ કરવામાં આવેલ રૂમોની મુલાકાત લીધી હતી. તેઓએ વિશ્રામ ગૃહની પ્રત્યેક બાબતો ધ્યાનમાં લઈ પોતાનો સંતોષ વ્યક્ત કર્યો હતો. આ મુલાકાત દરમ્યાન શ્રી કચ્છી વિશ્રામ ગૃહના મેનેજર શ્રી દીપ દંડે, શ્રી મૂકેશભાઈ સાથે રહીને માહિતગાર કર્યા હતા.

● **તા. ૪-૯-૨૦૧૫**

★ આજરોજ સવારના શ્રી પ્રતાપ નારાણજી દંડ, શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતેના ડાયાલિસિસ સેન્ટરના નિરીક્ષણ અર્થે ગયા હતા. માસ સપ્ટેમ્બર માટેના ડાયાલિસિસ સેન્ટરના ઈન્જેક્શનો, દવા વગેરેની ખરીદી માટે મુંબઈ સ્થિત ટ્રસ્ટ ચલાવતા શ્રીમતી મંજુલાબેન મણિલાલ વોરા સાથે વાતચીત કરી તેઓને ઓર્ડર આપવો તેમ નક્કી કરવામાં આવ્યું હતું.

● **તા. ૫-૯-૨૦૧૫**

★ આજરોજ રાત્રે ૮.૩૦ વાગે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે સંસ્થાની કારોબારી સમિતિની એક મિટિંગ મળી હતી. જેમાં ૨૧ સભ્યો હાજર રહ્યા હતા. સંસ્થાની વિવિધ કાર્યકારીણી સમિતિઓના કન્વીનરોની નિમણૂક કરવામાં આવી હતી તથા અન્ય અગત્યની બાબતો પર જરૂરી નિર્ણયો લેવામાં આવ્યા હતા.

● **તા. ૬-૯-૨૦૧૫**

★ આજરોજ સવારના ૯.૩૦ વાગે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે સંસ્થાના ટ્રસ્ટ મંડળની એક મિટિંગ મળી હતી. જેમાં ૧૫ સભ્યો હાજર રહ્યા હતા. ટ્રસ્ટ મંડળના નેજા હેઠળ કામ કરતી જુદી જુદી સમિતિઓના કન્વીનરોની નિમણૂક કરવામાં આવી હતી તથા ઈમ્પેક્ટ ફી જેવી અગત્યની બાબતો પર ચર્ચા વિચારણા કરી યોગ્ય નિર્ણયો લેવામાં આવ્યા હતા.

● **તા. ૧૦-૯-૨૦૧૫**

★ આજરોજ સવારમાં મ્યુનિ. કોર્પો.માં પાલડી ભવન સ્થિત પાર્કિંગ પ્લોટના બે માળ સુધીના પાર્કિંગના પ્લાન દાખલ કરાવી દેવામાં આવ્યા હતા. અને તે સાથે જરૂરી ડોક્યુમેન્ટ્સ પણ આપવામાં આવ્યા હતા.

● **તા. ૨૧-૯-૨૦૧૫**

★ આજરોજ બપોરે ૩ વાગે શ્રીમતી ફાલ્ગુની શાહ તથા શ્રી પ્રદીપ મહેતા સાથે તા. ૨૭-૯-૨૦૧૫ના યોજાનાર સ્વામિવાત્સલ્ય જમણવાર તથા સાંસ્કૃતિક કાર્યક્રમ અંગે સવિસ્તાર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી તથા વ્યવસ્થિત અને આયોજન મુજબ કાર્યક્રમ પાર પડે તે બદલ યોગ્ય ગોઠવણ વિચારવામાં આવી હતી. કાર્યક્રમના ઍન્કર તરીકે શ્રીમતી અલ્પા શાહની નિમણૂક કરવામાં આવી હતી.

★ આજરોજ સાંજે ૪ વાગે મેડિકલ સેન્ટરના વિવિધ વિભાગો માટેના ટેકનિશિયનો તથા અન્ય સ્ટાફની ભરતી માટેના ઈન્ટરવ્યૂ ગોઠવવામાં આવેલ. જેમાં શ્રી પ્રતાપ નારાણજી દંડ, શ્રી કે.આર. શાહ, ડૉ. હિતેન્દ્રભાઈ શાહ તથા શ્રીમતી હાસ્યલતાબેન મહેતા ઉપસ્થિત રહ્યા હતા. યોગ્ય ઉમેદવારોની નિમણૂક કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

★ આજરોજ સાંજના સમયે શ્રી પ્રતાપ નારાણજી દંડ તથા શ્રી કે.આર. શાહ મ્યુનિ. કોર્પો.માં ટી.ડી.ઓ.શ્રીને મળેલ હતા તથા આપણે બે માળ સુધીના પાર્કિંગના પ્લાન જે અગાઉ મ્યુનિ. કોર્પો.માં દાખલ કરાવેલ છે તે અંગે તેઓશ્રીને રીમાઈન્ડર આપી તે અંગેની મંજૂરી વહેલી તકે મળે તે બાબત તેઓશ્રી સમક્ષ ભલામણ કરવામાં આવી હતી. તેઓએ તેઓના નામ ઉપર ફરીથી કોપી ઈન્વર્ડ કરાવી દેવા માટે જણાવ્યું હતું. તે મુજબ આપણે ફરીથી દાખલ કરી દીધું હતું.

● **તા. ૨૨-૯-૨૦૧૫**

★ આજરોજ સવારના ૧૧ વાગે શ્રી પ્રતાપ નારાણજી દંડ, ડૉ. ચંદ્રકાંત દેઢિયા તથા શ્રી પ્રદીપ મહેતા સાથે તા. ૨૭-૯-૨૦૧૫ના સ્વામિવાત્સલ્યના કાર્યક્રમ અંગે ચર્ચા વિચારણા કરી યોગ્ય નિર્ણય લેવામાં આવ્યા હતા તથા કાર્યક્રમના સંચાલન અંગે શ્રીમતી અલ્પા શાહ સાથે વિસ્તૃત ચર્ચા વિચારણા કરવામાં આવી હતી અને તે અંગેની કાર્યવાહી તેમને સોંપવામાં આવી હતી.

★ આજરોજ સાંજે શ્રી પ્રતાપ નારાણજી દંડ, શ્રી કે.આર. શાહ તથા ડૉ. ચંદ્રકાંત દેઢિયાએ ગાંધીનગર ખાતે મંત્રી શ્રી તારાચંદભાઈ છેડાની શુભેચ્છા મુલાકાત લીધી હતી તથા કચ્છમાં વૃક્ષ ઉછેર અભિયાન અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. તેઓએ આપણી સંસ્થાના વૃક્ષ ઉછેર અભિયાન અંગે જરૂરી સહયોગ આપવા માટેની તૈયારી દાખવેલ હતી તથા તેઓ સાથે તા. ૨-૧૦-૨૦૧૫ના રોજ કચ્છમાં ભુજ ખાતે એક મિટિંગ કરીને આગામી કાર્યક્રમ કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. ■

*સફળતાનો તણાવ નિષ્ફળતા કરતાં વધુ ઉપદ્રવી હોય છે.*

## ઊડતી નજરે....

**માસ ઓગસ્ટ-૨૦૧૫ દરમ્યાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ**

| ક્રમ | | સેવાઓ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|---|
| ૧. | | **માતુશ્રી સાકરબેન રવજી મોરારજી લાલન (કોડાય - સુપ્રીમવાલા) શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ** ........................................... | |
| | (અ) | **શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ.** | |
| | ● | કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........................................................ જેમાંથી — | ૧૨,૦૨૬ |
| | ● | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ.............................. ૪૪૦ | |
| | ● | સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો ................................................ ૯૦ | |
| | ● | મોતિયા - આંખનાં ઑપરેશન (સાપ્તાહિક બે દિવસ) ............................... ૧૮ | |
| | ● | સોનોગ્રાફી ............................................................ ૧,૧૬૦ | |
| | ● | ટી.એમ.ટી. (માત્ર ડૉક્ટર દ્વારા ભલામણથી) ..................................... ૩૦ | |
| | ● | બોડી ચેક-અપ ............................................................ ૪૨૦ | |
| | ● | અન્ય ................................................................. ૯,૮૬૮ | |
| | (બ) | **માતુશ્રી કંકુબેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, પાલડી, અમદાવાદ** | |
| | | કુલ લાભ લેનાર વ્યક્તિઓ ...................................................... ૭૬૬ | |
| | | શ્રી કચ્છી જૈન ભવન - પાલડીની કેન્ટીનમાં કુલ લાભ લેનાર વ્યક્તિઓ......... ૨,૮૬૭ | ૩,૭૩૩ |
| ૨. | | **જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ** | |
| | ● | શ્રી કચ્છી વિશ્રામ ગૃહમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ .......................... ૧,૬૩૪ | |
| | ● | કેન્ટીનમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ .......................................... ૫,૬૧૨ | |
| | ● | શ્રી જલારામ અન્નક્ષેત્રમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ ............................... ૫૬૧ | |
| | ● | કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમની મુલાકાત લેનાર કુલ વ્યક્તિઓ ........................ ૧,૨૩૩ | |
| | ● | શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસિસ સેન્ટરમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ .. ૪૩૯ | ૯,૪૭૯ |
| ૩. | | **માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, ગીતા મંદિર, અમદાવાદ** | |
| | | લાભ લેનાર કુલ વ્યક્તિઓ ...................................................... ૪૮૪ | ૪૮૪ |
| | | માસ ઓગસ્ટ - ૨૦૧૫ દરમ્યાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ ........... | ૨૫,૭૨૨ |

## કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ

**નીચે જણાવેલ સ્થળે મ્યુઝિયમ નિહાળવા જાહેર જનતાને ભાવભર્યું નિમંત્રણ છે. આ મ્યુઝિયમની મુલાકાતથી અમદાવાદમાં રહીને કચ્છ - દર્શનની એક ઝલક જોઈ શકશો. દેશ-વિદેશથી આવતા આપના કોઈપણ મહેમાનો સાથે આપ આ મ્યુઝિયમની અવશ્ય મુલાકાત લેશો.**

***મ્યુઝિયમ જોવા માટે કોઈ એન્ટ્રી ફી નથી.***

***સ્થળ :*** શ્રી કચ્છી વિશ્રામગૃહ, અરિહંતનગર દેરાસરની સામે, રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ, અમદાવાદ.

***ફોન સંપર્ક :*** (૦૭૯) ૨૨૮૮૪૫૪૭ ● ***સમય :*** સવારે ૧૦થી ૨ અને સાંજે ૫ થી ૭.



નવું વર્ષ કચ્છ અને બૃહદ્ કચ્છની જનતાને
મંગલમયી બની રહે એ જ અભ્યર્થના....

# જીવદયાપ્રેમીઓ
# દાનવીર દાતાઓ



## આપના અમૂલ્ય દાનની સરવાણીનો મોટો પ્રવાહ પાંજરાપોળો તરફ વાળો

- ✦ આપનો કે આપના પરિવારજનોનો, બાળકોનો જન્મદિવસ.
- ✦ લગ્નદિવસ, લગ્નતિથીની ઉજવણી, લગ્નના ૨૫ કે ૫૦ વર્ષની ઉજવણી.
- ✦ આપની જીંદગીના ૫૦/૭૫ વર્ષની ઉજવણી.
- ✦ આપના સ્વજનની પૂણ્યતિથી, દેવ-દેવીના પહેડી પ્રસાદનો દિવસ વગેરે પ્રસંગોને નિરાધાર-મૂંગા જીવો માટે અભયદાનનો અવસર બનાવો.
- ✦ વર્તમાનકાળે પાંજરાપોળોને મુશ્કેલ પરિસ્થિતિ ઉદ્ભવી છે.
- ✦ વધુ વરસાદના કારણે લીલા દુકાળની પરિસ્થિતિ ઉદ્ભવી છે.
- ✦ ઘાસ-ચારા-દાણખાણના ભાવ વધતા જાય છે. ખુબ તંગી વર્તાય છે.
- ✦ હાલમાં પરિસ્થિતિ વિકટ છે તો ઉનાળામાં શું થશે ? પરિસ્થિતિ વધુ બગડશે.
- ✦ વધતા જતા વહિવટી ખર્ચ-મોંઘવારી અને ઘટતા જતા વ્યાજદરથી બે પાસા ભેગા કરવા મુશ્કેલ બન્યા છે.
- ✦ દરેક પાંજરાપોળોના બજેટખર્ચ દોઢાથી બમણા થઈ જવાની શક્યતા છે.
- ✦ વર્તમાનકાળમાં નવા નવા કતલખાના ખોલાતા પાંજરાપોળોની જરૂરિયાત વધી છે.
- ✦ યાંત્રિકરણ, શહેરીકરણ, વાહન વ્યવહાર વધવાથી પશુઓનો વપરાશ ઘટતો જાય છે.
- ✦ ચરિયાણ ગૌચરની જમીનો ઉદ્યોગોને અપાતા મોંઘી થતી જાય છે.
- ✦ ખેતીની પેદાશમાં રોકડીયા પાક તરફ ખેડૂતોનું વલણ વધી ગયુ છે. ચરિયાણ ગૌચર જમીનો પર દબાણ થતા જાય છે.
- ✦ ખેડૂતો તરફથી ભેટમાં મળતું ઘાસ ઓછું થવા લાગ્યું છે.
- ✦ આપણો વસવાટ શહેરોમાં થતા પશુઓ પ્રત્યે દયા-ભાવના લાગણી ઘટી છે.
- ✦ માંસાહારનો પ્રચાર વધતા, માંસની નિકાસ વધતા પશુઓની બેફામકતલ વધી છે.
- ✦ પશુ બચશે તો દેશ બચશે, ખેતી બચશે, પર્યાવરણ બચશે, ગરીબી, ભૂખમરો ઘટશે.

**કચ્છની કોઈપણ ૮૦ પાંજરાપોળમાં દાન મોકલવા માર્ગદર્શન અને પશુસંખ્યા જાણવા ફોન કરી શકશો,
લિસ્ટ મંગાવી શકશો અથવા પ્રતિનિધીને રૂબરૂ બોલાવી લેશો.**

## શ્રી કચ્છ જિલ્લા પાંજરાપોળ ગૌશાળા સંગઠન

**માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી ધારશી માલશી ભેદા-મોખા (થાણા)**

**કાર્યાલય : શ્રી આશાપુરા રીંગરોડ, સોનીવાડ, સોનીવાડ કોમ્પલેક્ષ, પહેલા માળે, ઓફિસ નં. ૧૨૭/૧૩૦. ભુજ-કચ્છ (ગુજરાત) ૩૭૦ ૦૦૧.**

**ભુજ ઓફિસ : ૦૨૮૩૨-૨૨૭૩૦૪. મો. ૦૯૯૦૪૮ ૩૧૫૧૪ (શ્રી ભરતભાઈ સેંઘરવા)**

## સૌજન્ય દાતા : દીપક તથા ગીરીશ ધારશી માલશી ભેદા - મોખા (થાણા)

**: મુંબઈ ઓફિસ :**

**માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી ધારશી માલશી ભેદા-મોખા (થાણા)**

૩૦૭/૩૧૧, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, ૧૩ કાનજી મેન્શન, ગોકુલધામ હોટલની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪.
ટે. નં. ૨૩૮૧૩૭૩૩ / ૬૬૩૮૦૫૦૦. મો. ૯૯૨૦૨ ૯૮૭૨૬ / ૯૯૧૩૯ ૫૩૮૫૬


Since 1958
Leading. Innovating. Growing.
Winner of Excellence Awards CEAT 2010 & 2011 CFBP - 2011 Apollo CV - 2012
ISO 9001 : 2008
V-Trans offers unmatched service edge to all its customers
Our Divisions
V-Trans
Reliable Hard Freight Transport
V-Xpress
Timebound Multimodal Express Cargo Service
V-Logis
Warehousing & Inventory Management
• Specialized in swift, safe movement of parcels from a small 10 kg parcel to bulk sundry, Full truck Loads, ODC and Projects at most cost effective rates
• Expertise in multi point door pickup and door delivery
• Next Day Delivery Service on select 25 routes and scheduled dispatches to major locations
• Geographical presence across India at 400 locations in 26 states - further expanding
• Unique V-Trans advantages: Full transit insurance, centralized Customer Service Cell with Toll Free Nos. Specialized Key Accounts Management for multi location servicing, fully computerized operations, all logistic solutions under one roof
Corporate Office : V-Trans (India) Limited
5-A, Navre Apartments, S. V. Marg, Sion (West),Mumbai - 400 022. Tel: 022 - 2402 0880. Fax: 022-24043144
Email: info@vtransgroup.com Web: www.vtransgroup.com
V-Trans Toll Free no. : 1800-220-180
V-Xpress Toll Free no. : 1800-220-240

ROMAN
GROUP

Give Your Society The Best!













Pest Control
Water Purifier
Water Proofing
Building Facilities
Silicon Acrylic Paint
Water Treatment Plant
Rain Water Harvesting
Solar Water Heating Systems
Tank And Ringwell Cleaning
Property Redevelopment And solutions
Landscaping And Play Equipment For Gardens

**Roman Group of Companies**
Sant Villa, Road No. 2, Juhu Scheme, Vile Parle (W), Mumbai - 400056
Tel: +91 22 6152 2400 / 6692 6166 / 67 / 68
Email Id: info@romangroup.in
**www.romangroup.in**

"Mangal Mandir" - "Regd. under Postal Registration No. GAMC-315/2015-2017 Valid upto 31st December, 2017 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 5th of Every Month."
R.N.I. No. of RNP is 33266/1978 ● Published on 1st of Every Month

A World Class Exterior & Interior Acrylic Paints




*You Can't Buy Better Even At Higher Price !*

**INDOCEM (INDIA) PVT. LTD.**
**(An ISO 9001: 2000 Certified Company)**

**Ahmedabad** : 27541226, 27544161, 25743401, Fax : 079-27544199, **Bangalore** : 080-26758800, 26758028, **Baroda** : 0265-2412446, 2434041, **Bhopal** : 0755-2556785, **Bhuj** : 02832-223290, 250959, **Goa** : 0832-2752582, **Hubli** : 0836-2251415, **Hyderabad** : 040-24740401, 55598874, **Mangalore** : 0824-2410320, 4252325, **Mumbai** : 022-26858636, 26858639, **Nasik** : 0253-2511247, **Pune** : 020-26110951, **Rajkot** : 0281-2222766, **Surat** : 0261-2543332,